સંસ્થાપક
રવિશંકર રાવળ
વર્ષ ૪૯મું
અંક ૪થો
એપ્રિલ
૧૯૭૨

તંત્રી • બચુભાઈ રાવત



તરસ્યો વાઘ
ફ઼ોટો • વાર્દલ વનર આર.
૧ પૂર્વ જર્મની

કુમાર

એપ્રિલ ૧૯૭૨ · અંક ૫૮૦

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

તરસ્યો વાઘ (વાઈલ વર્નર આર.) — પૂઠું
ગાય વિયાઈ (કલાકાર: સ્યાવક્ષ ચાવડા) — પૂર્ણરંગી મુખચિત્ર
બોલ, બુલબુલ બોલ! (કલાકાર: ડૉ. કે. એલ. કોઠારી) — મુખચિત્ર પાછળ

કાવ્યો

પુલિને (રાજેન્દ્ર શાહ), કોઈના ન હોવાનું ગીત (નિરંજન યાજ્ઞિક), કોણ માનશે? (મહેન્દ્ર ગોહિલ), ગીત (ઉશનસ્), શ્વાન ને પડછાયો (ધીરુ પરીખ). એક ચિત્ર (પ્રબોધ જોષી), અંધારપટ (યોસેફ મૅકવાન), લાડ (માણેકલાલ પટેલ), હાઈકુ (ઊર્મિલા ભટ્ટ) — ૧૧૭

ચરિત્ર

ડૉ. નવનીત ફોજદાર — મેઘનાદ હ. ભટ્ટ — ૧૧૮
વીર સાવરકર — વસંત જોષી — ૧૩૩

વાર્તા

ભગવાન પરશુરામ અને મહારથી કર્ણ — રવીન્દ્ર ભટ્ટ — ૧૨૧
ગામડિયણ (લઘુકથા) — મનહર તળપદા — ૧૨૨
શિવરામ-કિંકર (વ્યક્તિચિત્રો-૬) — મુકુન્દરાય પારાશર્ય — ૧૨૩
તિલોદકમ્ — કનુભાઈ જાની — ૧૨૫
અમર ફળ (વૈતાળ પચ્ચાસી-૨૧) — વિનોદ ભટ્ટ — ૧૫૮

લેખો

પ્રાચીન ભારતીય સાહિત્યમાં વૈદક-૧ — ડૉ. ચંદ્રશેખર ઠક્કુર — ૧૨૪
સાંગલી રાજનાં સ્મરણો (મનોમંથન-૨૩) — કાકા કાલેલકર — ૧૩૨
ઇન્ફ્લ્યુએન્ઝા (રોગોપચાર-૧૬) — નવીનભાઈ ઓઝા — ૧૩૮
દારૂ અને બીજાં વ્યસનો (તારુણ્યની તકલીફો-૧૮) — ડૉ. શિવપ્રસાદ — ૧૪૦
ઓરીગામી — પી. પ્રકાશ વેગડ — પૃ. ૧૪૦ સામે
ચાલો હવે જઇએ ઘેર (અંતરગઠરી-૫૦) — ચન્દ્રવદન મહેતા — ૧૪૧
અંગ્રેજી સાહિત્યનું આચમન-૩ — ડૉ. મધુસૂદન પારેખ — ૧૪૫
શતરંજનો ભારતીય કોયડો-૧૧ — સુરેશ મોદી — ૧૫૬

વિભાગો

વાચકો લખે છે — ૧૧૬/૧
કલાવાર્તા (એક એકલવ્ય, ધૂળમાંથી રત્ન) — પૃ. ૧૪૧ સામે
ટિકિટસંગ્રહ — ”
આકાશદર્શન-૫ — ૧૪૪
પચ્ચીસ વર્ષ પહેલાં — ૧૫૦
સાહિત્યસંપર્ક (શબ્દકથા, મારી માન્યતા, અવલોકનો) — ૧૫૨
ભગવતીકુમાર શર્મા (ઊર્મિની ઓળખ-૩૧) — જલન માતરી — ૧૫૫
પ્રાગૈતિહાસિક પ્રાણીઓ-૪ — ૧૫૭
માધુકરી (ઘનશ્યામભાઈ ઓઝા, શંખોદ્ધાર બેટ, શંખ) — ૧૫૭
આ માસ ઇતિહાસમાં — ૧૬૩
છેલ્લું પાનું — ૧૬૪

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર. અમદાવાદ
વાર્ષિક લવાજમ: રૂ. ૧૭-૦૦, પરદેશ: રૂ. ૨૮; શિ૦ ૩૦; ડૉ. ૪. છૂટક નકલ: રૂ. ૧-૭૫

વાચકો લખે છે

'કુમાર' નવેમ્બર '૭૧માં 'વિક્રમ સંવત' વિષે બહુ જ સુંદર માહિતી આપી. શ્રી ગૌરીશંકર ઓઝાના મૂળ 'પ્રાચીન ભારતીય લિપિમાળા' નામના ગ્રંથમાંના આ લેખમાં વિક્રમ સંવત પ્રવર્તાવનાર વિષે રહીગએલી એક સંભાવના, જે સ્વ. ડોલરરાય માંકડે પોતાના ઈ. ૧૯૪૬ના 'રણજિતરામ સુવર્ણચંદ્રક' પ્રદાનવેળાના 'અનુશ્રુતિનું યાથાતથ્ય' વ્યાખ્યાનમાં દર્શાવેલી તે, નોંધવી ઘટે: 'હર્ષવર્ધનનું બીજું નામ હર્ષવિક્રમ હતું અને તે ચંદ્રગુપ્ત પહેલાની પૂર્વે થયો. તેનું મૃત્યુ ઇ. સ. પૂર્વે ૫૬માં થયું. આથી એના મૃત્યુથી ચાલુ થએલો આ વિક્રમ સંવત છે.'

જાન્યુ. '૭૨ 'વાચકો લખે છે' વિભાગમાં ડૉ. ગોપાલ પી. બારોટે આપેલા લક્ષ્મી વિષેના સુંદર સંદર્ભમાં થોડીક અસ્પષ્ટતા રહેલી જણાય છે:

૧) સિન્ધુ સંસ્કૃતિની 'વીંટી' સાથે લક્ષ્મી જ શા માટે ? દરેક દેવીનો સંબંધ છે એમ કહી શકાય. દેવીપૂજા—શક્તિપૂજાની એ શરૂઆત છે, લક્ષ્મીપૂજાની જ નહિ.

૨) શ્રી અને લક્ષ્મી પ્રથમ અલગ કેમ હતાં તે તેમણે જણાવ્યું નથી. વાસ્તવમાં 'શ્રી' તંત્રમાર્ગની ઉપાસ્ય દેવી હતી—છે; જ્યારે લક્ષ્મીને તંત્રમાર્ગ સાથે કંઈ સંબંધ નથી; એ વિષ્ણુસંપ્રદાયનું, શ્રી કરતાં અલગ રૂપ હતું છે. આજે બધાં નામ સમાન થઈ રહ્યા છે, પણ તજ્જ્ઞો એને ભિન્ન નામે ઓળખે છે. મૂર્તિવિધાનમાં યે તેમનાં ભિન્ન ભિન્ન વિધાનો છે. તંત્રમાર્ગમાં આજે પણ 'શ્રીયંત્ર' સૌથી મોટું યંત્ર મનાય છે.

૩) મહાલક્ષ્મીનાં ચાર સ્વરૂપો છે : સરસ્વતી, લક્ષ્મી, ગૌરી અને શ્રી. પહેલાં ત્રણ અનુક્રમે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની શક્તિ તરીકે અને 'શ્રી' સ્વતંત્ર શક્તિ તરીકે છે.

૪) વેદકાળમાં મળતા શ્રી અને લક્ષ્મી શબ્દો આજે આપણે શ્રી અને લક્ષ્મીથી જે જાણીએ છીએ તે અર્થમાં નથી. પુરાણકાળમાં સમુદ્રમંથન વખતે એક શક્તિ ઉત્પન્ન થઈ તેને પાછળથી નામો આપવામાં આવ્યાં એવું લાગે છે.

ડિસે. '૭૧ અંકમાં : 'વાચકો લખે છે' વિભાગમાં ભાઈ નરેશ ભટ્ટની વાત બહુ જ યોગ્ય અને તુરત [illegible] છે. [illegible] જ અમને જાણ મળી કે 'મેવાડ શૈલીનાં ચિત્રો' પ્રગટ થયાં છે! આ કોઈ પણ દેશ માટે ખતરનાક વાત ગણાવી જોઇએ કે એના નાગરિકોને તાજાં પ્રકાશનોની માહિતી તુરત પહોંચતી થાય તેવું કરવામાં નથી આવતું. લલિતકલા અકાદમી વગેરે સંસ્થાઓએ પોતાનાં પ્રકાશનોની જાણ 'કુમાર' જેવા કલાના સામયિકને કરવી જોઇએ અને 'કુમાર'ને ખબર પડે તો તેણે છાપવું જોઇએ.

૨) 'પચ્ચીસ વર્ષ પહેલાં' વિભાગમાં મુખ્ય વિષ્ણુના પાડેલા છ પ્રકારોમાં ૫ પેટા પ્રકાર જોવા મળે છે. દા. ત. પદ્માસન વાળેલા વિષ્ણુના વામાંગે લક્ષ્મી, તેમજ ઊભેલા વિષ્ણુને આલિંગન દેતાં લક્ષ્મી. આજે આવી મૂર્તિઓ પ્રાપ્ત છે.

બીજું તેમણે નોંધેલી વરાહ, નરસિંહ, વામન, રામ અને કૃષ્ણની સાથે અન્ય અવતારોની સ્વતંત્ર પ્રતિમાઓ પણ પ્રાપ્ત છે.

ત્રીજું, કૃષ્ણ સ્વરૂપોની મૂર્તિનોંધમાં એક નાનકડી ક્ષતિ જોવા મળે છે : કલ્કિ કેવી રીતે કૃષ્ણ સ્વરૂપમાં આવે ? વિષ્ણુની અવતાર પ્રતિમાઓમાં એની ગણના થવી ઘટે.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

ડિસેમ્બર અંકમાં 'મૂઢ મારનાં અકસીર ઔષધો' વિષે વાંચ્યું. આ બધાં ઓસડિયાં શોધવા ક્યાં જવું ? વળી તે સાચાં મળે કે ખોટાં ! તેના કરતાં કુદરતી ઈલાજ કે જેમાં કોઇ પણ બનાવટ કરી શકતું નથી અને ફાયદો સંપૂર્ણ એવો આ ઇલાજ ઉત્તમ છે.

મૂઢ માર કે મોચ ઉપર મૅગનેટનો સાઉથપોલ મૂકવાથી તરત જ આરામ મળે છે અને બીજી કોઈ પણ શુશ્રૂષાની જરૂર રહેતી નથી. ઘરમાં એક બે મૅગનેટ રાખવાથી ઘણાં કામમાં આવે છે. મૅગનેટ બ્લૉક આકારનું જોઇએ. જેથી સાઉથપોલ (દક્ષિણ કેંદ્ર) માર લાગેલ ભાગ ઉપર રહે અને નૉર્થપોલ (ઉત્તર કેંદ્ર) ઉપર રહે. નોર્થપોલ શરીરના બીજા ભાગોને અડવો ન જોઇએ. સાઉથ પોલ ગરમ અને શક્તિદાયક છે. રોજ બે વખત પાંચથી દસ મિનિટ રાખી શકાય છે. વધારે ગમે તેટલી વખત રાખી શકાય છે.

ઘા વાગ્યો હોય અને લોહી નીકળતું હોય તો પણ તેના ઉપર મૅગનેટનો સાઉથપોલ મૂકી શકાય છે. એનાથી ચામડી કુદરતી રીતે સંધાઈ જાય છે અને ઘાનું નિશાન રહેતું નથી.

દાઝવા ઉપર પણ આ રીતે મૅગનેટનો સાઉથપોલ મૂકવાથી જાદુની જેમ બળતરા મટી જશે, પાકશે નહિ અને કુદરતી રીતે નવી ચામડી આવી જશે, તેમ જ ડાઘ રહેશે નહિ.

વાને લીધે શરીરમાં ક્યાંય દુખતું હોય તો પણ મૅગ્નેટનો સાઉથ પોલ સરસ કામ આપે છે. લોહીમાં તરતો ચૂનો ભેગો થવાથી ઘૂંટણ વગેરે સાંધાના ભાગોમાં દુખાવો—આર્થ્રાઇટિસ—થાય છે તે પણ જાદુની જેમ મટી જાય છે.

ગૂમડાં ઉપર મૅગનેટનો નૉર્થ પોલ મૂકવાથી ગૂમડાં કુદરતી રીતે બેસી જાય છે.

(મુંબઇ) —પ્રભુદાસ મહેતા

અંક ૫૭૬માં 'ગર્ભાધાન' વિભાગમાં વિધાન ભૂલભરેલું છે. એક જ વેળાના વીર્યસ્રાવમાં લગભગ પાંત્રીસ કરોડ શુક્રજંતુઓ હોય છે. સાધારણતઃ વીર્યસ્રાવ ૩·૫ ml. હોય છે અને એક ml.માં દસ કરોડ જંતુઓ હોય છે. ચાર કરોડથી ઓછા શુક્રજંતુઓનું પ્રમાણ વંધ્યત્વ સાથે સંકળાએલું છે. ૨૦ થી ૩૦ ટકા વંધ્ય યુગલોમાં પુરુષ જવાબદાર હોય છે.

રજોદર્શનના પહેલા દિવસથી ચૌદમા દિવસે સ્ત્રીના બીજાશયમાં બીજ છૂટું નથી પડતું, પરંતુ રજોદર્શન થવાના ચૌદ દિવસ પહેલાં છૂટું પડે છે. આ પ્રમાણે જે સ્ત્રીને રજોદર્શન દર બાવીસ દિવસે થતું હોય તેને બીજ માસિક ધર્મ પછી આઠમા દિવસે ઉત્પન્ન થાય છે અને જેને દોઢ મહિને આવતું હોય તેને બીજ રજોદર્શન થયા બાદ એક મહિને ઉત્પન્ન થાય. બીજનું છૂટું પડવું એ રજોદર્શન સાથે સંબંધ ધરાવતું નથી પણ બીજ છૂટું પડયા બાદ ૧૪મા દિવસે (ગર્ભાધાન ન થયું હોય તો) રજોદર્શન થાય છે.

(બિલિમોરા) —ડૉ. વિપિન શાહ

ઉરસોલી (તા. દહેગામ) ગામે નદીકિનારે પાષાણકાલીન વસાહતો માટે મેં સંશોધન કર્યું એ વખતે ગામની અંગ્રેજી શાળાની પાછળ આ મૂર્તિઓ પડી હતી. કમનસીબે, ભાગ્યે જ મળી આવતી એવી આ વરાહ મૂર્તિને લોકો હનુમાન માનીને તેલ ચડાવી પૂજતા હોવાથી તેનું અસલ સ્વરૂપ બગડયું છે. ગુજરાતમાં આવી મૂર્તિ જવલ્લે જ-ખાસ કરીને સંવતના ૧૪મા



સૈકા પછીની મૂર્તિ-ભાગ્યે જ મળે છે. વરાહ મૂર્તિમાં જો આખું શરીર પશુનું હોય તો તે મૂર્તિનું ઘણું વધુ મહત્ત્વ છે. ધરણીને ચોટલે ઝાલી ઊંચી કરી હોય એવું આ મૂર્તિનું અંકન એને ધરણી વરાહ કહેડાવવા માટે પૂરતું છે.




બીજી મૂર્તિ મહિષમર્દિનીની છે. મધ્યગુજરાતમાં આ દેવીની ઘણી મૂર્તિઓ મળે છે. પણ બહુધા એ ચતુર્ભુજ હોય છે, જ્યારે આ પ્રતિમા અષ્ટભુજા છે, જેમાં ચાર હાથ ખંડિત થએલા છે. વળી, આમાં મહિષનું શીંગડાવાળું માથું સ્પષ્ટ અને સુંદર છે. આ મહિષાસુર જ છે એમ દર્શાવવા એની સાથે માનવદેહ પણ કંડારેલો છે. પ્રતિમાનો સુરેખ સુડોળ દેહ ને મુખભાવ વગેરે તેને સ્પષ્ટતઃ <u>સોલકી કાળની</u> હોવાનું ગણાવે છે.

(ઉંદરેલ તા. દસક્રોઇ) —ડૉ. વસંતલાલ ત્રિવેદી



બોલ, બુલબુલ બોલ ! ફોટોકલાકાર · ડૉ. કે. એલ. કોઠારી (જુઓ આ અંકમાં અવલોકન 'ધૂળમાંથી રત્ન')



ગાય વિયાઈ (કલાકાર - શ્યાવક્ષ ચાવડા)

પુલિને / રાજેન્દ્ર શાહ

· વસંતતિલકા ·

આછે તરંગ રમતી કલ-મંદ વેણે
સ્પર્શંત વેળુતટ વેત્રવતી પ્રગલ્ભ,
અચ્છોદ નિર્મલ જલે વહી જાય; હેલે
વાતી પ્રદોષની હવા લહરે અનલ્પ.

એના વિશાળ પુલિને વિહરું અકેલ,
માણી રહું અવર સંગ અરાંપરાંનો.
ઊડે અહીં ચપલ ખંજન, દૂર હેલ
જાતી વિચાર ભરી સારસબેલડીનો.

છેલ્લું ય તે કિરણ ઓસરતું અવર્ણ્યુ
અંકાશમાં તિમિરની પ્રસરત છાયા
ઘેરાય, તારકસમૂહથી સોહ્ય સર્વ:
પ્રસ્પંદને ઉર ક્ષણેક્ષણની જ માયા.

આંહી પડેલ પદચિહ્ન રહે ન, કેવલ
આ વારિસ્રોત દિનરેણુ વહે અનર્ગલ.

કોઇના ન હોવાનું ગીત / નિરંજન યાજ્ઞિક

હવે નથી આષાઢી રાતો અને નથી કૈં હેલી,
નથી પ્રભાતે પરસાળે કૈં હવે ગીતની રેલી!
        નથી હવે ઓસરીઓ
                ભેળી થાતી રોજ બપોરે,
        કમાડ પાછળ કોઈ
                હવે ના ઝબકી જાય ટકોરે;
નથી ખેતરે રોંઢા વેળા આંખો ઊંઘ ભરેલી,
હવે નથી આષાઢી રાતો અને નથી કૈં હેલી!
        અણોસરા ફળિયાને
                નેવાં ઝૂકીઝૂકીને પૂછે,
        ઝાલર-ટાણે તુલસીક્યારો
                કોરી આંખો લૂછે;
રાત બધી દીવાને થાતું: નથી આંખ એ પેલી,
નથી પ્રભાતે પરસાળે કૈં હવે ગીતની રેલી!

ણુ માનશે? / મહેન્દ્ર ગોહિલ

ઝલ ·

જી બધી ય જીતની છે હાથમાં છતાં
ારો નથી ગણાતો વિજય; કોણ માનશે?

ધમની અને શિરાઓ બધી રિક્ત થઇ ગઈ,
ધડક્યા કરે છે તો ય હૃદય; કોણ માનશે?

આજે ભલેને ખાલી ચડી ગઈ છે હાથમાં,
મુઠ્ઠી મહીં રહ્યો'તો સમય; કોણ માનશે?

મારી ગલી મહીં ન મને કોઈ ઓળખે,
તારી ગલીમાં મારો વિષય; કોણ માનશે?

ગીત / ઉશનસ

· વ્યસ્ત વસંત–મૃદંગ ·

પારાકણી: તરલ ચંચલ ને સુપૂર્ણ!
કો રૌપ્યવર્ણું ગીતબુંદ ઠર્યું છ આ ક્ષણે
મારા ક્ષણેક સ્થિર આ ઉરપદ્મપત્ર પે
જોવા જશું: પરમ સુંદર ને પવિત્ર!
કો વસ્તુથી ન અડકાય, અસ્પૃશ્ય એટલું.

આ વ્હેણની સતત કલ્કલમાં,
આ વાયુની સતત હલ્ચલમાં,
આ પર્ણની પ્રતનું મર્મર-ફર્ફરોમાં
ને ભીતરી સતત સ્પંદનમાં–વિમાસું છું:
પારાની જાત શકશે ટકી કેટલુંક તે?

શ્વાન ને પડછાયો

ધીરુ પરીખ

· વ્યસ્ત સવૈયા ·

સાંકળ-બાંધ્યો
શ્વાન ફળીમાં
અધ જાગે અધ ઊંઘે.

ત્યહીં અચાનક
ક્યહીંથી પડતા પડછાયાના
વજનહીન વિસ્તાર-ભારથી
શ્વાન કશો ચગદાયો!
સડાક કૂદી થઈ બ્હાવરો
ન્હોર ભરે ને સૂંઘે...
પાછો રહેરો ભરવા ધાયો!

જરીજરી આઘોપાછો ને
નાનોમોટો થૈ પડછાયો
શ્યામલ શૂન્ય મહીં પછડાય,
રહીરહીને ઘૂમરી લેતા
શ્વાન થકી એ
કેમ કરી પકડાય?

પડછાયામાં પથરાએલા
માલિકને ના પરખે કૂતરો
વળીવળીને ભસતો,
આછા તેજે બારી ભીતર
લપાઇ રહેરો
માલિકનો શો હસતો!

એક ચિત્ર / પ્રબોધ જોષી

કોઇ નથીની વાતો કરતા
એકલવાયા રસ્તે આ તો–
કબર કોઈની...
વૃક્ષ મજાનું ઝૂકી પૂછે
ખબર કોઈની...

અંધારપટ / યોસેફ મૅકવાન

· વ્યસ્ત વસંત૦ ·

સંધ્યા જતી ગળતી...
આકાશને કરચલી પડી ધુમ્રગોટા
કેરી...
        શું સૈનિક તણું શિર રક્તરંગ્યું!
ને ક્યાંક શ્વાન રડતાં...
                ફૂટતી ક્ષિતિજો.
ના તેજનું તણખલું ફરકે ય ક્યાંયે!
ચોમેર શહેર પર શ્યામ હવા, બનીને
લોખંડ છેક જકડાઈ ગઇ,—મકાનો
ચીરાય સાયરનની ગતિના ધચાકે–
ઓથાર શો નયનમાં-મનમાં ભર્યો તે
શાને હજી ય નવ દૂર હઠે?...
                અરે આ
આકાશ તારકલચ્યું...નયનો થકી શું
ફેલાય છે ભીતરનું પ્રતિબિંબ...?

લાડ / માણેકલાલ પટેલ

· સવૈયા ·

ઘર છોડીને ચાલ્યાં ત્યારે
    પગલે પગલે ચૂમે ભોમ;
હરિયાળો લય લજ્જાભારે
    લિસ્સુંલિસ્સું પરશે વ્યોમ.

આ પાથી પંખી ગણુ તેડે,
    પેલી પાથી સમીર-ગ્હેક;
પગમાં રહેરી વનને કેડે,
    ઝરણાંની લીલેરી ઠેક.

થનગનતાં થનગનતાં ગાયું
    છાનું; સુણી ગયા પહાડ;
પ્રભાત રહેલાં ફૂલમાં તાજું
    ફોર્યાં એ તો અઢળક લાડ.

હાઇકુ / ઊર્મિલા ભટ્ટ

રણમાં તપી
વેળુમાં શોધ્યુ મીઠા
જળનું મૂળ.

·

કેવડો ગ્હેકે
મુક્ત હવામાં; ખોળે
મસ્ત ભોરીંગ

·

શંખ-છીપલાં
પડ્યાં કિનારે; મોતી
રહ્યાં પેટાળ.



સેવાના સરવાળામાં તબીબી વ્યવસાયની ગૂંચનો તાળો મેળવનાર

ગાઢ જંગલ અને ઊંચા ડુંગરને વટાવતો તદ્દન કાચો, સાંકડો, ખાડાટેકરાવાળો સર્પાકારે જતો રસ્તો ધરમપુરથી થોડા દૂરના પ્રદેશમાં લઈ જાય છે. દૂરદૂર વિસ્તરેલાં બબ્બે ત્રણત્રણ છાપરવાળાં ગામો નજરે પડે છે. ત્યાં અર્ધનગ્ન સ્ત્રી-પુરુષો અને દિગમ્બર બાળકોના આદિવાસી સમાજમાં આત્મીય બની જવાની આકાંક્ષા સેવતા આશરે ચાળીસેક વર્ષના એક ઉત્સાહી ડૉક્ટરને આંગણે એક મા પોતાની બીમાર દીકરીને લાવે છે. ડૉક્ટર પૂછે છે: 'બહેન, કેટલા દિવસથી તાવ આવે છે તમારી દીકરીને?'

'આ ચાંદો જે આજે આખો દેખાય છે તે જ્યારે વાડકી જેવડો નાનો હતો ત્યારનો.' 'દવા લીધી છે?'

'દવા?! જોડેના ગામના ભગતે દોરો દીધો છે. જે દી'થી કૂકડાનો ભોગ દીધો છે તે દી'થી જરા ફેર છે,'

'બ્હેન, તમારી આ દીકરીને તો થોડા દિવસ ઇસ્પિતાલમાં રાખવી પડશે. નહિ તો આ પગ પરના સોજા આખે શરીરે ફેલાઈ જશે, ને પછી—'

'પણ એના સીધાનું શું?' 'અહીં અમે એને ખવડાવશું.'

'પણ, એની સાથે તો એની બેન, એનું છૈયું, હું—બધાં છિયે. એમ કરીને દાક્તર સા'બ, અમને બધાયને ગોળી આપોને!'

ડૉક્ટરે દવા શરૂ કરી. એમની આત્મનિષ્ઠાથી લોકો પ્રભાવિત થતાં ગયાં. તેવામાં એક બીજો પ્રસંગ બને છે. દસેક માઈલ દૂરથી કાશીરામ નામના એક દર્દીને લાવવામાં આવે છે. ડૉક્ટર પૂછે છે: 'કેટલા દિવસથી સોજા છે?' પાછી ચંદ્રના વિકાસ અને હ્રાસની એ જ એંધાણીથી સમય સૂચવાય છે. ડૉક્ટરનો એ જ પ્રશ્ન: 'કાંઈ દવા ન લીધી?'

'લો સા'બ, દવા તો લીએજને! જંગલનાં ભાજીપાલા ને જડીબુટ્ટી. ભુવાજીના કે'વાથી તો એક બકરો વધેરવાની માનતા ય રાખી છે ને!'

'પણ દવા તો કરવી જોઈએ ને મારા ભૈ!' ડૉક્ટરની વાણીની મૃદુતામાં નિકટ આવવાનો શુભ પ્રયાસ ઢંકાએલો રહેતો નથી.

'દવાખવા અમને ગામઠી લોકોને કેમ પોસાય?'

'આને તમારે જીવાડવો છે ખરો?'

'અરે ભાઈ સા'બ, એ તો અમારા ઘરનો મોભ છે.'

'તો ચાલો એને વલસાડ લઈ જઇએ. એને લોહી આપવું પડશે.'

'લોહી!' 'ભાઈ આ, મારી વાત માનો. બધી વ્યવસ્થા હું કરીશ.'

પેલાએ ડૉક્ટરની વાત માની. રાતદિવસની એકધારી સેવા બાદ છઠ્ઠે દિવસે દર્દીને સોજા ઓછા થયા. મસ મોટું ગાગરડી શું પેટ, થાંભલા શા પગ અને દોરડી શા હાથવાળો એ કાશીરામ બચી ગયો. ડૉક્ટરને જાણે જીવનનો શ્રેષ્ઠ પુરસ્કાર મળ્યો. જે સેવાયજ્ઞ આરંભ્યો છે તેમાં લાંબે ગાળે સફળતા મળવાની જ છે એ શ્રદ્ધા પ્રદીપ્ત થઈ. ઈશ્વરનો એણે મનોમન પાડ માન્યો. એ સંવેદનશીલ તબીબ એકનિષ્ઠાથી સેવાયજ્ઞમાં ઓતપ્રોત થઈ ગયો. ગ્રામલોકોને તો જાણે કોઈ પ્રભુ-પ્રેરિત ફિરસ્તો જ આવ્યો હોય એવું લાગ્યું.

આ સેવાવ્રતધારી મહાનુભાવનું નામ ડૉ. નવનીત ફોજદાર. ગુજરાત-મહારાષ્ટ્રની સીમા પર ડૉ. આલ્બર્ટ સ્વાઈત્ઝર જેવું માનનીય સ્થાન પ્રાપ્ત કરી ચૂકેલા એ નવનીતભાઇનો જન્મ ઈ.સ. ૧૯૩૩ના નવેમ્બરની ૧૭મી તારીખે સૌરાષ્ટ્રના વાંકાનેર મુકામે માતામહીને ઘેર થએલો. શાળાનો અભ્યાસ પૂરો કર્યા પછી સ્વાતંત્ર્યજંગના તે સમયને આનુષંગિક સ્વપ્નાં તો એમણે કાલબાદેવી જેવા મુંબાઈના ગીચ વિસ્તારમાં સેવ્યાં. ગોકુળદાસ તેજપાલ હાઈસ્કૂલમાં શ્રી અંબુભાઈ દેસાઈ જેવાએ ગુજરાતી સાહિત્ય પ્રત્યે સારી એવી અભિરુચિ જગાડી; પણ કિશોર નવનીતભાઈના મન પર તો ભૂરકી નાખી કોઈ બીજી જ વ્યક્તિએ.

તે વખતે કાલબાદેવીની ચાલમાં પોતાની રૂમથી બીજી-ત્રીજી રૂમમાં એક ડૉક્ટર રહે. ખરા સેવાભાવી જીવ. એમનું નામ ડૉ. દ્વારકાદાસ જોષી. કિશોર નવનીત સૂતો હોય ત્યારે રાત્રે એ ચાલીમાં ડૉક્ટર જોષીનું ઘર પૂછતાં અનેક દુખિયાં દર્દી આવે. એ ઘર શોધતાં દર્દીઓને માર્ગ બતાવતાં બતાવતાં નવનીતને પણ જીવનના માર્ગ અને મંઝિલ બન્ને મળી ગયાં. મુગ્ધ કિશોરને જીવનનો ધ્રુવતારો દેખાઈ ગયો! ત્યારે એણે મનોમન નક્કી કર્યું કે મોટા થઈને ડૉક્ટર જ બનવું અને દીનદુખિયાંના જીવનની ટેકણલાકડી થવું.

શાળાજીવન દરમિયાન જ એમણે ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' વાંચેલી. પછી તો 'હરિજન' સાપ્તાહિકમાં એમના લેખો પણ વાંચતા. એ વખતથી જ ગાંધીજીના આદર્શોને જીવનમાં ઉતારવાની



પિંડવળની એક આશ્રમશાળા જ્યાં ડૉ. ફોજદારનું ફ્રી મેડિકલ કેન્દ્ર ચાલે છે. (ફોટો · વિક્રમ દલાલ) મથાળે: ડૉ. ફોજદાર-કૉલેજકાળમાં

આદિવાસીઓના આલ્બર્ટ શ્વાઇત્ઝર

ડૉ. નવનીત ફોજદાર

મેઘનાદ હ. ભટ્ટ



ડૉ. નવનીત ફોજદાર

અજબ આકાંક્ષા જાગેલી. ત્યાર બાદ ઈ. સ. ૧૯૫૨-૫૩માં વિનોબાજીની પદયાત્રા અનેક આદર્શઘેલા યુવાનોને માટે આહ્‌વાન રૂપ બની રહી. નવનીતભાઈ પણ એ રંગે રંગાયા. સર્વશ્રી નારાયણ દેસાઈ, પ્રબોધ ચોકસી વગેરેના સીધા સંપર્કમાં એઓ આવ્યા. તે દરમિયાન એમણે સર્વોદયના સઘળા સાહિત્યનો અભ્યાસ આરંભ્યો. વાચનભૂખ તો નાનપણથી જ; અને જે વાંચે તેનો વિચારવિનિમય મિત્રો સાથે સતત ચાલુ જ હોય. આ મિત્રોમાં 'ભૂમિપુત્ર'ના સંપાદક શ્રી કાન્તિભાઈ શાહ અને ડૉ. કે. જે. ગાંધી તો ખાસ અસર કરનાર. એઓની સાહાર્દની છાપ નવનીતભાઈના જીવનમાં ઊંડુ ઘર કરી ગઈ. વળી, એ વર્ષો દરમિયાન ખાદીના અર્થશાસ્ત્રે પોતાનું આધિપત્ય આ યુવાન હૃદય પર જમાવી દીધું હતું. એમણે નિરધાર કર્યો કે રોજ નિયમિત કાંતવું અને ખાદી જ પહેરવી કે જેથી મહેનતકશ લોકોના આર્થિક અવલંબનના પ્રશ્નનું નિરાકરણ થાય.

આવી માનસભૂમિકા સાથે એઓ ૭૪ ટકા માર્ક સાથે એસ. એસ. સી.માં ઉત્તીર્ણ થયા. મુંબાઈની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ઉષ્માભર્યો આવકાર મળ્યો. પરંતુ ભવિષ્યમાં અસહાય લોકોનાં દર્દોનો ઉપચાર કરનાર યુવાન નવનીત બીમારીને કારણે લાગલાગટ બે વર્ષ સુધી ઈન્ટર સાયન્સની પરીક્ષા ન આપી શક્યો. સહજરીતે જ જીવનમાં નિરાશા ખૂબ વ્યાપી ગઈ. પણ ભાવિ મંઝિલનો દઢ નિર્ધાર આશાનું અજવાળું પાથરતો જ રહ્યો. અને છેવટે ઈ. સ. ૧૯૫૪માં ઈન્ટર સાયન્સની પરીક્ષા આપી. મનગમતો વિષય તો ગણિતશાસ્ત્ર, છતાં ય ડૉક્ટર થવાની એકમાત્ર નેમ હોવાથી જીવશાસ્ત્રના વિષયવાળું 'બી' ગ્રુપ પસંદ કરેલું. મહેનત અને મનોરથનું સુભગ પરિણામ આવ્યું. ઈન્ટર સાયન્સની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા અને કે. ઈ. એમ. હૉસ્પિટલની તબીબી કૉલેજમાં પ્રવેશ મેળવી લીધો. આ અભ્યાસ દરમિયાન કેટલાક મિત્રોના સહયોગથી એમણે 'ઝંખના' મંડળ શરૂ કર્યું. ત્યાં જે ઉત્તમ વાચન અને વિચારવિનિમય શરૂ થયો તેણે ભાવિના દૂરંદેશી નિર્ણયોની નીંવ નવનીતભાઈના જીવનમાં નાખી.

શ્રી કાન્તિભાઈ શાહ સાથે સર્વોદય સંમેલનોમાં હાજરી પણ આપતા. સમાજનું સમગ્ર સ્વાસ્થ્ય સર્વોદય જ સુધારી શકે એ પ્રતીતિ પણ એ ગાળા દરમિયાન થતી રહી. આ જ અરસામાં કાલબાદેવી રોડ પરના બાળપણના એ જ ક્રીડાંગણ ઉપર 'નવજવાન મંડળ'ની સ્થાપના કરી. ત્યાં એઓ સર્વોદયને ઉપકારક એવી અનેકવિધ પ્રવૃત્તિઓ કરવા લાગ્યા. વળી, એ પ્રવૃત્તિ જેના લાભ માટે થતી એ સહુ લોકોને એ પ્રવૃત્તિમાં સામેલ કરવાના અથાક પ્રયત્નો પણ કરવા લાગ્યા. આ લોકહિતાય પ્રવૃત્તિની સાથેસાથે પોતાની અભ્યાસપ્રવૃત્તિ એમણે કદી મંદ પડવા દીધી નહોતી. એના પરિપાક રૂપે ૧૯૬૦માં એઓ એમ. બી. બી. એસ. પરીક્ષામાં પાસ થયા.

હવે એમણે આંખના નિષ્ણાત થવાનું વિચાર્યું, પરંતુ આખરે એમ. ડી. ની ઉપાધિ મેળવવા તરફ જ મન વાળ્યું. એમ. ડી. નો અભ્યાસ પૂરો થાય તે પહેલાં ડૉ. એરિક ફ્રોમનું 'ધ સેઈન સોસાએટી' તથા 'એસ્કેઈપ ફ્રૉમ ફ્રીડમ' વાંચવામાં આવ્યાં. અમેરિકા જેવા વૈભવશાળી દેશમાં યે ગાંધીજી અને વિનોબાનું નામ પાડ્યા વગર એમની જ ભાષામાં વાત કરતા આ એરિકના વાચનથી નવનીતભાઈની સર્વોદયશ્રદ્ધા દ્વિગુણિત થઈ. સમાજસેવાની લગની તો નાનપણથી જ લાગેલી, એમાં આ વાચને નિર્ણાયક અસર કરી. એમ. ડી.નો અભ્યાસ છોડી લોકસેવાના કાર્યમાં જ ખૂંપી જવાનો એમણે નિરધાર કર્યો.

વર્ષોજૂના પડોશી ડૉક્ટર દ્વારકાદાસ જોષી મુંબાઈ છોડી મહેસાણામાં સ્થાયી થયા હતા. આ ગાળામાં એમનો પત્ર આવ્યો: 'તારા જેવો માણસ મળે તો લોકસેવાનો યજ્ઞ વધુ ભાવાવેશથી કરી શકાય.' વિધિની યોજના! નવલકથામાં બને તેવા યોગાનુયોગો નવનીતભાઈની જીવનકિતાબમાં ગોઠવાતા ગયા! એમણે તરત જ આ પત્રને વધાવી લીધો અને ઈ. ૧૯૬૩માં એઓ વડનગરની ચૅરીટેબલ હૉસ્પિટલમાં જોડાઈ ગયા. ત્યાં સવા વર્ષ સુધી સેવા આપી. પરંતુ ચિત્ત અને ચેતનાને વધુ સમર્થ પડકાર ઝીલવાની તમન્ના હતી. એવામાં શ્રી કાંતિભાઈ શાહની સલાહથી ઈ. ૧૯૬૪ના જૂન માસમાં વડોદરા સર્વોદય કેન્દ્રમાં ઝુકાવ્યું. આ કાર્યક્રમના એક ભાગ રૂપે ઈ. ૧૯૬૬-'૬૭માં ગ્રામદાનની પ્રવૃત્તિ નિમિત્તે પદયાત્રા કરતાંકરતાં પહેલી જ વાર પિંડવળ (ધરમપુર તાલુકે) ગામમાં જવાનું થયું. ત્યાંના દરિદ્રનારાયણની મૂર્તિ સમા આદિવાસીઓએ યુવાન ડૉક્ટર નવનીતભાઈનાં હૃદય અને મનને જીતી લીધાં.

અહીં સંસ્કાર અને સંસ્કૃતિનાં કેન્દ્રોથી માત્ર થોડા માઈલના અંતરે ભુવા-ભગતમાં શ્રદ્ધા રાખી જીવનમરણના દાવને દેણ તરીકે સ્વીકારનાર આદિવાસીઓમાં સર્વ પ્રથમ તો ડૉક્ટર અને દવા-સારવાર પ્રત્યે સમભાવ અને વિશ્વાસ કેળવવાનાં હતાં. દવા તો કદી લે જ નહિ એવી અભણ-અજ્ઞાન પ્રજા ઇન્જેક્શનના જાદુથી જરા પ્રભાવિત તો અવશ્ય થતી, પણ એમની આર્થિક પરિસ્થિતિ પણ એટલી જ વિકટ. રતાંધળાપણા જેવા રોગને જીવનના એક ભાગ તરીકે સ્વીકારી લેનાર આ સમાજ દારૂને તો જાણે આરાધ્ય દેવ તરીકે અર્ચે. જીવનને આળસના કિનારા સુધી ખેંચી જાય એવો તો સંતોષ!

વળી, રોગો પણ એવા કે નિદાન જલ્દી શક્ય ન બને. કોઈ દર્દીને તાવ આવે ને ઊતરે નહિ એટલે ટાઇફૉઈડની શક્યતાનો વિચાર આવે. એ પ્રમાણે દવા આપે, પણ ફરક પડે નહિ. ખૂબખૂબ અભ્યાસ બાદ



ડૉ. ફોજદાર, એક આદિવાસી બાળાને તપાસતા (ફોટો : વિક્રમ દલાલ)

ડૉક્ટર નવીનીતભાઈને ખયાલ આવ્યો કે અહીંનો રોગ તો ક્રૉનિક મલેરિયા છે. મલેરિયા વગરનું એક પણ કુટુંબ મળે નહિ! કહે છે કે ક્ષેત્રફળની દૃષ્ટિએ ૫૦૦ ચો૦ માઈલના વિસ્તારવાળો આ ધરમપુર તાલુકો દેશનો સૌથી મોટો તાલુકો છે; પણ આર્થિક અને સામાજિક દૃષ્ટિએ તો આ ગુજરાતનો સૌથી પછાત વિસ્તાર છે. ડૉક્ટર આ પ્રદેશની દયનીય દશા વર્ણવતો એક પ્રસંગ નોંધે છે: 'એક પછી એક બે વરસના બાબુલની, પાંચ વરસના સોન્જાુની અને સાતેક વરસની સાયલુની છાતી તપાસી. ત્રણેનાં ફેફસાંમાં ભરેલો કફ કાનમાં સંભળાય છે. ત્રણેને ઈન્જેક્શન, ગોળી અને પીવાની દવા આપી એમના બાપુ રામજુને કહ્યું: 'જો રામજુ, આ બાળકોને કાલે અને પરમ દિવસે લાવવાં પડશે. બન્નેને ઈન્જેક્શનની જરૂર છે.' રામજુ માટે આ શક્ય નથી. એસ. ટી.માં એ બાળકોને લાવવા એની પાસે પૂરતા પૈસા નથી.' ત્યાર પછી લખાએલા ડૉક્ટરના શબ્દો વધુ વેધક અને આત્મનિરીક્ષણનાં નીતર્યાં નીર જેવાં છે: 'હું જાણતો હતો કે આજના બસભાડાના પૈસા ગઈ કાલના શુક્રવારના હટવાડામાંથી એમને મળ્યા હશે. ધરમપુર ને નાસિક બંનેના વેપારીઓ આ હટવાડામાં આવે. નાગલી, જુવાર, ડાંગર, ખુરસાણી કે થોડી ઘણી મગફળી લઈને આ લોકો ત્યાં જાય. વેપારીઓ શેર લઈ બદલામાં અચ્છેરનો માલ આપે. સહુ આ અબુધ પ્રજાને ચૂસે. એમની પાસે બીજે દિવસે આવવાનું બસભાડું ક્યાંથી હોય? મહર્ષિ ટૉલસ્ટૉયનું પુસ્તક મારી આંખો સામે ફરતુંફરતું પૂછી રહ્યું હતું: 'ત્યારે કરીશું શું?'

આનો ઉત્તર પણ ડૉક્ટરને જ આપવા દઈએ: 'આ બધું જોઈ-જાણીને થયું કે ઈશ્વરની કૃપાથી મળેલી તબીબી વિદ્યાની જરૂરિયાત આના કરતાં વધારે બીજા કયા વિસ્તારમાં હોઈ શકે?' આમ વિચાર કરી ગુજરાત સર્વોદય મંડળ તરફથી પિંડવળની કપારડાની આશ્રમશાળાનાં બે ફ્રી મૅડિકલ કેન્દ્રો શરૂ કર્યાં. ઈ. ૧૯૬૮ના એપ્રિલથી દર મહિને દરેક કેન્દ્ર પર એકએક અઠવાડિયું ગાળતાં, ધીરેધીરે પણ ચોક્કસ રીતે ત્યાં આકર્ષાએલ અવિરત માનવવ્હેણને, એક સમભાવી સ્નેહીની હૂંફ ડૉક્ટર નવનીતભાઈ દ્વારા મળવા લાગી.

તબીબી અભ્યાસની ઝળહળતી કારકિર્દી બાદ આવા અજાણ્યા વિસ્તારમાં અટવાઈ જનાર ડૉક્ટરની ધૂનની હાંસી ઉડાવનાર વ્યક્તિઓનો તોટો નહોતો. આમ જુઓ તો આવો રત્ન જેવો દીકરો માનવસેવાને જીવનસંગિની બનાવી બેસે એ કદાચ એમના વડીલોને મન પણ ગમતી વાત નહોતી; તો બીજી તરફ ડૉક્ટર ફોજદારનાં ખંત અને ઉત્સાહ એવાં હતાં કે એમનો ભક્તસમુદાય પણ કંઈ નાનોસૂનો ન રહ્યો. જાણીતા ગાંધીવાદી લેખક અને ગાંધી સાહિત્યના કુશળ સંપાદક શ્રી ચંદુલાલ ભગુભાઈ દલાલના પુત્ર શ્રી કશ્યપ દલાલ તો નવનીતભાઈના કાયમના ડ્રાઈવર-સહાયક બની એમના અંતેવાસી થઈ ગયા છે. આ ઉપરાંત ડૉક્ટરના જીવનની જરૂરિયાતોનો ખર્ચ મિત્રો આનંદથી ઉપાડી લે છે, એટલું જ નહિ, પણ એમના કાર્યથી એવો તો પ્રેરણાનો સ્રોત ઉત્પન્ન થયો છે કે જેને કારણે જોતજોતાંમાં દવા-ઈન્જેક્શનોનો ધોધ વરસી રહે છે.

દૂરદૂર આવેલાં નાનાંનાનાં ગામોમાં પગપાળા જવામાં ડૉક્ટરનો અમૂલ્ય સમય ન બગડે અને પીડિતોને શીઘ્ર સહાય પહોંચી રહે એવા શુભાશયથી એક ઍમ્બ્યુલન્સની સગવડવાળી મોબાઈલ જીપ પણ એમને પૂરી પાડવામાં આવી છે. આ જીપની વાત પણ ખાસ્સી રોમાંચક છે. ઉત્તર અમેરિકામાં વસતા ડૉક્ટરના કેટલાક મિત્રોએ ડૉક્ટરને આ ધર્મકાર્યમાં મદદરૂપ થવા એક સહાય-સંસ્થા સ્થાપી અને તે દ્વારા ૨૨૦૦ ડૉલર એકઠા કર્યા. તેવામાં ધનબાદ-ઝરિયામાં કોલસાની ખાણો ચલાવતી એક કંપનીએ પણ સારી એવી રકમ આ નિધિમાં આપી. આવી અનેક શુભેચ્છક વ્યક્તિઓને આભારે ડૉક્ટરના કાર્યને પ્રબળ વેગ અને ગતિ સાંપડ્યાં છે. એ જ તો એમના જીવનની મુખ્ય કમાણી, બચત અને મહામૂલી મિરાત છે.

એમની નમ્રતા ને નિરભિમાનીપણું યે અજબ. એમના જીવન વિષે હું કશું લખવા ધારું છું એમ જ્યારે નવનીતભાઈને જાણ થઈ ત્યારે એમણે ખાસ કહેવડાવ્યું: 'જોજો, મને ગ્લોરીફાય નહિ કરતા.' એમની આ નિષ્કામ સમાજસેવા બદલ હરિઃૐ આશ્રમવાળા પૂજ્ય શ્રી મોટાનો સમાજસેવા-સુવર્ણચંદ્રક એમને મળ્યો હતો એ વાત તો બીજી અંગત વાતોમાં એમણે મને જણાવા પણ ન દીધી. એમને તો એમ જ હશે કે એ ચંદ્રક એમને નહિ પણ સેવાનો ભેખ લઈ બેઠેલ અનેક વ્યક્તિઓના સામુહિક સેવાયજ્ઞની જ કદર હતી. આ ઉપરાંત સંગીત ને સાહિત્યમાં પણ એમને રસ અને સૂઝ છે. એમણે આ વાત પણ મને કળાવા દીધી નથી. કદાચ, એમને મન એમની આંતરિક શક્તિના સર્વ સંકેતોનું મહત્ત્વ સેવાયજ્ઞનાં સમિધથી વધુ ન હોય!

આજે તો વિદ્યાર્થીકાળમાં ડૉક્ટર બની સમાજસેવા કરવાનાં સ્વપ્નાં સેવનાર તરુણોનો ભેટો થવો મુશ્કેલ નથી, પરંતુ એક વાર એમ.બી.બી.એસ.ની ઉપાધિ મળી ગયા બાદ એ સ્વપ્નોને સાકાર કરનાર વ્યક્તિનું દર્શન વિરલ છે. આ સંજોગોમાં 'नहि कल्याणकृत कश्चित् दुर्गतिं तात गच्छति'' (બાપુ, કલ્યાણ માર્ગે કો દુર્ગતિ પામતો નથી.) જેવી પંક્તિમાં ગળાબૂડ પ્રભાવિત થઈ, સમાજસેવાનો ભેખ લઈ, ઘેર ધોએલું ખાદીનું અરધી બાંયનું ખમીસ અને ખાદીનો લેંઘો પહેરી, જરા યે ક્ષોભ યા લઘુતાગ્રંથિ વિના અણજાણ આદિવાસી વિસ્તારોમાં માનવસેવાનો આશ્રમ ખોલી, પ્રેમનો પરિમલ પ્રસરાવનાર ડૉ. નવનીત ફોજદારનો નાજુક બાંધો ને નરમ સ્વભાવ નમ્રતાની વણબોલી જાહેરાત કરે છે. સેવાને જ સંપત્તિ માનનારા અને માનવતાને જ ધર્મ માનનારા ડૉ. નવનીત ફોજદાર એટલે એમની પ્રેરણામૂર્તિ વિનોબાની જીવન-ગીતાના સમર્થ શ્લોકોનો સાંગોપાંગ આવિષ્કાર.

જ્યારે જ્યારે પરોપકારને સ્વધર્મ માની સેવાયજ્ઞની પાવક જ્વાળામાં જિંદગીની ક્ષણેક્ષણને સમિધની જેમ હોમી રહેલા ડૉક્ટર નવનીત ફોજદારનો વિચાર કરું છું ત્યારે જગમશહૂર કલાકાર લીઓનાર્દો દ વિન્ચીના આ શબ્દો યાદ આવ્યા વગર રહેતા નથી: 'The life that is well spent is a long life.' (મંગલકામમાં ગુજારેલી જિંદગી જ લાંબી જિંદગી છે.) હજી ચાળીસ વર્ષ પણ પૂરાં ન કર્યાં હોય એવી કોઈ યુવાન વ્યક્તિનું જીવન જ્યારે અનેકની પ્રેરણાનો પ્રગટ સ્રોત બની રહે ત્યારે એ વ્યક્તિના 'મહાન' જીવનને અભિનંદન આપવાનું મન સહજ થઈ જાય છે. સેવાના સરવાળામાં તબીબી વ્યવસાયની ગૂંચનો તાળો મેળવી જાણનાર આ યુવાન ડૉક્ટર માનવતાનું જીવતું-જાગતું ગૌરવ છે. □

ભગવાન પરશુરામ અને મહારથી કર્ણ

નવી દૃષ્ટિએ



લેખક
રવીન્દ્ર ભટ્ટ

પૃથ્વી ઉપરથી એકવીસ એકવીસ વાર ક્ષત્રિયોનું નિકંદન કાઢયા પછી ભગવાન પરશુરામ—જામદગ્નેય, એકાએક પાછા ફરી ગયા. એમણે વનની અને વેરાનની વાટ પકડી લીધી. ત્યાં વેરમાં, પથ્થરો ઉપર, પાંદડાં ઉપર, દબાતા એમના એકએક પગલે અનેક વિચારો એમના ચિત્તને દબાવતા રહ્યા :

'મેં આ શું કર્યું ? મેં, બ્રાહ્મણે ઊઠીને એકવીસ એકવીસ વાર ક્રોધ કર્યો!? આટલી બધી હત્યાઓ કરી!!? હવે બીજાને તો શું—મારી જાતને પણ મારું મોં કેમ બતાવીશ ? શું કરું ? કયાં જાઉં ?'

એકાએક એમનાં પગલાં અટકી ગયાં. એમના ચિત્તમાંથી ચળાઈને આવતો એક વિચાર, પ્રાયશ્ચિત્તની કોઈ નવી જ પવિત્ર પૂર્વભૂમિકા બનતો, એમને શાંત અને સ્વસ્થ કરતો ગયો: 'દૂર દૂર કોઈ આશ્રમમાં રહીશ. ક્ષત્રિયને જ વિદ્યા આપીશ. બ્રહ્માસ્ત્રના જ્ઞાનનો અધિકારી એને જ બનાવીશ. તો જ આ જીવ જંપીને પાછો જામદગ્નેય થઈ શકશે.'

પછી તો દબતાં નહિ, હળવાં પગલાં દૂર દૂર વનમાં પડતાં ગયાં.

એ જ વનની અને વેરાનની વાટે પછી એક દિવસ મહારથી કર્ણનાં પગલાં પડે છે. એને બ્રહ્માસ્ત્રની વિદ્યા મેળવવી છે. હસ્તિનાપુરમાં એની ઉપેક્ષા કરવામાં આવી છે, અને એ જાણે છે કે હસ્તિનાપુરની બહાર એકમાત્ર ભગવાન પરશુરામ જ એને એ વિદ્યા આપી શકે એમ છે. પણ સાથે તે એ પણ જાણે છે—માને છે, કે ક્ષત્રિયોના વેરી ભગવાન પરશુરામ કેવળ બ્રાહ્મણોને જ વિદ્યા આપે છે. તો યે એનાં પગલાં ભગવાન પરશુરામના આશ્રમ તરફ જ પડતાં જાય છે.

આશ્રમે આવીને એ ઊભો રહે છે. એને જોતાં જ જામદગ્નેય એનું ક્ષત્રિય તેજ ઓળખી જાય છે. એક દિવસના વિચારને અમલમાં મૂકવાની તક જાણે સામે આવીને ઊભી રહેલી તેમને લાગે છે. કર્ણ કંઈ કહે તે પહેલા જ, તેને બોલતો અટકાવી, શિષ્ય તરીકે સ્વીકારી લે છે. આશ્ચર્યમાં પડેલો કર્ણ ત્યાર પછી તો વિદ્યાપ્રાપ્તિના, પરશુરામના સહવાસના, આશ્રમના એકાંતે ઊતરતાં અજવાળાં અંધારાંના અને બ્રહ્માસ્ત્રના રહસ્યોના ઉકેલમાં એમ અનેક આશ્ચર્યોમાં પડતો જાય છે.

કર્ણને રજા લેવાનો દિવસ આવી પહોંચ્યો. આગલે દિવસે ભગવાન પરશુરામને એને ખોળે સૂવાની ઇચ્છા થઇ. ક્ષત્રિયને ખોળે વિશ્વાસે સૂવામાં જ મોત આવતું હોય તો એમાં પ્રાયશ્ચિત્તની પૂર્ણાહુતિ જોતા જામદગ્નેય નિશ્ચિંત મને કર્ણને ખોળે સૂઈ ગયા.

થોડી વાર થઈ હશે ત્યાં બહારથી ગણગણાટ ઊતરી આવ્યો. એક વિચિત્ર પ્રકારનો કીટ ઘડીક ગુંજતો, ઘડીક ઠેકતો, ઘડીક ઊડતો, સળવળતો, ફફડાટ કરતો કર્ણના પગ પાસે આવી પડયો અને ત્યાંથી, નીચેથી જ એનો મારગ હોય એમ, કર્ણના સાથળને કોરતો, સળવળતો આગળ ને આગળ સરતો ગયો. કંઈક માનસિક પરિતાપોને પચાવીને સ્વસ્થ રહેતો કર્ણ એ બધો વખત જે શારીરિક વેદના ઊપડતી હતી તેને પણ પચાવતો, જામદગ્નેયના જંપને જાળવતો એમ ને એમ હલનચલન વગર સ્વસ્થ રહ્યો.

ગાઢ નિદ્રામાં, એકાએક ફરી પાછા ક્ષત્રિયોના શોણિતનું, સંતપ્ત કરતું સ્વપ્નું જોતા જામદગ્નેય સફાળા જાગી ગયા, જે ખોળે પોઢી ગયા હતા ત્યાં જ ખરેખર એમણે શોણિતનો પ્રવાહ જોયો, એ શોણિતમાંથી બહાર નીકળી સળવળતા અને પછી ફફડાટ કરી ગુંજતા ઊડી જતા પેલા કીટને પણ એમણે જોયો, અને તરત એ વસ્તુસ્થિતિ પામી ગયા.

પોતાના શિષ્યને આમ ત્રાસ આપનાર, પોતાને—ક્ષત્રિયહત્યાનું પ્રાયશ્ચિત્ત કરનાર બ્રાહ્મણને, નિદ્રસ્થ રહેવા દેતા એક વધુ ક્ષત્રિયનું લોહી કાઢનાર એ કીટ ઉપર, વરસો સુધી દબાવી રાખેલો એમનો ક્રોધ ભભૂકી ઊઠયો. ઊડી જતા કીટને, આંખથી જાણે કે બાળતા, એમણે કર્ણ તરફ જોયું, અને કદાચ પોતે ખોટા હોય—જેને શિષ્ય કર્યો તે ક્ષત્રિય ન હોય એવી ઠગારી આશાએ એમણે પૃચ્છા કરી: 'કોણ છે તું?' ગભરાઈ ગએલા કર્ણે સાચી વાત કહી દીધી : પોતે કર્ણ હસ્તિનાપુરે કરેલી પોતાની ઉપેક્ષા–અર્જુનના સમોવડિયા થવાની મહેચ્છા અને બધું જ...

ક્રોધમાંથી ઊંડા ઘેરા વિષાદમાં સરી પડતા હોય એમ ભગવાન પરશુરામે નિઃસાસો નાખ્યો. એમણે કર્ણનો સાથળ ઊંચકીને સંભાળપૂર્વક સાફ કરવા માંડયો.

'અરે અરે ! આ શું કરો છો?' અનેક આશ્ચર્યોની પરંપરા અનુભવી ચૂકેલો કર્ણ એક વધુ આશ્ચર્યમાં સ્તબ્ધ અને ક્ષુબ્ધ થઈ બોલી ઊઠયો.

'મેં ઘણા ઘા કર્યા છે;' પરશુરામે જવાબ આપ્યો : 'સાફ એકે ય નહોતો કર્યો. આ એક, બીજાથી થએલો, તો સાફ કરી લઉં.'

અને ઘા સાફ કરી ત્યાં પાટો બાંધી જામદગ્નેય પાછું પૂછી રહ્યા : 'તો આ બ્રહ્માસ્ત્રની વિદ્યા અર્જુનના સમોવડિયા થવા માટે તેં લીધી ? જરૂર પડે તો એને પહોંચી વળાય એટલા માટે?' કર્ણ મૌન ધારી રહ્યો.

'જરૂર પડે તો મારવા—જરૂર પડે તો તારા ક્ષત્રિયના ધર્મ પ્રમાણે બીજાના રક્ષણ માટે ન લીધી ? કેમ?' હજી પણ કર્ણે મૌન રાખ્યું.

'હું નથી ઇચ્છતો—'ભગવાન પરશુરામ ઊંડા વિષાદમાં બોલતા ગયા : '—કે પ્રાપ્ત કરેલી વિદ્યાનો તું આવો ઉપયોગ કરે. બ્રહ્માસ્ત્રનો એવો તુચ્છ ઉપયોગ કરવાની ક્ષણે તું બધાં વેરઝેર ભૂલી જા અને એવી ચિત્તશુદ્ધિ તારી પાસે બ્રહ્માસ્ત્રનો ઉપયોગ ન કરાવે એમ હું ઇચ્છું છું.'

બીજે દિવસે રજા લઈ કર્ણ ચાલી નીકળ્યો ત્યારે આશ્રમની બહાર વનમાં અને વેરાનમાં એનાં જે પગલાં પડતાં ગયાં તેમાં વિદ્યાપ્રાપ્તિની શ્રદ્ધા નહોતી પણ ભાર હતો.

મહાભારતનું યુદ્ધ શરૂ થયું છે. મહારથી કર્ણ સેનાપતિ થયો છે અને મહારાજા શલ્ય એના સારથિ થયા છે.

ભગવાન પરશુરામના આશ્રમની બહાર પગ મૂકયા પછી આજ સુધીમાં જે પરિવર્તન કર્ણમાં થયું છે તે તો કેવળ એ જ જાણે છે. કૃષ્ણ અને કુંતી એને કેવીકેવી વાતો કહી ગયાં છે? જે વિષાદ અર્જુનને યુદ્ધને પહેલે દિવસે અડી ગયો તે જામદગ્નેયને જાણ્યા પછી જીવને વીંટળાતો

આંટીઘૂંટી લેતો આજસુધીમાં પોતાનેય કેટલો વસમો થતો ગયો છે તે કેવળ [illegible] છે. સમસ્ત કૌરવસેનાએ અને દુર્યોધને એનામાં જે વિશ્વાસ [illegible] આ જોરે, ને અર્જુન સામે લડવું પડે તો કૃષ્ણ જેવા જ કુશળ સારથિ મહારાજા શલ્યને માગી લઈને એમનાથી દોરવાતો એ યુદ્ધભૂમિ ઉપર આવી પહોંચ્યો છે. એ પોતાની જાતને પૂછી રહ્યો છે:

'અર્જુન—નાનો ભાઈ. એને મારું?' 'ભાઈને મારવા બ્રહ્માસ્ત્રનો ઉપયોગ!?' એને ભગવાન પરશુરામ યાદ આવે છે. 'આ કરતાં પાંડવો, અર્જુન, કુંતામાતા, આ કુરુક્ષેત્ર, દુર્યોધન બધાંને ભૂલી જાઉં તો? બ્રહ્માસ્ત્રને જ યાદ ન કરું તો!'

યુદ્ધ શરૂ થાય છે. મહારાજા શલ્ય કોઈ અજબ કૌશલ્યથી રથને દોરવી રહ્યા છે. એમને થાય છે: 'કર્ણે મારી પસંદગી કરી! હું શલ્ય. કૃષ્ણ જેવા સારથિને પડકારી વળું એટલા માટે ને? મારી સરખામણી કૃષ્ણ સાથે થઈ!' વિચારોનાં આવાં વહેણ શલ્યના ગૌરવને ગર્વ તરફ લઈ જાય છે.

યુદ્ધ તીવ્ર થતું જાય છે કર્ણ અને અર્જુન સામસામા આવી ગયા છે. અર્જુનને મારવાનો નહિ પણ સ્વબચાવનો નિર્ણય કરતા, પરશુરામની ચિત્ત સાથે સતત સંતાકૂકડી રમતી મૂર્તિ ભૂલવા પ્રયત્ન કરતા કર્ણને થાય છે કે એમની પાસે શીખેલી વિદ્યા યાદ ન કરવામાં કેટલું બધું સારું લાગે છે!

શલ્યનો ગર્વ, પોતે કૃષ્ણ જેવી લોકોત્તર વ્યક્તિ છે એવો વિચારદોર એની સ્વસ્થતાને, એના કૌશલ્યને, રથના ઘોડા ઉપરની લગામોને,—બધાંને વેરવિખેર કરી નાખે છે, અને પરિણામે એક જગ્યાએ રથ વાળતાં એનાથી એવી એક સામાન્ય ભૂલ થઈ જાય છે કે રથ એક તરફ નમી જાય છે અને નમેલા રથનું પૈડું રથના જ ભારથી જમીનમાં ખૂંપી જાય છે.

અને એ એક ક્ષણમાં ઘણું બની જાય છે.

શલ્યનો બધો ગર્વ એકદમ ઓગળી જાય છે. કર્ણને પાનો ચડાવવા અર્જુન લક્ષ્યવેધી નહિ એવું એક બાણ છોડે છે. કર્ણના રથને નમતો જોઈ ભગવાન શ્રીકૃષ્ણ એકદમ પોતાના રથને એવી રીતે વાળે છે કે અર્જુન શું થયું છે તે જોઈ શકે. કર્ણ રથના પૈડાને સરખું કરવા પોતે જ અણધાર્યો નીચે ઊતરે છે.... આ બધું એકીસાથે જ બને છે. પરિણામે જે ન થવું જોઈએ તે થાય છે. અર્જુનનું બાણ લક્ષ્યવેધી બની જાય છે. કર્ણને તે વાગે છે અને રથના પૈડા પાસે જ એ ઢળી પડે છે.

એ વખતના યુદ્ધના નીતિનિયમો અનુસાર યુદ્ધ થંભી જાય છે. દુર્યોધનને ખબર આપવામાં આવે છે. ભગવાન શ્રીકૃષ્ણ પોતે કર્ણ પાસે પહોંચી જાય છે. કર્ણને બચાવવાનો કોઈ ઉપાય એમને દેખાતો નથી. શલ્ય રથમાંથી નીચે ઊતરે છે. પાછળ અર્જુન પણ આવીને ઊભો રહે છે.

'કર્ણ!' કૃષ્ણ રથ પાસે પડેલા એ મરતા મહારથીને પ્રેમથી સંબોધન કરે છે: 'કર્ણ, હું કૃષ્ણ, તારી પાસે દાન માગવા આવ્યો છું. જેવો છું એવો હું કૃષ્ણ તારી પાસે દાન માગવા આવ્યો છું.'

અંતરમાં ઊતરી જતી એ વાણી સાંભળી કર્ણ આંખ ઉઘાડે છે અને પોતાના દાંત બતાવી ભગવાન કૃષ્ણને પાસે બોલાવે છે. ધીરે ધીરે માંડમાંડ એ કહે છે કે એના દાંતમાં દાન આપવા જેવી વસ્તુ ભરાવેલી છે. પણ એ ઉચ્છિષ્ટ હોવાથી એને શુદ્ધ કરવાની જરૂર છે.

'કર્ણ' કૃષ્ણનો અવાજ વધુ કોમળ બને છે: 'તું આજન્મ દાતા છે અને દાનની શુદ્ધિ તારા મૃત્યુની ક્ષણે પણ તને સૂઝે છે એ તારું ઔદાર્ય છે. પણ હું યાચક છું. મારે શુદ્ધિ અશુદ્ધિનો વિચાર કરવાનો ન હોય. પણ અત્યારે હું એવું કોઈ ભૌતિક દાન નથી માગતો. હું તો તને જ માગું છું.'

કર્ણની આંખો આશ્ચર્યમાં પહોળી થાય છે. '—તને...તને'... કૃષ્ણનો અવાજ વધારેને વધારે કોમળ થતો જાય છે: 'તને હું જગતની માતાઓને આપી શકું એટલા માટે ઇચ્છું છું કે હવે પછી ભવિષ્યની માતાઓનો તું હમેશાં પહેલો પુત્ર બનતો રહે.'

જીવતાં ભાગ્યે જ અનુભવી હોય એવી કોઈ અજબ શાંતિ આ વિમલ વાણીથી અનુભવતો મહારથી કર્ણ કુરુક્ષેત્રની ભૂમિ પર ભગવાન કૃષ્ણને જોતો અને ભગવાન પરશુરામનું સ્મરણ કરતો દેહત્યાગ કરે છે. □

લ ઘુ ક થા

ગામડિયણ

મનહર તળપદા

ગાડીનો સમય થઈ ગયો હતો. ટિકિટ લઈ રમેશ પાસેના જ ડબ્બામાં એક બારી પાસે બેસી ગયો. ત્યાં તો સીટી વાગી અને ગાડી ઊપડી. પ્લૅટફૉર્મ પરથી આર્દ્ર સ્વરે શારદાએ 'આવજો' કહી હાથ લંબાવ્યો, પણ પત્નીનો અવાજ સાંભળ્યો જ ન હોય તેમ રમેશે હાથમાંના સામયિકમાં નજર ખોડી રાખી. ગાડીએ વેગ પકડ્યો ત્યારે અનાયાસ તેનાથી જોવાઈ ગયું કે શારદાની આંખોમાં બે આંસુ ચમકી રહ્યાં હતાં. 'વૉટ અ રસ્ટિક વાઈફ!' તે મનોમન બબડ્યો.

મૅટ્રિકમાં હતો ત્યારે બાજુના ગામમાં થએલી તેની સગાઈ, ગ્રૅજ્યુએટ થયા પછી માતાપિતાની કાકલૂદીઓને વશ થઈ તેણે શહેરની ગ્રૅજ્યુએટ છોકરીને પરણવાનાં સ્વપ્નોને કચડી દઈ કચવાતે મને શારદા સાથે કરેલું લગ્ન, અને હવે ગામડાની એ માંડ મૅટ્રિકે પહોંચેલી છોકરી સાથે કાઢવાની આખી જિંદગીનો ચિતાર તેને કમકમાં લાવી રહ્યો.

લગ્ન પછી તરત શહેરમાં જઈને શરૂ કરેલી નોકરી માટેનાં નિષ્ફળ હવાતિયાં, મિત્રોનાં ચડતાં જતાં ઋણ, ઉત્તરોત્તર વધતી જતી ખર્ચની ચિંતા વગેરેમાં બારેક માસ ગાળી, દાદીમાની માંદગીને કારણે એ ઘેર આવ્યો ત્યારે શારદાનાં પગલાંએ ઊજળું થએલું ઘર પણ એની કટુતા ઓછી કરી શક્યું ન હતું, અને એ કટુતા સાથે જ એ પાછો ફરી રહ્યો હતો.

વિચારતંદ્રામાં જ એણે સામેની પાટલી પર બેઠેલા એક દંપતી જેવા યુગલના કેટલાક તૂટક શબ્દો સાંભળ્યા: 'પ્લીઝ, મીના! એક જ દિવસ... કૉલેજની લેક્ચરર જેવી બોર ડ્યૂટી બજાવીને તું દર શનિ-રવિ અમદાવાદમાં એક મામૂલી ક્લાર્ક જેવા તારા મિસ્ટર સાથે ગાળવા આવે અને મારી સાથે એક રાત પણ નહિ?'...'પણ સુનીલ, તું સમજતો કેમ નથી? ...મારે એ બુધ્ધુને બહાનું શું બતાવવું?'...'વાહ, તારા જેવી ડબલ ગ્રૅજ્યુએટ છોકરીને બહાનું શોધવા મૂંઝાવું પડે? સી, યુ ફાઈન્ડ આઉટ ઍનીથિંગ, બટ સ્ટે ઓવર ટુડે...'

અને અંતે થોડી રકઝક ને ઘૂસપૂસ બાદ પેલી ફૅશનેબલ યુવતી પેલા યુવાન સાથે પછીના સ્ટેશને પર્સ ઝુલાવતી ઊતરી ગઈ.

ગાડીએ આંચકા સાથે ફરી વેગ પકડ્યો. બારી બહાર દૂર દૂર તાકી રહેલી રમેશની આંખો સમક્ષ ગામડાની એક અબુધ છોકરીનો મુગ્ધ ચહેરો તરવરી રહ્યો. અમદાવાદનું સ્ટેશન આવી ગયું. પાળેલા કૂતરા જેવા પગ બસમાં ચડી ગયા અને થોડી વારે આંચકા સાથે બસ એક સ્ટૉપ પર થંભી ત્યારે જ વિચારમગ્ન રમેશને યાદ આવ્યું કે એ પોતાને ઊતરવાનું જ સ્ટેન્ડ હતું.

રઘવાયા જેમ ઊતરી એ પોતાની રૂમ પર પહોંચ્યો. ત્યાં ટેબલ પર રૂમપાર્ટનરે છોડાવેલો એના નામનો એક રજિસ્ટર્ડ પત્ર પડ્યો હતો. ધબકતી છાતીએ તેણે એ ખોલ્યો. છેલ્લા એક વર્ષથી જેની એ કાગને ડોળે રાહ જોતો હતો એ સરકારી ખાતામાં ગૅઝેટેડ ઑફિસરની જગ્યા પર તેની નિમણૂકનો તે ઑર્ડર હતો!

બીજી જ મિનિટે રમેશ ઘર તરફ વળતી ગાડી પકડવા સ્ટેશને દોડ્યો. 'ખરેખર આ પ્રતાપ 'એ'નાં પગલાંનો!'–તે મનોમન વિચારતો હતો. ઘર તરફની ગાડીએ વેગ વધાર્યો ત્યારે રમેશના મનમાં પણ આનંદનો એક અસીમ વંટોળ વેગ પકડતો જતો હતો... □

વૈદક, અંગ્રેજી, શાસ્ત્ર, વેદાંત વગેરે સ્વપ્રયત્ને શીખી તેમાં પારંગત થનાર પુરુષાર્થમૂર્તિ અને ઉત્કટ સાધક

જ્ઞાન, યોગ, ભક્તિ, ત્રણેમાં પારંગત જ નહિ, તેના સદેહ અભિવ્યક્તિ

શિવરામ-કિંકર

યોગત્રયાનંદ સ્વામી

વિશિષ્ટ વ્યક્તિચિત્રો [૬]

લેખક
મુકુન્દરાય પારાશર્ય



એમનું મૂળ નામ શશિભૂષણ સંન્યાલ. પિતા રામજીવન અને માતા વિશ્વેશ્વરીદેવીના ચાર પુત્રોમાં તે સહુથી મોટા હતા. તેમનો જન્મ બંગાળના હાવડા જિલ્લામાં બાલી ગામમાં ઈ. સ. ૧૮૬૦ના માર્ચ માસમાં થયો હતો.

પાંચેક વર્ષની વયે એમને નિશાળે બેસાડ્યા. પહેલા વર્ષની ચોપડીની લગભગ ત્રીશથી વધુ નકલ એમના હાથે ફાટી ગઈ છતાં મૂળાક્ષરો ય તે જાતે વાંચીલખી શકતા નહિ, ભણતરમાં આવી મૂઢતા જોઈ પિતાએ નારાજ થઇ તમાચો લગાવી દીધો ને છોકરાને શાળામાંથી કઢાડી લીધો. પરિણામ એ આવ્યું કે પછીના એકાદ વર્ષમાં જ તે જાતે અભ્યાસ કરીને બંગાળી તથા સંસ્કૃત ભાષા સારી પેઠે શીખી ગયા!

શશિભૂષણની દશબાર વર્ષની વયે ગામમાં શિવરામ નામે સંન્યાસી આવી રહ્યા. આખા કુટુંબે તેમની સેવાશુશ્રૂષા કરેલી ને પોતાને ત્યાં પણ થોડો સમય રાખેલા. કિશોર શશિભૂષણનો સંસ્કૃત ભાષા પરનો કાબૂ, સંસ્કારિતા તથા પ્રતિભા વગેરેથી પ્રસન્ન થએલા સંન્યાસીએ તેમને દીક્ષા આપી ને અધ્યાત્મજ્ઞાનનો ઉપદેશ કર્યો. શિષ્ય શશિભૂષણ પરના વાત્સલ્યને કારણે બેત્રણ વખત એમને ત્યાં આવી રહેલા અને છેવટ દેહ પણ ત્યાં જ છોડેલો. ગુરુની આજ્ઞા પ્રમાણે અભ્યાસ કરવા તથા સાધના કરવા ઉપરાંત શિષ્યે ગુરુની અતિશય ભક્તિથી સેવા કરી અને ગુરુની અનુજ્ઞા લઈ ગુરુપરાયણતાનો નિર્દેશ કરતું પોતાનું નામ 'શિવરામ-કિંકર' રાખ્યું. ઉમર વધતાં જ્ઞાન, યોગ તથા ભક્તિ એ ત્રણેયમાં શાસ્ત્રપારંગત જ નહિ પણ તે ત્રણેયની સદેહ અભિવ્યક્તિ સમા બની રહેલા. ઉપરાંત એ ત્રણે યોગના પ્રખર ઉપદેષ્ટા બનેલા તેથી યોગત્રયાનંદ નામથી પ્રખ્યાત થએલા. છતાં પોતે પોતાને તો શિવરામ કિંકરને નામે જ ઓળખાવતા. એમની આ થોડી વાતો છે.

શશિભૂષણ-શિવરામકિંકર-નાં લગ્ન થયાં ને ગૃહસ્થજીવનનો આરંભ થયો તે પછી થોડા જ સમયમાં એમના ઘરમાં એક કુટુંબીજન સખત બીમાર થઇ ગયું. બીમારી ભયંકર થવાથી શિવરામકિંકર તે રોગીને ડૉક્ટર પાસે લઈ ગયા. ડૉક્ટરે દરદીને તપાસવાની ફી તથા દવાના પૈસા માગ્યા. શિવરામકિંકર પાસે તે વખતે ખિસ્સામાં કે ઘર પર કંઈ જ પૈસા ન હતા. ગમે તેમ કરીને પોતે થોડા રોજમાં તે આપી જશે તેમ કહ્યું, છતાં રોકડા પૈસા વગર ડૉક્ટરે ન તો તબિયત જોઈ કે ન દવા આપી. ઊલટું તિરસ્કારપૂર્વક બહાર કાઢ્યા. ડૉક્ટર પાસેથી દરદીને એ ઘર પર લઈ આવ્યા ને ત્યાં એ દરદીનું અવસાન થઈ ગયું. આ માઠી ઘટનાનો એમના હૃદયમાં એટલો ઊંડો આઘાત થયો કે તેમણે તે જ સમયે તબીબીવિજ્ઞાન શીખી લેવાનો સંકલ્પ કર્યો. ક્યાંકથી આયુર્વેદનું કોઈક પુસ્તક લઈ આવ્યા ને અભ્યાસ આરંભી દીધો. ગામના વૃદ્ધોને તથા ખેડૂ-ભરવાડોને પૂછીને વનસ્પતિને ઓળખવા લાગ્યા ને તેમાંથી દવાઓ બનાવવા લાગ્યા. રોગનાં નિદાન સમજી સમજી ચિકિત્સા શરૂ કરી દીધી. થોડા જ વખતમાં તેઓ એ પ્રદેશમાં કુશળ વૈદ્ય તરીકે ઓળખાવા લાગ્યા. દરદીઓ પાસેથી વિઝિટ-ફી કે દવાના પૈસા તે ન લેતા. જે કોઈ સ્વેચ્છાએ જે કાંઈ આપે તે સ્વીકારતા. આથી જનતાને એ આશીર્વાદ રૂપ થઈ પડ્યા. બહારગામના અસાધ્ય દરદીઓ આવી એમને ત્યાં પડ્યાપાથર્યા રહેતા. એક વાર એવું બન્યું કે જે ડૉક્ટરે એમને તિરસ્કાર કરીને હાંકી કાઢેલા એ જ ડૉક્ટરનો પુત્ર મરણપથારીએ પડ્યો. બીજા વૈદ્ય-ડૉક્ટરોની કોઈની કારી ન ફાવી. છેવટ એ જ ડૉક્ટર શિવરામકિંકર પાસે આવ્યા અને દીકરાને બચાવવા વિનંતી કરી. વિના વિલંબે શિવરામકિંકર તેમને ત્યાં ગયા ને દવા કરી છોકરાને સાજો કરી દીધો. ન તો એમણે વિઝિટ ફી લીધી કે ન દવાના પૈસા લીધા.

આયુર્વેદ ઉપરાંત બાયોકેમિસ્ટ્રી, હોમિયોપથી, ઍલોપથી વગેરે પદ્ધતિઓનો પણ ઝીણવટથી એમણે અભ્યાસ કર્યો. શલ્યચિકિત્સા સમજવા માટે રોજ છ છ માઈલ પગે ચાલી તેઓ કલકત્તાની કૅમ્પબેલ ઑસ્પિટલે જતા. નિદાનચિકિત્સામાં તો તેમણે અસામાન્ય પ્રભુતા મેળવી અને વૈદ્ય-ડૉક્ટરોને પણ સહાયક બની ગએલા.

એક વાર કલકત્તાના પ્રસિદ્ધ સર્જન ડૉ. સુરેશપ્રસાદ સર્વાધિકારીના પિતા કોઈ ભીષણ રોગમાં સપડાયા. તે બેભાન રહેતા. આ સર્જન ડૉક્ટરને ત્યાં રોજ મેડિકલ બોર્ડ બેસતી, જેમાં ખ્યાતનામ અંગ્રેજ ડૉક્ટરો પણ હતા. ત્રણત્રણ મહિનાના ઉપચાર છતાં રોગ કાબૂમાં આવતો ન હતો; ઊલટી તબિયત લથડતી જતી'તી. આ સર્જનને શિવરામકિંકરની ખ્યાતિની પ્રતીતિ હતી. તેમનાં બહેનને અસાધ્ય રોગમાંથી ઉગારનાર શિવરામકિંકર હતા. આથી ડૉક્ટર જાતે એમને ગામ ગયા ને પિતાની ચિકિત્સા કરવા વિનંતી કરી. વળતે દિવસે શિવરામકિંકર વરાહનગરથી ચાલીને કલકત્તા ગયા. તે વખતે મેડિકલ બોર્ડના ડૉક્ટરોએ સર્વાધિકારીને સલાહ આપી કે રોગીની તબિયત અતિશય નાજુક થઈ ગઈ છે. એ હાલતમાં તેને દેશી વૈદ્યના હાથમાં સોંપવા તે બરાબર નથી. પણ નિરુપાય થએલા સર્જન ડૉક્ટરે શિવરામકિંકરને કેસ સોંપી દીધો. સ્ટેથેસ્કોપ કે તબિયત તપાસવાનું કોઈ પણ સાધન શિવરામકિંકર ન રાખતા. છાતી પર હાથ ફેરવી તેમણે સર્વાધિકારીને જણાવ્યું કે રોગીના ડાબા ફેફસામાં રૂપિયા જેવડું ધારું પડયું છે અને બેભાન રહેવાનું કારણ એ જ છે. સર્જનના કહેવાથી તેમણે રોગીની દવા કરી અને પંદર દિવસમાં જ રોગી બંગલામાં હરતાફરતા થઈ ગયા!

તબિયતમાં આટલો સુધારો જોઈ ડૉક્ટર સુરેશપ્રસાદ તથા એમના ભાઈ દેવપ્રસાદ, જે પાછળથી કલકત્તા યુનિવર્સિટીના ઉપકુલપતિ થએલા, એ બન્ને શિવરામકિંકર પાસે વરાહનગર ગયા અને સલાહ પૂછી કે જો પિતાશ્રી આટલા સાજા થયા છે તો તેમને હવાફેર માટે મધુપુર ગામે મોકલીએ તો કેમ, કે જેથી વધુ ફાયદો થાય. શિવરામકિંકરે જણાવ્યું કે પોતે ઉપચાર શરૂ કર્યા ત્યારે જે કહેલું તે મુજબ દરદીનું આયુષ્ય કેવળ ત્રણ માસ છે, વધુ નથી. આથી મોકલવા હોય તો ના નથી, પણ તેમની રોજ સંભાળ લેવી. આયુષ્યની અવધિ વધુ નથી. સર્જને પિતાને હવાફેર માટે મધુપુર મોકલ્યા. ત્યાં એમનું સ્વાસ્થ્ય વધુ સુધર્યું. નિયમિત રીતે રોજ સવારે તે માઈલ ચાલીને ફરવા જતા. પણ એ ત્રણ માસની અવધિ પૂરી થતાં જ ફરીને પાછા વળતાં રસ્તામાં ઠોકર આવવાથી તે પડી ગયા, લોહીની ઊલટી થઇ, ને તત્ક્ષણ અવસાન પામ્યા. એમની આવી અદ્ભુત પરખશક્તિના પરચા જોઈ વૈદ્ય-ડૉક્ટરો આશ્ચર્યચકિત થઈ જતા.

પ્રાચીન ભારતીય સાહિત્યમાં વૈદક

ડૉ. ચંદ્રશેખર ઠક્કુર

(૧)

મહાભારતમાં મહર્ષિ વ્યાસજીએ કહ્યું છે:

द्विविधो जायते व्याधिः शारीरो मानसस्तथा।
परस्परं तयोर्जन्म निर्द्वन्द्वं नोपलक्ष्यते॥
शारीराज्जायते व्याधिर्मानसो नात्र संशयः।
मानसाज्जायते व्याधिः शारीर इति निश्चयः॥

જે વિવિધ દુઃખ આપે તેનું નામ વ્યાધિ. એના પ્રકાર છે શારીરિક અને માનસિક. બંને પરસ્પર એકબીજાને જન્મ આપે છે. એકે સ્વતંત્ર હોતા નથી. શરીરમાંથી મનના અને મનમાંથી તનના રોગો જન્મે છે તેમાં સંશય નથી.

આજનો રૂપાળો શબ્દ Psychosomatic એટલે મનો-દૈહિક રોગ સમજવા ઉપરનું સૂત્ર કામનું છે. આયુર્વેદ પણ રોગને શારીરિક અને માનસિક ગણે છે. આજના મહાન વિજ્ઞાનીઓ ડૉ. ઍલેક્સીસ કેરલ તથા ડૉ. કેનેથ વૉકર પણ તેમને પરસ્પર સંકળાએલા ગણે છે.

શિવરામકિંકર વૈદું કરતા તે સાથે પોતાને ત્યાં વિદ્યાર્થીઓને કોઇને સંસ્કૃત, કોઇને આયુર્વેદ તો કોઇને સાંખ્ય કે વેદાન્ત ભણાવતા. ફી ન લેતા, ધર્માર્થ ભણાવતા. આમાંથી બે વિદ્યાર્થીઓ આપસમાં અંગ્રેજીમાં વાતચીત કરતા એ શિવરામકિંકર સાંભળતા, પણ પોતે કશું સમજી ન શકતા. તેથી એ શીખી લેવા એમણે સંકલ્પ કર્યો. શિક્ષક રાખીને શીખવું એ આર્થિક રીતે પરવડે તેમ ન હતું. આથી જાતે જ અંગ્રેજી શીખવું શરૂ કર્યું અને થોડા જ વખતમાં, ગામના જમીનદારના પુસ્તકાલયમાં જઈ સીધાં અંગ્રેજી પુસ્તકો જ કાળજીથી વાંચવા લાગ્યા. સવારે વિદ્યાર્થીઓને ભણાવી, દરદીઓને દવા આપી, જમીને તે પુસ્તકાલયે જતા તે છેક રાત્રે જમવા વખતે પાછા ફરતા.

આ અરસામાં એક સંન્યાસી એમને ખોળતાખોળતા એ ગામમાં પહેલાં એમને ત્યાં, ને ત્યાંથી માહિતી મળતાં જમીનદારને ત્યાં આવી ચડ્યા. શિવરામકિંકરને અંગ્રેજી પુસ્તકોના અભ્યાસમાં ડૂબી ગએલા જોઇ તે નારાજ થયા. તે સંન્યાસીએ પોતાની ઓળખ અને આવવાનું કારણ જણાવતાં કહ્યું: 'તું ભૂલી ગયો કે તું કોનો શિષ્ય છે? જે સમયે ગુરુદેવનો દેહાંત તારે ઘેર થયો તે વખતે હું હિમાલયમાં હતો. હું તને ઓળખતો ન હતો. ગુરુદેવનો હું પ્રથમ શિષ્ય છું. ચિદ્‌ઘનાનંદ નામથી ઓળખાઉં છું. ગુરુજીએ મને તારી સંભાળ લેવાની આજ્ઞા કરી છે તેથી આવ્યો છું. ગુરુજીની આજ્ઞા પ્રમાણે વર્તવામાં હવે ભૂલ ન થવી જોઇએ. આ છોડો અને ગુરુદેવના આદેશને અનુસરો.'

સ્વામી ચિદ્‌ઘનાનંદના આ સંપર્કે શિવરામ-કિંકરમાં પૂરું પરિવર્તન આણી દીધું. શાસ્ત્રઅધ્યયન અને ઉગ્ર સાધના એ જ માત્ર એમનું લક્ષ્ય થઈ ગયું. સ્વામી ચિદ્‌ઘનાનંદ સાથે તે કાશી ગયા ને ત્યાં તેમની પાસેથી વેદાંતમાં પારંગત થયા. એ અભ્યાસ દરમિયાન પાણિનિ વ્યાકરણ પર પતંજલિનું મહાભાષ્ય ભણવાની એમને ઉત્કટ ઇચ્છા થઈ. આ મહાભાષ્ય ભણાવી શકે તેવા વિરલ વિદ્વાનોમાં બે પ્રસિદ્ધ હતા: એક, પંડિત તારાનાથ તર્કવાચસ્પતિ અને બીજા મ. મ. (મહામહોપાધ્યાય) પંડિત ગોવિંદ શાસ્ત્રી. શિવરામકિંકર શાસ્ત્રીજી પાસે નમ્ર શિષ્યભાવથી ગયા ને પોતાને મહાભાષ્ય ભણાવવા વિનંતી કરી. એ સમયે શાસ્ત્રીજી પાસે કૉલેજના વિદ્યાર્થીઓ બેઠેલા, એટલે તેમને ફરી વાર આવવા કહ્યું આમ બેત્રણ વાર જવા છતાં શાસ્ત્રીજીએ દાદ ન આપી. કૉલેજ સિવાયના બહારના વિદ્યાર્થીઓને ભણાવવામાં તે પોતાના ગૌરવની હાનિ થતી સમજતા હતા. છેલ્લી વખતે તો શિવરામકિંકરે શાસ્ત્રીજીના પગ પકડી દીનતાથી કહ્યું: 'મને થોડુંક ભણાવો. બીજો કોઈ ભણાવનાર નથી.' પણ શાસ્ત્રીજી ક્રોધે ભરાઈ ગયા; પગનો ઝાટકો મારી કહ્યું: 'અહીંથી જાઓ; મને ફુરસદ નથી.'

કેવળ જ્ઞાનપ્રાપ્તિના ઉદ્દેશથી ગયા હોવા છતાં, શાસ્ત્રીજી જેવા પાસેથી આ રીતે અપમાન થયું ને એ જ્ઞાન મળવાનું અસંભવ લાગ્યું તેથી શિવરામ-કિંકરને ઘણો આઘાત થયો. એમણે સંકલ્પ કર્યો: 'હવેથી મનુષ્ય પાસે જ્ઞાન મેળવવા માટે નહિ જાઉં.' તે રાત્રે જમી ન શક્યા, ઊંઘ આવી નહિ. પોતે જિજ્ઞાસુ હોવા છતાં જ્ઞાન દેનાર કોઈ મળતો નથી, એના ખેદમાં તે રાત વિતાવતા હતા. દરમિયાનમાં મધરાત પછી, સૂતા'તા તે ઓરડામાં પ્રકાશ થયો ને સાથે કોઈ વૃદ્ધ, જટાધારી, કરુણાભર્યાં નયનોવાળા મહાપુરુષ દેખાયા. તેમણે શિવરામ-કિંકરને પૂછ્યું: 'શા માટે ખેદ કરે છે?' શિવરામ-કિંકરે રડતાં રડતાં વૃત્તાંત કહ્યો. મહાપુરુષે કહ્યું: 'એમાં શું? કોઈ નહિ ભણાવતું હોય તો હું ભણાવીશ. મેં જ મહાભાષ્યની રચના કરી છે.'

શિવરામકિંકર એ જ વખતે પુસ્તક ઉઘાડી સામે બેસી ગયા ને મહાપુરુષે ભણાવવું શરૂ કર્યું. કેટલું ને શું ભણાવ્યું. તેનો ખયાલ ન રહ્યો. સવારે ઊઠી નિત્યકર્મથી પરવારી શિવરામ-કિંકરે મહાભાષ્યનો ગ્રન્થ ઉઘાડ્યો તો તેમને એમ લાગ્યું કે પોતે પૂરેપૂરો આ ગ્રંથ ભણી ગયા છે! પછીથી શિવરામ-કિંકરે લખેલા 'આર્યશાસ્ત્ર-પ્રદીપ' નામના પ્રસિદ્ધ ગ્રંથમાં પતંજલિ વ્યાખ્યાનનો કોઈ કોઈ સ્થળે વિશદ સ્પષ્ટીકરણ સાથે ઉલ્લેખ કર્યો છે તેમ પંડિત મહામહોપાધ્યાય ડૉ. ગોપીનાથ કવિરાજે નોંધ્યું છે.

કાશીના વસવાટ દરમિયાન એમણે કરેલી ઉગ્ર સાધનાના પ્રતાપે તથા તલસ્પર્શી અધ્યાપનના પ્રભાવે, પ્રખર પંડિતોમાં તથા સંન્યાસીઓમાં તેઓ 'સ્વામી યોગત્રયાનંદ' નામે પ્રસિદ્ધિ પામી ગયા. કર્મ, જ્ઞાન તથા ભક્તિયોગનાં ગૂઢ રહસ્યોને તેઓ એવી વિશદરીતે સમજાવતા કે ખરા જિજ્ઞાસુઓના તે સન્માર્ગદર્શક બની રહ્યા. મોટામોટા સંન્યાસીઓ પાસેથી પણ એ પ્રશસ્તિ અને આદર પામતા એવું એમનું નિરહમ, નિસ્પૃહ, ભગવત્પરાયણ, જ્ઞાનસભર ગૃહસ્થાશ્રમી જીવન હતું.

જ્ઞાનમાં પારંગત થઈ એ વરાહનગર પાછા આવ્યા. અહીં પણ તેમનો અધ્યાપન ને સાધનાનો ક્રમ અખંડ હતો. બહુમાન્ય 'આર્યશાસ્ત્ર-પ્રદીપ' ગ્રંથ તેમણે અહીં લખ્યો. રામકૃષ્ણ પરમહંસના શિષ્યો પૈકી પ્રસિદ્ધ સ્વામી અભેદાનંદ નિયમિતરીતે એમની પાસે વેદાન્ત ભણતા, ને સર્વધર્મ પરિષદમાં હાજરી આપવા જતાં પહેલાં બ્રહ્મવિદ્યાનાં ગૂઢ તત્ત્વોનું રહસ્ય સમજવા સ્વામી વિવેકાનંદ એમની જ પાસે આવી ગએલા.

આવી એકાગ્ર અને ઉત્કટ સાધનામાં શિવરામ-કિંકર 'સ્વામી યોગત્રયાનંદ'ના નામથી પ્રસિદ્ધ થયા. એ સંન્યાસી થયા ન હતા, ગૃહસ્થ-સપરિવાર હતા; ને વૈદું પણ છોડેલું હોવાથી દ્રવ્યોપાર્જનનું કોઈ નિમિત્ત-સાધન પણ ન હતું. આથી ઘણીવાર રાત્રે ભૂખ્યા સૂવું પડતું. છતાં એમના શાસ્ત્રાધ્યયનમાં, અધ્યાપનમાં કે સાધનામાં કોઈ વિક્ષેપ કે વ્યવધાન નડ્યાં ન હતાં. એમની ભગવત્પરાયણતા નીચેના પ્રસંગમાં દેખાય તેવું છે.

વરાહનગરમાં એક દિવસ તેઓ સ્વામી અભેદાનંદને વેદાંતનાં રહસ્ય સમજાવતા હતા તે વખતે ટપાલી આવીને વીમો ઉતરાવેલું કવર આપી ગયો. એ કવર ફોડતાં તેમાંથી ત્રીસ રૂપિયા નીકળ્યા. તે સાથેનો કાગળ વાંચતાં શિવરામ-કિંકરની આંખમાં આંસુ આવી ગયાં. સ્થિતપ્રજ્ઞ જેવા ગુરુની આંખમાં આંસુ જોઈ અભેદાનંદને આશ્ચર્ય થયું. એમણે આંસુનું કારણ પૂછતાં, ઉત્તરમાં તેમણે પત્ર બતાવ્યો ને કહ્યું: 'પ્રભુની કૃપાના અનુભવનું એ પરિણામ છે.' (અનુસંધાન પૃષ્ઠ ૧૪૯)



તિલોદકમ્*

ગ્રીક કવિ એસ્કિલસની નાટ્યત્રયી 'ઑરેસ્ટિયા' માંની બીજી કૃતિ 'કોએફોરી' યા 'લાઇબેશન બેરર્સ.'

કનુભાઈ જાની

પૂર્વકથા: ઍગામેમ્નૉનનું પ્રપંચથી ખૂન થયું. એ દ્વારા ક્લાઈટેમ્નેસ્ટ્રાએ પુત્રીહત્યાનું અને ઇજિસ્થસે, એના પિતા થીસ્ટસનું એટ્રિયસે અપમાન કરેલું તેનું, વેર વાળ્યું. ત્યારે ઍગામેમ્નૉનનાં બેય સંતાનો લઘુ ચાર હતાં. જ્યેષ્ઠ સંતાન ઇલેક્ટ્રા કિશોરી હતી; એનાથી થોડા નાના કિશોર ઑરેસ્ટસને તો રાણી ક્લાઈટેમ્નેસ્ટ્રાએ અગાઉથી ફૉસિસમાં સ્ટ્રૉફિયસને ત્યાં મોકલી દીધો હતો; પાછો તેડાવ્યો જ નહોતો. નગરજનો પણ એની ધાકથી દબાઈ ગયાં. (જુઓ 'કુમાર' ડિસેમ્બર ૧૯૭૧.) ઍગામેમ્નૉનના ખૂન પછી ઇજિસ્થસ ને ક્લાઈટેમ્નેસ્ટ્રા નિરાંતે રાજ કરતાં હતાં. દસકો આવો વીત્યો.

પેલાં બન્ને ભાઈ-બહેન જેમજેમ મોટાં થતાં ગયાં હશે તેમતેમ પિતાના મૃત્યુનો ઘા તેમને પીડતો રહ્યો હશે. ઇલેક્ટ્રાને તો વળી રહેવાનું જ હતું રાણી પાસે, હડધૂત થતાં; ને ઑરેસ્ટસ તો હતો વતનથી વેગળો.

પછી શું? એ વસ્તુએ અનેક નાટ્યકારોને આકર્ષ્યા છે. એ પર લખાએલાં નાટકોમાં એસ્કિલસનું 'કોએફોરી', સોફોક્લિસનું 'ઇલેક્ટ્રા', યૂરિપીડિસનું 'ઇલેક્ટ્રા' અને અર્વાચીન કાળે યૂજીન ઓ-નીલનું 'મોઅર્નિંગ બિકમ્સ ઇલેક્ટ્રા' ઘણાં જાણીતાં છે.

દુઃસ્વપ્નપીડિતા ક્લાઈટેમ્નેસ્ટ્રા દાસીઓને તથા ઇલેક્ટ્રાને ઍગામેમ્નૉનની કબર પર મદ્યાદિ ચડાવવા, ને એ રીતે પ્રેતાત્માને શાન્ત કરવા મોકલે છે. ઑરેસ્ટસ પણ પિતૃતર્પણ ઝંખતો ત્યાં આવી ચડયો છે. આમ, અહીં સૌ તર્પણ કરનારાં એકઠાં થયાં—એ પરથી નાટકનું નામ પડયું 'લાઇબેશન બેરર્સ.'

ચિત્ત એકના એક દુઃખને, એકની એક વાતને કેવી ને કેટલી રીતે ઘૂંટે છે એનું સુંદર આલેખન આ કૃતિમાં છે. વાર્તારસ જિજ્ઞાસાનો જ બનેલો છે? અહીં કેટલુંક તો ફરીફરીને કહેવાઈ જાય છે. રસનું કેન્દ્ર અહીં ઘટના નથી, પાત્ર-પરિસ્થિતિ છે. એસ્કિલસે છેડેલો પ્રશ્ન શાશ્વત છે. સકારણ હત્યા પણ, અંતે તો, હત્યા જ છે. એનો ડાઘ પડયા વિના રહેતો નથી. હિંસા કે હત્યાનું કારણ હમેશાં લાચારી જ છે? કરનારની જવાબદારી જ નહિ? હત્યાને નિરૂપતી આ નાટ્યકૃતિઓ માનવચિત્તની શાન્તિની શોધનાં દૃષ્ટાન્તો છે.]

રાત વિદાય લઈ રહી હતી. ત્યારે બે થાકેલા મુસાફરો આર્ગોસની ભાગોળે પહોંચ્યા. સહેજ દૂર સામે દરવાજો દેખાતો હતો, પણ એ બંધ હતો. નગરના ઊંચા ગઢ-કાંગરા, પાછળ સહેજ સ્તાશ પકડતા આકાશમાં, એમ સાદી ભાત પાડતા હતા. ભાગોળે માટીના એક ટીંબા પાસે ઝાડી જેવું હતું. રાજા ઍગામેમ્નૉનની કબર તરીકે આ જગ્યા જાણીતી હતી. દસેક વર્ષ પહેલાં એ રાજાના શબને વિનાવિધિ અહીં દાટી દીધેલું, એટલે લોક ત્યાં જતાં ડરતું. રાણીની ધાક પણ ખરી. ત્યાં એક સાદા પથ્થરની છાટ પર માત્ર માથું કડારેલું, ને નીચેના સપાટ ભાગ પર સર્પ કે ડાળ અને કોડિયું મૂકવાની જગ્યા—એવી એક સાદી પ્રતિમા હતી પ્રેતલોકમાં દોરી જતા દેવની. હર્મિસનું એ પ્રાચીન રૂપ. કબ્રસ્તાનની એ નિશાની.

'આ જ લાગે છે.' એકે પૂછયું.

'હા, અહીં જ...' બોલતો બીજો આંખે હાથ દઈ હર્મિસની પ્રતિમા સમક્ષ બેસી પડયો. એના અવાજમાં ભેજ હતો, કંપ હતો. એનું ચિત્ત જાણે ઘા નાખતું હતું:

'પ્રેતાત્માને સ્વધામે દોરતા ઓ દેવ! દોર તું મને:
હર્મિસ! તું તો મુક્તિદાતાનો પુત્ર, ઝ્યૂસનો.
તું મને મુક્ત ના કરે? સહાય ના કરે?
કેટલી હાડમારીથી, હદપારી લાંબી ભોગવી,
માંડ પહોંચી શકયો પાછો વતને, મારી ભોમમાં?
મારો શું હક ના પૂરો મારી આ ભોમકા પરે?'

આંખો ઉઠાવી હર્મિસની પ્રતિમા સામે એ જોઈ રહ્યો. પછી ધીમે પગલે ઊભો થઈ, બાજુની કાચી કબર પાસે ગયો. જતાં જ જાણે ચરણે ઢળતો હોય એમ ઢળી પડયો પેલા બીજા જુવાન સામે જોઈ ને બોલ્યો: 'આ ધૂળમાં, અહીં ધરબાયા છે મારા પિતા.' પછી પાછી નજર કબર પર સ્થિર થઈ. 'ત્યારે તો હું હતો દૂર! કશું યે ના કરી શક્યો! પિતા! હવે જે કરવા ધારું તેમાં તમારી મહેર હો!' એણે આંખો મીંચી. માથેથી બે લટ ખેંચી કાઢી હાથમાં ધરી પાછો બોલ્યો: 'પિતા! મારું સ્વીકારો આ...તર્પણ!'

'આ એક તો નિર્મળ તે નદીને
ઇનેકસ—સીંચ્યો મમ દેહ જેણે;
જેને લીધે યૌવન આજ સાંપડયું,
શક્તિપ્રદા મા સરિતા, સ્વીકાર આ!'

કહીને એણે એક લટ એ કબર પર મૂકી. 'ને આ બીજી...' બોલતાં એનો અવાજ તૂટી ગયો:

'આ...ધરું...આંસુ મારાં હું, મોડાં મોડાં ય... હે પિતા!
શોક અંત્યેષ્ટિયે કોઈ નહોતો ત્યારે કરી શક્યો!
જ્યારે તમે, પિતા, મૂકી અમને સંચર્યા હતા
સ્વધામે...રે સદા માટે!...અંજલિ યે ન દઈ શક્યો!'

'ઑરેસ્ટસ!' બીજાએ પાસે જઈ, એને ખભે હાથ મૂકી, ધીમેથી કહ્યું: 'કોઈ આવતું લાગે છે.'

'હેં?' એણે સામે નજર કરી. પહેલાં તો એ આછા અજવાળામાં કાળા ઓળા આવતા લાગ્યા. પછી સ્પષ્ટ દેખાયું: એ પરિચારિકાઓ હતી—કાળાં વસ્ત્રોવાળી. હાથમાં શ્રાદ્ધ-દ્રવ્યો હતાં. આગળની યુવતી જરા જુદી પડી જતી હતી. એનો ચહેરો રોઈને રાતો થએલો હતો.

---

* ગ્રીસમાં શ્રાદ્ધક્રિયામાં 'તલ' નહોતા વપરાતા, મદ્યાદિ વપરાતાં. અહીં 'તિલોદક' શબ્દ Libation–શ્રાદ્ધદ્રવ્યના વ્યાપક અર્થમાં વાપર્યો છે. 'મનુસ્મૃતિ'માં (અધ્યાય ૩; શ્લોક ૨૨૩) આ શબ્દ છે: तेषां दत्वा तु हस्तेषु सपवित्रं तिलोदकम्। तत्पिण्डाग्रं प्रयच्छेत स्वधैषामस्त्विति ब्रुवन्॥ નિમંત્રિત બ્રાહ્મણોને હસ્તે તલ-જલ આપીને, 'पित्रे स्वधास्तु' એમ કહી, પિતૃઓને તે પિંડનો અગ્રભાગ અર્પવો.

આંખો ઊંડી ઊતરી ગઈ હતી.

'આ શું, પાઈલેડીઝ?' ઑરેસ્ટસે પોતાના સાથીને પૂછ્યું: 'આ શોક! કોઈ ગુજરી ગયુ લ.ગે છે! કુટુંબ પર કોઈ નવી આફત?'

ને પાઈલેડીઝ જવાબ આપે તે પહેલાં તો એણે આગળ ચાલતી એ યુવતીને ઓળખી. 'પાઈલેડીઝ, આ તો ઇલેક્ટ્રા! મારી બહેન! શોકસંતપ્ત લાગે છે!...પાઈલેડીઝ, ચાલ ઝટ ઝાડીમાં. જોઈએ, અહીં આ લોકો કેમ આવ્યાં હશે?' પાઈલેડીઝના હાથ પકડી એ ચૂપચાપ ઝાડીમાં સરકી ગયો.

સ્ત્રીઓ આવી. હાથમાંનાં પંચપાત્ર, ભસ્મપાત્રો, મદ્યપાત્રો, જળપાત્રો, પૂજાદ્રવ્યો. બધું એમણે કબર આગળ મૂક્યું. 'રાણીએ આદેશ આપ્યો, તો આપણે આવ્યાં, આ મૃતાત્માને અંજલિ આપવા.' એક કહ્યું.

'પણ તે દુ:ખનો દેખાડો કરવા નહિ.' બીજી બોલી.

'ના રે! દેખાડો કેવો? આની સામે જ જુઓને.' ઇલેક્ટ્રા તરફ આંગળી ચીંધી એ બોલી: 'જ્યારે જુઓ ત્યારે ગાલે આંસુના ચાસ, લોહીના ટશિયા!' એણે નિસાસો નાખ્યો.

'નિ:સાસા પર જ, બાઈ, નભીએ છીએ!' એકે કહ્યું. કુંવરી હજી ચૂપ હતી. 'અંધારું પડે છે ને માથે ભયનું ભૂત ઝઝૂમે છે.'

'તેમાં ય તે દિ' તો કાળું ભેંકાર હતું! એને ચીરીને પેલો જે અવાજ ઊઠયો...!' 'તેં સાંભળ્યે.'તો કે?'

'નહિ ત્યારે? હું તો છળી મરી'તી!'

'હું તો ઊંઘતી'તી, ત્યાં જાણે પર્વત ફાટયો!'

'અરે, આખું અંત:પુર ખળભળી ઊઠયું.'

'ને પછી તો, એક દિ' આને તો બીજે દિ' પેલીને સંભળાયા જ કરે છે!'

'મેં તો કેટલી યે વાર સાંભળ્યું:

રોષ–જ્વાળા હજી યે તે જીવે છે મરનારની!
વાટ જોતી હજી બેઠી પ્રતિહિંસા મારનારની!'

'આ...એ કોપ શાન્ત પાડવા તો રાણીએ આપણને અહીં મોકલ્યાં ...દૈવનો શાપ ટાળવા.'

'પણ એ ટળે શી રીતે? ભૂમિ પર લોહી વહ્યું છે!'

'એ ના ધોવાય. એની કોઈ વિધિ નથી.'

'હં. વેર એ વસ્તુ જ એવી છે!'

'વેર-ઝેર તો જાણે જમાનાનું એંધાણ! પહેલાં લોકો રાજ તરફ આદર રાખતા.' 'અરે, રાજ્ય એટલે તો શું ય! એ જ દેવ.'

'આજે તો સૌનો દેવ સફળતા!'

'અરે દેવથી યે વિશેષ! યેન કેન પ્રકારેણ, બસ સફળતા!'

'પણ ન્યાય તો કોઈને ય છોડતો નથી, હોં!'

'ને જે કાળાં કામ કરે છે એને તો એ કચડયા વિના રહેતો નથી'.

'આ પાપિયાને રાજ કરતાં જોઈને મને તો કંઈકઈ થ ય છે!'

કલાઈટેમ્નેસ્ટ્રા ને ઇજિસ્થસ તરફની એમની ચીડ દેખાઈ આવતી હતી. આ વાત હજી આગળ ચાલત; ત્યાં વિચારરૂપી ઇલેક્ટ્રાએ પૂછ્યું: 'તમે તો મારાં હિતચિંતકો છો. મારે શી પ્રાર્થના અહીં કરવી?'

સ્ત્રીઓ ચૂપ રહી. કુંવરી ફરી બોલી: 'એમ કહું કે, "તમારા પરસ્પરના પ્રેમના પ્રતીક રૂપે રાણીએ મોકલેલો આ આસવ, હે પ્રેતાત્મા, સ્વીકાર"?'

સ્ત્રીઓએ માથાં ધુણાવ્યાં.

'તો, આપણા સામાન્ય રિવાજ મુજબ, આ મોકલનારનું કલ્યાણ કરજો, એટલું જ કહું?' જરા અટકીને, વળી. બોલી: 'કે આ ઢોળીને ચાલી જાઉં?...બોલો...મારે સાચી સલાહ જોઈએ છે.'

ઍગામેમ્નૉનની કબર એટલે દેવોની વેદી. તેમાં ય કુંવરી તરફ એમને સ્નેહ હતો. ને આ ખરો મોકો હતો, સાચી સલાહ આપવાનો. એટલે જે મુખ્ય હતી તે બોલી: 'તમારે તો, બહેન, જે સન્નિષ્ઠ છે તેમના કલ્યાણ માટે જ પ્રાર્થના કરવાની હોય ને?'

'કોના માટે? સન્નિષ્ઠ કોણ?'

'એક તો તમે પોતે. બીજાં, જે કોઈ ઇજિસ્થસને ધિક્કારે છે સહુ.' એકે કહ્યું. ત્યાં બીજીએ ઉમેર્યું: 'જોજો હં, ઑરેસ્ટસ ન ભુલાય. ભલેને એ દૂર રહ્યો!'

'હા. એ તેં ઠીક યાદ આપ્યું. પણ ઘાતકો માટે...?'

'ઘાતકો માટે તો આટલું જ: "હે પિતા, રક્તનું ઋણ લેવાને આ[illegible] તેને ન રોકજો."'

ઘડીભર ઇલેક્ટ્રાને થયું કે આવી પ્રાર્થના કદાચ દેવોને ન ગમે. પ[illegible] દેવો ય દુષ્કૃતના વિનાશમાં ક્યાં નથી માનતા? એણે હર્મિસનું સ્મરણ કર્યું, પોતાની પ્રાર્થના સ્વીકારવા યાચના કરી. પછી ઍગામેમ્નૉનની કબર ભણી વળી. એની આંખોમાં આર્જવ હતો. અવાજમાં કંપ હતો.

'પિતા! અમારું ઘર પાછું અમારું બને એમ કરો! હું ને ઑરેસ્ટસ બન્ને કાળાં પાણીની સજા પામેલાં છીએ. અમને હડસેલી મૂકવાને બદલામાં માતા પામી ઇજિસ્થને, તમારા ઘાતકને! મારી હાલત તો ગુલામથી યે બદતર છે. ઑરેસ્ટસ, તમારો વારસદાર, તો બિચારો હજી યે નિર્વાસિત છે. કોણ જાણે ક્યાં ય ભટકતો હશે? તમારી સમૃદ્ધિનાં આ થઈ બેઠાં છે ધણી, પિતા!...ઑરેસ્ટસને અહીં મોકલો... મો...ક...લો...!' એનું હૈયું ભરાઈ આવ્યું. આંખો લૂછી. 'મારે માટે તો હું કાંઈ માગતી નથી. હૈયું ને હાથ નિર્મળ રહે—સાફ—બસ, એટલું જ માગું છું, પિતા!' ફરી એણે આંખો લૂછી. 'તમારું તર્પણ ઝંખનારને અહીં પ્રવેશવા દો, પિતા! મોત નિપજાવનારને મોતનો સ્વાદ ચાખવા દો, પિતા! સાચની જીત થવા દો, દેવ!'

એ વધારે બોલી ન શકી. એની પ્રાર્થના પૂરી થઈ એટલે પરિચારિકાઓ, રિવાજ મુજબ, વિલાપ સાથે શ્રાદ્ધદ્રવ્યો અર્પણ કરવા લાગી. એમના લયબદ્ધ વિલાપસૂરમાં પણ એ જ પ્રાર્થના હતી:

'યુદ્ધકોડીલો રણશૂરો એ ઋણ ચૂકવવા
ભાલાળો એ વીર કવચ ને શસ્ત્રો ધારી
પ્રગટાવોને દેવ!
પાપ–વેરની અવિરત શ્રેણી,
સમગ્ર કુલને કુંઠિત કરતું
પરાપૂર્વનું બંધન કાપો દેવ!
પાપીનો તો કરો પરાભવ!'

ઇલેક્ટ્રાને લાગ્યું કે એમણે અર્પેલ મદ્યાદિ જાણે કબર પી ગઈ! આશ્ચર્ય-છલકતી આંખે એ કબરને જોઈ રહી. ત્યાં, એ ચોંકી પડી! આ ...શું? કબર પર કોઈના વાળની બે લટો હતી!

'આ શું? જુઓ તો!' એણે લઇને પરિચારિકાઓ સામે ધરી. 'કોઇએ આ દેવને ધરી છે!' એણે કહ્યું.

'લટ?! કોની હશે? પુરુષની કે પ્રૌઢ કો' સ્ત્રીની?'

'તમને શું લાગે છે?' ઇલેક્ટ્રાએ પૂછ્યું. પણ તરત ઉમેર્યું: 'મૃત રાજાના આત્મીય જન સિવાય બીજું કોણ આમ કરે!'

'તો...શું...એનો ઘાત કરનાર રાણી પોતે આવીને...?!'

'જો, આનો રંગ, રૂપ..., અમારા જ કુટુમ્બના કોઇની આ લટ છે, એમ નથી લાગતું?' 'એટલે?'

'મારા જ કુટુંબના મારા જેવડા જ કોઇની...?'

'તો, શું...ઑરેસ્ટસ આવીને અહીં...ચોરીછૂપીથી ચડાવી ગયો હશે?' પરિચારિકાએ શંકા કરી. 'મને તો એની જ લાગે છે.'

'એણે મોકલી હોય અહીં ધરાવવા.'

'મોકલી હોય...? એટલે શું એ...અહીં...' આગળ એ ન બોલી શકી. એ આ ભૂમિમાં પ્રવેશી યે ન શકે એમ હોય તો જ એને લટ, આમ મોકલવી પડે ને? હાથમાંની એ લટ સામે એ જોઈ રહી. છે તો

એની જ—એમાં કોઈ શંકા નથી. વાંકડિયાં એ સોનેરી ઝુલ્ફાંમાં તો કેટલી યે વાર આંગળીઓ ફેરવી છે!...આ લટ તો એની જ. 'તો... એનું શું થયું? આ...લટ કાંઈ બોલે તો ખબર પડે...' એને એક કારમી શંકા ઊઠી: 'ઓ દેવ!...કૃપા કર. એક વધુ આફત ઉતાર મા! પ્રભુ? આખો યે વંશ ઉચ્છેદાય નહિ તે જોજે! આ પૂંખડું હવે રહ્યું છે એને જિવાડજે! આ નાનકડા, એકમાત્ર બીજને! બીજ હશે તો મોટું વટ-વૃક્ષ ય થશે, દેવ! પૂંખડું રહેવા દે! બીજ રક્ષ, ભગવાન!'

એની નજર વળી નીચે પડી. ત્યાં કોઈ બે જણનાં પદચિહ્નો હતાં! 'જો, જો, આ!' કહેતી એણે પરિચારિકાઓને એ બતાવ્યાં. આ વખતે એ ઉદ્ગારમાં થોડી આશાની ઉષ્મા હતી. 'જો, મારા જેવાં જ છે ને? એની સાથે કોઈ જોડીદાર પણ લાગે છે.'

'છે, બહેન, છે.' કહેતો એક ઊંચો, ગોરો, વાંકડિયાં સોનેરી ઝુલ્ફાં-વાળો જુવાન ઝાડીમાંથી બહાર આવ્યો. પાછળ પાઇલેડીઝ પણ હતો: 'તારી પ્રાર્થના ફળી. જો, આ હું અહીં ઊભો!'

ઇલેક્ટ્રા દ્વિધામાં પડી ગઈ. એને શંકા ગઈ.

'મને ફસાવવા કોઈ નવી જાળ બિછાવી છે કે?'

'તો તો એ જાળમાં હું જાતે જ ફસાયો છું. બહેન!'

'મારી ઠેકડી કરવા આવ્યા છો?'

'એમાં ય મારી જ ઠેકડી થાય. તારી દશા, ને મારી, જુદાં નથી.'

'તો...શું...તને...ઑરેસ્ટસ કહું?'

'આટલી ધીમી મને ઓળખવામાં? તું જ્યારે મારી લટ સામે જોતી હતી ત્યારે જાણે મારા ચહેરા સામે જોતી હો એમ લાગતું હતું. ને મારાં પગલાંમાં તેં મને જોયો!...જો, એ', આ લટ અહીં મૂકી જો તો.' કહી એણે એના કેશમાંનું એ સ્થાન બતાવ્યું જ્યાંથી એ લટ લેવાઈ હતી. ઇલેક્ટ્રાએ એ નમેલું માથું પકડી લીધુ. એમાં આંગળાં ભરાવી દીધાં, માથું સૂંઘ્યું. આંસુઓ તો હવે અવિરત ધારા બન્યાં. પણ ચહેરા પર વર્ષા પછીનો ઉઘાડ હતો...ઑરેસ્ટસે ખિસ્સામાંથી એક રૂમાલ કાઢી એની આંખો લૂછી. પછી રૂમાલ બતાવીને બોલ્યો: 'આને ઓળખ છે કે? જો, આ ભરત તારું કે નહિ?' ઇલેક્ટ્રાએ રૂમાલ સાથે એનો હાથ બેય હાથે પકડી લીધો, દબાવ્યો. એની સામે જોઈને એ કાંઈક બોલવા જતી હતી. ત્યાં એણે એને રોકી.

'ઘેલી મારી બે'ન! જરા ધીમી, હાં! આનંદનું આ પૂર સાવચેતી ને તાણી ન જાય! ખયાલ છે ને?—જે નજીકનાં તે તો મોટાં વેરી.'

પરિચારિકાને એની વાત સાચી લાગી. એણે આમાં ટાપશી પૂરી: 'ખરું. તમે તો પિતાની જીવતી આશા, ભાઈ! એ આશાને અમે આંસુ સીંચીને ઉછેરી છે. હવે તો એ ફળે એની રાહ જોવાની છે, ભાઈ!'

'તું તો, ભાઈ, મારું ચતુર્વિધ જીવન: પિતા ગણું તો ય તું. મને તો માનો સ્નેહે ય ક્યાં મળ્યો છે? એ ય તું. બહેન ઇફીજેનિયા કાચી હણાઈ! એની ખોટ પૂરનારે ય તું. ને મારો એકમાત્ર બંધુ પણ તું જ. ન્યાય, જય ને ઝ્યૂસ તારે પક્ષે હો, ભાઈ!' કહીને, જાણે પ્રાર્થના કરતી હોય એમ, ઇલેક્ટ્રાએ આંખો મીંચી, માથું નમાવ્યું, હાથ જોડ્યા.

ઑરેસ્ટસે પણ ઝ્યૂસની પ્રાર્થના કરી:

'મૃત્યુની જાળમાં-ઝેરી નાગચૂડમાં ફસાએલા ગુરુડરાજનાં અનાથ શાવકો, ઝ્યૂસ, તારી સહાય યાચે છે. પિતાએ તારી જે નિરંતર સેવા કરી છે તેનું ફળ તું અમને આપ, દેવ! અમે ડૂબતાં, યશ તારો કોણ ગાશે? અમારા કુળને તારાજીથી ઉગાર પ્રભુ! નિબળમાંથી અમને સ-બળ બનાવ! ગર્તમાં છીએ, અમને યશોજ્જ્વલ કર!'

પરિચારિકાઓને લાગ્યું કે ભાઈ-બહેન બહુ વાર લગાડે છે ને મોટેથી બોલે છે. એમણે બન્નેને ચેતવ્યાં: 'વા પણ વાત તો લઈ જાય.'

આલ્થિયા

કૅલિડનના રાજા ઇનિયસની રાણી આલ્થિયાને એના પુત્ર મેલીગરના જન્મને સાતમે દિવસે ચેતવવામાં આવી: 'તારા તાપણાના લાકડા જેટલું જ આયુષ્ય તારા પુત્રનું છે.' ચકોર આલ્થિયાએ તાપણામાંથી લઈને લાકડું ઠારી દીધું; સંતાડી દીધું. મેલીગર જુવાન થયો. શૂરવીર થયો.

એકદા રાજા ઇનિયસ દેવીને અર્ઘ્ય દેવા ભૂલી ગયા. કુપિત દેવીએ એક ભયંકર જંગલી ડુક્કરને કૅલિડન ઉજાડવા મોકલ્યું. એને હણવા જુવાન મેલીગરે વીર શિકારીઓની ટોળી રચી. એમાં આટલાન્ટા નામે સુંદર યુવતી પણ હતી. એ શિકાર કથા 'કૅલિડો-નિયન હન્ટ' નામે પ્રખ્યાત છે. કવિ સ્વિનબર્ને પોતાના પદ્ય-નાટક 'આટલાન્ટા ઇન કૅલિડોનિયા'માં આ વસ્તુ લીધી છે.

શિકારીઓમાંથી માત્ર બે જ ફાવ્યાં: આટલાન્ટા પશુને થોડું ઘાયલ કરી શકી; મેલીગરે એને પૂરું કર્યું. એનું માથું ને ચામડું મેલીગરે આટલાન્ટાને ભેટ ધર્યું. એનો કેટલાકોએ વિરોધ કર્યો. એમાંનાં બે તો આલ્થિયાના ભાઈઓ જ હતા. એમના વિરોધે તકરારનું રૂપ લીધું. ઝપાઝપી થઈ. પ્લેકસીપસ અને ટૉક્સીઅસ બન્ને ભાઈને મેલીગરે હણ્યા. આલ્થિયાએ આ જાણ્યું; એનો ભગિનીપ્રેમ આંધળો બન્યો; એણે મેલીગરને સંભળાવ્યું:

'No; thou hast lived by my gift;
Die now for your own crime.'

'તારું જીવન તો મારી દીધી ભેટ છે એ ના ભૂલીશ; તેં એવો ગુનો કર્યો છે કે હવે તું એને પાત્ર નથી.' કહીને એણે પેલું લાકડું જલાવી દીધું. એની રાખની સાથે મેલીગરનું જીવન પણ પૂરું થયું.

(કનુભાઈ જાની)

પણ ઑરેસ્ટસને ઍપોલોના શબ્દમાં શ્રદ્ધા હતી. એ અફળ જાય જ નહિ. દૈવી આદેશ છે:

'વજ્ર જેવો ધરી સીનો, વેર તું વાળજે અને
બદલો અણધારેલો નિશ્ચયે મળશે તને.'

'પિતાના રક્તપાતનો બદલો લેવાની, અમસ્તી યે, પુત્રની ફરજ છે; જ્યારે આ તો દેવનો આદેશ! એની જો અવગણના કરું તો અન્ય પીડાઓ ખડકાશે એવી પણ ચેતવણી છે! મહામારી, આતંક, દુઃસ્વપ્ન, શૂળ જેવી સતત સતામણીઓથી ગાંડા બનીને મારે ગામ છોડવું પડશે. સ-માજ તરછોડે, ને પછી એકલા, અટૂલા, ફેંકી દીધેલા છોડિયાની માફક ચીમળાઈ મરવાનું! દેવાજ્ઞાની અવગણનાના ફળની આ આગાહી.

ધારો કે હું આમાં ન માનું, તો યે બીજી ફરજો છે: દેવનો આદેશ છે; પિતાની હત્યાનો આઘાત છે; આ ભૂમિના વતની તરીકેની ફરજ પણ છે. ટ્રૉય જેવા ટ્રૉયને જીતનાર આ વીર-ભૂમિનાં નાગરિકો પર એક નારી—એક નહિ, બે નારી—હું ઇજિસ્થસને પુરુષ ગણવા તૈયાર નથી, એટલે બે નારી—શાસન ચલાવે?! એ નામોશી છે. એને પાઠ ભણાવવો જ રહ્યો.' એમાં સૌ સંમત થયાં.

હજી પ્રેતાત્માની વિધિપુરઃસરની પ્રાર્થના બાકી હતી. કબરની એક બાજુ ઊભી રહી ઇલેક્ટ્રા, બીજી તરફ ઑરેસ્ટસ. ને પરિચારિકા-ઓએ મરશિયો લીધો. પ્રેતાત્માને પ્રગટ થવાની એમાં યાચના હતી. પછી ન્યાયદેવતાનું આવાહન આવ્યું:

'ન્યાય તો ઋણમાં માને, છોડે ના કદી કોઈને!
વેણ સાટે ભરો વેણ; દ્વેષને માત્ર દ્વેષથી
પડે ચૂકવવો; ઘાનું દાપું દેવું ય ઘા થકી!

સીલા

ક્રીટના રાજા મિનૉસે મેગારાને ઘેરો ઘાલ્યો. એ છ માસ ચાલ્યે. મેગારાના રાજા નીસસને એવું વરદાન હતું કે જ્યાં સુધી એને માથે એક સોનેરી લટ હશે ત્યાં સુધી ગઢ નહિ પડે; રાજા પણ જીવશે. રાજાને સીલ નામે કુંવરી. એક ઊંચા મિનારા પર ચડીને કુંવરી રોજ દુશ્મનદળને જુએ. હવે તો છેટેથી એ કેટલાયને ઓળખતી પણ થઈ ગઈ હતી. તેમાંથી મિનૉસ એની આંખે વસી ગયો. યુદ્ધમાં, શસ્ત્રસજ્જ મિનૉસ અજબ લાગતો; એવો જ સુંદર લાગતો યુદ્ધથી પરવારીને, રતુંબડો જામો પહેરી શ્વેત અશ્વ ચડી એ નીકળતો ત્યારે. એનું એને ઘેલું લાગ્યું.

'યુદ્ધથી એ લોકો જીતશે એમ નક્કી લાગે છે. તો પછી પ્રેમથી જીતે એ શું ખોટું? કાપાકાપ પણ ટળે...ને ધારો કે એ હારે, ને યુદ્ધમાં હણાય...એમ થવા દેવાય જ નહિ. એ કરતાં હું જ એને શરણે જાઉં ને મારા દાયજામાં દેશને લેતી જાઉં તો? યુદ્ધનો ય અંત આવે.' આવા વિચાર એને આવતા. મુશ્કેલી એક જ હતી. દરવાજાની ચાવી રાજા પાસે રહેતી. 'પણ પ્રેમની આડે કશું આવી શકે ખરું? ને મારે તો પિતાને માથેથી એક લટ જ કાપવાની છે ને!' એ નિર્ણય પછી રાતના અંધકારમાં એ કામ એણે પતાવ્યું.

દરવાજો એથી ઊઘડ્યો! દુશ્મનની છાવણીમાં એ પહોંચી ગઈ. મિનૉસ પાસે જઈને કહે: 'હું સીલા. રાજા નીસસની પુત્રી. મારો દેશ ને મારા પિતા, બન્નેને તમને સમર્પું છું. બદલામાં તમે જોઈએ. હું તમને ચાહું છું. લો, આ રાજાના મસ્તકની લટ.'

મિનૉસ તો ડઘાઈ જ ગયો. એ લટને અડવાની યે એણે ના પાડી. ને આવી પિતૃહત્યારી બેવફા નારીને સ્વીકારીને ય શું કરે? પણ આ નારીને કારણે એ નગર તો પડ્યું જ.

ઍસ્કિલસના 'કોએફોરી' નાટકમાં આ કથાનો જે ઉલ્લેખ આવે છે તેમાં, મિનૉસના આકર્ષણ ઉપરાંત, એણે ધનને ખાતર, લાંચ લઈને આ કામ કરેલું, એવી વિગત છે.

વાત તો બહુ લાંબી છે. જિતાએલી નગરીની ન્યાયી વ્યવસ્થા કરીને પોતાને દેશ પાછા ફરતા મિનૉસના વહાણના સુકાનને એ, દરિયામાં કૂદી પડીને, ચોરીછૂપીથી વળગી પડી. એનો ઇરાદો એના અપમાનનો બદલો લેવાનો હતો. પણ આકાશમાં ચકરાવા લેતા એક પ્રચંડ ગરુડે એને જોઈ. એ એના પર તૂટી પડ્યું. એના હાથમાંથી સુકાન છૂટી ગયું. કોઈ દયાળુ દેવે વચ્ચે પડીને એ આતંકમાંથી એને ઉગારવા એને પંખિણીનું રૂપ આપી ઉડાડી મૂકી. કહે છે, પેલું ગરુડ એના પિતાનો પ્રેતાત્મા હતો. —કનુભાઈ જાની

પાપનો બદલો—મૃત્યુ!
શસ્ત્રનો જે સહારો લે, શસ્ત્રથી અંત નોતરે!'

પ્રાર્થનાના શબ્દો ઉચ્ચારતા ઑરેસ્ટસના ચિત્તમાં તો જુદું જ મંથન ચાલતું હતું: શસ્ત્રથી જ પિતા ટ્રૉયમાં વીરગતિ પામ્યા હોત તો એમની કબર આજે વીરોનું યાત્રાધામ બનત! ઘાતકોને કોઈએ પહેલાં જ પૂરા કેમ ન કર્યા? પિતાથી પોતાને કે...ટ...લું—બે ધ્રુવ જેટલું અંતર પડી ગયું!

પ્રાર્થના પૂરી થઈ કે તરત એ બબડ્યો: 'પિતા સુધી પહોંચે એવા શબ્દો મારે ક્યાં શોધવા?' પરિચારિકાને શ્રદ્ધા હતી: 'દિલનું સાચું દર્દ, આંસુની ધારા, છે...ક સુધી પહોંચ્યા વિના રહેતી નથી. ભાઈ!'

ઇલેક્ટ્રાના મનમાં પણ આ જ મથામણ હતી: 'શુભને જ શું વિરાટ વેદનાના અવિરત પૂરમાં તણાઈ જવાનું?' એનો ય શ્રદ્ધાપૂર્ણ ઉત્તર પરિચારિકા પાસે આ જ હતો: 'દુરિત હારે, સત્ય જીતે. દેવવચન છે: હત્યાથી વહેલું રક્ત, ધરતીમાં રહ્યું રહ્યું પાછું વહેવા પુકારે છે. હત્યા પામનારનો ક્રોધ કોપદેવીઓને જગાડે છે. એ હત્યારાનો પીછો પકડે છે. જુઓ ને, હવે રાણી કેવી ખુશામત કરે છે! પૂંછડી પટપટાવે છે!'

'ભલે પટપટાવે! વરુડીએ ઉછેરેલાં સિંહશિશુ હવે નહીં ભોળવાય. મારા જીવનની યે મને પરવા નથી; રાણી એનો અંત જોશે જ. એણે ન જોઈ પતિનિષ્ઠા, ન જોઈ સંતાનનિષ્ઠા, ન જોઈ રાજનિષ્ઠા...!'

'અરે, રાજાના તો શબના ય કટકે કટકા કરી એને દાટી દીધા—એનો પુત્ર પર એનું ભારણ રહે ને, એટલે!' દાસીએ ઍગામેમ્નૉનના શબની રાણીએ જે અવદશા કરેલી એ યાદ કર્યું.

'મને તો કોઈ સડેલા કૂતરા જેવો ગણીને દૂર હાંકી કાઢ્યો!'

પરિચારિકાની શ્રદ્ધા, રાજનિષ્ઠા જેટલી જ તીવ્ર હતી: 'ભલે મે. જે વીતી ચૂક્યું એનો વિલાપ છોડો. અતીતને કોઈ ઉલટાવી શકતું નથી; પણ ભાવિએ એની ગર્તામાં જે ભંડારી રાખ્યું છે એને તમારા હાથથી બહાર લાવવાનું છે, કુમાર!' એના શબ્દો સાંભળતાં ઑરેસ્ટસે આંખો મીંચી ફરીથી પિતાનું સ્મરણ કર્યું, સહાય યાચી; એમાં સૌ ભળ્યાં:

'પિતા! સાથમાં રહેજો, પિતા!
અમારા અરિની સામે, તમારો સાથ દો, પિતા!
અસિ જો એ ઉપાડે તો અસિના દેવ ઘા કરે!
તર્ક એ જો બિછાવે તો, તર્કદેવ જવાબ દે!
અમારાં અરમાનોને, તારાં સ્મિતનું દાન દે!
કાર્યો સફળતા પામે, એવું તું વરદાન દે!'

પછી વ્યક્તિગત યાચના ચાલી:

ઑરેસ્ટસ: 'તારું રાજ્ય, તારી સમૃદ્ધિ, પાછાં મને મેળવી આપ પિતા!'

ઇલેક્ટ્રા: 'ઇજિસ્થસની ગુલામડી તરીકેની મારી નામોશી ટાળ, પિતા!'

ઑ૦: 'અમે સગૌરવ તારું શ્રાદ્ધ કર્યા કરીએ, તને સ્મર્યા કરીએ; તિલોદક અર્પતાં રહીએ, એવું કર, પિતા!'

ઈ૦: 'તમારાં અંગો પર જે જાળ નખાઈ હતી તે યાદ કરો!'

ઑ૦: 'પ્રપંચોથી તમારો પરાભવ થયો! પિતા, યાદ કરો! તમે... ગયા; છતાં, અમે છીએ ત્યાં સુધી તમે છો જ, પિતા! અન્યાયની સામે અમને બાથ ભીડવા દો! મારી અસિના મિત્ર તમે હો!'

આમ તો આ પ્રાર્થનાનો અંત જ ન આવત; સહેજમાં વિસરી જવાય એવું એ દુઃખ નહોતું. ને ચિત્તને તો ચગળવાની આદત છે. પણ પરિચારિકાએ ઑરેસ્ટસને અટકાવ્યો: 'ક્ષણેક્ષણ અગત્યની છે. નિર્ણય કરી લીધો હોય તો હવે કામે ચડી જવું જોઈએ'.

એની સલાહ વ્યવહારુ હતી. પણ ઑરેસ્ટસના મનમાં એક શંકા હતી: 'આટલે વખતે આ બાઈને આ મૃતાત્મા સાંભર્યા! એમનું તર્પણ સૂઝ્યું!! આ મને નથી સમજાતું.'

'એ તો ભયંકર સ્વપ્ન.' પરિચારિકાએ ખુલાસો કર્યો. 'સ્વપ્ન? શાનું?' ઑરેસ્ટસે પૂછ્યું. 'એણે જાતે મને કહ્યું. જાણે એણે એક સર્પને જન્મ આપ્યો!' 'પછી?'

'એણે એને વસ્ત્રમાં ઢબૂરી, નાના બાળકની જેમ થાબડી, ઊંઘાડી દીધો.'

'એ નવજાત શિશુને ભૂખ ન લાગી કે?'

'લાગી ને. ત્યારે એણે એને છાતીએ વળગાડ્યો.' 'હં?'

'હા. પણ એણે દૂધની સાથે લોહી ચૂસ્યું; દાંત દીધા!'

'હં...બરાબર. આ તો ઍગામેમ્નૉને મોકલેલું સ્વપ્ન. પછી?'

'ચીસ પાડીને એ જાગી ઊઠી. ત્યારે એ ધ્રૂજતી હતી. એની ભ્રાંતિ ટાળવા મહાલયમાં તરત દીપ પ્રગટાવાયા. તે પછી તરત જ એણે અમને આ દ્રવ્યો સાથે અહીં મોકલ્યાં—કોપનું મૂળ અહીં છે એમ માનીને; પ્રેતાત્માના કોપનિવારણ અર્થે, પેલા વિષના શમન અર્થે.'

'તો તો, પિતાના અસ્થિને જાળવતી આ પૃથ્વી-માતા! આ સ્વપ્ન

સાચું પાડજે! આ સ્વપ્ન તો સ્પષ્ટ છે: એણે મને જન્મ આપ્યો હતો તેમ સર્પને આપ્યો! જેમ મને વસ્ત્રે ઢબૂર્યો હતો તેમ એને ય ઢબૂર્યો! જેમ મને સ્તનપાન કરાવ્યું હતું તેમ એનેય કરાવ્યું!...પછી...એણે દૂધ પાઈ સર્પ ઉછેર્યા—હિંસાને પોષી; તો એને હિંસા જ મળે! મારે મારા સ્વભાવને પલટવો જ રહ્યો. વિષધર બનવું જ રહ્યું! સ્વપ્નનો આદેશ છે મારે એનો જાન લેવો જ રહ્યો!'

'અમારે માટે કાંઈ આદેશ હોય તો નિઃસંકોચ કહો.'

'આદેશ તો સીધો સટ છે. ઇલેક્ટ્રા, તારે મહેલમાં જઈને મારી યોજનાની કોઈને ગંધેય ન આવે એવું કરવાનું. પોતાની પ્રપંચજાળમાં, આખરે એ પોતે જ ભરાઈ પડશે. ઍપોલોનું એ વચન છે.

હવે મારી યોજના કહું: પરદેશી પ્રવાસીના સ્વાંગમાં નખશિખ તૈયાર થઈને હું ને પાઇલેડીઝ એના મહેલને દ્વારે જઈશું. ઘરનો જ જણ અતિથિ! ને તે ય સશસ્ત્ર!! અમે લહેકો ય બદલી નાખીશું-ફૉસિસની બોલીમાં બોલીશું. દ્વારપાળ કદાચ રોકશે તો ત્યાં જ રોકાઈશું. જતાં આવતાં સૌ છોને ટીકા કરતાં: ઇજિસ્થસ હવે તો યાચકોને ય રોકે છે! પણ એ.તો, પડશે એવા દેવાશે: એક વાર અંદર જવા મળ્યું, કે જેવો એ ઇજિસ્થસને મારા પિતાના સિંહાસને બેઠેલો જોઈશ—અથવા સામો આવતો જોઈશ કે-તમને સાચું કહું છું-એને તરત જ મરેલો માનજો! મારી નજરે પડે એટલી વાર! અને બહેન, તારું કામ અત્યારે ઘરમાં બરાબર ચોકી કરવાનું છે. ને તમે સૌ, બહેનો, જીભને વશમાં રાખજો. જેટલી પળ એવું ને એટલું બોલવું, કે ન બોલવું. હવે તો હર્મિસ મારો સાક્ષી, સાથી અને દોરનાર થઈને કસોટીમાંથી પાર ઉતારે.'

પાઇલેડીઝ ને ઑરેસ્ટસ ગયા. પછી થોડી વારે ઇલેક્ટ્રા પણ ચાલી નીકળી. પરિચારિકાઓને તો હજી ખાલી પાત્રો એકઠાં કરવાનાં હતાં. વળી એક સાથે બધાં મહેલે પહોંચે તો ક્દાચ શંકા જાય. પરિચારિકાઓ ચાલાક હતી—મૂળ તો ટ્રૉયની સંસ્કારી સ્ત્રીઓ. વાતે વળગી: 'જગત કેવું અગણિત આપત્તિઓથી ઉભરાય છે!'

'ને તે ય વિવિધ સ્વરૂપની—જાણે લુટારુઓનો અડ્ડો!'

'સાગરમાં માનવભક્ષી પ્રાણીઓની આપત્તિ!'

'મધ્યાહ્ને પંખીઓને પ્રજાળતી આકાશી આગની આપત્તિ!'

'આકાશપાતાળ બેયને આવરી લેતી આંધીનું ગાંડપણ તો ઓર જ!'

'છતાં મોટામાં મોટી આપત્તિ કોઈ નોતરતું હોય તો એ છે અવિચારી માનવચિત્ત! એના નિર્ધાર, સ્ત્રીનો આંધળો સ્નેહ ને ધિક્કાર!'

'પ્રત્યેક નારીને આંધળો બનાવતો અદમ્ય કામ એ તો લગ્નની પવિત્રતાનોય છેદ ઉડાડે! પેલી આલ્થિયાનો જ દાખલો લો ને! જન્મથી જ એના પુત્ર માટે આગાહી હતી કે પેલું લાકડું એ જો જલાવશે તો જલીને એ ઓલાઈ જતાં પુત્ર ય ઓલાઈ જશે, છતાં એ એમ કરતાં ન અચકાઈ!'

'એમ તો સીલાએ ય શું કર્યું? જાણતી હતી કે પિતાના કેશમાંની સોનેરી લટ કપાય તો એમની જીવાદોરી કપાય; છતાં સુવર્ણલોભે, મિનૉસના મોહે આંધળી બનીને, એ પિતૃહત્યા કરતાં ન અચકાઈ!'

'સૌથી ખરાબ તો પેલો ત્રીજો દાખલો છે-આખા નગરની સ્ત્રીઓએ બધા પુરુષોની કતલ કરી હતી—લૅમ્નોસની વાત જાણો છો ને?'

'એ ખરું. પણ પાપનો ઘડો ભરાય છે ત્યારે ન્યાયની એરણ પર નિયતિનો ઘાણ તીક્ષ્ણ કટાર તૈયાર કરે છે. હત્યા જ પ્રચાર કરે છે હત્યાનો.'

'ખરું છે. વેરનો સેતાન જાગ્યો છે. કાળનું ચક્ર એનું દાપું લીધા વિના નહિ રહે.' આમ વાતો કરતી સ્ત્રીઓ અંતઃપુરમાં પહોંચી ગઈ.

ત્યારે બે અજાણ્યા લાગતા મુસાફરો રાજમહેલનાં બંધ દ્વારની સાંકળ ખખડાવતા હતા: 'કોઈ છે કે? અરે...ભઈ...! ખોલો તો!'

ડોકાબારી ઊઘડી. દ્વારપાળ ડોકાયો: 'ક્યાંથી આવો છો?'

'ભઈ, અમે છીં જાણે ઉતાવળમાં. જો છ ને, આ દી ઢળવા આયો.

લેમ્નૉસની કતલ

આનો ઉલ્લેખ એ સ્કિલસકૃત 'કોએફોરી'માં આવે છે. લેમ્નૉસ નામના ટાપુ પરના પુરુષો પર ત્યાંની સ્ત્રીઓને શંકા જતાં, સ્ત્રીસમસ્તે મળીને સઘળા પુરુષોને ખતમ કરવાનો નિર્ણય લીધો. એકમાત્ર ત્યાંની રાણી હિપ્સિપિલી એવી નીકળી જેણે છાની રીતે એના પિતાને બચાવીને બહાર મોકલી દીધા. એ ટાપુમાં, પછી, એક પણ પુરુષ ન રહ્યો. ત્યાં પૂરેપૂરું સ્ત્રીરાજ સ્થપાયું.

જૅસન નામના યોદ્ધાની આગેવાનીવાળું 'આર્ગો' નામનું જહાજ, દરિયાઈ તુફાનનો ભોગ બની, લેમ્નૉસને કિનારે જઈ ચડયું, ત્યારે એમનો કેવો સામનો ને કેવું સ્વાગત બન્ને થયાં એની કથા રસિક છે. 'આર્ગો'નું રક્ષણ કરવા રહેલો હેરાક્લિસ તો વાટ જોતો જ રહ્યો, ને નગરમાં ગએલા વીરો અમન-ચમનમાં પડી ગયા! ખુદ જૅસન પણ. આખરે હેરાક્લિસને રાજમહેલમાં જઈને વિલાસડૂબ્યા જૅસનને ચેતવવો પડ્યો—મછંદરે ગોરખને ચેતવ્યો હતો તેમ.

—કનુભાઈ જાની

અમે રૃયા, ભઈ, વટેમારગુ. દી ઢળ્યે ક્યાંક જગ્યા તો ગોતી લેવીને? એક સંદેશો છે તાકીદનો. ઘરમાં કોઈ જવાબદાર જણ છે? અમારે મો ઢામોઢ કે'વું પડે એમ છે. કોઈ બાઈમાણસ હોય કે ભાઈ; ભાઈ હોય તો વધુ સારું: સંકોચમાં ખોટો વખત નો બગડે ને સીધી વાત કરી શકાય.'

અવાજ સાંભળીને ખુદ ક્લાઇટેમ્નેસ્ટ્રા આવી. એણે બારણું ઉઘડાવ્યું. બોલી: 'કોણ છે? આવોને! ઉતારાની ચિંતા ન કરો. બધી સગવડ થઈ રહેશે. બોલો, શું છે?'

મુસાફરે કહ્યું: 'ઓલી કોર...ડેઠ...ફૉસિસથી માલ લઈને આંઈ આયા છીં-વેપારી છીં. હજી તો હમણાં અહીં પગ મેલ્યો. અમને વાટમાં એક અજાણ્યો જણ મળ્યો 'તો. જો કે, એણે એનું નામ તો દીધું-સ્ટ્રૉફિયસ, અમારા ફૉસિસનો. કયે, ક્યાં જાવું? મેં કીધું, આર્ગોસ. તો કયે, તંઈ તો ભઈસાબ મારો ધક્કો બચ્યો. આ આટલા ખબર તમે મોઢામોઢ કોક જવાબદારને આલી આવજો. એનાં મા-બાપ મળે તો વધુ સારું. મોઢામોઢ કે'જો હો! ઑરેસ્ટસ ગુજરી ગ્યો છે, ને એના કુટુમ્બની જો ઇચ્છા હોય તો એનાં ફૂલ અમે અઈ ફૉસસમાં-એક કાંસાના વાસણમાં રાખ્યાં છે તે લઈ જાય. બાકી બધી ક્રિયા તો અમે કરી છે. આટલી ખબર એનાં મા-બાપને પોચાડવાની છે'.

કહીને મુસાફરે ખેસથી મોં લૂછ્યું. પછી ઉમેર્યું: 'હું તો અજાણ્યો છું. આપ કોઈ જવાબદાર જણને મેળવી દેશો?'

સંદેશો સાંભળતાં જ રાણી પર જાણે ઘેરો શોક છવાઈ ગયો! 'ઓ મા! અમારા કુટુંબ પર તે હજી શું વીતવું બાકી છે, દેવ? કાળની આંખ એક આ ઘર જ ભાળી ગઈ છે શું? એટલા માટે તો મેં એને દૂર રાખ્યો 'તો—ઑરેસ્ટસને! આ વેરના ઊંડા કળણથી દૂર. મારી એકમાત્ર આશા—ઑરેસ્ટસ! શાપના ઉન્મત્ત પ્રહારથી મારે એને દૂર રાખવો 'તો! કોપદેવીઓ, તમે એને ય ન મૂક્યો—મારા લાડલાને!' કહીને એણે જાણે સાચો વિલાપ આદર્યો. મુસાફરોનાં મોં પણ પડી ગયાં. એમણે સહાનુભૂતિમાં કહ્યું: 'માફ કરો, બે'ન! આવા સુખી ઘરમાં, ઊમળકાથી અમને આવકાર મળ્યો ત્યાં આવા માઠા ખબર આપવા પડ્યા, પણ...'

'ના ના. તમે એમાં શું કરો, અમારાં ભાગ્ય જ ફૂટ્યાં છે ત્યાં?! શોક ન કરો ભાઈ! તમે આ ખબર ન લાવ્યા હોત તો કોઈ બીજો લાવત... અરે પણ,...તમે લાંબેથી આવો છો. થાક્યાપાક્યાં છો. તમારે આરામ કરવો જોઈએ...ખાવું-પીવું ય હશે'. કહીને એણે એક પરિચારિકાને બોલાવી. મુસાફરોને અતિથિગૃહમાં લઈ જવા અને એમની બધી સગ-

વડ સચવાય એની કાળજી રાખવા આદેશ આપ્યો.

સમાચાર માઠા હતા. સૌ સ્નેહીઓને પહોંચાડવાના હતા. શું કરવું એનો નિર્ણય લેવાનો હતો. રાજાની સાથે આ બાબતમાં મસલત કરવી જોઈએ એ વિચારે એ અંદર ગઈ. પરિચારિકાઓ બધું સાંભળતી હતી. ઑરેસ્ટસની યોજનાને એમણે આગળ વધતી જોઈ. હર્મિસની પ્રાર્થના કરી: 'જોજો હોં, હામ રાખજો.' એકે બીજીને કહ્યું. 'હા; હવે જ કસોટી છે આપણી. જીભને વશ રાખવી.'

ત્યાં આંસુ સારતી એક વૃદ્ધા નીકળી. ઑરેસ્ટસને એણે ખોળામાં રમાડયો હતો. ઉછેરીને મોટો કર્યો હતો. એ એની ધાત્રી હતી. આજના માઠા સમાચારે એ ભાંગી પડી હતી. 'શું છે, સિલિસ્સા?' એકે પૂછ્યું.

'માઠા ખબર...રાણીનો શોક તો, જાણો છો ને, મોઢાનો; બાકી મઈથી તો હરખાય છે.' 'પણ છે શું?'

'પેલા મુસાફરો માઠા ખબર લાવ્યા છે. રાણીને ફાવતું થયું! આ તો કુળ ઉપર અણધારી, મોટી આંધી ઊતરી. ઓલ્યો ય હરખાશે—ઇજિસ્થસ, એને કહેવા જ હું જાઉં છું. રાણી તેડાવે છે. આફત બધી જાણે આ ઘરને જ જોઈ ગઈ છે!...ઍટ્રિયસના વખતમાં પહેલી આફત ઊતરી... મને હજી યાદ છે. ત્યારે ય મને દુ:ખ થયું 'તું. પણ આ તો અસહ્ય છે, બેના!'

'પણ છે શું?'

'મારો...ઑરેસ્ટસ...જન્મતાં જ મેં એને ખોળે લીધેલો...રાતમાં એ જાગી જતો...ને કેડલું પજવતો!...એને તો ખડે પગે રાખતો...મેં રાત દી' જોયાં નથી...એનાં બાળોતિયાં ધોયાં છે. મારી...આશા... ઊછરેલી! ધાર્યું'તું કે બાપની જગ્યા લેશે. એ આશાએ એને ઉછેર્યો 'તો. મારી આશા ઓઝારી નીવડી! ઑરેસ્ટસનું......મો...ત...!...એ ખબર દેવા-ઇજિસ્થસને બોલાવવા જાઉં છું. રાણી તેડાવે છે.—આ ઘરનું કલંક! એ તો હરખાશે...મારે આ દી' જોવાનો આવ્યો!'

'તે, તમારે એને કેવી રીતે આવવા કહેવાનું છે?' 'એટલે?'

'રક્ષક સાથે કે એકલા?' 'કેમ વળી? રક્ષક સાથે જ તો.'

'તો...મા! જો, તું ચારે બેનાં બે ગણ...ને હૈયે ધારણ રાખ, હોં! થવાનું હોય એ થાય. એમાં આપણે શોક શું કામ કરવો? ઝટ જા, ને એ એકલો જ આવે એમ કર. પેલા મુસાફરોને મોઢામોઢ એકલા વાત કરવી ફાવે ને? એ બિચારાને સંકોચ ન થાય, સમજી? સમજુ સંદેશવાહક તો વાંકા શબ્દોને ય સીધા કરે છે.'

'પણ...' ધાત્રી હજી કંઈક કહેવા જતી હતી. ત્યાં મોટી પરિચારિકા બોલી: 'ઝ્યૂસની ઇચ્છા જ આખી પરિસ્થિતિ ફેરવવાની હોય તો?'

'પણ એ કેમ બને? ઑરેસ્ટસ તો આપણી આશા હતો. એ જ ગયો!'

'એની ખાતરી છે? કોઈ ભવિષ્યવેત્તા ય આમ ભાખી શકે એમ છે? તમ તમારે તમારો સંદેશો સીધી રીતે કહી આવો ને? ભગવાને જે ધાર્યું હશે એ થશે. ખોટી ચિંતા ન કરવી, જાઓ!'

ને વૃદ્ધા ગઈ. પરિચારિકાઓ મનોમન પ્રાર્થના કરવા લાગી: 'પ્રભુ આ કુળને અભિશાપથી મુક્ત કરે. સાચને જિતાડે. સારા દી' દેખાડે. ઑરેસ્ટસને હામ દે. એની માતા જ્યારે કહે: "મારા દીકરા...' ત્યારે તરત એ જવાબ દે: હું તો મારા પિતાના...છું". પુરાણું વેર જડમાં જાય.'

ત્યાં એમના વિચારોને થંભાવતો અવાજ આવ્યો. અંત:પુરનું બારણું ઊઘડયું, ને પાછું દેવાયું. પગલાં સંભળાયાં. ઇજિસ્થસ દેખાયે. પરિચારિકાઓએ નમન કર્યું. 'સાંભળ્યા કે માઠા ખબર?—કહે છે કોઈ મુસાફરો લાવ્યા છે. એ સાચું હોય તો પુરાણા દુ:ખનું માંડ રુઝાવા આવેલું ઘારું પાછું ઊખળવા જેવું ગણાય. ગપ્પું યે હોય. તમને શું લાગે છે?'

'સાંભળ્યું તો અમે ય છે. પણ વાત તો એક મોંએથી બીજે જાય એટલે બદલાય જ. વાત તો મોઢામોઢ મેળવવી સારી. મુસાફરો ઘરમાં જ છે.'

'હા, હું એમને બરાબર નાણીશ. ઑરેસ્ટસ ગુજરી ગયો તે એમણે જાતે જોએલું કે પછી અધ્ધરો અધ્ધર? બરાબર તપાસ કરીશ. એમ મને કોઈ બનાવી જાય એ વાતમાં માલ નથી.' ખુમારીથી એ અંદર ગયો.

પરિચારિકાઓ ફફડી ઊઠી. હવે કટોકટીની પળ આવી પહોંચી હતી. કાં તો આ કુટુંબની તારાજી થાય કે મુક્તિની જ્યોત પ્રગટે. પ્રભુ સારા દિવસ દેખાડે! એટલું વળી સારું છે કે આ એકની સામે પેલા બે...' ત્યાં વિચારશૃંખલાને તોડતી એક ચીસ સંભાઈ. 'શું થયું?'

'સાંભળ્યું ને? અવાજ તો ઇજિસ્થસનો જ?'

'ચાલો, અહીં આપણું કામ નથી.'

'હા બઈ. આખી વાત પતે નહિ ત્યાં સુધી વેગળાં સારાં.'

'હા. આપણે નકામાં આ કાળાં કામોમાં ભાગિયાં ના ગણાવું.'

ત્યાં કો'ક બારણું ધબધબાવ્યું. 'કોણ છે...? ...જલદી દો...ડો! બચાવો! હુમલો થયો છે આપણા માલિક પર રાણીજી...! રાણીજી! અરે સાંભળો-ખાંડાની ધાર પર છે રાણી-'

એના અવાજથી બહાર આવેલી રાણીને જોતાં જ એણે જીભ કચરી. રાણીએ એને સાન કરી અંદર બોલાવ્યો; ને ઊધડો જ લીધો: 'શું છે? આમ ધાંટાધાંટી કેમ કરે છે?' પેલો ધ્રૂજતો હતો. કહે: 'જીવતાંને મારવા, સાચું કહું છું...,મરેલો આવ્યો છે!'

'મરેલો?! હં...' રાણીને વિચાર ઝબકી ગયો 'હં સમજી! ભગવાન!' પેલાંઓનાં ગળાં કાપ્યાં'તાં, એમ થવા વખત આવ્યો કે શું? એણે તરત હુકમ કર્યો: 'જા, દોડ ઝટ, શસ્ત્ર લાવ-મેં વાપર્યાં'તાં એ જ. ઝટ કર.'

એ ગયો. રાણીને ગંધ આવી ગઈ. આ આખરી બાજી છે. કાં તો મળે જીત કે જાય જાન.

પેલો પરિચારક હજી તો બહાર જ ગયો હશે ત્યાં તરત જ આવી પહોંચ્યો ઑરેસ્ટસ. એના હાથમાં હતી લોહી ટપકતી ખુલ્લી તલવાર. મુખ પર હતી કરડાકી. આંખ ખેંચાએલી હતી. મુખ તંગ હતું.

'તો, તું અહીં છે!? હું તને જ શોધતો હતો! જો પેલાનું તો દેવું વસૂલ કર્યું–ત્યાં પડયો!' એણે આંગળી ચીંધી.

'ઓ...મારા...ઇજિસ્થસ...વહાલા!...શું એ ગયો?'

'હા તારો ઇજિસ્થસ!! તને બહુ વહાલો હતો ને? સારું, તું યે એને પડખે જ ઢળીશ. ચિંતા ન કર. કબરમાં ય હોઈશ પડખોજ. મૃત્યુમાં જુદાં શું પડવું?'

'દીકરા! આ તારી તલવાર મૂકી દે.' કહીને ક્લાઇટેમ્નેસ્ટ્રા એને પગે પડી. છતાં ઑરેસ્ટસે તલવાર ન નમાવી. ક્લાઇટેમ્નેસ્ટ્રા કાકલૂદી કરવા માંડી: 'આ છાતીએ વળગાડીને તને મેં પોષ્યો છે, દીકરા! અહીં માથું મૂકીને નિરાંતે તું ઊંઘ્યો'તો'. ઑરેસ્ટસ સહેજ ખમચાયો. એણે પાઇલેડીઝ સામું જોયું બબડયો: 'શું કરવું દોસ્ત? માતાની હત્યા...'

એની સામે તાકીને પાયલેડીઝ તરત બોલ્યો: 'ઍપોલોનો આદેશ છે, ઑરેસ્ટસ! તેં પ્રતિજ્ઞા લીધી છે. પૂરી કરવી જ રહી. માણસોને તો જાણે પહોંચી વળાય, પણ દેવોને દુભવવામાં મોટું જોખમ છે.'

ઑરેસ્ટસે મનમાં પ્રવેશવા જતી ઢીલાશને જાકારો દીધો. મક્કમ મને રાણીને કહ્યું: 'તું તો આને ચાહે છે, ને મારા પિતાને ધિક્કારે છે. એટલે તારું સ્થાન તો એની જોડે જ હોય. તને હું એ આપવા માગું છું.'

'પણ મેં તને જીવન દીધું છે, દીકરા! મને તું જીવવા નહિ દે?'

'જીવવા? અહીં? મારા ઘરમાં? તને? મારા પિતાની હત્યારીને?'

'એ તો, દીકરા, દેવનું કરતૂત હતું; હું તો એમાં સોગઠા જેવી.'

'ને એ જ દેવે આ પણ નિર્મ્યું છે.'

'પણ, માતૃહત્યાનો તને ભય નથી?'

'માતૃહત્યા?! તેં મને જન્મ દઈને ત્યજી દીધો, દુ:ખમાં હડસેલી દીધો, એ ભૂલી ગઈ?'

'મેં તો વિશ્વાસુ હાથમાં તારી સોંપણી કરી'તી. એમાં તારો દ્રોહ શો?'

'જન્મ્યો ત્યારે હું મુક્ત હતો; તેં મારા દેહનો ને મારી રાજગાદીનો બન્નેનો સોદો કર્યો.' 'સોદો? તને વેચવાથી મને શો લાભ થયો?'

'લાભ? એ કહેતાં ય હું શરમાઉં છું.'

'તારા પિતાના પાતકને ય તું ભૂલી ગયો? મારાં પાપોની સાથે એમનાં ય ગણને—કેટલાં થયાં છે તે?'

'ચૂ...પ! એ યુદ્ધ પરવર્યા ત્યારે તું ઘરમાં ગોંધાઈ રહી.'

'ઘરમાં એકલી પડેલી સ્ત્રીને કેટલું સહેવું પડે છે એ તું ક્યાંથી જાણે!'

'ઘરમાં રહેતી પત્નીને પોષવા પતિને બહાર કેવા કેવા ઉદ્યમ કરવા પડે છે એ તું ક્યાંથી જાણે?'

'તો ગમે તે બહાને તારી પોતાની માતાને મારવાનો જ નિશ્ચય તું પોતે કરીને બેઠો છે ને?'

'મારે કરવાનો રહેતો નથી. એ તો તેં જ તારે હાથે કરી લીધો 'તો.'

'માતૃશાપની કોપદેવીઓ તને નહિ મૂકે, હોં!'

'ને પિતાના શાપમાંથી યે તારે બચવું તો પડે જ ને!'

'જાણું છું: એક નિર્જીવ કબર પર, પથ્થર પર, હું જીવતી છતી, માથાં પટકું છું! મારો શ્વાસ વેડફું છું!'

'શ્વાસ તો દેવનો ફૂંકાય છે સીધો પિતાના મૃત્યુથી તારા પર.'

'ઓ મારા દુઃસ્વપ્ન! ઓ પ્રભુ!...આ રહ્યો સાક્ષાત સર્પ, મેં પેદા કર્યો, મેં જ પોષ્યો!'

'તારા દુઃસ્વપ્નમાં દૈવી સત્ય છે. તારો ભય સાચો છે. અત્યંત દુષ્ટ છે તારું કૃત્ય; અત્યંત અપવિત્ર હશે એની સજા.'

એ બોલતો ગયો ને તલવારની અણી એના હૈયાભણી તાળતો ગયો. પગે પગલે હઠતી ક્લાઇટેમ્નેસ્ટ્રા અંદરના ભાગમાં સરકવા લાગી. પાઇલેડીઝ ખબરદારીથી ઑરેસ્ટસની પડખે જ રહ્યો. એ દૃશ્ય સ્ત્રીઓથી ન જોવાયું. એમણે આંખે હાથ દીધા. હૈયે હરિનું રટણ હતું—ચાયદેવ, ઝ્યૂસ ને ઍપોલોનું; દેવ, યાદ છે ને તમારું વેણ?–'તમે ભલે અસત્યનો આશરો લો, મારું વેણ અસત્ય નહિ ઠરે.' ફરી અહીં વિધિના આશીર્વાદ ઊતરો!'

પણ એ દરમિયાન તો ઑરેસ્ટસ કલાઇટેમ્નેસ્ટ્રાને છેક ઇજિસ્થસના શબ સુધી લઈ ગયો હતો. પછી આંખો મીંચી, દાંત કચકચાવી, હતા એટલા જોરથી, વીજળીવેગે એણે એના શરીરમાં તલવાર આખી ઘોંચી. એ આરપાર નીકળી ગઈ. લોહીનો ધોધ વછૂટ્યો. એક ચીસ સાથે રાણી ઇજિસ્થસના શબ પર ઢળી પડી. એનો તરફડાટ તરત શમી ગયો. માથું ઢળી પડ્યું. રાણીના આદેશથી, એણે 'વાપર્યા હતાં તે શસ્ત્ર' લેવા ગએલો પરિચારક આવે તે પહેલાં તો અહીં ખેલ ખલાસ થઈ ગયો હતો.

એ આવ્યો અને જે શસ્ત્ર લાવ્યો એમાં પેલો રક્તરંગી જામો પણ હતો, જે ઍગામેમ્નૉન પર છળથી નાખી ક્લાઇટેમ્નેસ્ટ્રાએ એને પૂરો કર્યો હતો. એ વસ્ત્ર પણ હતું એવું એક શસ્ત્ર જ! ત્યાં એકઠાં થઈ ગએલાં સૌનું ધ્યાન એણે એ તરફ દોર્યું. સૌ સ્તબ્ધ હતાં. ચીતરી ચડે એવું એ દૃશ્ય હતું. બે શબ લોહીથી લથબથ પડ્યાં હતાં. ઑરેસ્ટસની તલવાર હજી લોહી નીતરતી હતી.

'જુઓ; આ બે છે ને એક?! લોકોને રંજાડવામાં એ એક હતાં, મારા પિતાના ખૂનમાં ય એ એક હતાં, મારી પૈતૃક સંપત્તિ ઉચાપત કરી જવામાં પણ ભાગીદાર હતાં. એમણે વિલાસ સાથે માણ્યો, રાજગાદી સાથે ભોગવી, હવે મોત પણ સાથે માણે છે. એમણે પ્રતિજ્ઞાય લીધેલી મારા પિતાને પ્રપંચથી હણવા કે મરવું. એમની બેય પ્રતિજ્ઞાઓ પાર પડી. આ જુઓ જામો'–ઍગામેમ્નૉન પર જે નાખીને એને હણવામાં આવેલો તે જામા તરફ સૌનું ધ્યાન દોરતાં એણે કહ્યું. પરિજનોએ જામો પહોળો કર્યો. 'આમાં પોટલાની જેમ મારા પિતાને ફસાવી, પછી એણે માર્યા. બોલો હવે, મેં શું ખોટું કર્યું છે? આવી હત્યાનો બદલો લેવાનો પુત્ર તરીકે, મારો અધિકાર નહિ કે? એક વાર એણે જેને ચાહ્યો એની



ઇજિસ્થસની હત્યા

એણે કેવી વલે કરી!! જુઓને આ જામો! મારા કૃત્યનો આ સચોટ બચાવ. પેલાં કાણાં–આરપાર દેખાય છે ને? કેટલા ઘા!! એ સાપણ હોત તો અડવાથી યે ઝેર ચડત. એવી ઝેરીલી એ હતી કે નહિ? એણે જે કારસો કર્યો એને માટે મારે કયા શબ્દો વાપરવા? એને રાની પશુનો રાફડો કહું? ઠાઠડી કહું? જાળ કે ફાંસો કહું? ડામણ કહું? કુશળ ઠગોનું સાધન એ આગવું! આવી સ્ત્રીની હત્યા ન કરું તો બીજું કરું શું?' કહીને એણે પાઇલેડીઝ તરફ જોયું.

પરિચારિકાઓ ડઘાઈ ગઈ હતી. એમને હવે ડર પેઠો હતો, કાંક ખોટું થયું તો એના બીજમાંથી પાછું પીડાનું ઝાડ થવાનું. પાઇલેડીઝ હજી સતેજ હતો. એને ખભે ઑરેસ્ટસે હાથ મૂક્યો. એનું હવે જાણે માથું ફાટતું હતું. ઍપોલોએ કેવું કામ કરાવ્યું! ભયંકર! ગમે તેટલો બચાવ કરો તો ય માતૃહત્યા તો...? પૂરપાટ દોડતા ઉન્મત્ત અશ્વસમુદાયની વણથંભી દોડનો ભોગ બનેલા અસવાર જેવી સ્થિતિ!! આ ક્યાં જઈને અટકશે? રસ્તો તો છૂટી જ ગયો છે! હૈયે હવે સતત ભીતિના ભણકાર ઊઠે છે!...માતૃહત્યા! એને મારવાની લગની મને લગાડી ઍપોલોએ! એણે જ મને આ માટે પ્રમત્ત કરી મૂક્યો! પીથિયાના દેવળની દેવવાણીએ એને સમર્થન આપી, હું જો આ પાર ન પાડું તો રૌરવ નરકની આકરી, અકથ્ય પીડા મને મળશે એ આગાહી કરી, મને મજબૂર કર્યો! દેવે જ આ કૃત્ય કરાવ્યું...'

આ બચાવ હતો? ઊંડે ઊંડે ચિત્ત આ કેમ સ્વીકારતું નથી! દેવકૃત્ય પાર પડ્યા પછી તો કરાર મળવો જોઇએ. એને બદલે સહસ્રશત શૂળો જાણે ભોંકાય છે! પેઢી-દર-પેઢી હત્યાનો બદલો લેવાતો રહ્યો છે, એ જ વેરશૃંખલા આ કૃત્યથી યે અતૂટ નથી રહેતી? તો ભાવિમાં યે...? એનું ચિત્ત જાણે ચગદાઈ ગયું હતું. ભાવિ અશાન્તિની આંધીનું જ આ એંધાણ? તો આ અશાન્તિના ભારેલા અગ્નિ ઉપર બેસવા કરતાં તો... 'ઍપોલો જ ઉપાય બતાવે. હું જાઉં છું, એને શરણે. એ શાન્તશુદ્ધ ન કરે ત્યાં સુધી હદપારી વેઠીશ.' એણે એનો નિર્ણય જાહેર કર્યો.

'આવું શું બોલો છો આવે શુકનિયાળ સમયે! તમે તો આર્ગોસને મુક્ત કર્યું—બે પશુઓના પંજામાંથી. હવે ભાવિની આવી ભીતિ!' પરિચારિકા બોલી. ત્યાં તો ઑરેસ્ટસના હાથમાંથી તલવાર પડી ગઈ. એની વિસ્ફારિત આંખો અંતરીક્ષમાં જડાઈ ગઈ! મુખેથી ચીસ નીકળી પડી! 'જુઓ...જુઓ...ઓ...!' સૌએ જોયું તો કશું નહોતું! છતાં એ તો જાણે કશુંક જોતો છળી પડ્યો હોય એમ સકંપ જલ્પતો હતો:

(અનુસંધાન પૃષ્ઠ ૧૩૯)

સાંગલી રાજનાં સ્મરણો

કાકાસાહેબ કાલેલકર

કૉલેજની સ્ટુડન્ટ્સ ડિબેટિંગ સોસાઍટી (વિદ્યાર્થી વાદ સભા) કરતાં પણ સાંગલીના પુસ્તકાલયની ચર્ચાથી મને વધારે લાભ થયો.

બેલગામ (બેળગાવ) અને શાહપુર બે સુંદર શહેરો. એમની વચ્ચે એકાદ માઈલનું અંતર ભાગ્યે જ હશે, છતાં બેળગાવ એક બ્રિટિશ જિલ્લાનું મુખ્ય શહેર અને શાહપુર સાંગલી રાજ્યનું એક ધની શહેર. અમે રહીશ શાહપુરના, એટલે અમે લોકો સાંગલી રાજ્યની પ્રજા. સાંગલી રાજ્ય કોકણસ્થ બ્રાહ્મણ જાતિના એક લડાયક સરદારનું રાજ્ય. અમારા નાનપણમાં એના વૃદ્ધ રાજાની અનેક વાતો સાંભળીએ.

હું કૉલેજમાં ગયો એ અરસામાં સાંગલીના એ વૃદ્ધ રાજાનો દેહાન્ત થયો. અંગ્રેજોએ તેના જ કુળના પણ ગરીબ ઘરના એક છોકરાને ગાદીએ બેસાડયો. એ ઉમરે નાનો, એટલે વહીવટ અંગ્રેજોએ પોતાના એક અધિકારીને સોંપ્યો. એમનું નામ અચ્યુતરાવ દેસાઈ. બાહોશ માણસ. રાજ્ય ચલાવવામાં હોશિયાર અને અંગ્રેજોને રાજી પણ રાખે.

દેસાઈએ જોયું કે જૂના રાજ્યના હિસાબનું કશું ઠેકાણું નથી. એ સ્થિતિ જો પોતે ન સુધારે તો રાજ નવી ઢબે ચાલે નહિ.

એ જ અરસામાં મારા પિતાશ્રીએ બ્રિટિશ નોકરીમાંથી પેન્શન લીધું હતું. એમણે આખી જિંદગી મુંબાઈ ઇલાકાના અનેક જિલ્લાઓના કલેકટરોના હેડ ઍકાઉન્ટન્ટ તરીકે કામ કરેલું. હિસાબની આંટીઘૂંટીઓ બધી બરાબર જાણે. એ પદ્ધતિ સાંગલી રાજ્યમાં દાખલ કરાય તો નાણાંની વ્યવસ્થા સંતોષકારક થઈ શકે એમ લાગવાથી દેસાઇએ પિતાશ્રીને સાંગલી રાજ્યમાં ટ્રેઝરી ઑફિસર તરીકે કામ કરવા બોલાવ્યા. જે રાજ્યના પોતે રહેશ તેની સેવા કરવા માટે આવેલા આમંત્રણને ના કેમ પડાય? પિતાશ્રી સાંગલી જઇને રહ્યા અને એમણે નવી પદ્ધતિથી હિસાબ રાખવાનું આખું તંત્ર ગોઠવી આપ્યું. જૂના લોકો જૂની ઢબથી ટેવાએલા. એ પદ્ધતિમાં કેટલાક લોકોનો અંગત સ્વાર્થ પણ સધાતો હતો, એટલે તેમણે નવી પદ્ધતિનો વિરોધ શરૂ કર્યો. પણ એને ગણકાર્યા વિના મારા પિતાશ્રીએ તટસ્થભાવે છતાં દઢતાથી આખા રાજ્યનું હિસાબનું નવું તંત્ર ગોઠવી આપ્યું. દેસાઇને સંતોષ થયો. એમની પછીથી આવેલા ગોરા અમલદારને પણ મારા પિતાશ્રીના કામથી ઘણો સંતોષ થયો. સ્થાનિક લોકોનો વિરોધ પણ ધીમે ધીમે શમી ગયો અને બધું ઠેકાણે પડયું.

હવે એ જ અરસામાં હું કૉલેજમાં ભણતો હોવાથી રજાના દિવસોમાં હું સાંગલી જાઉં. દોઢબે મહિના, અથવા ક્યારેક વધારે, સાંગલીના વાતાવરણનો મને લાભ મળતો. પિતાશ્રી પાસેથી ત્યાંની પરિસ્થિતિ વિષે વિગતવાર જાણવા મળતું. પછી પિતાશ્રી પણ રિપોર્ટો લખવામાં અને કેટલાક મહત્ત્વના કાગળો લખવામાં મારી મદદ લેતા. આ રીતે રાજ્યતંત્રની કેટલી યે આંતરિક વસ્તુઓ હું વિગતવાર જાણી શક્યો.

પણ વિશેષ લાભ તો રોજ સવારે નાહીધોઈ નાસ્તો કરી ત્યાંના જાહેર પુસ્તકાલયમાં છાપાં વાંચવા જતો ત્યાંથી મને થયો. ત્યાં દેવલ કરીને એક વૃદ્ધ વિદ્વાન સાહિત્યરસિક વકીલ પણ આવતા. તેમની ને મારી વચ્ચે વયનું ઘણું અંતર છતાં સરખી ઉંમરના દોસ્ત સાથે ચર્ચા કરતા હોય એવી રીતે એ મારી સાથે અનેક વિષયોની ચર્ચા કરે. મતભેદ થાય તો સામસામી દલીલો કડક રીતે રજૂ કરીએ અને હસી પડીએ.

પછી તો ધીમેધીમે એ પુસ્તકાલય સવારના વખતમાં એક વાદ-વિવાદ–મંડળ જ બની ગયું. કેટલાક લોકો તો ખાસ એમાં ભાગ લેવા માટે જ આવતા. સંસારસુધારો, સાહિત્યચર્ચા, ધાર્મિક રૂઢિઓ આદિ અસંખ્ય વિષયો ત્યાં છેડાતા. કોકવાર શબ્દશાસ્ત્રમાં પણ ઊતરી પડીએ.

સાંગલીમાં ગાળેલા દિવસોમાં ત્યાંના બે અમલદારો સાથે મારો થોડોઘણો પરિચય થયો. એ પિતાશ્રીના બરોબરિયા, એટલે એમની સાથે વિનયપૂર્વક જ વાતો થતી. એમનો ઉલ્લેખ અહીં ન કરત, પણ એ બન્ને જણા સરકારી નોકરી છોડી નામદાર ગોખલેની સર્વન્ટ્સ ઑાવ ઇન્ડિયા સોસાઍટી (ભારત સેવક સમાજ)માં દાખલ થએલા ને એ પછી તો એમનો અને મારો સંબંધ ખૂબ વધ્યો.

એમાં એક હતા ડૉ. દેવ. એ તો આગળ જતાં ગોખલેની સોસાએટીના મુખ્ય વ્યવસ્થાપક થએલા. અને બીજા અમલદાર, જે એન્જિનીઅર હતા, એ ગુજરાતી હોવાથી ગોખલેએ એમને જાહેર સેવા કરવા ગુજરાતમાં મોકલ્યા, તે હતા અમૃતલાલ વિ. ઠક્કર—આપણા ઠક્કરબાપા, સાંગલીની એ સહજસાજ ઓળખાણનો લાભ લઇ તેઓ ગુજરાતમાં આવ્યા બાદ એમની સાથે ઠીકઠીક સંબંધ બાંધ્યો. મારા સ્નેહી શ્રી મામા ફડકે મારા જ આગ્રહને કારણે વડોદરા રાજ્યમાં સેવાનું કામ કરતા હતા. તેઓ અમદાવાદમાં ગાંધીજીના આશ્રમ શરૂ થતાં એમાં દાખલ થયા. અને પછી એમણે ગોધરામાં એક હરિજન સેવાશ્રમ શરૂ કર્યો. ઠક્કરબાપાએ પણ હરિજન કામને જ પોતાની ઉત્તમ સેવા આપી. બાપા સાથે અવારનવાર કામ કરવાની તક મળે ત્યારે ખરેખર ઘણો આનંદ થતો અને કોકવાર અમે સાંગલીના દિવસો પણ યાદ કરતા.

સાંગલીનાં સંસ્મરણો આમ નોંધી રાખું અને ત્યાંની કૃષ્ણા નદીમાં સ્નાનાનંદ માણ્યાનો ઉલ્લેખ ન કરું તો કેમ ચાલે? કૃષ્ણા તો ગોદાવરી સાથે મહારાષ્ટ્રની મુખ્ય નદીઓમાં ગણાય. ભીમા નદી પણ એટલી જ મહત્ત્વની, પણ આ બે કરતાં નાની. એનું મહત્ત્વ પંઢરપુરને કારણે વધ્યું.

ડૉ. દેવ અને એન્જિનીઅર ઠક્કર બંને જણા સાંગલી રાજ્યના મોટા હોદ્દા ઉપર હતા. પરિણામે સમાજમાં એમની પ્રતિષ્ઠા પણ ઉત્તમ. પોતપોતાની ઢબે સમાજની સેવા પણ ઉત્તમ કરી. રાજ્યની નોકરી એટલે આવક પણ સારી. આવું બધું છોડી આ બંને જણા નામદાર ગોખલેની સર્વન્ટ્સ ઑાવ ઇન્ડિયા સોસાએટીમાં જોડાયા એની મારા મન ઉપર ભારે અસર થઈ; બધા સગવડો અને પ્રતિષ્ઠાનો મોહ છોડી એમણે ત્યાગમય જીવન પસંદ કર્યું અથી એમાં જ જીવનની સાર્થકતા છે એમ મારા મનમાં ઠસી ગયું. પુસ્તકાલયમાં બેસીને અનેક ચર્ચાઓ કરતાં મનની (બુદ્ધિ અને ભાવનાની) જાગૃતિ તો થઈ હતી, પણ પોતાના જીવનનું શું કરવું એના મનોમંથનમાં દિશા જડતી ન હતી. તે આ બે દાખલાઓમાંથી સહજે જડી.

પણ એ રસ્તે જવાનું મન ન થયું. એનું એક જ કારણ. મને થયું કે આ તો સંતજીવનની સાર્થકતા ગણાય; ને મારે ક્રાંતિકારી થવું છે. સંતજીવનમાં સંપત્તિ, સુખસગવડે અને પ્રતિષ્ઠાનો ત્યાગ આવી જાય છે, સત્તા અધિકારનો પણ ત્યાગ રહેલો છે; પણ પ્રાણ પેણ એ વસ્તુ નાખી જ છે.

દેશ પરતંત્ર છે. એને સ્વતંત્ર કરવા માટે આજની સ્થિતિમાં કેવળ સેવાથી સફળતા નહિ જ મળવાની, પણ દેશને સ્વતંત્ર કરવામાં ફાંસીએ જવાની તક મળે તો એ ખરેખરો પૂર્ણ ત્યાગ હશે. 'નવા સંત' થઇને સેવા કરનારા લોકો તો દેશને ગમે તેટલા મળશે, પણ પ્રાણાર્પણ કરવાની તૈયારીવાળા કેટલા હશે? આ જાતનું મનોમંથન ઉત્કટ થયું. □


વિનાયક દામોદરપંત સાવરકર

લેખક • પ્રિ. વસંત જોષી

નાસિકમાં શરૂ કરેલી પ્રવૃત્તિઓને પૂનાની ફર્ગ્યુસન કૉલેજમાં સાવરકર સારી પેઠે વિકસાવી શકયા. આખા મહારાષ્ટ્રમાંથી વિદ્યાર્થીઓ ફર્ગ્યુસનમાં ભણવા આવતા. સાવરકરે કૉલેજમાં 'સ્વદેશીને ઉત્તેજન'ની ચળવળ શરૂ કરી. વકતૃત્વસભામાં ભાગ, ભાષણો, કસરત, કવિતાલેખન એ બધું તો ચાલુ હતું જ. સ્વદેશીને ઉત્તેજન આપવું હોય તો પરદેશી માલનો બહિષ્કાર કરવો જોઈએ, અને લોકોની લાગણીઓને જીતી લેવા માટે નયનોદ્દીપક એવું કંઈ કરવું જોઈએ. પરદેશી કપડાંની હોળી કરવાનો કાર્યક્રમ સાવરકરે નક્કી કર્યો. લોકમાન્ય ટિળકે પહેલાં એનો વિરોધ કર્યો. આખરે વિદ્યાર્થી કાર્યકર્તાઓની લાગણી જોઈ ટિળકે સંમતિ આપી અને કૉલેજના વિદ્યાર્થીઓએ સાવરકરની આગેવાની હેઠળ પરદેશી કાપડની પ્રચંડ હોળી કરી. દેશભરમાં એની ટીકા થઈ. કૉલેજના આચાર્ય ડૉ. પરાંજપેએ સાવરકરનો દસ રૂપિયા દંડ કર્યો. એ દંડની જાહેરાત થતાંમાં જ મહારાષ્ટ્રના અનેક ઠેકાણેથી લોકોએ સાવરકરને પૈસા મોકલી આપ્યા! સાવરકરે દંડ પોતાના ગજવામાંથી ભર્યો અને લોકો તરફથી આવેલા પૈસા એ વખતના રાષ્ટ્રીય 'પૈસા ફંડ'માં આપી દીધા. આચાર્ય દંડથી અટકયા નહિ. એમણે સાવરકરને કૉલેજમાંથી કાઢી મૂકયા. આમ આ દેશમાં પરદેશી માલની પહેલી હોળી કરનાર અને રાષ્ટ્રસેવાની ફલશ્રુતિ તરીકે કૉલેજમાંથી રુખસદ મેળવનાર પહેલા ભારતીય સાવરકર હતા. ગાંધીજી અને એમના ગુરુ ગોખલેએ આ હોળીનો ધિક્કાર કર્યો, કારણ કે બન્નેને બહિષ્કાર અને હોળીમાં દ્વેષની લાગણી અને હિંસાની ગંધ આવી. પછી જમાનો બદલાયો અને સત્તર વર્ષ પછી ગાંધીજીએ જ ૧૭મી નવેમ્બર ૧૯૨૧ને દિવસે મુંબાઈમાં પરદેશી કાપડની હોળી કરી!

ઈ. ૧૯૦૫માં બી.એ. થઇને સાવરકરકાયદાનો અભ્યાસ કરવા મુંબાઈ આવ્યા. એ જ સમયે પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા ભારત પાછા આવ્યા હતા અને કોઈ લાયક વિદ્યાર્થીને ઈંગ્લૅન્ડમાં અભ્યાસ કરવા શિષ્યવૃત્તિ આપવાની એમની ઇચ્છા હતી. શિષ્યવૃત્તિની રકમ ખાસ મોટી ન હતી. તેથી પોતાના સસરા સાથે આર્થિક મદદ વિષે ચર્ચા કરી. સાવરકરે શિષ્યવૃત્તિ માટે અરજી કરી. અરજીની ભલામણ કરી હતી લોકમાન્ય ટિળક ને જાણીતા દેશભક્ત શિવરાવ પંત પરાંજપેએ! શ્યામજી કૃષ્ણ વર્માએ સાવરકરની પસંદગી કરી અને ૨૦મી મે ૧૯૦૬ને દિવસે કરારપત્ર ઉપર સહી થઈ. સાવરકરને ૪૦૦ રૂપિયા શિષ્યવૃત્તિના પહેલા હપતા તરીકે મળ્યા. સાવરકરે પંડિત શ્યામજી કૃષ્ણને લખ્યું: 'મારો શબ્દ આપું છું કે પરોક્ષ કે અપરોક્ષ રીતે સરકાર તરફથી કોઈ પણ લાભ મેળવવાનો પ્રયત્ન કરીશ નહિ, સરકારની નોકરી કદી ય સ્વીકારીશ નહિ અને સરકારી નોકરી કરવાની ભલામણ કોઈને કરીશ નહિ.' પત્ની યમુના અને પુત્ર પ્રભાકર તેમજ અસંખ્ય મિત્રો અને હિતેચ્છુઓની વિદાય લઈ નવમી જૂને સાવરકર ભારતમાંથી ઈંગ્લૅન્ડ જવા રવાના થયા.

ઇંગ્લૅન્ડમાં અભ્યાસ એ કર્તવ્ય હતું. પણ ક્રાંતિની તૈયારીઓ આગળ ધપાવવાની હતી. અભિનવ ભારતની શાખા હવે ઇંગ્લૅન્ડમાં ખુલ્લેખુલ્લું કાર્ય કરતી થઈ. આયર્લૅન્ડ, રશિયા, ફ્રાન્સ, જર્મનીમાં ભારતની કથા સંભળાવતી હતી અને ત્યાંથી સહાનુભૂતિ મેળવતી હતી. ૧૯૦૭માં જર્મનીમાં એક પરિષદ મળવાની હતી. એમાં હાજરી આપવા સાવરકરે બે પ્રતિનિધિઓની નિયુક્તિ કરી. ભારતના પ્રતિનિધિ તરીકે એમને હાજર રહેવાનું હતું. એક પ્રતિનિધિ ભીખાઈજી કામા હતાં. પરિષદની શરૂઆતમાં બધા દેશોના પ્રતિનિધિ પોતાનો રાષ્ટ્રધ્વજ હાથમાં લઇ



૮૦ વર્ષની વયે

वि. दा. सावरकर.

'માર્ચપાસ્ટ'માં જોડાવાના હતા. પણ ભારતનો કોઈ રાષ્ટ્રધ્વજ ન હતો! ત્યાં માદામ કામાએ હાથે એક રાષ્ટ્રધ્વજ બનાવ્યો અને તે હાથમાં લઈ સરઘસમાં ભાગ લીધો. સ્વતંત્ર ભારતના સ્વપ્નને આકાર આપતો ભારતનો પહેલો ધ્વજ આ રીતે ઈ. ૧૯૦૭માં જર્મનીમાં ફરકયો.

ઈંગ્લૅન્ડમાં વસતા ભારતીય લોકોના મનમાં સાવરકરે જાગૃતિની મહાન જ્વાળા પ્રકટાવી. એમણે લોકોને કહ્યું: '૧૦મી મેનો દિવસ આપણે રાષ્ટ્રીય દિવસ તરીકે ઊજવવો જોઈએ, કારણ કે તે દિવસે ૧૮૫૭માં આપણા લોકોએ સ્વાતંત્ર્યયુદ્ધ જાહેર કરેલું. આપણા લોકો એમાં હાર્યા અને અંગ્રેજોનું રાજ્ય નાશ પામ્યું નહિ તેથી ભલે અંગ્રેજો એ યુદ્ધને બળવા તરીકે ઓળખાવે, પણ આપણે મન એ યુદ્ધ ગુમાવેલી સ્વતંત્રતા ફરી મેળવવાનો પ્રયત્ન હતું એ ભૂલવું ન જોઈએ અને એમાં શહીદ થએલાઓનું સ્મરણ તાજું રાખવું જોઈએ. અંગ્રેજોની નજરે જોઈએ તો આ પ્રચાર રાજદ્રોહ જ ગણાય.'

અભિનવ ભારતની ચળવળ હવે ખૂબ વધી હતી. દેશના ઘણા પ્રદેશોમાંથી એને સારો આવકાર અને સમર્થન મળ્યાં હતાં. ભારતમાં ઘણે ઠેકાણે રાજકીય અત્યાચાર થઈ ચૂકયા હતા. સશસ્ત્ર અને તેથી હિંસક આંદોલન કેટલાંને હોમી દેશે એની કોઈ અટકળ કરી શકતું ન હતું. ભારતના ક્રાંતિકારકોને શસ્ત્રો ચલાવવાની તાલીમ આપવાની હતી. પણ શસ્ત્રો કયાંથી મેળવવાં? સાવરકર અને એમના મિત્રોએ બૉમ્બ બનાવવાની રીત શીખી લીધી હતી અને ભારતમાં ગુપ્ત રીતે હથિયારો તથા દારૂગોળો મોકલવાની શરૂઆત પણ કરી હતી. ઇંગ્લૅન્ડમાં વારંવાર સભાઓ થતી હતી અને ક્રાંતિકારી વીરો તરફ સહાનુભૂતિ કેળવવામાં આવતી હતી. ભારતમાં કેટલાક અંગ્રેજ અધિકારીઓનાં ખૂન થયાં હતાં અને સામે સરકારી અત્યાચારોએ પણ માઝા મૂકી હતી. એ અત્યાચારોનો બદલો લઈ ભારતના ક્રાંતિવીરોને વધુ પ્રેરણા આપવાની હતી.







સાવરકરના અનન્ય ભક્તોમાં મદનલાલ ધીંગરા નામનો એક યુવાન હતો. સ્વભાવે એ નીડર હતો. એક વાર એ સાવરકર પાસે આવ્યો અને બોલ્યો: 'હું શહીદ થવા તૈયાર છું. પણ યોગ્ય સમય ક્યારે આવવાનો છે? મારે કેટલી રાહ જોવાની છે?' સાવરકરે જવાબ આપ્યો: 'શહાદત માટે કોઈ માણસ તૈયાર થાય એનો અર્થ એ જ કે સમય પાકચો છે!' લૉર્ડ કર્ઝને એ વખતે બંગાલના ભાગલા કર્યા હતા. ધીંગરાને મન કર્ઝન જેવો દુષ્ટ માણસ કોઈ હતો નહિ. પણ કર્ઝનનું ખૂન કરવાની તક મળતી ન હતી. અને દેવી કોઇ ગોરાનું લોહી માગતી હતી. અંતે ઇંડિયા હાઉસનું ભેજું ગણાતા સર કર્ઝન વાઈલીનું અધીર ધીંગરાએ એક સભામાં ખૂન કર્યું. સર કર્ઝનને બચાવવા જતાં એક પારસી ભાઈ કાવસજી લાલકાકા પણ ઘવાયા અને મરણ પામ્યા. ધીંગરાની ધરપકડ થઇ. ઇંગ્લૅન્ડમાં પ્રચંડ ક્ષોભ જાગ્યો. ત્યાં રહેતા ભારતીયો ગભરાયા. એમણે ધીંગરાનો નિષેધ કરવા સભા બોલાવી. બધા વક્તાઓએ (જેમાં ધીંગરાના નજીકના સગા પણ હતા) ધીંગરાનો નિષેધ કર્યો. અંતમાં પ્રમુખે પ્રસ્તાવ મૂક્યો: 'આ સભા સર્વાનુમતે ઠરાવ કરે છે કે......' ત્યાં તો સભામાં ગર્જના સંભળાઈ: 'સર્વાનુમતે? જરા ય નહિ. હું ઠરાવનો વિરોધ કરું છું!' બધાંની દૃષ્ટિ એ અવાજની દિશામાં વળી. 'કોણ? તમે કોણ છો?' જવાબ આવ્યો: 'હું, સાવરકર, ઠરાવનો વિરોધ કરું છું.' ત્યાં કોઇએ સાવરકર તરફ કોઈ ભારે વસ્તુ ફેંકી. તે એમના કપાળ પર વાગી. એમનાં ચશ્માં તૂટી ગયાં અને કપાળમાંથી લોહી વહેવા માંડયું. સાવરકરનું ભાષણ ચાલુ રહ્યું. સભામાં નાસભાગ થઈ. સાવરકરના મિત્રો એમને એમના રૂમ પર લઇ ગયા. એક ભારતીયે કર્ઝન વાઈલીના ખૂન પછી હસતાં હસતાં કહ્યું હતું: 'એ સાહેબ ઢળી પડ્યા ત્યારે એમની મડમ કેવી એમને બચાવવા ધમાલ કરતી હતી!' સાવરકર ગુસ્સે થયા અને બોલ્યા: 'પતિ મરી જતો હોય ત્યારે પત્ની એને બચાવવા દોડી જાય તેમાં તમને હસવા જેવું શું લાગે છે? શરમાઓ જરા!' શત્રુ તરફ પણ સાવરકરની લાગણી કેવી હતી એનો આ એક પુરાવો છે.

અહીં ભારતમાં તો ખૂન અને કાવતરાં થતાં જ હતાં. એક કેસમાં સાવરકરના મોટા ભાઈ ગણેશપંત સંડોવાયા હતા અને પકડાઈ ગયા હતા. ૧૯૦૯માં એમને દેશવટાની સજા થઈ હતી. ઇંગ્લૅન્ડમાં પણ ક્રાંતિકારકોના સૂત્રધાર સાવરકર જ છે એવી હવે ખાતરી થઈ ચૂકી હતી; એટલે એમની સામે તોહમતનામું મૂકી સરકારે એમની ધરપકડ કરી અને એમને ભારત પાછા મોકલવાનું નક્કી કરવામાં આવ્યું. ભારતમાં એમના પર કેસ ચાલવાનો હતો. એ પ્રસંગે સાવરકરે લખેલી કવિતા 'મારું વસિયતનામું'માંથી કેટલીક લીટીઓ અગાઉ આપી છે.

સાવરકરને ભારત લઈ આવતી સ્ટીમરે ૧લી જુલાઈ ૧૯૧૦ને દિવસે પોતાની, ઐતિહાસિક બનવાની હતી તે, સફર શરૂ કરી. રસ્તામાં આવતા દેશોને અને ભારતને બ્રિટિશ સરકાર તરફથી સૂચનાઓ મળી ગઈ હતી: સાવધાન! સાવરકર કંઈ ધાંધલ કરે તો સ્ટીમરના અધિકારીઓને મદદ કરજો. કેદી સખત પહેરામાં હતો. ધારે તો ય એ કશું ન કરી શકે એમ હતું. એના મનમાં કેવા વિચારો આવતા હશે? જરા કલ્પના કરીએ. 'તું આવી રીતે ભારત પહોંચીશ તો ત્યાં તારા નસીબમાં શું લખાયું હશે તેનો જરા ખયાલ તો કર! ઇંગ્લૅન્ડમાં કદાચ તારો કેસ નિઃપક્ષપાતથી ચલાવી શકાયો હોત. ભારતની સરકાર તારા પર રોષે ભરાઈ છે. એના તું હાથમાં આવે એટલી જ વાર. તને એ ફાંસીએ ચડાવશે. ઉંદરની જેમ પકડાઈ જઈ આવી રીતે મરવું તને ગમશે? જે સ્વાતંત્ર્યલક્ષ્મીની જય તું હમેશાં ગર્જતો આવ્યો છે એને કેવું લાગશે? અને તું અભિનવ ભારત જેવી સંસ્થાનો પ્રમુખ, સેંકડો-હજારો દેશભક્તો તારો શબ્દ ઝીલી જાન કુર્બાન કરવા તૈયાર છે, અને તું આમ ગરવા માગે છે? નાસી છૂટ અહીંથી! નાસી જવું એ કંઈ હમેશાં નામર્દાઈનું લક્ષણ નથી હોતું. યાદ કર: નેપોલિયન એલ્બાથી નાસી છૂટ્યો હતો. તું જે ગીતાનું પઠન કરે છે એનો ઉદ્‌ગાતા કૃષ્ણ ક્યાં જરાસંધને ત્યાંથી નહોતો નાઠો? અને તારા વહાલા શિવાજી મહારાજ? આગ્રાથી એ પણ નાઠા હતા તે ભૂલી ગયો? બતાવ દુનિયાને કે ભારતમાંથી બહાદુરી આથમી ગઈ નથી!'

'દિવસરાત વિચારોનું તોફાન ચાલુ રહેતું પણ માર્ગ સૂઝતો ન હતો. જુલાઈ સાતમીનું પ્રભાત. સ્ટીમરે માર્સેલ્સ બંદરમાં લંગર નાખ્યું. કેદી સાવરકરના મનમાં એક વિચાર સ્ફૂર્યો. પહેરાવાળાને કહ્યું: મારે જાજરૂ જવું છે. પહેરાવાળા એમને ત્યાં દોરી ગયા. અંદર દાખલ થઈ સાવરકરે આગળિયો બંધ કરી દીધો. બારણાના ઉપલા ભાગમાં પારદર્શક કાચ હતો તેના પર પોતાનો રાત્રિવેશ (નાઈટ ગાઉન) નાખ્યો ને સ્વાતંત્ર્યલક્ષ્મી કી જય બોલી બારા (port hole)માંથી સમુદ્રમાં ઝંપલાવ્યું. બારું ખોલતાં થોડો અવાજ થયો. પહેરાવાળો ચમક્યો. એણે બૂમાબૂમ કરી, સાવરકર દરિયામાં પડ્યા. ત્યાં ઉપરથી બંદૂકોની ગોળીઓ છૂટવા માંડી. નાસિકમાં ભણતા ત્યારે ગોદાવરીમાં રોજ તરવા જતા તેનો આજે ખરો ઉપયોગ થયો. ગોળીઓથી જાન બચાવતા ફ્રાન્સને કિનારે પહોંચ્યા.

સવારનો વખત હતો. રાહદારી ખાસ હતી નહિ. સામે પોલીસવાળો

સામેના પાના પર અનુક્રમે
સાવરકર
૧) 'અભિનવ ભારત સોસાએટી'ના સ્થાપક યુવાન વયે
૨) ઈ. ૧૯૨૫માં નાસિકની જેલમાંથી છૂટયા ત્યારે
૩) 'હિંદુ મહાસભા'ના પ્રમુખ



◁ આંદામાનમાં જે કોટડીમાં સાવરકરને રાખવામાં આવેલા તે

દેખાતો હતો. પણ ફ્રેંચનો શબ્દ આવડે નહિ. વાત શી રીતે કરવી? કોઈ વાહનમાં બેસી ત્યાંથી દૂર જવાય તો...પણ પાસે પૈસોય ન હતો. સ્ટીમર પરથી હોડી નીકળી ચૂકી હતી. એને આવતાં કયાં વાર લાગતી હતી? પોલીસને વિનંતી કરી. એને અંગ્રેજી આવડતું ન હતું. અંગ્રેજોની જ્યાં સત્તા ચાલતી ન હતી એવી ભૂમિમાં સાવરકરે પ્રવેશ કર્યો હતો. ત્યાંથી એમને પકડવાનો કોઈને અધિકાર ન હતો. ત્યાં હોડી કિનારે આવી. અધિકારીઓ નીચે ઊતર્યા, કેદીની પાસે આવ્યા અને એને પકડી પાછા ચાલતા થયા.

જગતના દેશોએ ફરિયાદો કરી કે આંતરરાષ્ટ્રીય કાયદાઓનું અપમાન થયું છે. પરભૂમિમાં પ્રવેશ કરી કોઈ પણ દેશના અધિકારીઓ પોતાને જોઈતા માણસને પકડી શકે નહિ. મામલો હેગની આંતરરાષ્ટ્રીય કોર્ટમાં જવો જોઈએ. ત્યાં ન્યાય થાય તે ખરો. પણ કયાં કોઈના ધ્યાનમાં હતું કે ન્યાયાધીશ પ્રામાણિક હોય તો ય તેના પર કોકવાર દબાણ લાવી શકાય છે, અને ન્યાયાધીશ નબળો હોય ત્યારે રાજસત્તા તરફથી આવેલા દબાણને તે અવમાની શકતો નથી! સાવરકર ન્યાયસંસ્થા તરફ શ્રદ્ધા ધરાવતા હતા. એમને મન એમ હતું કે હેગ પોતાને છોડાવશે. આશા-નિરાશાના મંથનમાં એમણે દિવસરાત વીતાવ્યાં. સ્ટીમર હિંદ આવી પહોંચી. પણ હેગનો નિર્ણય આવે ત્યાર પહેલાં હિંદી સરકારે એમનો કેસ ચલાવ્યો. એમનું કંઈ વક્તવ્ય હોય તો તે આપવાની એમને રજા આપવામાં આવી. એમણે કહ્યું: 'હું નિર્દોષ છું. મારા પર કેસ ચલાવવાનો આ કોર્ટને અધિકાર નથી. મારે કશુંય કહેવું નથી.' જ્યાં અન્યાયથી કેસ ચાલવાનો હતો ત્યાં જવાબ કેવો? અને બોલવાથી લાભ શો થવાનો હતો? ન્યાયાધીશ શો નિર્ણય આપવાના છે એ વિષે બે મત હતા જ નહિ. ત્રણસોથી વધુ સાક્ષીઓની જુબાની થઈ. ઘણાએ ફરિયાદ કરી કે એમના પર અત્યાચાર ગુજારી એમના જવાબ લખી લેવામાં આવ્યા હતા પણ ન્યાયદેવતા નિષ્ઠુર બની હતી, અડસઠ દિવસ કેસ ચાલ્યો. લોકો નિર્ણય સાંભળવા આતુર હતા. ન્યાયાધીશ બોલ્યા: 'વિનાયક દામોદર સાવરકર! કોર્ટ તમને જીવનપર્યંતના દેશવટાની સજા ફરમાવે છે અને તમારી બધી મિલકત જપ્ત કરે છે.' ૨૩મી ડિસેંબર ૧૯૧૦ના રોજ આ બનાવ બન્યો.

પણ સરકારને આટલાથી સંતોષ ન હતો. સાવરકર સામે બીજા આક્ષેપો હતા જ. એટલે બીજો કેસ ચાલ્યો. અને સજા? બીજીવાર જીવનપર્યંતનો દેશવટો! આ નિર્ણય જાન્યુઆરી ત્રીસમી ૧૯૧૧ના રોજ આવ્યો. એક દેશવટો એટલે પચ્ચીસ વર્ષ; અને બે દેશવટા એટલે પૂરાં પચાસ વર્ષ! કેદીએ કહ્યું: 'તમે ફરમાવો તે સજા ભોગવવા તૈયાર છું. હું માનું છું કે મારા જેવાના બલિદાનથી જ મારી માતૃભૂમિની આઝાદી નજીક આવશે.' જગતના ઇતિહાસમાં આવા મુકદ્દમા ભાગ્યે જ ચાલ્યા હશે. સાવકરના કેસના રિપોર્ટ સરકારે કયાંય છપાવ્યા નથી.

હવે એક જ આશા હતી: આંતરરાષ્ટ્રીય ન્યાયાલયનો નિર્ણય અનુકૂળ આવે તો...અને એક દિવસ એ નિર્ણય આવ્યો: 'અંગ્રેજ સરકારે તમને ફ્રાન્સની સરકારને સોંપી દેવા જોઈએ એવો અંગ્રેજોને બંધનકર્તા નિર્ણય આપી શકાય નહિ!' એનો અર્થ એટલો જ કે પચાસ વર્ષની સજા ભોગવવાની અને ૧૯૬૧માં જેલમાંથી મુક્તિ મેળવવાની! અને એ પણ દરિયાપારના એક મુલકમાંથી—આંદામાન ટાપુમાંથી. દેશવટાના બધા કેદીઓને ત્યાં લઈ જવામાં આવતા. અભિનવ ભારતવાળા ક્રાંતિવીરોએ જેલમાં જવાની શરૂઆત કરી ત્યાર પહેલાં ચોર, ખૂની, બદમાશ, એવા નીચ અને ભયંકર અપરાધોની સજા પામેલા લોકો જ આંદામાનમાં દેશવટો ભોગવતા. મોટા ભાગના એ લોકોમાં માણસાઈનો અંશ પણ રહેતો નહિ. ગુનાઓ કરી વારંવાર સજાઓ પામી તેઓ એટલા રીઢા બની જતા કે એમનામાં સદ્ભાવનાઓ રહેતી જ નહિ. એવા લોકોમાં જગત જેના તરફ આદરથી જોતાં શીખ્યું હતું એવો એક દેખાવડો અને દુનિયામાં જેની બહાદુરીનાં વખાણ ગવાતાં હતાં એવો કેદી ભળે એ કેવું વિચિત્ર હતું! પત્નીને ઘેર મૂકી, સરકારી નોકરીનો મોહ છોડી માણસ પચાસ વર્ષ માટે જેલમાં શા માટે આવ્યો હશે એ એમને સમજાતું ન હતું! અને જેવા એ કેદીઓ એવા એમના ચોકીદારો! જેમણે મહાભયંકર અપરાધ કર્યા હોય અને જેઓ ત્યાં આવતા ભયંકર કેદીઓ પર દાદાગીરી કરી શકે એવા! અને જેલનો અધ્યક્ષ? એ તો કહેતો કે આંદામાનમાં ઈશ્વર એક જ હતો અને તે–એ પોતે, બૅરી સાહેબ! અને કેદી સાવરકર જેવો ભયંકર માણસ! બ્રિટિશ સલ્તનતને ધ્રુજાવે એવો! એ કેદીને એકલો જ રાખવો જોઈએ; કોઈની સાથે એ વાત સરખી ન કરી શકે એવી તકેદારી રાખવી જોઈએ; એને લખવા-વાંચવાનાં કોઈ સાધન ન આપવાં જોઈએ; અને પહેલાં એનું શરીર અને પછી મન તૂટી જાય એવા પ્રયત્નો આંદામાનના પરમેશ્વરે કરવા જોઈએ!

પહેલાં તો આ ગમ્યું નહિ. કેદીનો વેશ, કેદીનો નંબરવાળો બિલ્લો અને બિલ્લા પર મુક્તિની તારીખ, હાથે-પગે સાંકળો...ટેવાતાં વાર લાગી. કોટડીમાં દીવો કોઈ દિવસ મળે નહિ. સાંજ પડે અને અંધારું થાય કે સવાર સુધી અંધારામાં સૂવાનું કે વિચાર કરતાં રાત જાગવાનું! એક કે બે દિવસ નહિ, પચાસ વર્ષ! વખત શી રીતે વીતાવવો? મુક્ત હતા ત્યારે ઘણી વાર મનમાં થતું, એકાદ મહાકાવ્ય લખાય તો? પણ ફુરસદ મળતી ન હતી, હવે જોઈતી હતી તેનાથી વધુ ફુરસદ હતી. દરરોજ મનમાં કવિતાની લીટીઓ ગોઠવવી, સવારે ગઈ સાંજ સુધી ગોઠવાએલી લીટીઓ યાદ કરવી અને નવી લીટીઓ રચવી એવો ક્રમ શરૂ થયો. આગળ જતાં હાથમાં કંઈ સાધન આવ્યાં અને દીવાલ પર લખવાની શકયતા દેખાઈ... અને મરાઠી સાહિત્યમાં આજે અમર થઈ ગઈ છે એવી ઘણી કવિતા ત્યાં લખાઈ કે મનમાં ગોઠવાઈ.

શરીર તૂટી જાય એવું કામ આખો દિવસ કરવાનું. છિલકા એટલે નાળિયેળનાં છોતરાં ખાંડવાનાં, હાથે લોહી નીકળે તેનો વાંધો નહિ. ઘાણીએ જોડાવાનું અને રોજનું ત્રીસ શેર તેલ જોખી આપવાનું. કામ પૂરું ન થાય તો સજા ભોગવવાની, માંદા હો કે સાજા, કામ તો પૂરું કરવું જ જોઈએ. નિર્દય ચોકીદારને દયા આવે જ નહિ. જેમ કેદીનું શરીર તૂટે અને એનું આત્મગૌરવ હણાતું કે ઘટતું લાગે તેમ ચોકીદારોને અને આંદામાનના ઈશ્વરને આનંદ થાય! દેશવીરોની સંખ્યા હવે આંદામાનમાં વધતી જતી હતી. સાવરકરનું શરીર કસાએલું હતું, એમનું મનોબળ અસામાન્ય હતું, ફરિયાદો કરવાનો એમનો સ્વભાવ ન હતો. પણ પાછળથી આવેલા નવા કેદીઓ બધા એમના જેવા ન હતા. એમણે



સાવરકર પરિવાર ઈ. ૧૯૪૧માં. બેઠેલા: વિ. દા. સાવરકર અને પત્ની યમુનાબાઈ. પાછળ ઊભેલાં પુત્રી પ્રભાત અને પુત્ર વિશ્વાસ.

અત્યાચારોનો પ્રતિકાર કરવાનું ઠરાવ્યું, કારણ કે એમનામાંના કેટલાય ગંભીર માંદગીમાં સપડાયા હતા, કેટલાકનાં મગજ ઉપર જેલના ભયંકર વાતાવરણની ઊંડી અસર થઈ હતી અને કેટલાક તો આપઘાતનો પ્રયાસ પણ કરી ચૂક્યા હતા. સહનશીલતાની અને સહનશક્તિની મર્યાદા આવી ગઈ હતી. બધા તો વિરોધ વ્યક્ત કરી શકે એવા ન હતા, પણ કેટલાક માથાના—અને માથાભારે થઈ શકે એવા હતા. એમણે ખોરાક છોડી દીધો, વસ્ત્રો છોડી દીધાં અને ચોકીદારોના અને જેલરોના દિલમાં પરિવર્તન લાવવાના માર્ગ શોધવાના અખતરા અજમાવ્યા. વાતાવરણ ધીમે ધીમે બદલાતું હતું. શરૂઆતમાં લાગતા હતા તેટલા ભયંકર સાવરકર હતા જ નહિ એવું બૅરી સાહેબને લાગ્યું. પરદેશથી આવતા પ્રવાસીઓ સાવરકર વિષે પૂછપરછ કરતા અને એમને મળવાની ઉત્સુકતા દર્શાવતા તેથી અર્ધશિક્ષિત બૅરીના મનમાં પણ સાવરકર વિષેની લાગણીઓમાં થોડો થોડો ફેર પડવા માંડ્યો. કેદીઓને પણ સાવરકર પ્રત્યે આદરભાવના જાગ્રત થઈ. પરસ્પર પરિચય વધવાની શક્યતાઓ વધી ને દેશમાં પણ કરવું જોઈતું હતું એવું કામ હાથમાં લેવાની તકો મળવા લાગી.

ઘણાખરા કેદીઓ અભણ હતા. ધર્મ કે ઇતિહાસ વિષે તેઓ કશું જાણતા નહિ. બીજા ધર્મના માણસના હાથનું પાણી પીવાથી માણસ વટલાઈ જાય છે એવી તેમની માન્યતા રહેતી. ઘણી વાર હિંદુ તરીકે જેલમાં આવેલો કેદી મુક્તિ મેળવતાં મુસલમાન નામધારી થઈ બહાર જતો. સાવરકર રૂઢિપ્રણીત ધર્મમાં માનતા ન હતા, પણ કોઈના અજ્ઞાનનો લાભ લઈ એને વટલાવવામાં આવે એ વાત એ સાંખી લેવા તૈયાર ન હતા. મુસલમાન બની ગએલા એક કેદી સાથે વાતો કરી એને ફરી હિંદુ ધર્મમાં લેવાનો એમણે વિચાર કર્યો. મહાપ્રયત્ને એ કેદી તૈયાર થયો. વિરોધ ખૂબ થવાનો હતો, મારપીટની ધમકીઓ મળવાની હતી; પણ સાવરકરની તરફેણમાં યે ગુંડાઓ ક્યાં ન હતા? એક વાર મોટું ધાંધલ થયું; મારામારી પણ સારી થઈ અને જેલના અધિકારીઓને એની જાણ થતાં એમણે નવો નિયમ કરવો પડ્યો કે કોઈની ઇચ્છા વિરુદ્ધ એનું ધર્માંતર કરવું નહિ. આથી પરધર્મમાં ગએલા ઘણા સ્વધર્મમાં પાછા આવ્યા ને 'શુદ્ધિકરણ'ની આ ક્રિયા આંદામાનમાં સારા પાયા પર ચાલી શકી.

કેદીઓનું ભારતના પ્રદેશો વિષેનું અજ્ઞાન ન સહી શકાય એવું હતું ત્યાં પરદેશ વિષેના એમના જ્ઞાન-અજ્ઞાનની વાત જ ક્યાં કરવી? પહેલાં બધાંને અક્ષરજ્ઞાન આપવાની જરૂર હતી. સાવરકરે ગુજરાતી, બંગાળી, પંજાબી (એટલે ગુરુમુખી) એ બધી લિપિઓ શીખી લીધી હતી. લોકોને એ શીખવી એમણે જેલમાં જ શિક્ષકો તૈયાર કર્યા. ભારતની જેટલી ભાષાઓ શીખી શકાય એટલી શીખી લેવી એવો આદેશ બધા કેદીમિત્રોને આપ્યો. હિંદી ભાષા રાષ્ટ્રભાષા હોવાથી તે શીખવી જ જોઈએ એવો આગ્રહ રાખ્યો અને અક્ષરજ્ઞાન પછીનું પગલું એટલે ગ્રંથવાચન તરફ ધ્યાન આપવા માંડ્યું. જેલમાં એક ગ્રંથાલય હતું. તેમાં પુસ્તકો આવતાં. કેદીઓને મજૂરી મળતી એમાંથી પણ પુસ્તકો ખરીદવાં એમ એમણે સૂચવ્યું. પરિણામે ભારતની દરેક ભાષાનાં શ્રેષ્ઠ પુસ્તકો આંદામાન જેલના ગ્રંથાલયમાં વસાવાયાં; અને કેદીઓને વાંચવાની ટેવ પડતી ગઇ તેમ તેમના ઝઘડા ને મારામારીઓની સંખ્યા ઓછી થતી ગઈ. કેદીઓની રહેણી અને ભાષા સુધરી અને જેલમાં વ્યવસ્થા કે શિસ્ત સાચવવાનું કામ જરા હળવું થયું છે એમ ખુદ અધિકારીઓને લાગવા માંડ્યું. જે સાવરકર વિષે અધિકારીઓના મનમાં ભય કે અણગમો હતો તે ધીરે ધીરે ઓછો થયો. પણ એનો અર્થ એવો નહિ કે તેઓ સાવરકરને નિરુપદ્રવી પ્રાણી તરીકે સ્વીકારવા તૈયાર હતા. એવામાં ૧૯૧૪નું મહાયુદ્ધ શરૂ થયું. સાવરકરના મનમાં આશા જાગી કે અંગ્રેજોના દુશ્મનો પોતાના (સાવરકરના) છુટકારા માટે કંઇક કરશે. અંગ્રેજ અધિકારીઓના મનમાં પણ આશંકા રહેતી કે જર્મની આંદામાન પર હુમલો કરી સાવરકરને મુક્ત કરે તો? એટલે પહેરો હવે સખત રાખવામાં આવતો!

જેલના કેદીઓમાં આ જાગૃતિ લાવવાની તક સાવરકરને મળી એનું મુખ્ય કારણ એ હતું કે રાજબંદીઓનો આંદામાન તરફ જે પ્રવાહ ચાલુ રહ્યો હતો તેમાંના ઘણા પૂરી મુદતની સજા ભોગવી ભારત પાછા આવતા ત્યારે અહીંના નેતાઓને મળતા, તેમની આગળ સાવરકર અને અન્ય બંદી વીરોની મુશ્કેલીઓનો ચિતાર રજૂ કરતા, છાપાંઓમાં કાગળો લખતા-લખાવતા અને ધારાસભાઓમાં સવાલો પુછાવતા. લોકોનું આંદામાન વિષેનું જ્ઞાન વધતું ગયું તેમ કેદીઓની સ્થિતિ સુધારાવવા માટેના પગલાં વિચારવાની તકો વધતી ગઈ ને સરકારને જેલની અંદરની સ્થિતિ સુધારવાની ફરજ પડી. સાવરકરની આ સિદ્ધિઓનું વર્ણન અહીં તો ટૂંકમાં કર્યું છે, પણ એ મેળવતાં વર્ષો વીત્યાં, અને એમની તબિયતપે એટલી હદે બગડી ગઈ કે તે મરણપથારીએ છે એવું લાગવા માંડ્યું. સરકારને પણ હવે લાગવા માંડ્યું કે રાજબંદીઓને આંદામાન મોકલવા ન જોઇએ. દરેક કેદીના મનમાં મુક્તતાની આશા જાગી. કેટલાયને ભારતની જેલોમાં પાછા લઇ જવાયા. પાંચમા જ્યૉર્જનો રાજ્યાભિષેક અને પહેલા મહાયુદ્ધમાં વિજય એ બે આનંદોત્સવ પ્રસંગે ઘણાને સજામાં રાહત મળી અને ઘણાને છોડી મૂકવામાં આવ્યા. પણ સાવરકરને કોઈ પણ સવલત કે લાભ મળ્યા નહિ. આખરે સમાચાર આવ્યા કે સાવરકરને આંદામાનની જેલમાંથી ભારતની કોઇ જેલમાં લઇ જવામાં આવનાર છે. જેલવાસી મિત્રોએ એમને અભિનંદન આપ્યાં. જેમને શક્ય હતું એમણે વિદાય આપી. એ વર્ષ હતું ૧૯૨૧નું. સાવરકરે જેલમાંથી બહાર નીકળતાં પહેલાં બંદીમિત્રોને સંદેશ આપ્યો:

એક દેવ, એક દેશ, એક આશા;
એક જાતિ, એક જીવ, એક ભાષા.

આંદામાન છૂટયું પણ બંદીવાસ ચાલુ જ રહ્યો. હવે એમને રત્નાગિરિની જેલમાં રાખવામાં આવ્યા હતા. આંદામાન ને રત્નાગિરિ: એક દરિયાપાર ને બીજું આપણા દરિયાકિનારે. જેલના અંતરંગમાં ખાસ ફેર ન હતો. આંદામાનમાં હતી એવી જ ભીષણતા અહીં હતી, એવા જ ચોકીદારો અહીં હતા, વાતાવરણ અને સમસ્યાઓ પણ એવાં જ હતાં. આંદામાનમાં શરૂ કરેલી પ્રવૃત્તિઓ અહીં પણ શરૂ કરવાની હતી. કાવ્યલેખન આગળ ધપાવવાનું હતું. બે વર્ષ ત્યાં ગાળ્યાં, પછી ૧૯૨૩માં એમને યરવડા જેલમાં લઈ જવામાં આવ્યા. આંદામાનથી યરવડા લાવવામાં

આવેલા ઘણા રાજબંદી મિત્રો સાથે ત્યાં ફરી મુલાકાત થઈ. હવે વાતાવરણમાં ફેર પડ્યો હતો. પહેલાંના જેવી હેરાનગતિ રહી ન હતી. એવામાં ૧૯૨૬માં એક દિવસ મુંબાઇના ગવર્નર બે-ત્રણ મોટા અધિકારીઓ સાથે સાવરકરને મળવા આવ્યા, અને રાજકારણથી દૂર રહેવાનું સાવરકર આશ્વાસન આપે તો એમને મુક્ત કરવાની ભલામણ પોતે કરી શકશે એમ જણાવ્યું. સાવરકરને એક કાગળનો મુસદ્દો બતાવવામાં આવ્યો. બે બાજુઓને વાંધાભર્યું જેમાં ન હોય એવું એક લખાણ તૈયાર થયું. થોડા દિવસ પછી સાવરકરને બે શરતે છોડી મૂકવામાં આવ્યા: રાજકારણમાં ભાગ લેવાનો નહિ અને રત્નાગિરિમાં સ્થાનબદ્ધ રહેવાનું—એટલે કે રત્નાગિરિ શહેરની બહાર ક્યાંય જવાનું નહિ.

રાજકારણ બંધ થયું, સ્થાનબદ્ધતા આવી પણ સાવરકરની પ્રવૃત્તિઓ બંધ પડે એમ હતું નહિ. નાનપણમાં એ ધાર્મિક હતા પણ યુવાવસ્થામાં ધર્મ-એટલે રૂઢિચુસ્ત અંધશ્રદ્ધા-પરથી એમનો વિશ્વાસ ઊડી ગયો હતો. અસ્પૃશ્યતા હિંદુ ધર્મનું મોટું કલંક છે એમ તેઓ માનતા. અસ્પૃશ્યોને સમાન અધિકાર મળવા જોઇએ, સવર્ણ હિંદુઓની જેમ એમને મંદિરમાં છૂટથી પ્રવેશ મળવો જોઇએ એવું પ્રતિપાદન કરતા લેખો લખી અસ્પૃશ્યોદ્ધારની ચળવળ શરૂ કરી. કોઇ પણ કારણસર હિંદુધર્મમાંથી પરધર્મમાં ગએલા લોકોને પાછા હિંદુધર્મમાં લેવા એમણે 'શુદ્ધિકરણ'નું કાર્ય આરંભ્યું. ગાંધીજીએ હરિજનસેવાનું કાર્ય ઉપાડયું ત્યાર પહેલાં સાવરકરે પોતાનું કાર્ય શરૂ કર્યું હતું એ ખાસ નોંધવા જેવું છે.

હવે રાજકારણથી દૂર રહી સાવરકરને સામાજિક કાર્ય કરવાની તક આપવી જોઈએ અને એમની સ્થાનબદ્ધતા દૂર કરવી જોઈએ એવી વિનંતીઓ સરકારને વારંવાર કરવામાં આવી. સરકારે એ દરેકની ઉપેક્ષા કરી ત્યારે મુંબાઇના પ્રધાનમંડળમાં જમનાદાસ મહેતા પ્રધાન હતા. એમણે ગવર્નર લૉર્ડ બ્રેબર્નને સમજાવવા ખૂબ પ્રયત્નો કર્યા. અંતે ૧૦મી મે ૧૯૩૭ને દિવસે સાવરકરની વિનાશર્ત મુક્તતા આવી. દેશભરમાં આનંદનું મોજું આવ્યું. પોતાના અસીમ આત્મભોગથી જેણે દુનિયામાં પ્રશંસા મેળવી હતી એવો પ્રખર દેશભક્ત હવે મુક્ત થયો હતો. જે સ્વાતંત્ર્યલક્ષ્મીની જય એણે પુકારી હતી એ સ્વાતંત્ર્યલક્ષ્મી હજી ભારતમાં પ્રકટ થઇ ન હતી. માતૃભૂમિનો એ અનન્ય ભક્ત હવે રાજકારણમાં પ્રવેશ કરે ને લોકોને આઝાદી તરફ લઈ જાય એવી લોકોના મનમાં અપેક્ષા હતી. રાષ્ટ્રની સેવા માટે કટિબદ્ધ એવી રાષ્ટ્રવ્યાપી અને દરેક ભારતીયના મનમાં વસતી એવી એક જ સંસ્થા ત્યારે કૉંગ્રેસ હતી. એમાં સાવરકર જોડાય તો દેશના રાજકારણમાં નવો પલટો આવે ને સાવરકર તેની નેતાગીરીના એક અનુયાયી બને એ વિષે વિવિધ તર્ક શરૂ થયા. પણ સાવરકરે બધાને આંચકો આપ્યો. એમણે પ્રત્યાઘાતી ગણાતી હિંદુ મહાસભામાં જોડાવાનો નિશ્ચય જાહેર કર્યો! લોકો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. સાવરકર હમેશાં કાળી ટોપી પહેરતા. એક ઠેકાણે એમને પૂછવામાં આવ્યું: 'તમે ખાદીની ધોળી ટોપી માથે મૂકી હોત તો તમે રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખપદે ચૂંટાયા હોત એવું તમને નથી લાગતું?' સાવરકરે આછું સ્મિત કર્યું અને બોલ્યા: 'મારા માથા પર કયા રંગની ટોપી છે તેના કરતાં મારા માથાની અંદર શું છે એ વધારે મહત્ત્વનું ખરું કે નહિ?' હિંદુમહાસભામાં જે લોકો જોડાયા હતા એ એક વખતના કૉંગ્રેસવાદીઓ જ હતા ને? ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી કે ભાઈ પરમાનંદ જેવાના આત્મભોગ કે દેશભક્તિ વિષે ક્યાં બે મત હતા? સાવરકરની હિંદુતરફી વિચારસરણીને સમજવાની ઘણી જરૂર છે. લોકો સમજે છે એવા અને માને છે એવા રૂઢ ધર્મમાં સાવરકરને જરાય શ્રદ્ધા ન હતી. હિંદુસ્તાનમાં જેનો જન્મ થયો અને જે હિંદુસ્તાન પરત્વે વફાદારી રાખવા તૈયાર છે તે હિંદુ એવી સાદી અને સરળ વ્યાખ્યા એ કરતા.

'आसिन्धुसिन्धुपर्यंता यस्य भारतभूमिका।
पितृभूश्च कर्मभूश्च स वै हिन्दुरिति स्मृतः ॥'

એવી એ 'હિન્દુ'શબ્દની વ્યાખ્યા કરતા. કોઈ પણ દેવની કે ઈશ્વરની તમે ઉપાસના કરી શકો છો; ધર્મ એટલે માનવીનો ઈશ્વર પ્રત્યેનો સંબંધ અને ભાવ. એ ખાનગી હોય; રાજકારણમાં એને સ્થાન ન હોવું જોઈએ; કોઈ માણસ અમુક ધર્મનો અનુયાયી છે એટલા કારણસર એને વિશિષ્ટ અધિકારો કે સવલતો ન મળવી જોઈએ એવું પ્રતિપાદન તેઓ કરતા. આ દેશમાં જે લોકો જન્મ્યા છે તેમણે આ દેશ પ્રત્યેની બધી જ ફરજો અદા કરવી જોઈએ. બીજા કોઈ દેશ તરફ વફાદારી રાખવી ન જોઈએ એવો આગ્રહ એ રાખતા. એમના લેખોમાં સનાતની મનોવૃત્તિની એ એવી મર્મભેદક ટીકા કરતા કે જૂનવાણી લોકો એમને હિંદુ તરીકે સ્વીકારવા તૈયાર ન હતા, ત્યારે પ્રચલિત રાજકારણમાં મોટાં સ્થાન ધરાવતા નેતાઓ એમને 'હિંદુ' નું લેબલ લગાડી દૂર રાખવાનો પ્રયત્ન કરતા!

સાવરકરને તો વિજ્ઞાનપ્રણીત સમાજરચના જોઈતી હતી. બુદ્ધિગ્રાહ્ય હોય એટલું જ માનવું અને આચરવું એ એમનો મંત્ર હતો. અહિંસામાં તેઓ માનતા નહિ. યુવાવસ્થામાં સશસ્ત્ર ક્રાંતિના પુરસ્કર્તા હતા એ કારણસર નહિ. સશસ્ત્ર ક્રાંતિના વિચારો તો ઇતિહાસમાં અંકિત થયા હતા. નવા રાજકારણમાં એમને સ્થાન ન હતું. પણ અહિંસાનું સાચું પાલન ક્યારે થઈ શકે? આપણો પ્રતિપક્ષી આપણા જેવી આધ્યાત્મિક શક્તિઓ ધરાવતો હોય ત્યારે જ. પોતાની પાશવી શારીરિક શક્તિથી એ આપણને મહાત કરે કે મારી નાખે, તો આધ્યાત્મિક શક્તિનો ઉપયોગ શો? શરીર સાથે રહેવાનું છે અને શરીર સમર્થ હોય ત્યાં સુધી જ આધ્યામિક શક્તિનું મહત્ત્વ ગણાય. પશુ જેવી શક્તિ કેળવવાની આજે જરૂર નથી. વિજ્ઞાને આપણને કેટલાં બધાં સાધનો આપ્યાં છે! માણસ ભલેને દૂબળો હોય-ભલે કાળો-પીળો હોય, એના હાથમાં છેલ્લામાં છેલ્લી ઢબનાં શસ્ત્રો આપો કે તરત જ એ કોઈ પણ દુશ્મનને, ગોરા કે બીજા વર્ણનાનો પરાજય કરી શકશે એમ તેઓ કહેતા. એકલા ધર્મ પર અધિષ્ઠિત રાજ્ય સંભવે નહિ, રાજકારણમાં ધર્મકારણ ઘૂસવું ન જોઈએ એમ તે સતત કહેતા. જરૂર પડ્યે ગાંધીજી ને ઝીણાની ટીકા કરતા. પણ એ જમાનામાં લોકોને ગળે એ વાત ઊતરતી ન હતી.

સાહિત્યકારોને પણ સાવરકર એક જ પડકાર કરતા: કલમ તોડી નાખો. હાથમાં બંદૂક પકડો. જ્ઞાતિઓ તોડી નાખો, આંતરજ્ઞાતીય અને આંતરપ્રાંતીય લગ્નો કરો, રાષ્ટ્રભાષા શીખો ને આ દેશમાં ભાવાત્મક એકતાનો પ્રવેશ થવા દો. આપણને કોઈ શાંતિથી જીવવા દેવાનું નથી એવું વારંવાર તેઓ બોલતા-લખતા. માણસનું માનસ સ્વતંત્ર હોવું જોઈએ, એણે કોઈ પ્રકારની ગુલામી સ્વીકારવી ન જોઈએ. આપણે આપણા સંભાષણમાં અંગ્રેજી શબ્દનો પ્રયોગ ન કરવો જોઈએ. અંગ્રેજી શબ્દનો પ્રયોગ કરી આપણે વ્યક્ત કરવા માગીએ છીએ એવો અર્થ અંગ્રેજો અહીં આવ્યા ત્યાર પહેલાં શું કોઈ શબ્દ દ્વારા વ્યક્ત નહોતો થઈ શકતો? આપણા શબ્દોનો ઉપયોગ કરો, આપણી ભાષા સમૃદ્ધ કરો અને ગુલામી માનસને દૂર હઠાવો. વિજ્ઞાન કે શાસ્ત્રોમાં પરદેશી શબ્દો લેવા પડે એમ કદાચ બને. જૂના જમાનામાં શાસ્ત્રીય શબ્દો કે વિચારો આપણી પાસે હતા નહિ, પશ્ચિમના લોકો પાસેથી આપણે તે લીધા છે, તો તેવા શબ્દોને આપણા બનાવવામાં કોઈ વાંધો ખરો? એટલો જ, કે જગતની શ્રેષ્ઠ ભાષા સંસ્કૃત આપણી ભાષા છે. એ ખાણમાં અસંખ્ય રત્નો છે. જોઈએ તેવો અર્થવાચક શબ્દ સંસ્કૃતમાંથી બનાવી શકાય છે તો પારકા શબ્દો ઉછીના શા માટે લેવા? જે ભૂમિમાં આપણે રહીએ છીએ એની પ્રણાલિકાઓને એની સંસ્કૃતિને અનુરૂપ આપણી ભાષા હોવી જોઈએ. કેટલાય લોકો સ્વભાષામાં પોતાના વિચાર વ્યક્ત કરી શકતા નથી, અરે પોતાનો ખાનગી પત્રવ્યવહાર પણ અંગ્રેજીમાં

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૧૬

ઈન્ફલુએન્ઝા

'ફલ્યૂ' એ આ રોગનું ટૂંકું નામ છે. આયુર્વેદની દષ્ટિએ આ એક પ્રકારનો તાવ જ છે, જેમાં કફ-દોષની દુષ્ટિ અધિક જોવા મળે છે. રોગનો હુમલો જોરદાર અને ઝડપી હોય છે.

એ આવે ત્યારે—૧) ગળામાં બળતરા અને આછો દુખાવો શરૂ થાય છે. ૨) માથું પકડાઈ જાય છે ને કેટલીક વાર ભયંકર વેદના થાય છે. ૩) ખૂબ જોરદાર શરદી થઈ નાકમાંથી પાણી પડે છે. કેટલીક વાર નાક બાઝી જાય છે અને સ્વાદની કે ગંધની ખબર પડતી નથી. ૪) તાવ આવે છે. તાવ સાથે કેટલીક વાર ઠંડી લાગે છે. તાવની દવા તરત કરવામાં ન આવે તો ૧૦૩ થી ૧૦૪ ડિગ્રી સુધી તાવ પહોંચી જાય છે. ૫) શરીર તૂટે છે. શરીરમાં વેદના થાય છે, અંગ કચરાતું હોય તેમ લાગે છે. ૬) આંખો બળે કે દુખે છે ને ઊંઘ ઓછી આવે છે. ૭) મોઢું ચીકણું રહે છે, જીભ ઉપર મેલ જામેલો રહે છે. ૮) છાતીમાં કફનો ભરાવો થઈ શ્વાસ લેવામાં મુશ્કેલી પડે છે. ૯) પથારીમાં પડયા રહેવું ગમતું નથી તેમજ ઊઠીને કયાં ય જઈ પણ શકાતું નથી.

ચિકિત્સા—૧) સંપૂર્ણ આરામ કરવો. ૨) ઉકાળીને ઠંડું કરેલું પાણી પીવું. ઉકાળતી વખતે તેમાં સૂંઠ નખાય તો વધુ સારું. ૩) ગોળ-ઘીની સૂંઠવાળી રાબ પીવી. ૪) તુલસી-ફુદીનાનાં પાન, લીલું આદુ ને મરીનો ભૂકો વગેરે નાખી ઓછી ખાંડવાળો દૂધ પાણીનો ઉકાળો પીવો. ૫.) ભૂખ લાગે તો જ ખાવું. ભારે ખોરાક ન ખાવો. ખૂબ ભૂખ લાગે તો મગ-ભાત કે ખીચડી ખાવી. બાકી ચાલે તો રાબ, ઉકાળો કે ચાથી જ ચલાવવું. ૬) દિવસમાં ૨-૩ વાર મીઠાવાળા ગરમ પાણીના કોગળા કરવા. ૭) માથુ દુખતું હોય તો માથે સૂંઠનો લેપ કરવો. ૮) છાતીમાં કફ ભરાઈ ગયો હોય તો બામ લગાવવો. ૯) ઔષધમાં ત્રિભુવનકીર્તિ રસ ઉત્તમ છે. બીજું ઔષધ સંજીવની વટી છે. બંને ઔષધ બજારમાંથી લાવી તેની દર્શાવેલી માત્રા અનુપાન સાથે લેવી.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

કરે છે! સામો માણસ આપણી ભાષા ન જાણતો હોય તો બોલવા-લખવામાં અંગ્રેજીનો ઉપયોગ ક્ષમ્ય ગણાય; પણ એ આપણી ભાષા સમજતો હોય અથવા આપણો ભાષાબંધુ હોય તો? આમાં ભાષાઓ શીખવા પ્રત્યે સૂગ નથી, બની શકે તો ભારતની બધી ભાષાઓ આપણે શીખી લેવી, બોલવી અને લખવી—સ્થાન ને સમય સમજીને. સાવરકરે ઉત્તર ભારતની બધી ભાષાઓ શીખી લીધી હતી એ ઉપર આવી ગયું છે. પોતાનું અજ્ઞાન છુપાવવા પારકી ભાષાનો તિરસ્કાર ન કરવો અને આપણી ભાષાનું મિથ્યાભિમાન ન રાખવું!

ભાષાશુદ્ધિ સાથે લિપિશુદ્ધિનો એમણે આગ્રહ રાખ્યો. દેવનાગરી જેવી લિપિ જગતમાં નથી એમ તે કહેતા. પણ મુદ્રણ માટે સુગમતા પડે તે ખાતર તેના અક્ષરોમાં બીબાંની સંખ્યા ઘટાડવી જોઇએ એ હેતુથી તેમણે લિપિમાં સુધારા સૂચવ્યા. ('નવી લિપિ લખવી'નો સંદેશ તેમના હસ્તાક્ષરમાં મને ય એક-બે વાર મળ્યો હતો!) આપણા ભૂતકાળ વિષે આપણે ગૌરવ અનુભવીએ છીએ પણ આપણે આપણા ભૂતકાળનો અભ્યાસ કર્યો છે ખરો? આપણા બધા ઇતિહાસ અ-હિંદુ લોકોએ—એટલે કે આપણે માટે જેમના મનમાં પ્રેમ કે આદર નથી એવા લોકોએ લખ્યા છે. એમનું દષ્ટિબિંદુ સાચું શી રીતે હોઈ શકે? જૂનાં સાધનોનો ફરી અભ્યાસ થવો જોઇએ, એમની ફરી ચકાસણી થવી જોઇએ, નવ સાધનો અજવાળામાં આવવાં જોઈએ, એમને આપણે ફરી મૂલવવ જોઈએ અને નવેસરથી આપણા ઇતિહાસ લખવા જોઈએ. ભૂતકાળમ થઈ એવી અક્ષમ્ય ભૂલો આજે ન થવી જોઈએ. એવી ભૂલોને લી દેશને કેટલું સહન કરવું પડયું છે જાણો છો? જૂના સમયમાં મલબારમ એક હિંદુ રાજા હતો. એણે જોયું કે એનાં મુસ્લીમ પ્રજાજનો પરદેશ માં જઈ ત્યાં વ્યાપાર કરી અઢળક ધન મેળવી લાવતા, જ્યારે હિંદુ ઓ દરિયાપાર જવા તૈયાર ન હતા, કેમ કે પરદેશ જવાય નહિ એ ધર્માજ્ઞા હતી! એણે પોતાના પ્રધાનોને સૂચવી જોયું. કોઈને એ વિચારો ગમ્યા નહિ. અંતે રાજાએ આજ્ઞા કરી કે અમુક કોમના દરે કુટુંબે પોતાનો એકએક છોકરો મુસલમાન વેપારીઓને સોંપી દેવો. કોઈ એ વિરોધ કર્યો નહિ. આ હિંદુ છોકરાઓ મુસલમાનોને ઘેર મોટા થય પરદેશ ગયા, ત્યાંથી ધન મેળવી આવ્યા અને હિંદુઓએ એમને ગૌરવ્યે મહાપિલ્લે (પિલ્લે=પુત્ર) નામથી, પણ એમને ઘરમાં પાછા આવકાર નહિ—તેમણે મુસલમાનના ઘરનું પાણી પીધું હતું! ને આ લોકો 'માપલ મોપલા' તરીકે જાણીતા થયા. વીસમી સદીમાં એમણે બળવો કર્યો. ગાંધી જીની આત્મકથામાં એ નોંધાએલો છે. પાકિસ્તાનનો પ્રસ્તાવ આવ્યો સમયે આજ મોપલાઓએ 'મોપલાસ્તાન'ની માગણી કરી હતી! પોતાન પુત્રોને તરછોડી એમને પોતાના શત્રુ બનાવવાની મૂર્ખતા આપણો ધર્મ કે ઇતિહાસ કરે ત્યારે જરૂર આપણા વતનમાં પરિવર્તન લાવવું જોઇએ

આ દષ્ટિથી સાવરકરે કેટલાક ઇતિહાસગ્રંથ લખ્યા. '૧૮૫૭નું ક્રાંતિ યુદ્ધ' એમાંનો સૌથી જાણીતો ગ્રંથ છે. સિપાઈઓએ કરેલો કહેવાતો એ 'બળવો' હતો કે ભારતની સ્વતંત્રતા પાછી મેળવવા માટેનું પહેલું યુદ્ધ હતું? એમાં જ્ઞાતિ-ધર્મ ભૂલી હિંદુઓ ને મુસલમાનો જોડાયા હતા એનું સાધાર વર્ણન એ પુસ્તકમાં છે. ભારતીય સૈનિકોની પ્રતિષ્ઠાને હાનિ કરે એમાં જે ઘણાં વિધાનો અંગ્રેજ ઇતિહાસકારોએ કર્યા હત તે કેવાં અર્ધસત્ય કે જૂઠાં હતાં તે સાવરકરે સાધાર બતાવ્યું છે. પુસ્ત એમની લાક્ષણિક શૈલીમાં લખાયું છે. તે ખરીદવા માટે પડાપડી થઈ પણ અંગ્રેજ સરકારે તે જપ્ત કરી દીધું. 'મૅઝિની'નું ચરિત્ર પણ તેમણે લખ્યું અને એ મહાન ક્રાંતિકારે ઈટલીને સ્વતંત્રતા મળે એ ખાત શું શું કર્યું એનું વર્ણન આપ્યું. પણ એ ચરિત્ર સરકારની અવકૃપાને ભોગ બની ગયું. તે ઉપરાંત 'હિંદુત્વ', 'હિંદુપદશાહી' અને 'ભારતન ઇતિહાસનાં છ સોનેરી પાનાં' એ ગ્રંથો એમણે લખ્યા. બીજા ઇતિહાસ કારોએ છુપાવી રાખેલી અથવા વિકૃત સ્વરૂપે રજૂ કરેલી માહિતી નવ અભ્યાસ-સંશોધનને આધારે નવા સ્વરૂપમાં એમાં જોવા મળે છે.

સાવરકર એકલા ઇતિહાસકાર ન હતા. એમણે બે નવલકથાઓ બે-ત્રણ નાટકો અને અસંખ્ય લેખો લખ્યા. રાજકીય પુરુષ તરીકે કદાચ ઇતિહાસ એમને ભૂલશે. પણ કવિ તરીકેની એમની કીર્તિ તો મરાઠી ભાષા જીવે છે ત્યાં સુધી રહેશે. મહાકાવ્ય લખવું એવી એમની આકાંક્ષા હતી. મહાકાવ્ય લખવા માટે આવશ્યક ગણાતું પ્રખર પાંડિત્ય, કલ્પના શક્તિ, અસામાન્ય ભાષાપ્રભુત્વ અને પ્રતિભા-બધું એમની પાસે હતું કાવ્યો લખવાની સુવિધા ન હતી. યુવાવસ્થામાં કવિઓ કાવ્યો લખે ત્યારે સાવરકર સશસ્ત્ર ક્રાંતિ માટે ઝંખતા હતા, અને બૉંબ જેવો દા ગોળો બનાવવામાં સહાયભૂત થતા હતા! નવરાશ મળી ત્યારે કારાગાર માં હતા, લખવાનાં સાધન વિહોણા! તેમ છતાં એમણે આંદામાન અને રત્નાગિરિની જેલોમાં દીવાલો પર કવિતા લખી અને એ મોઢે કરી પ્રતિભાનો ઉત્તુંગ વિલાસ વખાણવો કે કવિની સ્મરણશક્તિ? એ કવિતા છાપવા કોઇ તૈયાર ન હતું. સરકારનો જપ્તી હુકમ આવે એ ભય કાયમ નો રહેતો. એમના છુટકારા પછી એમાંની હસ્તલિખિત કવિતા તેમના મિત્રમંડળમાં છૂપી રીતે ફરતી અને એમના મોટા ભાઈ ગણેશપં

(બાબા) પાસેથી આવી ઘણી કવિતાઓ મેળવવા હું ભાગ્યશાળી થયો હતો. મનમાં ધન્યતાનો અનુભવ થતો–એક મહાન કવિનાં અપ્રકટ કાવ્યો મળ્યાં એથી; સાથે બીક પણ લાગતી કે સરકારી નોકરના ઘરમાં આવી દાહક કવિતા રખાય? મહાકાવ્ય લખવાનો વિષય ઇતિહાસમાંથી મળી શકવાનો હતો; એવાં કાવ્યને અનુરૂપ એવો છંદ કે વૃત્ત આપણા પિંગળમાં ન હતાં. અનુષ્ટુપ અને આર્યાનો ઉપયોગ મરાઠી અને સંસ્કૃતમાં ઘણા કવિઓએ કર્યો હતો. અંગ્રેજી કાવ્યના અભ્યાસક સાવરકરની દૃષ્ટિ સામે મિલ્ટનનું મહાકાવ્ય હતું. 'બ્લૅંક વર્સ' જેવું કંઈ મરાઠીમાં ન ઉપજાવાય? માઇકેલ મધુસૂદન દત્તે બંગાળીમાં 'મેઘનાદ વધ' જેવું કાવ્ય લખ્યું હતું. એમાં એમણે 'અમિત્રાક્ષર' જેવા અભિનવ છંદનો ઉપયોગ કર્યો હતો. ઘણો વિચાર કરી સાવરકરે પોતાનો 'વૈનાયક' છંદ શોધ્યો. સાવરકર જેવા શબ્દસૃષ્ટિના ઈશ્વરના હાથમાં મરાઠી કેવું રૌદ્ર અને મૃદુ સ્વરૂપ ધારણ કરી શકે છે એ વૈનાયક છંદ મૂળમાં વાંચવાથી જ અનુભવાય. એમના ત્રણેક કાવ્યસંગ્રહો છે. શરૂનાં કાવ્યો તખલ્લુસથી બહાર પડેલાં. મારા ખયાલ પ્રમાણે એમની સંપૂર્ણ કવિતા પ્રાપ્ય નથી.

અહિંસક રાજકારણના જમાનામાં વિરોધી પક્ષમાં જઇને માત્ર પ્રચારનું જ કામ કરવાનું હતું. વક્તૃત્વકલાનો ઉપયોગ કરવાનો હતો. મનમાં એક જ આશંકા હતી. જે સ્વાતંત્ર્યલક્ષ્મીની જીવનભર ઉપાસના કરી એનાં દર્શન પહેલાં મૃત્યુ આવે તો? એમના મોટા ભાઈ બાબારાવ જ્યોતિષ અને હસ્તસામુદ્રિકમાં માનતા. એક વાર હું મુંબાઇમાં એમને મળ્યો ત્યારે મને કહે: 'મારો અને તાત્યાનો (વિનાયકરાવ 'તાત્યા' તરીકે ઓળખાતા) હાથ જોઇને તું કહી શકીશ કે અમે સ્વતંત્ર ભારત જોવાના કે ત્યાર પહેલાં મરી જવાના? અને બીજું, આ દેશમાં કઈ વિચારધારાનો આખરે પ્રભાવ દેખાશે—અમારી કે ગાંધીજીની?' બેમાંથી એકે પ્રશ્નનો જવાબ હાથ જોઇને આપી શકાય નહિ એવો મેં જવાબ આપ્યો, એ એમને ગમ્યો ન હતો. ૧૯૪૭માં દેશ સ્વાતંત્ર થયો. સાવરકરને અત્યાનંદ થયો. પણ એમના નસીબમાં દુઃખ જ લખાએલું હતું. સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી થોડાક જ વખતમાં ગાંધીજીની હત્યા થઇ. એમાં એમને સંડોવવામાં આવ્યા. હત્યારા ગોડસે અને એના સહકારીઓ સાથે સાવરકરને પણ ગિરફતાર કરવામાં આવ્યા, પણ એમની સામે કોઇ પુરાવો ન હતો એટલે એમને નિર્દોષ ગણીને છોડી દેવામાં આવ્યા.

સાવરકર વિદ્રોહી હતા એ કારણસર મુંબાઈ યુનિવર્સિટીએ એમની બી.એ.ની ઉપાધિ રદ કરી હતી. તે પુનર્વિચારણા બાદ એમને પાછી આપવામાં આવી એટલું જ નહિ, પૂના અને નાગપુર યુનિવર્સિટીએ એમને ડી. લિટ.ની પદવી આપી એમનું સન્માન કર્યું.

જીવનનાં છેલ્લાં વર્ષો એમણે નિવૃત્તિમાં ગાળ્યાં,—અથવા એમને ગાળવાં પડ્યાં એમ કહી શકાય. એ સમયના રાજકારણમાં એમને સ્થાન હતું નહિ. એમનું પ્રચારકાર્ય સતત ચાલુ હતું: દેશમાં ઝડપથી સૈનિકીકરણ થવું જોઈએ, કેમ કે દેશ પર શત્રુઓ ચોક્કસ આક્રમણ કરશે એવું પ્રતિપાદન કરતા લેખો એમણે લખ્યા. ચીને ભારત પર હુમલો કર્યો ત્યારે તેઓ રડી પડ્યા હતા: દેશમાં કોઇ એમને સાંભળવા તૈયાર ન હતું અને દેશની પ્રતિષ્ઠા નાશ પામી હતી.

સમય પોતાનું કામ કર્યે જતો હતો. સાવરકરને છેલ્લી માંદગી આવી. ઈ. ૧૯૬૬ના ફેબ્રુઆરીમાં તે માંદા પડ્યા. ડૉક્ટરોએ એમને તપાસ્યા અને દવાઓ શરૂ કરી. પણ હવે જીવવાનું કારણ શું હતું? કાર્ય પૂરું થયું હતું. જીવન સાર્થક થયું હતું. સ્વાતંત્ર્યલક્ષ્મી આવી ચૂકી હતી. કાર્યસિદ્ધિ કર્યા પછી એક જ ફરજ બાકી રહી હતી–આત્મસમર્પણ. ડૉક્ટરોએ લખી આપેલી દવાઓ લેવાની એમણે ના પાડી. પોતે ઇન્જેક્શને લેશે નહિ એમ ડૉક્ટરોને કહ્યું. છેલ્લી ઘડી સુધી દવા કરવી એ ડૉક્ટરોની ફરજ હોય છે, એટલે ડૉક્ટરો તરત જ માને એમ હતું નહિ. સાવરકરે ડૉક્ટરોને પોતાના ખંડમાં આવવાની મના કરી! દવા ન આપે એ શરતે એમને અંદર આવવું હોય તો ભલે આવે એમ કહ્યું. પાચનશક્તિ કામ કરતી ન હતી એટલે ખાવાનું તો બંધ જ કર્યું હતું. ચા અને પાણી લઇને જ રહેતા હતા. ત્યાં મનમાં શંકા જાગી કે ચામાં વિટામિન નાખવાની ડૉક્ટરોએ કુટુંબીજનોને સલાહ આપી છે, એટલે ચા પીવાનું તરત જ બંધ કરી દીધું અને મૃત્યુની રાહ જોતા રહ્યા.

યુવાવસ્થામાં કેદી હતા ત્યારે બે-ત્રણ વાર આપઘાત કરવાનો પ્રયત્ન કર્યો હતો; કાવ્યોમાં મૃત્યુનું આવાહન પણ કર્યું હતું. ચોથી ફેબ્રુઆરીએ તેમણે અનશન શરૂ કર્યું હતું. ૨૬મીએ સવારે ૧૧-૧૦એ એમનું અવસાન થયું. એ વખતે એમની ઉંમર ૮૩ વર્ષની હતી. અંત પહેલાં સૂચનાઓ આપી ગયા હતા: એમના મરણનો કોઇએ શોક પાળવો નહિ; કોઈ ઉત્તરક્રિયા કરવી નહિ; ખોટી ક્રિયાઓમાં એ માનતા નહિ એટલે પુત્રને યજ્ઞોપવીત પણ આપ્યું ન હતું. આખું જીવન યાતનાઓમાં ગયું; લક્ષ્મી દૂર રહી; કોઈ દિવસ સત્તા કે અધિકાર મળ્યાં નહિ. મળી એક વસ્તુ: સ્વાતંત્ર્યપ્રેમીઓના હૃદયમાં કાયમનું સ્થાન. અને આઝાદીની કિંમત જ્યાં જ્યાં સમજાય છે ત્યાં ત્યાં લોકો એમને ભૂલશે નહિ. □

સુધારો અને ક્ષમાયાચના

ગયા (માર્ચ) અંકમાં પૃ. ૧૦૭ ઉપર આવેલી વાર્તા 'જીવન તો એવું હોવું જોઇએ...'નાં લેખિકા 'સુનંદા પોદાર' છે, તેને બદલે ભૂલથી ભારતી ગણાત્રાનું નામ પ્રકટ થયું છે; એ ગંભીર ક્ષતિ માટે અમે ઘણા દિલગીર અને ક્ષમાપ્રાર્થી છીએ.

અનુસંધાન] **તિલોદકમ** [પૃ. ૧૩૧થી

'જુઓ...સ્ત્રીઓ...ત્યાં...રાક્ષસીઓ...! જોયું? આખા બદન પર વીંટળાયા છે સાપો!...મારી સામે આવે છે! મને...ભાગવા દો!'

'કુમાર, ધીમા પડો! શાન્ત થાઓ! એ તો ભીતિની ભૂતાવળ, મનની–'

'ના...,ના...,ના; આ મનનાં ભૂત નથી. આ તો જીવતીજાગતી કાપડેલીઓ! આ કલ્પના નથી. હું એમને બરાબર ઓળખું છું...માતૃરક્તથી પ્રગટેલી ઉન્મત્ત શિકારી કૂતરીઓ જેવી આ વૈરિણીઓ! એ મારો છાલ નહિ છોડે!' એની આંખો પરથી લાગતું'તું કે એ કશુંક જુએ છે.

'જુઓ...એની વિકરાળ આંખો! આંખોથી ઝરે છે નર્યું પરુ! તમે એને ક્યાંથી જોઈ શકો? હું જોઈ શકું છું! ઓ! મને સાટકા પડ્યા! અહીંથી મને કોઈ હાંકી કાઢે છે! આ અસહ્ય છે! મારે ભાગવું જ રહ્યું!'

ને જાણે કોઈ પાછળ પડ્યું હોય એમ એ નાઠો. હીબકાં ભરતી ઇલેક્ટ્રા એને ઝાલવા ગઈ ત્યાં પછડાઈ પડી. પાઇલેડીઝ પણ પકડી શકે એ પહેલાં તો કોઈ અકલ્પ્ય ગતિથી એ અલોપ થયો!

પરિચારિકાઓ મૂઢની માફક લાચાર થઈને જોઈ રહી. ફરીથી આકુળ આંધી જાણે ફૂંકાઈ! થીસ્ટસનાં બાળકોથી આરંભાએલી આંધી ઍગામેમ્નૉન વખતે બીજી વાર ઊતરેલી; આ ત્રીજી તો અકલ્પ્ય! ઑરેસ્ટસનું... આ કુળનું શું થશે! પરિચારિકાઓ પ્રાર્થનામાં પણ આ જ પૂછતી હતી:

'કદી યે આ અશાંતિનો આરો તો આવશે જ ને?
મુક્તિનો ય કદી યે કો' કિનારો લાધશે જ ને?
શાશ્વતી વેરની શ્રેણિ શમશે ક્યારે, પ્રભુ? કહો!
ક્યારે રે ટળશે આવો આકરો અભિશાપ? કહો!
ઓલવાશે કહો ક્યારે આવો પ્રકોપ કારમો?' □

તારુણ્યનાં તકલાંફો

વર્ણવતી ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની લેખમા•

[૧૮]

ફૅગ્સ, બુઝ, મેરી જેન. ઍસિડ ને જુન્કના ચસકા ક્યાં અશાંતિ, અસ્વસ્થતા તથા પ્રતિષ્ઠાહાનિને આમંત્ર

જીવનની રોજિંદી જંજાળ, નાસિપાસી અને માનસિક નબળાઈ-ઓમાંથી છૂટવા કે છટકવા માણસ દારૂની લતમાં ફસાય છે. આ રીતે દારૂનો ભોગ બનનારા નીચલા થરના માણસોની સાથે પૈસાદાર, સામાજિક પ્રતિષ્ઠાવાળા ને ભણેલા માણસો પણ શૉખથી કે ફૅશનેબલ ગણાવાના ધખારાથી દારૂની લતે ચડે છે. ચિંતા, થાક, નાસિપાસી, તિરસ્કાર અને ઉદ્વેગથી ભરેલો માણસ છૂટથી પીએ છે, તો કેટલાક નોકરી-ધંધાને બાધ ન આવે એવી રીતે આનંદ ખાતર પીએ છે. પણ બંને માર્ગે દારૂની ખતરનાક લત વળગે છે.

દારૂ ઉત્તેજક નથી, પણ ઘેન આણનારું-મૂઢ બનાવનારું પીણું છે. તેનાથી કાર્યક્ષમતા ખોટકાય છે. ઉત્તેજના અને જોમની ભ્રામક લાગણી પેદા થાય છે. મનની કામગીરી બરાબર ન થવાથી મૂંઝવતા પ્રશ્નોનો બરાબર ઉકેલ નથી આવતો. દારૂ જાતે ખોરાક છે. એનાથી ભૂખ સંતોષાય છે. એમાં ગરમી આપવાનો ગુણ છે. પણ તેમાં વિટામિનો કે ખનિજદ્રવ્યો નથી. દારૂ પીનારને કલેજાં ને ગુરદાના રોગો થવાનું કારણ એના વ્યસન સાથે અપૂરતો ખોરાક છે. દારૂના અતિરેકથી થતા જઠરના દાહથી ખોરાક પૂરતા પ્રમાણમાં શોષાતો નથી. અપૂરતા પોષણથી વ્યસનીને રોગ થાય છે. દારૂથી આત્મસંયમ ગુમાવાય છે. મગજનાં ઉચ્ચ કેન્દ્રો ઉપર ભાંગ કરતાં દારૂની અસર વધારે થાય છે.

સંગતદોષથી, માત્ર મઝા ખાતર, તરુણો દારૂની લતે ચડે છે. એમાં અંગત મૂંઝવણો કારણરૂપ હોઈ શકે પણ વખત વીતતાં દારૂનું પ્રમાણ પણ નવા પ્રશ્નો ઊભા કરે છે. વધારે પ્રમાણમાં દારૂ પીવાતાં એ પીવાથી ઊભાં થએલાં દુઃખો નિવારવા વ્યસની વધુ દારૂ પીધે રાખે છે. તમાકુ પેઠે દારૂનું વ્યસન પણ વિશ્વવ્યાપી છે, અને એ પીનારને શારીરિક, માનસિક, સામાજિક અને આર્થિક બરબાદીના પંથે લઈ જનારું હોવાથી તરુણોએ તેનાથી વેગળા જ રહેવું જોઇએ.

વિશાળ દુનિયાના પલટાતા રંગનાં રોજ નવાં દર્શનો કરતો તરુણ સિગારેટ (હળવી ભાષામાં 'ફૅગ્ઝ')ના ધુમાડા કાઢવાની મઝામાં, કે દારૂ (હળવી ભાષામાં 'બુઝ')ની લિજ્જત માણવાના સ્વાડે ચડી જાય છે. વળી જિંદગીને સુતરી બનાવવાની શોધમાં એ ઊંઘ રોકનારાં કે ઊંઘ આણનારાં, ઍસ્પિરીન યા ટ્રાન્ક્વિલાઈઝર ઔષધોના આંધળિયા અનુકરણમાં પડે છે. ઓછામાં પૂરું આજના નવા જુવાનિયાઓનો ઝોક તો નફિકરા અલગારી બાવાઓના વિશિષ્ટ વ્યસન તરીકે ઓળખાતાં ભાંગ ગાંજો કે ચરસનાં, તથા હિપ્પીઓને ભ્રામક સ્વર્ગીય આનંદ આપનાર 'એલ. એસ. ડી.'ના કેફ તરફ ઢળ્યો છે! માદક પદાર્થોમાં સામાન્ય અને વ્યાપક વપરાતું એક 'મારીજુઆના' છે.

માદક પદાર્થોના પોર્ટુગીઝ શબ્દ 'મેરીગુઆન્ગો' ઉપરથી આ મારીજુઆના નામ વપરાશમાં આવ્યું છે. ભાંગના છોડમાંથી ઝરતા ચીકણા પદાર્થમાંથી ચરસ, ફૂલોનાં ટોપચાંમાંથી ગાંજો અને સૂકાં પાન તથા કળીઓમાંથી ભાંગ બને છે. પશ્ચિમી દેશોમાં ભાંગના છોડના કોઈ પણ ભાગને મારીજુઆના કહે છે, અને રોજિંદી વાતચીતમાં 'વીડ', 'પૉટ', 'સ્ટફ', 'ટી', 'મેરી જેન' ને બીજાં અનેક હુલામણાં નામોથી તે ઓળખાય છે. તેની સિગારેટ 'રિફર્સ' ને 'જોઈન્ટસ' નામે ઓળખાય છે. એના સેવનથી મનની ફેરફાર પામેલા ભાનવાળી સ્વપ્નાળુ સ્થિતિ પેદા થાય છે. અસંબદ્ધ અને અનિંકુશિત વિચારો તથા જૂની ભુલાએલી બાબતોની યાદ આવે છે; તો બીજી અનેક બાબતો ભુલાય છે. સમજશક્તિમાં ખલેલ પડે છે. પાસેની વસ્તુ આઘી દેખાય છે તો મિનિટો કલાક જેવડી લાગે છે ને વધારે પ્રમાણથી ભભકાદાર દૃષ્ટિભ્રમ થાય છે. મનની સ્થિતિ બદલાવાથી વ્યસની પુષ્કળ સુખાકારી અત્યાનંદ ને પ્રક્ષોભ અનુભવે છે. થોડી ઉત્તેજનાથી બિનંકુશિત હાસ્ય ને રમૂજ થયા બાદ ધૂની કલ્પનાવૃત્તિ આવે છે. અને પછી...તેની પ્રતિક્રિયારૂપે નિરુત્સાહ ને ખિન્નતા આવી પડે છે. બગડેલું શરીર, સૂજેલું માથુ, ભ્રમણા અને બેવડા વ્યક્તિત્વ લાગણી થાય છે: મનસ્વી થવા સાથે વાણી ને વર્તન ઉપરથી કાબૂ ગુ વાય છે. એકલો પડેલો વ્યસની શાંત ને ઊંઘણશી લાગે, પણ કો સાથમાં વાચાળ અને આનંદી બને છે. ભાંગના સેવનથી વ્યક્તિત્વ કાયમી ફેરફાર થાય છે. ભાવનાશૂન્યતા, એકાગ્રતાનો અભાવ, બીજા થેના વ્યવહારમાં ખંડિત વિચાર થવા સાથે સૂક્ષ્મ દષ્ટિ નાશ પામે ગાંડપણ પણ આવે છે. અમેરિકા અને કૅનેડામાં મોટા ભાગના ગુનેગ મારીજુઆનાના વ્યસની છે, જેનાથી તેઓ અતિક્રૂર ને હિંસક બને

ઉપલા માદક પદાર્થોને તેજ બનાવી લોકોને વધારે વ્યસની બનાવ વેપારીઓ તેમાં 'એલ. એસ. ડી.' ઉમેરે છે. એલ. એસ. ડી. એ ઉ સર્જિક ઍસિડ ડાયથાઇલેમાઈડ રસાયણનું ટૂંકું નામ છે. 'ઍસિડ હુલામણા નામે ઓળખાતું એલ. એસ. ડી. રંગ, સ્વાદ ને સોડમવિ પ્રવાહી હોઈ ખાંડના ગાંગડામાં કે કૅપસ્યુલમાં લેવાય છે. તે લીધા પ તાત્કાલિક ગાંડપણની, આનંદમાં મસ્ત રહેવાની, આઠદસ કલાકની મ વિહીન સ્થિતિ આવી પડે છે. કોકને ભભકાદાર રંગો દેખાય છે. તે વપરાશથી વાસ્તવિકતામાંથી મુક્ત બની મનનો વિસ્તાર વધવાથી સેવન 'ટ્રિપ' નામથી ઓળખાય છે. એના વ્યસનથી આપઘાતના, ઓચિં હુમલાના, લૈંગિક તેમજ વિવેક શૂન્યતાના ગુનાઓ થાય છે. વ્યસની પોતાની જાતની અયોગ્યતા અને નાલાયકી વસે છે, તેને માનસિ રોગીના જેવો ગૂંચવાડો થાય છે, ગૌરવોન્માદનું ગાંડપણ આવે છે. આ લેનારા ધીમેધીમે એલ. એસ. ડી.ના બારબી ટચુરેટ અને ચીનના હી ઈન (જે 'જુન્ક' નામે ઓળખાય છે.)ના વ્યસનમાં આગળ વધે છે. એ એસ. ડી. ખૂબ મોંઘું હોવાથી પૉટ નામે ઓળખાતા ચરસની બીડી વધુ વ્યાપ છે. ભ્રમણાજનક આ માદક પદાર્થો એટલા તો ખરાબ તેના સેવન વિના વ્યસનીને ઊંઘ નથી આવતી. એવો તબક્કો આવે કે તે બંધ કરવું મુશ્કેલ બલ્કે અસંભવિત બની જાય છે. બંધ કરવા તીવ્ર અને અકથ્ય પીડા થાય છે. વ્યસનના ખર્ચને લીધે દેવું છે. આરોગ્ય કથળે છે. જિંદગી બરબાદ થાય છે ને થોડાં વરસો રીબાઇને મોત થાય છે.

જૂની સમાજવ્યવસ્થા સામે બળવો પોકારવા અને જૂની જીવ વ્યવસ્થા બદલીને કહેવાતી સ્વતંત્રતા માણવા તત્પર આજના તરુ ભય ને શંકામાંથી સમાધાન મેળવવા તો વળી કોઈક ખિન્નતા ગ્લાનિ કંટાળાના બદલે રોમાંચ અનુભવવા ફરી ને માદક પદાર્થોના સેવન વળે છે. તેમણે જાણવા જેવું છે કે જિંદગી જીવવા લાયક છે તેને સંપૂર્ણ જીવી જાણવાની છે. માદક પદાર્થોના સેવનથી પ્રતિષ્ઠા ઘવાય છે, હીણી નજરે જોઈ તરછોડે છે. અબુધ તરુણ આનંદ અને અનુભવ રોમાંચ માણવા વ્યસનમાં પડે છે, પણ તેના બદલે અભ્યાસ કે ધં સાથે સંગીત ચિત્રકલા કે કોઈ રમતગમતની હૉબીમાં કે સમાજસેવા કાર્યમાં મન પરોવવાથી અનહદ આનંદ મળે છે. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ નું કથન છે કે 'જીવનનો સાચો આનંદ માદક પદાર્થો અને ટ્રાન્ક્વિલાઈ ઔષધોથી નહિ, પણ શાંતિ અને સ્વસ્થતા સાથે નિયમિત ટેવો વ્યવસ્થિત, પ્રતિષ્ઠિત, શિસ્તબદ્ધ જીવન જીવવાથી મળે છે'

ઓરીગામી

પી. પ્રકાશ વેગડ

'ઇકેબાના' અને 'બૉનસાઈ'ની માફક, વિકસિત દેશોમાં જાપાનની 'ઓરીગામી'નું પણ એક અનોખું આકર્ષણ છેલ્લાં કેટલાંક વર્ષોથી વધતું રહ્યું છે. કાગળના ટુકડાને જુદીજુદી રીતે વાળીને પશુ-પક્ષીઓના તેમજ અન્ય અનેકવિધ સુંદર આકારો બનાવવાની આ કળા, જાપાનમાં તો ધાર્મિક વિધિ સાથે સંકળાએલી હોઇને તથા તેને કારણે તેના અમુક ચુસ્ત નિયમોનું પાલન પણ કરવાનું હોઇને સવિશેષ કુતૂહલ પ્રેરક અને વધુ મહત્ત્વ સાથે આગવી બની છે. ને એથી એનું કૌશલ એક વિશિષ્ટ સિદ્ધિ સમું લેખાય છે. તોકિયોના શ્રી અકિરા યોશિઝાવા આ કળાના નિષ્ણાત ગણાય છે, કેમ કે કાગળને માત્ર વિવિધ રીતે વાળીને જ તેઓ ૨૦,૦૦૦ જેટલા અવનવા આકારો બનાવી જાણે છે!

જાપાનમાં ઓરીગામીનો ઇતિહાસ ઘણો પ્રાચીન છે. ઈ.સ.ની ચોથી શતાબ્દી દરમિયાન એક પૂજાવિધિ તરીકે તેનો ઉપયોગ થતો હોવાનો ઉલ્લેખ છે. ઈશેના કોટાઈ જિંગુ (ભવ્ય શાહી મંદિર)માં દૈવી શક્તિના એક પ્રતીક રૂપે 'ઓરીગામી' લટકાવવાનો એક વિધિ હતો. આગળ જતાં અન્ય ઉત્સવોમાં પણ તેનો ઉપયોગ થવા લાગ્યો. આજે જાપાનમાં 'મોકુરો કુત્સુત્સુમી'—એટલે કે ખાસ પ્રસંગોએ આપેલી ભેટની યાદીને સુંદર રીતે વાળેલા કાગળમાં મૂકવાની જે રસમ છે તથા 'ઓરીનોશી' એટલે કે સુકાએલા 'મોલસ્ક'ને સુંદર વાળેલા કાગળમાં મૂકીને ભેટ સાથે મૂકવાનો રિવાજ છે. આવી ભેટો લગ્ન કે શોકના પ્રસંગે અપાય છે ને તે દ્વારા સદ્ભાવના ને ઈશ્વરના આશીર્વાદની યાચનાનો સંકેત અભિપ્રેત છે.

ધાર્મિક અને ઉત્સવ નિમિત્તની આ કળા સ્ત્રીઓ અને બાળકોમાં એક મનોરંજન તરીકે પણ છેક 'હેઈઆન કાળ' (ઈ. ૭૯૪થી ૧૧૯૧)થી પ્રચલિત છે. પણ 'મુરોમાશી કાળ' (ઈ. ૧૩૩૮–૧૫૭૩) સુધી તો, ઓરીગામીમાં કાતર વડે કાપ નહિ મૂકવાનો ચુસ્ત નિયમ પળાતો હતો. 'ઇડો કાળ' (ઈ. ૧૬૦૩–૧૮૬૭) દરમિયાન ઓરીગામીના લગભગ ૭૦ જેટલા નિશ્ચિત નમૂનાઓ પ્રસારમાં હતા. ઇડો સમયના 'કિયુ શોરાન' નામના એક પુસ્તકમાં ઉલ્લેખ છે કે હેઈઆન કાળના એક યુવાને કાગળ વાળીને દેડકુ બનાવી પોતાની પ્રિયતમાને મોકલ્યું હતું. આ ઉલ્લેખ પરથી એક એવું અનુમાન થાય છે કે આધુનિક ઓરીગામીનો આરંભ એ સમયમાં થયો હશે.

આ દેડકાની ઓરીગામી પાછળ પણ એક રોચક સંકેત છે. પ્રાચીન જાપાનમાં કોઈ નાયક આનંદપ્રમોદના ગૃહમાં યુવતીને મળવા જતો ત્યારે પેલી યુવતી એને વિદાય આપતી વેળા ગૃહની થાંભલીએ દેડકાની આકૃતિ ભેરવતી. જાપાનમાં દેડકાના શબ્દનું ઉચ્ચારણ અને 'પાછા આવજો' એમ કહેવાના શબ્દોનું ઉચ્ચારણ એકસરખું છે, એટલે દેડકાના સંકેત દ્વારા યુવતી નાયકને આ રીતે ફરી આવવાનું મૂક આમંત્રણ આપતી!

છતાં ઓરીગામી મુખ્યત્વે તો ધાર્મિક શ્રદ્ધા સાથે જ સંકળાએલી કળા છે. આજે યે દેવસ્થાનમાં કાગળ વાળીને બનાવેલા, એક હજાર સારસનું તોરણ કે માળા અર્પણ કરી પોતાની મનોકામના પૂર્ણ કરવાની ઘણી સ્ત્રીઓ બાધા રાખે છે. પરંતુ કાળાનુક્રમે હવે ઓરીગામી એક કલાકૌશલ તરીકે દુનિયાના ઘણા દેશોમાં પ્રસરી ગઈ છે, એટલું જ નહિ પણ એમાં અનેક નવા આકારોનું ઉમેરણ પણ થયું છે. સ્પેઈનનો એક તત્ત્વચિંતક લેખક મિગ્રેલ દે ઉનામુનો ઓરીગામીનો નિષ્ણાત હતો અને તેણે પોતે પણ અનેક નવા આકારો ઉપજાવ્યા હતા. ઓરીગામી પર પશ્ચિમના દેશોમાં હવે અનેક પુસ્તકો પણ લખાયાં છે.

ઓગણીસમી સદીમાં ફ્રેડરિક ફ્રોબેલ નામના એક જર્મને કિંડરગાર્ટનની શિક્ષણપદ્ધતિમાં ઓરીગામીનો પણ સમાવેશ કરેલો. એ પછી જર્મનીની એક સંસ્થાએ વ્યાપારિક સજાવટોમાં એને અપનાવી. ઈ. ૧૯૫૪માં ઓરીગામીનું એક આંતરરાષ્ટ્રીય કેન્દ્ર જાપાનમાં સ્થપાયું અને ન્યૂ યૉર્કમાં એની શાખા પણ થઈ. એક વર્ષ પછી ઍમ્સ્ટર્ડૅમમાં મૌલિક ઓરીગામીનું એક પ્રદર્શન યોજાયું, અને આમ ઉત્તરોત્તર આ કૌશલનો પ્રચાર અને રુચિ વ્યાપક બન્યાં. આજે તો જાપાન ઉપરાંત પશ્ચિમના દેશો આ કલાકૌશલમાં અવનવાં ઉમેરણ સાથે એટલો બધો રસ લઈ રહ્યા છે કે ઓરીગામીની કળામાં નવજીવન, આધુનિકતા અને પરિપક્વતા આણવાનો એમનો દાવો સાર્થ લાગે. અમેરિકામાં ઓરીગામી કેન્દ્ર પણ ચાલે છે અને 'ઓરીગામીઅન' નામે એક ત્રિમાસિક અને 'ધી ફ્લૅપિંગ બર્ડ' નામે એક માસિક પણ ખાસ આ વિષય પર પ્રકટ થાય છે. ઈ.૧૯૫૯માં ન્યૂ યૉર્કમાં કૂપર યુનિયન મ્યૂઝિયમમાં ઓરીગામીનું એક પ્રદર્શન યોજાએલું. બ્રિટનમાં પણ એક ઓરીગામી સોસાએટી તથા એ વિષયનું એક પુસ્તકાલય ચાલે છે તથા એક પત્રિકા પણ ત્યાં પ્રકટ થાય છે, તેમજ ગયા વર્ષે લંડનમાં એ કળાનું પ્રદર્શન પણ યોજાયું હતું.

ઓરીગામીના પ્રચાર અને એના આકારવૈવિધ્યની વૃદ્ધિ સાથે, કાગળના ટુકડાને કાપ્યા કે ચોંટાડયા વિના ફક્ત વાળીને જ આકાર સર્જવાના તેના મૂળભૂત સિદ્ધાંતનું ક્વચિત્ થોડું ઉલ્લંઘન પણ આજે થાય છે. એ રીતે, ક્યાંક થોડો કાપ મૂકીને, કે પશુપક્ષીની આકૃતિઓમાં આંખને સ્થાને બે ટપકાં ચીતરી-ચોડીને પણ આકારને વધુ ઓપ અપાય છે. પરંતુ ઓછા શબ્દો અને ચુસ્ત બંધમાં રહી સઘન વિચારો વ્યક્ત કરતી પૂર્વના દેશોની કવિતાનું જેમ આગવું સૌંદર્ય છે તેમ આ ઓરીગામીની વિશેષતા પણ તેની નિયમબદ્ધતામાં નિહિત છે. કાગળ વાળવાની એ અટપટી ક્રિયાના અંતિમ પરિણામે જાદુની પેઠે જે એક સુંદર આકાર સર્જાય છે તે પોતે જ આ કાગળકળાની આનંદપ્રદ સિદ્ધિ છે.


ઓરીગામીને બાળકો માટે સમય આમોદપ્રમોદ સાથે શિક્ષણનું એક સાધન માનવામાં આવે છે, પણ આજે તો એથી આગળ વધી એણે દરેક ક્ષેત્રના લોકોની કલ્પનામાં સ્થાન મેળવ્યું છે. બાળકોને રેખાગણિત શીખવવામાં પણ તે ઉપયોગી થઈ શકે છે. ઑક્સફર્ડના જાણીતા ગણિતજ્ઞ લૂઈ કેરૉલ, જેણે 'એલીસ ઈન વન્ડરલૅન્ડ' નામની જગવિખ્યાત બાળવાર્તા લખી છે તે પણ ઓરીગામીના શોખીન હતા. માર્ટિન ગાર્ડનરે 'મોર મૅથેમેટિકલ પઝલ્સ ઍન્ડ ડાઈવર્ઝન્સ' નામના પોતાના પુસ્તકમાં ઓરીગામી દ્વારા ગણિતગમ્મતનું એક આખું પ્રકરણ આપ્યું છે.


જાહેરખબર માટે પણ ઓરીગામીનો ઉપયોગ થાય છે. વ્યવસાયાત્મક ચિકિત્સા (ઑક્યુપેશનલ થેરાપી)માં પણ એનો ઉપયોગ થઈ શકે છે. પશ્ચિમના અનેક દેશોમાં ટેલિવિઝન પર પણ એના અવનવા પ્રયોગો બતાવાય છે. મૂગાં-બહેરાં ને મંદ બુદ્ધિનાં બાળકોનાં શિક્ષણ ને વિકાસમાં પણ ઓરીગામી મહત્ત્વપૂર્ણ ભાગ ભજવી શકે છે. આમ અનેક રીતે ઉપયોગી ને મનોરંજક ઓરીગામી એક ઉત્તમ વ્યાસંગ બની રહી શકે તેમ છે.

બાળકો જાતે કરી શકે એવું કામ તેમને આપવાથી તેમનામાં રુચિ ને આત્મવિશ્વાસ પ્રકટે છે. ઓરીગામી દ્વારા બાળકોને એક નવી મઝા, નવી રમત, નવી કળા ને નવો અનુભવ મળી શકે. એક ગ્રીક તત્ત્વજ્ઞે ખરું જ કહ્યું છે કે હાથનો ઉપયોગ શીખ્યા પછી જ માનવીનો બુદ્ધિવિકાસ થયો.'

પ્રાથમિક શાળાના કલા-કૌશલના અભ્યાસક્રમમાં વૈવિધ્ય આવશ્યક છે. જેનું પ્રાથમિક સ્વરૂપ રમત જેવું હોય તેવી વિવિધ કલાઓનો પરિચય બાળકોને કરાવવામાં આવે તો પોતાની રીતે પોતાને હાથે કંઈ બનાવીને તેઓ આત્માભિવ્યક્તિનો આનંદ મેળવી શકે. પરદેશમાં તો પ્રાથમિક શિક્ષણના કલાવર્ગોમાં અને હૉબીવર્ગોમાં ઓરીગામી શીખવાય જ છે, આપણે ત્યાં પણ આ કલા જરૂર અપનાવવા જેવી છે. □


આ લેખના અનુસંધાને આ બે પાનાં પર ઓરીગામીના ત્રણ નમૂનાનો રચનાક્રમ આપ્યો છે. આમાં તદ્દન પ્રારંભની પાંચ આકૃતિઓમાંની ગડી પક્ષીઓના ઘણાખરા નમૂનાઓમાં વપરાય છે. નમૂના ૨ માટેની આરંભની ગડી નમૂના ૧ની પહેલી છ આકૃતિઓ મુજબ જ છે. કાગળ વાળવા-કાપવાની સંજ્ઞાઓ બહુધા ઓરીગામીનાં મોટાભાગનાં પુસ્તકોમાં વપરાય છે તે જ છે. —સંપાદકીય






②


આકૃતિ નં.૬ના
અનુસંધાને આગળ



પૂછડી
આગળ પાછળ
ખેંચવાથી
કબૂતર
પાંખો
ફફડાવશે



③







રાજેન્દ્રસિંહનાં બે ચિત્રો • મથાળે ડાબી બાજુ: 'બપોર વેળા', જમણી બાજુ: 'નીરખી નીરખી થકી અખિયાં'.

કલાવાર્તા

એક એકલવ્ય

રાજેન્દ્રસિંહ રાયજાદા

થોડા સમય પહેલાં એક પત્ર મળ્યો:

'...આ સાથે હું ચિત્રો મોકલી રહ્યો છું. આ બધાં ચિત્રો મેં મારી ૧૮ વર્ષની વયે દોરેલાં છે. આજ દસ વર્ષથી એ સદંતર બંધ કરવું પડયું છે. ચિત્રકળાની કોઈ પરીક્ષા મેં પાસ કરી નથી. કોઇએ પદ્ધતિસર શીખવ્યું નથી. માત્ર ઉત્સુકતા, લગન અને એકાગ્રતાથી આ કરી શક્યો છું... ખબર નથી, કલાની દૃષ્ટિએ આ ચિત્રોનું મૂલ્યાંકન કેટલું છે. આ ચિત્રો દોરવામાં મને મારા



રાજેન્દ્રસિંહ રાયજાદા

માનેલા ગુરુઓએ પ્રેરણા આપી છે. જો કે તેઓને મેં કદી નજરે જોયા નથી... 'કુમાર'ના ૫૪૪મા અંકમાં કલાકારના પરિચયમાં જે ઉલ્લેખ છે કે 'રાજેન્દ્રસિંહ પણ ચિત્રો કરે છે' એ રાજેન્દ્ર તે હું. એ પ્રતાપસિંહ જાડેજા મારા મિત્ર છે. અમે બંનેએ સાથે જ ચિત્રસાધના શરૂ કરેલી...'

અમે ચિત્રો જોયાં, એકલે પંડે આદરેલા એ તપની સિદ્ધિ જોઈ અને વધુ પરિચય મંગાવ્યો. ટૂંકમાં એ અહીં આપ્યો છે:

'જૂનાગઢ જિલ્લાના સોંદરડા ગામના રાજપૂત કુટુંબમાં તા. ૧-૭-૧૯૪૩ના રોજ મારો જન્મ. પૂરું નામ રાજેન્દ્રસિંહ વિજયસિંહ રાયજાદા. ગામમાં જ પ્રાથમિક શિક્ષણ લેવા સાથે રમતું, રખડવું ને નવરાશે ચીતરવું એ મારી ત્યારની પ્રવૃત્તિ. હાઈસ્કૂલમાં દાખલ થયો ત્યારે રોજ ત્રણ માઈલ ચાલીને કેશોદ ભણવા જતો. 'કુમાર'નો પરિચય મને ત્યાં થયો. ચિત્રકળાની દુનિયાનાં નવાં દ્વાર ખૂલ્યાં. 'કુમાર'માં ચિત્રો જોઉં, વિચારું; અને કથા, સંધ્યા, વૃક્ષો, માણસો, ઋતુઓના ફેરફાર વગેરે પ્રતિ આકર્ષણ વધ્યું. નિરીક્ષણ કરવાની શક્તિ ખીલી. ચિત્રો દોરું, વારંવાર એને જોયા કરું, એમાંથી ખામીઓ શોધું ને આગળ વધવાનો પ્રયત્ન કરું. 'કુમાર'માં આવતાં સર્વશ્રી રવિશંકર રાવળ, સોમાલાલ શાહ, રસિકલાલ પરીખ, કનુ દેસાઈ વગેરેનાં ચિત્રો જોઈ પ્રેરણા પામું. મેં એમાંના એકેને જોયા નથી, પણ એ મારા માનેલા ગુરુઓ.

આ અરસામાં પ્રતાપસિંહ જાડેજા સોંદરડા આવ્યા. માસ દોઢમાસ રોકાયા. અમારી ચિત્રસાધના આ રીતે શરૂ થઈ. મારા કુટુંબના નજીકના દાદા હિન્દી 'કલ્યાણ' મંગાવે. તેમાંથી અને 'કુમાર'માંથી અમને કાંગડા, રાજપૂત વગેરે શૈલીઓનો પરિચય થયો. કાંગડા કલમે મને સવિશેષ આકર્ષ્યો.

ચિત્રોમાં રંગયોજના અને સમતુલા વિષે મને કાંઈ ખબર નથી. પણ દરરોજ સાંજે ગામથી દૂર જઈને શાંત જગ્યાએ બેસી સંધ્યાના પલટાતા રંગોને જોયા કરું અને મારાં ચિત્રોમાં એવા રંગો ઉતારવા પ્રયત્ન કરું.

મૅટ્રિકમાં આવ્યો ત્યાં સુધી જ હું ચિત્રો દોરી શક્યો. ચિત્રો પાછળ આંખ ખેંચવાથી ચશ્માં આવે એવી માન્યતાથી પિતાજીને ચિત્રકળા પ્રતિ ખૂબ જ અણગમો, એટલે મારે ચિત્રો દોરવાં બંધ કરવાં પડયાં.

કૉલેજનું શિક્ષણ જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજમાં લીધું ને અર્થશાસ્ત્ર સાથે બી. એ. થયો. દરમ્યાન કૉલેજમાં યૂથ ફેસ્ટિવલ યોજાયો તેમાં મિત્રોના આગ્રહથી સસંકોચ મારી કૃતિ

ઓ પ્રદર્શિત કરી. તેમાં એક ચિત્ર 'વિસામો' સૌને વધુ ગમ્યું. જૂનાગઢ જિલ્લાની કૉલેજો-માં પ્રથમ અને ગુજરાત રાજ્ય યુવક મહોત્સવ-માં એ દ્વિતીય આવ્યું. અખિલ ભારતીય સ્પ-ર્ધામાં પણ એ રજૂ થએલું.

બી. એ. થયા પછી કેવદ્રા ગામે માધ્યમિક શાળામાં આચાર્ય તરીકે જોડાયો...પછી કેશોદ હાઈસ્કૂલમાં; ફરી કેવદ્રા ને પછી ગોંડલ સ્વામી-નારાયણ હાઈસ્કૂલમાં જોડાયો. કેશોદની બાજુ-માં મેરાવાણ નવી માધ્યમિક શાળા શરૂ થતાં મને ત્યાં બોલાવવામાં આવ્યો અને અત્યારે ત્યાં જ આચાર્ય તરીકે છું. મેં પોતે તો ડ્રૉઇંગની કોઈ પરીક્ષા આપી નથી પણ બધું એ શીખવ્યું છે ખરું. ગોંડલમાં હતો ત્યારે એલિમેન્ટરી-ઈન્ટરમીડિયેટના વર્ગો પણ લેતો, જેમાં ઈન્ટર-મીડિયેટમાં ૧૦૦ ટકા પરિણામ આવેલું.

ચિત્રકળા પછી તત્ત્વજ્ઞાન અને સાહિત્ય મારાં આશ્વાસન બન્યાં. ક્યારેક થોડું લખું છું. બારેક સામયિકોમાં ધાર્મિક લેખો, વાર્તાઓ, કાવ્યો ને અનુવાદો પ્રકટ થયાં છે. ચિત્રસાધનાના મારા પ્રવાસમાં આજે તો હું પાળિયો થઈને પાદરમાં જ ખોડાઈ રહ્યો છું, પણ સૌરાષ્ટ્રના નાના એવા ગામડામાં 'કુમાર' કેવી અને કેટલી પ્રેરણા આપી શકે છે તેનો ખયાલ આ પરથી આવશે. મને લાગ્યું છે કે ચિત્રકળા એક યોગ છે અને તે સૌંદર્ય દ્વારા મનનું ઊર્ધ્વીકરણ સાધે છે.'



'વિસામો' : રાજેન્દ્રસિંહ રાયજાદા

'ધૂળમાંથી રત્ન'*

છેલ્લાં વીસ વર્ષથી ફોટોગ્રાફીની દુનિયામાં પાલનપુરના ડૉ. કાંતિલાલ કોઠારીનું નામ મોખરે રહ્યું છે. તેમની બ્લૅક ઍન્ડ વ્હાઈટ તસ્વીરો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફોટો પ્ર-દર્શનોમાં ઝળકતી આવી છે. વિશ્વની અનેક ફોટો હરીફાઈઓમાં એમણે સુવર્ણ ને રજત ચંદ્રકો તથા હજારો રૂપિયાનાં ઈનામો મેળવ્યાં છે. ગુજરાત તેમને માટે ગૌરવ અનુભવે છે.

પાલનપુરના 'પ્રસન્ન પબ્લિકેશન્સ' તરફથી ડૉ. કોઠારીની ફોટોકલાના નિચોડરૂપ ૫૧ એક-રંગી અને ૧ રંગીન મળી બાવન ફોટોચિત્રોનું આલ્બમ 'ડાયમન્ડ્ઝ ફ્રૉમ ધ ડસ્ટ' (ધૂળ-માંથી રત્ન) શીર્ષક નીચે પ્રસિદ્ધ થયું છે. તે-માંની, જૅકેટ ઉપર તથા અંદર છાપેલી 'બોલ, બુલબુલ, બોલ' નામક પૂર્ણરંગી કૃતિ 'કુમાર'માં અન્યત્ર રજૂ કરતાં અમને આનંદ થાય છે.

રાતદિવસ દર્દી અને દવામાં રચ્યાપચ્યા રહેતા ડૉ. કાંતિભાઈએ ઘર ને દવાખાના વચ્ચે કે દર્દીને ઘેર વિઝિટે જતાં-આવતાં સવાર બ-પોર ને સાંજના પલટાતા જતા વાતાવરણમાં જીવનની અવરજવરથી ઊપજતાં જે અનેક અનેરાં ચિત્રો ઊપજાવ્યાં છે એ કલાભંડારમાંથી એમણે આપણને બાવન 'રત્નો' આ સંગ્રહમાં ચૂંટી આપ્યાં છે. સાથે, એમના વડીલ બંધુ અને જાણીતા કલાવિવેચક શ્રી દિલીપ કોઠારી-ની કલમથી લખાએલું એ ચિત્રોનું વિવરણ આપણને તેનો રસાસ્વાદ માણાવે છે

ડૉ. કોઠારી ફોટો-ટેક્નિકના ઉસ્તાદ છે. સમી સાંજે, સામા પ્રકાશમાં, લાંબા પડછાયા પાડતી આકૃતિઓ ને દૂબહૂ રૂપમાં રજૂ કરવાની અ[...] જબ આવડત એમણે કેળવી છે, અને અ[...] સંપુટમાં ગ્રામપાત્રો, જૈન સાધુ-સાધ્વીએ[...] ઘેટાં-બકરાં-ઊંટ આદિ પ્રાણીઓ તથા બાળકો[...] એમના કૅમેરા કસબે હૃદયસ્પર્શી ચિત્રો[...] રમતાં કરી આપ્યાં છે.

આ અંકનું અગ્રચિત્ર

ચિત્રસર્જનનાં મુખ્ય લક્ષણો સુંદર અ[...] આકર્ષક સંયોજન (કૉમ્પોઝિશન) તથા વિષય-ના આકાર (શેઈપ) અને વર્ણભેદ (ટોન) રંગી-ન ફોટોગ્રાફીમાં પણ બ્લૅક ઍન્ડ વ્હાઈટ જેટલ[...] જ જરૂરી અંગો છે. શિથિલ સંયોજનવાળ[...] ફોટોગ્રાફમાં રંગભભક ઉમેરાવાથી પણ કલામ[...] સર્જન નથી થતું. રંગીન ફોટોગ્રાફ ઘડીભ[...] વધારે તાદૃશ્ય જણાય છે. એટલું જ.

આ અંક સાથે આપેલા એમના 'બોલ બુલ બુલ બોલ!' ચિત્રમાં એમણે ઝીલેલા ભભ[...]

---

* 'ડાયમન્ડ્ઝ ફ્રૉમ ધ ડસ્ટ' : કલાકાર ડૉ. કે. એલ. કોઠારી, પ્રસન્ન પબ્લિકેશન્સ, પાલનપુર; ૫૨ ચિત્રો, વિવરણ આદિનાં ૩૨ પાનાં, પાકું પૂઠું, રૂ. ૩૭-૫૦.

દાર જામામાં કોઈ નવાબી પાત્રને હાથ પર બેસાડેલા બુલબુલ સાથે વાતો કરતું દર્શાવ્યું છે. પશ્ચાદ્ભૂમિમાં ભૂરા આકાશમાં રૂના પોલ સમા રમતા વાદળના ગુચ્છ ચિત્રને તાદશ બનાવી રહે છે. પરંતુ સામા તડકાને લીધે ચિત્રના પાત્રની આંખો ખીડાઈ છે તે, હાથ પર બેસાડેલા બુલબુલ સાથેની વાતનું તાદાત્મ્ય સાધતી જણાતી નથી, અને તેટલે અંશે ચિત્ર કૃત્રિમ બને છે. કલાત્મકતાની આટલી ઊણપ સાથે આ ચિત્ર ડૉક્યુમેન્ટરી (દસ્તાવેજી) ફોટોગ્રાફીનો ઉત્કૃષ્ટ નમૂનો બની રહે છે.

ચિત્રને ડાબી-જમણી તરફથી અનુક્રમે અઢી અને દોઢ સેન્ટીમીટર ટ્રિમ કરવાથી સંયોજન સુધરે છે. ઉપર્યુક્ત કાપથી ચિત્રવિષયમાં આવતા આકારો પિરામીડ સ્વરૂપ ધારણ કરે છે અને બુલબુલ તથા પાત્રની બિડાયેલ આંખ નાકની દાંડી દ્વારા અનુસંધાન પામે છે.

--(લેફ. કર્નલ) બલવંત ભટ્ટ

આ અંકના પૂઠા પરનું ચિત્ર

પ્રથમ નજરે સરળ લાગતી પંખી-પ્રાણીઓની ફોટોગ્રાફી હકીકતે વધુ કપરી હોઈ આગવું કૌશલ માગી લે છે. અતિ ઝડપી શટર, સ્પીડ અને ટેલિફોટો લેન્સ જેવી સગવડો વડે ફોટો-સર્જનના આ પાસાએ હવે ઠીકઠીક વિકાસ સાધ્યો છે. આ અંકના પૂઠા પરનું ફોટોચિત્ર એનું એક દૃષ્ટાંત છે.

ખડકાળ કંઠાર પરથી પાણી પીવા ઊતરતા વાઘની આ છબિમાં તેના અંગ પરના ચટપટા, પથરાળ કાંઠાને ઉપસાવતા તે જ છાયાના પલટા સાથે સુમેળ સાધે છે. ખડકીની કઠોરતા, વાઘની ચામડીની રેશમી મુલાયમતા અને પાણીની સપાટી અહીં એકબીજાને ચિત્રમાં ઉઠાવ આપવામાં સહાય કરે છે. વાઘનો દેહવળાંક, અગ્ર અને પશ્ચાદ્ભૂના ખડકોની રચના તથા પાણી પરની વિચિરેખાઓ ચિત્ર જોનારની દૃષ્ટિને બહુ યોગ્ય સ્થાને કેન્દ્રિત કરતી હોઈ ચિત્રસંયોજનમાં પૂરક બની રહે છે. પથ્થર, પાણી અને પ્રાણી બધું અહીં સ્થિર છે. તેમાં વાઘના દેહનો વળાંક એક દૃષ્ટિમધુર લય આણે છે.

વાઘ ભયાનક છતાં સુંદર અને અતિ ચબરાક તથા વહેમીલું પ્રાણી છે. એની એ લાક્ષણિકતા ખૂબ સાવચેતીથી ઝૂકી રહેલા એના દેહ દ્વારા અહીં તાદશ કરી છે. ચિત્રની દૃષ્ટિએ ખટકે છે માત્ર વાઘમુખની બરાબર પાછળનો ખડકનો છાયાભાગ. નૅગેટિવ પર ત્યાં આછોશો લાલરંગ લગાડીને કે પ્રિન્ટ પર તે સ્થાને ફેરીસાઈનાઈડનું મંદ દ્રાવણ લગાવીને એની ઘેરી તીવ્રતા ઘટાડી શકાઈ હોત. પણ એટલું બાદ કરતાં સમગ્ર દૃષ્ટિએ આ એક સુંદર પ્રાણીચિત્ર બન્યું છે.

—(લેફ. કર્નલ) બલવન્ત ભટ્ટ

(ફોટોગ્રાફ 'ધ ફોટો આર્ટ ગ્રૂપ'-દિલ્હી અને 'એફ-૧૧'-અમદાવાદ યોજિત આંતરરાષ્ટ્રીય ફોટો-પ્રદર્શનમાંથી, યોજકોના સૌજન્યથી)

ગાય વિયાઈ: પચ્ચીસ વર્ષ પહેલાં 'કુમાર'માં પ્રથમ પ્રકટ થએલા શ્રી ચાવડાના આ અંકના (અગ્રચિત્ર પાછળ આપેલા) ચિત્રમાં, એમની એક લાક્ષણિકતા પ્રમાણે, 'રૂપકડાં' નહિ પણ સાદા-જાડા પોશાકમાં ને સ્વાભાવિક અંગસ્થિતિમાં સૌષ્ઠવાન્વિત પાત્રોનું નિરૂપણ કરીને એમણે જીવનનું પ્રામાણિક સૌન્દર્ય ઉતાર્યું છે. આજની એમની વેગવંતી રેખાઓને પડછે આ ચિત્રમાંની ત્યારની ગતિશૂન્યતા જુદી તરી આવતી લાગે પણ અહીં એ ચિત્રના વિષય પર જ સ્થિર રહી છે. સાદગીભરી પશ્ચાદ્ભૂ ને સપાટ રંગાવટ ગ્રામજીવનના આ એક પ્રસંગના આનંદની રજૂઆતમાં વધુ બળ પૂરે છે.









ટિકિટસંગ્રહ

સંયુક્ત રાષ્ટ્રસંઘે ન્યૂ યૉર્ક અને જીનિવાની પોતાની શાળાની યાદમાં બહાર પાડેલી આ ખાસ ટિકિટ પર પાબ્લો પિકાસોની કૃતિ છાપી છે. ઈ. ૧૯૩૮માં પિકાસોએ કરેલી પોતાની પુત્રીની આ છબિ છે. 'યુનો'ની ટિકિટ પર પિકાસોની આ બીજી કૃતિ પ્રકટ થઈ છે. અગાઉની ટિકિટ પર એનું જગવિખ્યાત ચિત્ર 'ગર્નિકા' છપાયું હતું.

ગાંધીજીના જીવન અને કાર્ય વિષે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય પરિસંવાદો, સભાઓ, પ્રદર્શનો વગેરે અનેક અવનવાં આયોજનો કરીને દુનિયાના ઘણા દેશોએ ગાંધી જન્મશતાબ્દીની ઉજવણી કરી હતી. આ નિમિત્તે ૪૧ દેશોએ એમની યાદમાં ૭૪ જેટલી જે ખાસ ટપાલ-ટિકિટો બહાર પાડેલી તે ટિકિટ સંગ્રાહકોમાં એક વિશિષ્ટ આકર્ષણ બની રહે એ સ્વાભાવિક છે. આ બધી ટિકિટો; તેના વિષેનાં ટૂંકાં વર્ણનો સાથે એની અસલ બહુરંગી છપાઈ અને કદમાં રજૂ કરતું એક નાનું (૧૨× ૨૪ સે. મી.) આલ્બમ પ્રકટ થયું છે. લગભગ ૬૦ પાનાંના તેના વિસ્તારમાં વચ્ચેવચ્ચે વિવિધ વિષયો પરના ગાંધીજીના વિચારો વ્યક્ત કરતાં અવતરણોથી આ સંચયની ઉપયોગિતા પણ વધે છે. અનેકરંગી છપાઈને કારણે આની ૧૫ રૂપિયા કિંમત જરા મોંઘી લાગે, પણ શોખીનોએ સંઘરવા જેવો સંગ્રહ છે.

પ્રકાશક: મણિભવન ગાંધી સંગ્રહાલય, ૧૯ લેબરનમ રોડ, મુંબાઈ-૭.

ચન્દ્રવદન મહેતાની
અંતરગઠરી-૫૦

ચાલો હવે જઈએ ઘેર

સુરતમાં હવાડિયા ચકલાને એક છેડે અંબામાતાનું મંદિર છે. હમણાં જ એનો એક મોટો મહોત્સવ ઊજવાઈ ગયો. ઈ. ૧૯૫૦માં શરૂ કરેલી 'બાંધ ગઠરિયાં'માં સૂરત શહેર સંબંધે લખતાં એ મંદિર, આરતી, ત્યાંનો પ્રસાદ, તેના ઓટલે બેસીને મારેલાં ગપ્પાં વગેરે વિષે ઘણું લખી ગયા છીએ. ત્યાં નવરાત્રિના છેલ્લા ત્રણ દિવસ માતાના છંદ ગાવાનો કાર્યક્રમ યોજાતો. બાજુના મહોલ્લામાં એક વૃદ્ધ ભક્ત અમીચંદ રહેતા (જુઓ અંક ૩૨૩). એમના બે દીકરા એમને ટેકો આપી મંદિરમાં દોરી લાવતા. અમીચંદ માતાના પરમ ભક્ત. પોતાના જ બનાવેલા છંદ ગાતા. ઉપરાંત, નવરાત્રિમાં આખો ચંડીપાઠ ત્રણ ટુકડે ગાઈ જતા. ભક્તિરસ કહો તો ભક્તિરસ, પણ એમાં વીરરસ પૂરેપૂરા જમાવતા. હજી ગઈ કાલ સુધી એમના કાવ્યસંગ્રહનું પુસ્તક મારી પાસે હતું. શરૂઆતની આવૃત્તિઓમાં ચંડીપાઠ છપાવેલો નહિ, પણ પાછળથી એનો ઉમેરો થએલો એમ કોઈ મને કહેતું હતું.

ચંડ-મુંડ, શુંભ-નિશુંભ આદિ દૈત્યોને હણવા, ખડગ-ખપ્પર લઈ યુદ્ધે ચડેલાં માતાજીનું વર્ણન ગાય ત્યારે અમીચંદની લ્હેકતી બ્હેકતી વાણી, એના મુખ ઉપર પ્રગટતું શૂરાતન, એક પછી એક ગવાતા શ્લોકોમાં ઝડઝમકનો પીરસાતો રસથાળ હજી મને એવો જ સાંભરે છે. એના ગુજરાતી બંધમાં ક્યાંક આપોઆપ હિંદી લલકાર પણ આવી જતો. માજી કહેતાં: 'એ શું બોલ્યો પાજી? આજ તેરી રણમાં કરું કટકી કટકી; અબ કહાં જાઓગે છટકી છટકી?' અને પછી સામેના દૈત્યનું વર્ણન આવે:

> 'ચઢયો રક્તબીજ કોપે રણમાં, થઈ રહ્યો હાહાકાર;
> ચૌદલોક સૌ બ્રહ્માંડ ડોલ્યાં, ક્રોધ ચડયો અપરંપાર.'

પછીની લીટીઓમાં રક્તબીજના સ્વભાવ-શરીરનું વર્ણન આવે. એમાં:

> 'એક ટીપું લોહીનું પડે, બીજાં સહસ્ર ઊભાં થાય;
> બીજાં સહસ્ર ઊભાં થાય, અને માજીને મારવા જાય.'

પછી તો માતાજીનું જે પ્રચંડ સ્વરૂપ અમીચદ વર્ણવે એમાં માતાનો પ્રકોપ, ત્રિશૂળ વડે સંહારેલા રક્તબીજનું ડોકું કાપી એનું રુધિર ધરતી પર ન પડે એટલા માટે ખપ્પર રાખી, તેમાં લોહી ઝીલી ખડગ થકી પ્રત્યેક દૈત્યનો શિરચ્છેદ કરતાં માતાજીને અને અસૂરોના સંહારને જોવા સ્વર્ગમાંથી દેવલોકનું એકઠા થવું, મહા કોપાયમાન થએલાં રુદ્ર સ્વરૂપ મહાકાલીની શાંતિ અર્થે એ સૌ પ્રેક્ષકોએ પ્રાર્થના કરવી, અને આખરે એ ભીષણ રક્તસરિતામાં સ્નાન કરનારી ધરતીના બીભત્સ રસથી તરબોળ ભાવમાંથી પુનઃ શાંત અને ભક્તિરસમાં વાક્‌ધારાને વાળવી, તથા તેને ચકિત, અવાક્, જડ, સ્તબ્ધ બની એ સાંભળતા શ્રોતાઓનું દશ્ય બધું આજે સિત્તેરમે વર્ષે ય મારી નજર સામે તાદશ છે.

ચંડીપાઠ પૂરો થતાં, છેવટ અમીચદ અત્યત મૃદુ ભાવે 'હવે અમે જઈએ ઘેર'નું છેવટનું ગીત ગાતા. અત્યંત નમ્ર ભાવે, થએલી કોઈ ક્ષતિની માતાજી પાસે ક્ષમા માગતા. આખી સભા ખડી થઈ જતી, અને એમના ગાવામાં સૂર મિલાવી ભળી જતી. આ વર્ણન અને આ પ્રસંગને યાદ કરવામાં કોઈ ઉપમાનો સાદશ્ય ધર્મ વિસ્તારવાનો ઉદ્દેશ નથી, ફક્ત 'હવે અમે જઈએ ઘેર' એ ગીતની લીટી જ સ્મરણમાં આવતાં, ફરી યાદ કરવાની આ તક સાધી એટલું જ ગણવાનું, જરા વધારે કશું નહિ.

એમ બૅંગકૉકમાં નાયમપત્નીની રજા લીધા બાદ વિચાર આવવા માંડયા: 'હવે અમે જઈએ ઘેર.' પૃથ્વીપ્રદક્ષિણા કરી લીધી. શરૂઆતમાં સ્વામી કાર્તિકેયનું અને અનેક શુભે પમા લાયક શ્રી ગણેશનું સ્મરણ કરી પશ્ચિમ દિશા તરફ દોડયા હતા; હવે પૂર્વને દરવાજેથી 'હવે અમે જઈએ ઘેર' એ ભાવ મનમાં બલવત્તર થવા માંડે છે. કૃપા કરી પહેલું પ્રકરણ ફરીથી વાંચો; 'બન ગઈ!' શું શું બન્યું, એનો સવિસ્તર ઇતિહાસ આપ અહીં સુધી વાંચતા તો આવ્યા, પણ ૧૯૬૬માં નીકળેલો હું ૧૯૬૭માં જ પાછો ફર્યો, પણ ઘટનાના આલેખાયેલા હપ્તા વાંચતાં આપને વધારે વખત લાગ્યે, એટલે આપ ૧૯૭૨માં આ છેડે આવી પહોંચ્યા. શું થાય? અંક એક મહિને પ્રગટ થાય! પરંતુ ૧૯૬૭માં પાછા ફર્યા બાદ, શરૂઆતમાં ગણેશની સ્તુતિ કરેલી તે ફળી, એટલે ૧૯૬૮માં, ૧૯૬૯માં, ૧૯૭૧માં પણ ફરીફરી યુરોપ-અમેરિકાની યાત્રા કરવાનો અવસર મળેલો. એ પ્રવાસો ટૂંકા, પણ નવીનવી ઓળખાણો ખરી. કંઈક કૌતુકમય પણ બની જતું. એ બધું લખવાનો વિચાર ભવિષ્યમાં રાખી અત્યારે તો આપણે ૧૯૬૭માં ઘેર ફરવાની મનોભૂમિ પર આવી અટકીએ.

'હવે અમે જઈએ ઘેર, માજી! તમે કરજો અમ પર મ્હેર.' માજી તે અંબા માતા, અને ગણપતિ તે શિવના અમર ચિરંજીવી, અને માતાજી તે શિવજીની શક્તિઓ, એટલે છેવટે માતાજીની સ્તુતિ અસ્થાને નહિ ગણાય. બધું જ ઠીક સારું નીવડયું એમ તો કેમ કહેવાય? પણ એવી નાની ટૂંકા સમયની વિટંબણાઓ યાદ કરવામાં કશો લાભ નહિ. મોટો પાડ એટલો કે વિચારતાં ક્યાંય કોઈ વિમાન તૂટયું. અફળાયું નહિ. પહેલાં ડાકોટા નીકળ્યા; ત્યાંથી બોઇંગ અને જમ્બોજેટ સુધીનાં જાતજાતનાં વિમાનોમાં ફર્યા, જુદાજુદા દેશોમાં જુદીજુદી જાતની બનાવટોવાળાં પ્લેઇનોમાં બેઠા, પણ કોઈ વાદળામાંની વીજળીઓ સાથે કે સંતાએલાં ગિરિશિખરો સાથે કે સામે આવતા કે ઈ ચોરીછૂપીથી માલ લઈ જનારા વિમાન સાથે અફળાયા નહિ. જેને હાઈજૅક કહે છે, એમ ક્યાંના ક્યાં આડાઅવળા જવા ઝડપાયા નહિ. એમાં વિધિની કૃપા જ. અને સ્નેહીઓની શુભેચ્છાઓ જ કામે લાગી એમ માનવું રહ્યું.

ચાલો ત્યારે જઈએ ઘેર! અહીંથી સીધાસટ મુંબાઈ જ જવાય એવું ઊડાણ પકડવા નિરધાર્યું. ઉપરાંત, સવારે આઠેક વાગ્યે જ મુંબાઈ પહોંચે એવું ઊડાણ પણ શોધી કાઢયું. તમે નહિ માનો, પણ વચ્ચે એક વાર હું યુરોપથી મુંબાઈ ઊતર્યો! વિમાન સવારે બરાબર પોણા ચારે પહોંચ્યું! સવારે તો હું કસ્ટમ વગેરે પતાવી બહાર નીકળ્યો, અને મારી સાથે એક ભાઈ હતા તે કલકત્તા જનારા હોવાથી એ વિચારમાં પડયા, તેમ હું પણ મારા વિચારમાં ડૂલ થયો. હિન્દમાં મુંબાઈ ઊતર્યા પછી ટૅક્સીવાળાને મોંમાગ્યા પૈસા આપવાના, એ તો ઠીક; પણ મળસ્કે ક્યાં જવું? કોનાં બારણાં ખખડાવવાં? એને બદલે ક્યાંક બે કલાક કાઢી નાખીએ તો? પેલા ભાઈને પણ એ જ મૂંઝવણ હતી. એટલે અમે ઉપર રેસ્ટોરાંમાં પહોંચ્યા, તો ત્યાં યે કોઈ મળે નહિ! તરત જ ત્યાંના સોફા ઉપર લંબાવ્યું અને બાજુમાં બેગ મૂકી ઓવરકોટ ઓઢી સૂઈ ગયા. સાડા છએ પોલીસદાદાએ જગાડયા: 'કૌણ હો તુમ?' અમારો જવાબ 'રૈયત!' 'યે સોનેકી જગા નહિ.' 'કબૂલ'. 'તો કયોં સોતે હો?' 'નીંદ આ ગઈ. હમ ચાર બજે આયા તો કોઈ ઐસી જગ્યા નહિ મિલી જહાં હમ બૈઠે.' 'ઘર કયોં નહિ ગયે?' 'રસ્તેમેં ટૅક્સીવાલા લૂંટ લે તો ક્યા?' આવો કંઈ સંવાદ યોજાયો. એ બાદ મેં પોલીસદાદાને કહ્યું કે 'ચા પીના હૈ? હમ ભી ચા પીયેં.' અને રેસ્ટોરાંમાં જરા સળવળાટ થતો હતો એટલે ચાર કપ ચાનો ઑર્ડર હું આપી આવ્યો. મોંમાં ધોઈ અમે તૈયાર થયા, ત્યાં ચાર કપ ચા આવી તો પોલીસભાઈ પૂછે છે કે, 'ચાર કપ કયોં મંગવાયેં?' મેં કહ્યું ભાઈ, સવારના સુસ્તી ઉડાડવા આ ચોથો કપ આપણે ત્રણે જણ વહેંચી લઈશું, અને એમ પોલીસદાદા ખુશ

થયા. પછી સાતેક વાગ્યે એક બે સ્નેહીઓને ફોન કરી ગાડી મંગાવી ઘરે ઠામ પડ્યા. રાત–મધરાતે રેલવે સ્ટેશન ઉપર કે એર પોર્ટ ઉપર પહોંચતાં તો ઘણાં દોડાદોડ કરી કોઈને ત્યાં પહોંચવા ઉતાવળ કરે છે. કરે. પણ મારે શા માટે બેપાંચ જણાની ઊંઘ બગાડવી? એટલે મેં આઠની આસપાસ પહોંચતું ઊડાણ પસંદ કર્યું ને એ મને ફાવતું પણ હતું.

અહો! ફરી પાછાં બધાં મળશે. લાંબે ગાળે પાછા ફરવાનો પણ એક પ્રકારનો આનંદ છે. ઘર તો છે જ. ઘણાં ઘરો છે. પહેલાં જઈને પદ્માને પગે લાગીશું. પગે લાગવા માટે તો નહિ જ, પણ ફરી મળ્યાનો એને આનંદ થશે. એમ મુંબઈ, વડોદરા, અમદાવાદ, દિલ્હી, સૂરત, કંઈકને ફરી મળવાનો લહાવો મળશે. જેમજેમ વિમાન ભારતની નજીક આવવા માંડે તેમતેમ આ પ્રકારના વિચારો સૌને આવે એમ આવવા માંડ્યા.

આખરે તો ધરતીનો છેડો, ઘરનો નેડો! પણ બધા જ એટલા ભાગ્યવાન નથી હોતા. ભલભલાને પોતાનાં ઘર, પોતાનું વતન, પોતાનાં સ્નેહીજનો છોડવાં પડ્યાં છે. ભારતના કંઈક પ્રજાજન સૈકાઓથી ભારતમાં તેમજ ભારત બહાર પોતાના જન્મસ્થળથી દૂર, વધારે દૂર જતા રહ્યા છે. કોઈક વખાના માર્યા, કોઈ વધારે મોટો રોટલો કમાવા, કોઈ પોતાનાં કુકર્મ છુપાવવા, તો કોઈ એમ જ એક હોંશ બર લાવવા, કોઈ રાજકારણે તો કોઈ ધર્મના કારણે બર્મા, થાઈલૅંડ, ફિલિપાઈન્સ, હવાઈ, કૅનેડા, સ્ટેટ્સ, ફીજી, વેસ્ટ ઇંડીઝ, ઇંગ્લૅંડ, યુરોપ, આફ્રિકા એમ પૃથ્વીફરતા દેશોમાં જઈ સ્થાયી થયા છે. સાગરમાંના નાનામોટા ટાપુઓમાં વસાહતો પાથરી છે. એમ જ આપણા વડવાઓ પણ ભારતમાં સૈકાઓ અગાઉ આવ્યા હતા, આવ્યા જ હશે, આવતા રહ્યા હશે, એમ સનાતન ચરખો ચાલ્યા જ કરે છે; છતાં માભોમ માટે મોટા ભાગની પ્રજાને માયા બંધાય છે.

ગજબની છે આ માયા! અખા ભગતે માયાને 'મોટી નટીજી' કહી છે. એક વાર મારા હાથમાં મિસ રૂથ ઓયેનાનું 'માયા' ઉપર એક પુસ્તક આવ્યું. તે વાંચવા માંડ્યું તો એમાં એ બાઈનો 'માયા' ઉપર સવિસ્તર મહાનિબંધ નીકળ્યો. એમાં, માયાનો સૌથી પહેલો ખયાલ, તે પછી યુગેયુગે સૈકેસૈકે ઋગ્ ઉપનિષદથી આજ સુધીના ફેરવાતા રહેલા ખયાલો, કૉન્સેપ્ટો, એની વિગતવાર છણાવટ વાંચ્યા બાદ: આ માયા નટી એટલે ચંચળ તો ખરી, પણ આવડી બધી બદલાતી રહી છે, હજી કેવા કેવા ખેલ કરતી રહેશે એની સ્વયં માયાને પણ જાણ નહિ હોય. એ છે તો આ ફરવાનું, જોવાનું, જાણવાનું, અનુભવવાનું મન થાય છે—જીવવાનું પણ થાય છે. એ છે તો 'ચાલો હવે જઈએ ઘેર'ની ભાવના બલવત્તર થતી રહે છે. અને એવી જ માયા આપ સૌની સાથે બંધાઈ છે. ફરીવાર આ ગઠરીના છૂટેલ છેડા, પૂર્વ-પશ્ચિમના, ઉત્તર-દક્ષિણના છેડા ગંઠાઈ જવાના; ઉપાડી ક્યાંના ક્યાં ચાલ્યા જવાના. ક્યાં તે ખબર નથી. પણ જ્યાં જવાશે ત્યાં આપની સાથે સંકળાએલા તાણાવાણા તૂટવાના નથી. આટલી લાંબી સફર! આજ કેટલાં વર્ષોની લાંબી સફરમાં આપે મને સાથ આપ્યો છે!


યાદ છે? વડોદરાના રેલવેના કારખાનાથી શરૂ કરી, ઍંજિનો ઉપર રખડી, જીવી મરિયમ બાધર લલ્લુશંગ ક્લીમેનોથી માંડી દરાવર લોક સાથેની મહોબ્બતમાં રમતા ખેલતા ૧૯૧૦–૨૦, ૩૦, ૪૦, ૫૦, ૬૦ વટાવી ચ રે કોરની દુનિયાનાં ક્ષિતિજો આવરી, હવે રામનામથી મશહૂર થએલી બૅંગકોક નગરીને નમસ્કાર કરી ચાલો અમે જઈએ ઘેર! ક્યાં રેલ્વઈનું કારખાનું, પછી નાટકશાળા, નાટકો પછી નોકરીધંધા, પછી સત્યાગ્રહની લડતો, પછી આકાશવાણીનાં દફ્તર-દળદર, માઇક્રોફોનનાં બંધારણ વિસ્તરણ, પછી યુરોપ-અમેરિકાનાં થિયેટરો, નાટકો, સંમેલનો, નિષ્ણાત પંડિતો, નટનટીનાં ક્ષેત્રોમાં શ્રેષ્ઠ અદાકારો અને ગિરિ-નદી-સરોવરની રમ્ય આહ્લાદક સૃષ્ટિ! કેમ ભાઈ, કેટકેટલું ફર્યા? મજા આવી; વચગાળે ભણાવ્યું. કીર્તિ વરી, એ ગણતાં ગણાય નહિ એટલાં સ્થાનોમાં આપે સથવારો આપ્યો, મોટાભાગનાં સથવારિયાંને રસ પડ્યો, આનંદ આવ્યો, તો કોઈકને ક્યાંક કચવાટ પણ થયો! એમાં જેમનાં મન દુભાયાં હોય એની માફી માગું છું.

ના રે; ફરી પૃથ્વીપ્રદક્ષિણા કરવી નથી. બહુમાં સાર નહિ. પ્રદક્ષિણાનો પ્રસંગ એકાદ વાર હોય. ખરા મનથી એક વાર કરો તો ભગવાન રાજી. પછી ચાર વાર આઠ વાર કે એક સો આઠ વાર કરો તો ભગવાન ક્યાં, કેટલાના, મહેતાજીઓ પાસે ચોપડા રખાવી શકે? એને આંકડાઓમાં રસ કે હૃદયના ઉત્કટ ભાવમાં રસ? મન ચંગા તો કથરોટમાં ગંગા. છ એટલા મહાસાગરોના સરવાળા કરી, પરાર્ધે થકી ગુણી, જેટલો વિશાળ મહાસાગર થાય એથી હજારગણા મોટા મહાસાગરથી પણ ઉદાર હૃદયવાળો એ ભગવાન છે: રીઝે તો ઘડીના છઠ્ઠા ભાગમાં! આંકડાઓ સાથે શો સંબંધ? છે. વિદ્વાનો કહે છે, પંડિતો લખે છે, જપ-તપની સંખ્યા વિશે સવાલાખ જપ ને સો વર્ષનાં તપ; પણ મારા જેવાને શરૂઆતથી જ ગણિતના વિષયમાં ગતાગમ પડેલી નહિ. એમ સંખ્યા સાંખ્યાની ફિલસૂફી મગજમાં ન ઊતરે એ દેખીતી વાત છે. મને તો એની ઉદારતામાં જ શ્રદ્ધા છે, એટલે એક જ પ્રદક્ષિણા બસ છે. અને ઈશ્વરની ઉદારતામાં શ્રદ્ધા છે, એટલે માનવીમાત્રમાં શ્રદ્ધા છે, એથી જે બેપાંચ ટકા સથવારિયાંનાં અજાણ્યે મન દુભાયાં હશે એ મને ક્ષમા કરશે જ એવી આશા છે.

બીજે પક્ષે ઉપકાર માનવાનો રહ્યો. ઓહોહો! નામો લખવા બેસીએ તો આ ગ્રંથ જેટલો બીજો મોટો ગ્રંથ બને એવડી મોટી યાદી થાય. નાનેથી મોટા, વિદ્યાર્થીઓથી માંડી ગુરુવરો–કામદારોથી માંડી નિષ્ણાતો આ કોરા કાગળ ઉપર અક્ષરો પાડ્યા એ ઉકેલી લઈ ચક બીબાંના ચેપઠવનારથી માંડી હવાઈ વિમાનોમાં વારંવાર ભૂસ્તરશાસ્ત્ર, હવામાનશાસ્ત્ર, અક્ષાંશરેખાંશનું શાસ્ત્ર એવાં કૈંક શાસ્ત્રોના જાણકાર ઉડાવનારાઓ સુધીના કામદારો-નિષ્ણાતો—અને નિજધામના, નિકટના, ગામશહેરના, દેશના પરદેશના મિત્રવર્યો, કેટલાંનાં નામો લખું? એ સૌનો આભાર માનું છું.

હજી તો બૅંગકોકનું પાદર છોડ્યું નથી, તે પહેલાં આવા વિચારો આવવા માંડ્યા. આ એક લક્ષણ છે; એટલે કે જ્યારેજ્યારે કોઈ પ્રવૃત્તિ પાર ઊતરવાની અણી પર પહોંચીએ છીએ ત્યારે ઘણી વાર સમગ્રતાનો ખયાલ આવવા માંડે છે. જિંદગી જીવ્યા બાદ જીવનને આરે ઘણાને આવો ખયાલ આવે છે, અને કહે છે કે જ્યારે અંતઘડી સામી આવીને ઊભી રહે છે ત્યારે પોતાના સમસ્ત જીવનનો ચિતાર માનવીની નજર સમક્ષ આવી ખડો થાય છે. કોણજાણે, એ ઘટનાનો મને અનુભવ નથી; ને ભરનિંદરમાં પોઢેલાઓનાં હૃદય ધબકતાં બંધ થઈ જાય છે, એમને તો એવા ચિતાર જોવાનો અવસર પણ મળે નહિ; તો પણ આ પ્રદક્ષિણાના છેલ્લા ઉડ્ડયનમાં, જે દિશામાં જ્યાંથી જવા ઊડ્યા તે જ દિશામાં ત્યાં જ નીચે ઊતરવાના, એટલે આવા વિચાર આવતા હશે? એ માટે પણ કહું. કોણ જાણે!

બધા મિત્રોની છબીઓ નજર સામે તરી રહી. એમાંથી ઊડાણ શરૂ થતાં એક છાયા સ્પષ્ટ થતી નજરસમક્ષ મૂર્તિમંત થવા માંડી. તે મા! મારી મા. ભૂલી ભુલાતી નથી તે મા. 'વ્હાલી માતા? શિશુ સમયમાં—' સૉનેટ લખ્યું તે, સવિતા બા. સાતસાત દાયકા બાદ પણ અનેક સ્મરણો આવા પ્રસંગો ઉપર તરવરી ઊઠે છે. છબી? ક્યાંથી લાવું? કઈ છબી? એ આવો ફોટાફોટીનો જમાનો જ નહોતો. છતાં એકાદ સચવાઈ છે તે રજૂ કરવા વિચાર છે. માની છબી તો ચિત્તમાં અંકાએલી છે;



માતા સવિતા

એ જ ઘટિત છે. બેઠાબેઠા અર્ધ નિંદરમાં અમે ઘણી ઘણી વાતો કરી લીધી. મારી બધી બડાશોના પ્રસંગોનો દેખાડો કરી, એક પછી એક એને ઓગાળી એને ચરણે ધરી, 'તું હોત તો'નો ભ્રમ પણ ટાળી, તું સાક્ષી રૂપે, તારા જ સંસ્કાર મ્હોર્યા છે, એ સત્ય તારવી, બળબળતા આંસુએ સંતોષ લીધો. ઘણાંને એક સાંજ, એક કલાક વટાવતાં મોમનાં પાણી નેવે ચડે છે. 'અમને કંપની આપો–'એમ ટેલિફોન ખણખણાવી આજીજીઓ કરે: 'આવો, વખત જતો નથી.' ત્યાં આ આઠદસ કલાકનું ઉડ્ડયન એકલાં ક્યાંનું ક્યાં ઊડી ગયું એની જાણ પણ થઈ નહિ, કશો કંટાળો પણ આવ્યો નહિ. મા સાથે વાતચીત પૂરી થતાં, યાદ કરવાની બધી ભૂલો વાગોળી જતાં, ફરી તારે પેટે જનમ આવે તો, ફરી એવી તારી સેવાચાકરી ન કરવાના અપરાધો નહિ કરું, એવા એકરારો કરી રહ્યા બાદ બીજાં પણ ઘણાં યાદ આવી ગયાં. એમાં પદ્માનો વિરલ સંબંધ યાદ આવ્યો. મારી માની યાદ આવતાં જ પદ્મા યાદ આવે છે. એને માટે અહીં વારંવાર લખ્યું છે, એમ આ પ્રસંગે પણ લખું છું. એ માટેના એના મીઠા ઠપકા માટે તૈયાર છું. જીવતરના ઘડતરમાં આ બે વ્યક્તિઓનો ફાળો અત્યંત મહત્ત્વનો છે. માવતર તો હોય જ પણ મોટપણે બીજા માવતરનો, સગપણના કશા સંબંધ વિનાનો, જે લાભ મળ્યો એમાં હું ઈશ્વરનો જ હાથ જોઉં છું. ચાળીસ-પચાસના દાયકામાં વિધિની થપ્પડો પડી હતી. એ અસ્થિર સમયમાં પદ્મા, મા, મારા ધ્રુવતારક સમી હતી. એથી



પદ્મા

તો પચાસ-સાઠનો દાયકો વટાવવામાં અડચણ ન પડી. સાઠથી સિત્તેર નિર્ભય થઈ જીવન હંકાર્યું. એમાં પણ ક્યાંક ગૂંચ આવી તો એણે ઉકેલી. એ બધી અંતરની વાતો છે, એમાં સૌને શો રસ?

ફ્રૅન્કફર્ટથી ઉડ્ડાણ શરૂ થતાં મારી મા સાથે અંતરમાં કરેલો સંવાદ એવો જ આ પદ્મા સાથે કરેલો સંવાદ. એમાં સૌને શો રસ? અને છતાં એ સંવાદો છાના નથી. '૭૨ના પ્રવાસમાં એવા એક અંતરના સંવાદ સમયે સુનીલ કોઠારી હાજર હતા. તે કદાચ તટસ્થ ભાવે સારી રીતે કહેશે. આ વિષય એવો છે કે એમાં ક્યાં અટકવું એની લખતાં ગમ ન પડે, એટલે 'અમે જઈએ ઘેર, હે માજી! તમે કરજો અમ પર મ્હેર' એ કવિ અમીચંદનો પાઠ ભણીએ.


એ અંતરના સંવાદની, એ વિરલ લેણદેણની ઈ. સ. ૧૯૩૪થી શરૂ થઈ આજ સુધીના સંબંધની વાત આલેખવા બેસીએ તો એક અલાયદું, અત્યંત શાંત રસનું ભરેલું એક પુસ્તક થાય. કોઈક બળ્યાઝળ્યાનાં હૈયાં ઠરે એવું ઉપકારક પણ એ લખાણ થાય. ભીડમાં આવી પડેલાઓને ધીરજ અને હામ મળે, એવી કંઈક વાનગી એમાં ભરાય. પુસ્તકોમાંથી વાંચવા ન મળે પણ ઈશ્વરદત્ત સામાન્ય બુદ્ધિની અથાગ, ઊંડી, વ્યવહારુ અને લાંબી દૃષ્ટિની સમજણનું ભાન કરાવે એવા ડહાપણના ભર્યાભર્યા ભંડારને એ ગ્રંથ આલેખાય; ના, એમાં મારું કશું નહિ. એ માએ મને કેટલું આપ્યું એના તાગ ઉપરથી જ જ્ઞાન થાય. ન મળે એમાં કોઈ ભારે સંઘર્ષ, ન કટોકટી, ન પરાકોટિ, નહિ ચડતીપડતીની લખાપટ્ટી, ન સસ્પેન્સ—જીવ તાળવે ચોંટેલો રહે એવી ઘટના, પણ બારોબાર મીઠાશથી, કડવાશ નિતારીને પાએલા કઠણ્યા ઘૂંટડાઓની સાદી ભાષામાં સફળ વાતો. તક જોઈ કે જોયા વિના, જ્યાં લોક કલાકનાં ભાષણો ઝૂડે ત્યાં ક્રોધને અળગો રાખી માતૃત્વથી તરબોળ મોઢે ટંકારેલો એક ટકોરો! સલાહ-સૂચના માગવા જાઓ તો વાદવિવાદ બાજુએ. પણ માંગણી આપણી જીભના દફતરમાંથી અરધી પ્રગટ થઈ ન થઈ તે પહેલાં તો આંખના મલકાટ કે ઈશારાથી એનો હા કે નાનો ફેંસલો જાહેર થએલો જ જાણવો. એવી એવી અત્યંત નાની અને નાજુક ઘટનાઓનો એ પુસ્તકમાં રોજમેળ વાંચવાનો મળે. પણ એવું પુસ્તક તો દૈવી કૃપા વિના શી રીતે લખાય?

નાનપણમાં મેં એને ભણાવી છે. પણ એ ટૂંકી મુદતના લાંબા ગાળાનું ચક્રવૃદ્ધિ વ્યાજ, આજની મારી આટલી મોટી ઉંમરે પણ મને એની સામાન્ય બુદ્ધિથી રોજરોજ એ ચૂકવતી રહી છે. આ સામાન્ય બુદ્ધિ જ અતિ અસામાન્ય, વિરલ છે; એનું એ ગ્રંથમાં ભાન થાય, એવી એ લેણદેણની વાત લખવી અઘરી છે. માતાનાં સંતાનો પ્રત્યેના બાળપણથી કિશોર વય સુધીના પ્રેમનો સવિસ્તર લખાએલો ઇતિહાસ મેળવવો મહાવિરલ છે. હા, પારકી કલમે લખાએલો મળશે; પણ લેખક પોતે ભાનમાં આવે, સમજણો થાય, લખતો થાય, ત્યાં સુધીના ઇતિહાસની તો એ બહુ આછી રૂપરેખા જ દોરી શકે. સૅમ્યુઅલ બૅકેટ એક એવી વ્યક્તિ નીકળી. એણે હામ ભીડી કહ્યું કે માતાના ગર્ભમાં પોતાને થએલી ગૂંગળામણનું એને ભાન છે! પણ એ તો ગૂંગળામણની વાત કરે છે, માવતરે કેટલાં કષ્ટ વેઠ્યાં, અને કેવાકેવા ભોગ આપ્યા એની કથા નથી કહેતા. સૈકાઓ પહેલાં આપણે ત્યાં પણ શુકદેવજીનો દાખલો જાણીતો છે. પણ એમને તો ગર્ભવાસમાં બ્રહ્મનું જ્ઞાન થયું હતું. એમાં પરમપ્રભુને પામવાની વાત છે. માવતરના હેતની વાત એ કથામાં સ્પષ્ટ કરવામાં નથી આવી, એટલે શાંત રસની એ વાતો મનમાં ઘોળવી સહેલી છે, પ્રગટ કરવી અઘરી છે; મૂંગે કો સપન ભયો જેવી છે; કહેતાં અકળામણ ગૂંગળામણ થાય એવી છે, કઈ ભાષામાં કિયા વ્યાકરણના ઘાટમાં એ કહી શકાય? સ્વયં ભગવાન વ્યાસ આપણી કલમ પર આવીને બિરાજમાન થાય તો કદાચ બને.

અમેરિકાથી ફિલસૂફ એમર્સન કાર્લાઈલને ખાસ મળવા સ્ટીમરમાં ઇંગ્લૅન્ડ ગયા હતા. ઉતારે જઈ કાર્લાઈલને શોધતા શોધતા એમને જઈ મળ્યા. કાર્લાઈલ એક કલબમાં એક આરામખુરશી પર બેઠા હતા. બંનેની આંખો મળી. એમર્સન બાજુમાં બીજી ખુરશી પર બિરાજ્યા. કલાકેક કે વધારે બંને બેઠા રહ્યા. બેમાંથી કોઈએ એક પણ શબ્દ સિદ્ધાર્યો નહોતો. અને છતાં બંને સંતોષજનક રીતે મળ્યા હતા. અને એમર્સન બીજી સ્ટીમરમાં પાછા વળ્યા! નવાઈ લાગે એવી વાત નથી. આપણે ત્યાં પણ ઘણાના કલાકોના કલાકોનાં, શ્રી અરવિંદ કે શ્રી રમણ મહર્ષિ જેવાના સત્સંગ સાન્નિધ્યમાં કશી વાણી ઉચ્ચાર્યા વિનાનાં મિલનો નોંધાએલાં છે; અનુભવાએલાં છે. એનો ગ્રંથ શું લખાય? ઘણી વાર મા પાસે હું લાંબો કાળ મૂંગો મૂંગો બેઠો છું અને જે પામ્યો છું એના સવિસ્તર બયાનમાં શાંત રસ સિવાય બીજા કયા રસને સ્થાન મળે? એથી કહ્યું કે એ અત્યંત શાંત રસનું જ પુસ્તક થાય. આશા અને હોંશ છે કે એ લખવા દૈવી કૃપા અને દૈવી શક્તિ અમને સાંપડે.

હવે જ્યાં સુધી ફરી ન મળીએ ત્યાં સુધી વિદાય. 'આજે તો હવે અમે જઈએ ઘેર. હે મા કરજો અમ પર મ્હેર'.

ખરેખર ધરતી ઉપર પ્લેઈને પોતાનાં પૈડાં અડાડ્યાં—ફિરકાવ્યાં? આટલી ઝડપે આવ્યા તોય અમે મોડા પડ્યા. સૂર્યનારાયણ ક્યારના અહીં કેન્દ્રિયાની કુંચ્ચે ઊગી રહ્યા હતા. ॐ તત્ સવિતુ વરેણ્યમ્. □



આકાશદર્શન (૪) એપ્રિલ-મે : આકાશના ઉત્તર-દક્ષિણ અર્ધના તારા જોવામાં સરળતા રહે તે માટે અહીં એ બંને વિસ્તારના તારાનાં નામ અવળાં-સવળાં લખ્યાં છે. ¶ 'સિંહ' તો હવે પરિચિત છે. તેમાં 'મઘા' (Regulus) પછી ઉત્તરા ફાલ્ગુની' (Denebla) ધ્યાન ખેંચે છે. એની ઉત્તરે તેજસ્વી 'સ્વાતિ' (Arcturus) ઝબૂકે છે. 'સપ્તર્ષિ'ના આકારમાં હળ કલ્પ્યા પછી 'સ્વાતિ' જેમાં મુખ્ય તારો છે એ તારામંડળને 'હલધર'—હળ જેનું આયુધ છે તે, કૃષ્ણના ભાઈ બળદેવ—ની કલ્પના જોડાઈ છે. પણ એ મંડળનું ઓળખનામ છે 'ભૂતેશ' (Bootes). સ્વાતિ સિવાય ભૂતેશના અન્ય તારા ત્રીજા-ચોથા વર્ગના છે. બાઈબલમાં જે થોડા તારાનો નામોલ્લેખ મળે છે તેમાં સ્વાતિ પણ છે. આપણાથી તે ૩૬ પ્રકાશવર્ષ દૂર છે, ને સૂર્ય કરતાં તેનો વ્યાસ ૨૪ ગણો છે. ¶ સ્વાતિની દક્ષિણે સહેજ ત્રાંસમાં ઝબકે છે 'ચિત્રા' (Spica) ઉત્તરા ફાલ્ગુનીની દક્ષિણેથી આરંભાતી કન્યા રાશિના ઝાંખા તારાઓમાં પ્રથમ વર્ગનો નીલશ્વેત આ તારો જુદો તરી આવે છે. 'ચિત્રા' પણ 'મઘા'ની પેઠે ક્રાંતિવૃત્ત પર છે અને આપણાથી ૨૨૦ પ્રકાશવર્ષ દૂર છે. કન્યા રાશિના આરંભના તારા અને ઉ. ફાલ્ગુની એ બેની વચ્ચેના આકાશમાં ત્રણ કરોડ પ્રકાશ વર્ષને અંતરે કેટલાંક તારાવિશ્વો છે. સ્થિર દેખાતા તારાઓ પણ પ્રચંડ વેગે જુદીજુદી દિશામાં ગતિ કરી રહ્યા છે તે આપણે જાણીએ છીએ. આ મુજબ 'સ્વાતિ' 'ચિત્રા' ભણી ધસી રહ્યો છે. ¶ ઉત્તરા ફાલ્ગુની, સ્વાતિ, ચિત્રા, હસ્ત એ બધાં નક્ષત્રો છે. સૂર્ય જ્યારે હસ્ત નક્ષત્રમાં હોય ત્યારે-સપ્ટેમ્બર આસપાસના સમયમાં વરસાદ ઘટે છે, પણ ગાજવીજ બહુ થાય છે. 'ગગન ગાજે હાથીઓ' એ ઋતુલક્ષણની ઉક્તિમાં 'હાથીઓ' તે હસ્તી (હાથી) નહિ, પણ આ 'હસ્ત' નક્ષત્ર અભિપ્રેત છે. આ જ રીતે ભાદરવા-આસોના આકરા તાપ માટે 'ઓતરા-ચીતરાના તાપ'ની ઉક્તિમાં 'ઓતરા' તે 'ઉત્તરા (ફાલ્ગુની)' અને ચીતરા તે 'ચિત્રા' નક્ષત્રોનો ઉલ્લેખ છે. ¶ 'ભૂતેશ' અને 'કન્યા રાશિ' ઉપરાંત નકશાની સહાયથી તમે ઉત્તરમાં સિંહિકા (Leo minor), 'મૃગયા શુન' (Canes Venatici), 'કેશ' (Coma Berenices)ને ઓળખી શકશો. 'વાસુકી' (Hydra)નો તો ફેણથી પૂછડી સુધી સમગ્ર દેહ અત્યારે દેખાય છે. દક્ષિણમાં 'અગસ્ત્ય' હજી થોડો સમય દેખાશે. તેની બાજુમાં 'સ્વસ્તિક'ને તેમાંનો મુખ્ય તારો 'ત્રિશંકુ' તથા 'નરાશ્વ' વગેરેને પણ નકશાની સહાયથી જોઈ શકાશે.

અંગ્રેજી સાહિત્યનું આચમન

કરાવતી ડૉ. મધુસૂદન પારેખની લેખમાળા

૩. કરુણ પ્રશસ્તિઓ, પ્રેમકાવ્યો અને ધર્મલક્ષી કવિતા

'ધ વૉન્ડરર' પોતાના મૃત પાલક રાજવીના ગુણોની પ્રશંસામાં ને તેના મૃત્યુ વિષેના શોકમાં રાચતું મૈત્રી વિષયક ઊર્મિક છે. એક રાજાના કોઈ કૃપાપાત્ર દરબારીને રાજાના મૃત્યુ પછી જીવનનિર્વાહ માટે બીજો દાતા શોધવા દરિયો ખેડવો પડે છે. પ્રવાસ દરમ્યાન મૃત રાજવી મિત્રના સદ્‌ભાવનાં સ્મરણ સતત તેના ચિત્તમાં ઝબકયાં કરે છે. તે સ્વપ્નમાં સરે છે, રાજાના સ્નેહનો સુખદ અનુભવ પામે છે—

......that he seeth his man-lord
Clippeth him and kisseth him...
(અંગ્રેજી અનુવાદ Stopford Brooke)

ત્યાં જ આંખ ઊઘડી, સ્વપ્ન નષ્ટ થયું. સામે તો દરિયાનાં મોજાં ધૂઘવી રહ્યાં હતાં, હિમવર્ષાની હેલી હતી. એના દુઃખની માત્રા વધી જાય છે:

Then the wounds of heart all the heavier are

આ તીવ્ર વેદનામાંથી વિશ્વનાં સુખોની ક્ષણભંગુરતાનું ચિંતન સ્ફુરે છે:

Doom of weirds is changing all the world below
the skies

ગુજરાતી સાહિત્યમાં પહેલવહેલી મૈત્રીવિષયક કરુણ પ્રશસ્તિ કઈ? 'ફાર્બસવિરહ'. દલપતરામની રચેલી આ સૌથી પહેલી કરુણ પ્રશસ્તિમાં વિષયનું સામ્ય હોવાથી તે સ્મરણમાં આવે છે. અલબત્ત વિષયની વિગતો અને નિરૂપણમાં તે સાવ નિરાળી છે, છતાં—

તે મુજ મિત્ર ગયો તદનંતર, અંતર દુઃખ નિરંતર આવે;
જતું રહ્યું સુખ તો રાત ભોજન, ભોજન ભાવ ભલે નવ ભાવે,
તેની છબી જ તરે નજરે...

એ ભાવ અહીં સ્મરણ યોગ્ય ખરો.

'ધ વૉન્ડરર'ની સાથે કેટલાક કાવ્યખંડમાં ગાઢ સામ્ય દાખવતું 'ધી સીફેરર' (દરિયાખેડુ) વિવેચકોએ સાગરવિષયક ઊર્મિકાવ્યોમાં પ્રતિનિધિરૂપ ગણ્યું છે. સમુદ્રમાં ઊઠતાં તોફાન, ઊછળતાં મોજાં તથા સૂસવતા પવનોનાં, હિમવર્ષાનાં અપૂર્વ ચિત્રો કવિએ આ કૃતિમાં આલેખ્યાં છે. કવિની ભાષા પણ સમર્થપણે પ્રયોજાઈ છે:

Frightful was the whirl of waves......
... ... By the rigid cold
Fast my feet were pinched, fettered by the frost,
By the chains of cold. (અંગ્રેજી અનુવાદ સ્ટૉપફર્ડ બ્રૂકસ)

દરિયાઈ તોફાનો અને હિમવર્ષાની વચમાં પ્રવાસ ખેડતા કવિએ પોતાનાં જે વીતકો એમાં વર્ણવ્યાં છે એની સામે વિરોધમાં તેણે ભૂમિ પર શાંત આરામદાયક જિંદગી ગુજારતા ભાગ્યશાળી લોકોનું ચિત્ર આલેખ્યું છે. પરન્તુ વળી પાછો તરત તે પોતાના પ્રાણ સાગર ખેડવા માટે, દરિયાઈ સાહસ માટે કેવા તલસે છે તેની વાત કરવા માંડે છે. ધરતી પરના કોઈ સુખ કરતાં દરિયાઈ સાહસોનો સ્વાદ અનેરો જ છે એમ ઉદ્‌ગાર કરતો કવિ તરંગિત થઈ ઊઠે છે:

So, now my soul soars from my bosom,
The mood of my mind moves with the sea-flood,
Over the home of the whale (અનુવાદ કે. મૅલોન)

અને કાવ્યના અંત ભાગમાં ધરતી પરનાં સુખોની નશ્વરતા પર ચિંતવન કરતો કવિ શ્રોતાઓને ઈશ્વરકૃપા પર જ મીટ માંડવાની અરજ કરે છે. કાવ્યના આરંભે દરિયાઈ જીવનના દુર્ભાગ્ય વિષે અણગમો અને એ પછી દરિયાઈ જીવનની ધન્યતા, એની ઝંખનાના ઉદ્‌ગાર, આ વિરોધાભાસ કાવ્યને દુર્બોધ obscure બનાવે છે અને કાવ્યના અર્થઘટન વિષે વિવેચકોને જુદાજુદા અભિપ્રાય તરફ દોરે છે. દરિયાખેડુની આપવીતી પછી અંતભાગમાં ભૌતિક સુખોની નશ્વરતાના ચિંતનનો પ્રવાહ કોઈ ખ્રિસ્તી પાદરીએ ભેળવ્યો હશે? કાવ્યમાં જે બે વિરોધી વૃત્તિઓ વ્યક્ત થઈ છે તે કોઈ નાવિકે સ્વગતોક્તિ દ્વારા વર્ણવી હશે? કદાચ કોઈ નાવિક અને ભૂમિવાસી જુવાન વચ્ચે આ સંવાદ ન હોઈ શકે? આ સંદિગ્ધતાઓ કાવ્યના અપૂર્ણ સ્વરૂપનો નિર્દેશ કરી દે છે. આ બન્ને ઊર્મિકાવ્યોનો સમય નિશ્ચિત થઈ શક્યો નથી, પરંતુ બંને 'બેઓવુલ્ફ' જેટલાં જૂનાં હોય એમ વિદ્વાનો ધારે છે.

વિષાદ એ ઍંગ્લો સૅક્સન પ્રજાની પ્રકૃતિની એક તરી આવતી વિશેષતા હતી. 'બેઓવુલ્ફ'માં સાહસની ઝંખના અને વિષાદની વૃત્તિ સાથેસાથે ચાલે છે. 'ધ વૉન્ડરર' અને 'સીફેરર'માં પણ એ છે જ. એક નવીન વિષયનું પણ વિષાદમાં જ રાચતું ઊર્મિકાવ્ય 'ખંડિયેર'—The Ruin નામનું છે. કોઈ મહાનગરના અવશેષ જોતાં કવિના મુખમાંથી શોકના ઉદ્‌ગારો અને પછી ચિંતવન સરે છે. મનુષ્યના આનંદપ્રમોદ માટે એક વાર આ સ્થળે કેવાં બધાં મનોહર જલસાગર હતાં! ભાગ્યના ચક્રમાં એ જમીનદોસ્ત થઈ ગયાં!

બે પ્રેમકાવ્ય

ઉપરનાં ઊર્મિકાવ્યોની હરોળમાં આવી શકે તેવાં, છતાં વિષય-વસ્તુની દૃષ્ટિએ નિરાળાં, અંગત પ્રેમોર્મિનાં, બે નોંધપાત્ર કાવ્યો રસપ્રદ છે. પહેલું 'પત્નીનો વિલાપ' (The Wife's Complaint) શોકના સ્વગતોદ્‌ગાર છે. એને elegiac monologue કહી શકાય. કાવ્યની નાયિકા જે પરિસ્થિતિનું વર્ણન કરે છે તેનો સ્પષ્ટ ખયાલ હસ્તપ્રતમાંથી મળતો નથી; પરંતુ એટલું તો સ્પષ્ટ થાય છે કે પતિથી વિખૂટી પાડીને પતિના સ્વજનોએ જંગલની કોઈ ગુફામાં પૂરેલી આ નાયિકા ઓક વૃક્ષની છાયામાં ઉનાળાના પરોઢથી તે સાંજ સુધી એના પતિ વિશે અનેક સ્વપ્નો સેવતી વિલાપ કરે છે—કલ્પનામાં એ પતિને હિમવર્ષાથી આચ્છાદિત ઊંચેથી તોળાઈ રહેલા કોઈ શિખરની છાયામાં બેસતો નિહાળે છે—એના (પતિના) મનમાં ઉદાસી છે, સુખી ગૃહજીવનનાં એનાં સ્વપ્નાં દૂર સરી ગયાં છે. નાયિકાની પતિ માટેની તીવ્ર ઝંખના, એના ચિત્તનો સૂનકાર એના ઊર્મિલ ઉદ્‌ગારોમાં અસરકારક રીતે પ્રગટે છે:

Fallen is this house; I am filled with yearning,
The dales are dim, the downs are high,
The seats are sorrowful, I am sick as heart.
(અનુ. કે. મૅલોન)

યુવાન પ્રેમી હૃદયથી કઠોર જ હોવાનો એવું લૂખુંસૂકું આશ્વાસન લેવા તે મથે છે, પણ અંતે નિરાશામાં ડૂબેલા તેના ચિત્તમાંથી પ્રેમના વૈફલ્યનું, દુર્ભાગ્યનું ચિંતવન સરી પડે છે:

... ...hard is the lot
Of one that longs for love in vain.

આ કાવ્યની સાથે વિષયનું ગાઢ સામ્ય દર્શાવતું, નાયિકાના વિષાદ ને વિલાપને જ લક્ષ્ય કરતું 'ઇડવાસેર' 'Eadwacer' કાવ્ય, વિવેચકોએ અંગ્રેજી ભાષાનું અતિક્લિષ્ટ ગણ્યું છે. એક વિવેચક મિ. આલ્બર્ટ બૉએ

(Albert Baugh) તેનું અર્થઘટન કરવાનો પ્રયત્ન મિથ્યા માનીને તેના સર્જકના સામર્થ્યની પ્રતીતિ કરાવતી થોડીક પંક્તિઓ ટાંકે છે. એ પંક્તિઓમાં પ્રેમની, વિયોગની ઉત્કટ ઊર્મિ પ્રગટ થઈ છે. નાયિકા ચિતરે છે, સમર્થ પ્રેમીના આશ્લેષમાં સ્વર્ગ સાચું, પરંતુ...કેવું શાપિત!

I waited for my wanderer, my Wulf, hoping
and fearing,
When it was rainy weather and I sat wretched
and weeping
When tbe doughty man drew me into his arms—
it was heaven, yes, but hateful too.
(અનુ. કે. મૅલોન)

'પત્નીનો વિલાપ'–'ધ વાઈફ્સ કમ્પ્લેઇન્ટ'ની સાથે જ વાંચવા જેવું 'પતિનો સંદેશો' (Tbe Husband's Message) સાદું સરળ અને રોચક ઊર્મિકાવ્ય છે. હસ્તપ્રતમાં કેટલીક પંક્તિઓ નાશ પામી છે. કોઈક પતિને પોતાની પત્નીથી વિખૂટા પડીને પરદેશ ખેડવો પડ્યો છે—કદાચ કોઈક વેરની વસૂલાત માટે. ત્યાં તેને સારી પદવી અને પ્રતિષ્ઠા સાંપડે છે. એ ત્યાંથી પોતાની પત્નીને લાકડાના એક ટુકડા પર સંદેશો કોતરી મોકલે છે. લાકડાનો ટુકડો નાયિકા પાસે આવીને પ્રસ્તાવના રૂપે પોતાની ઉત્પત્તિની કથા વર્ણવે છે. મનુષ્યના ઓજારે અને તેની કુશળતાએ દૂત તરીકે પોતાનો કેવો ઉપયોગ કર્યો તે વિષે તે આનંદાશ્ચર્ય પ્રગટ કરીને તેના સ્વામીનો સંદેશો કહે છે. તેમાં કાવ્યનાયકે ભૂતકાળમાં નાયિકા સાથેનાં સ્નેહમિલનોની અને વફાદારીનાં વચનોની યાદ દેવડાવી છે, પોતાનો પ્રેમ હજુ પણ એવો જ ઉત્કટ છે તેની ખાતરી આપી છે અને પત્ની ઇચ્છે તો, કોયલ એના ટહુકામાં ઉદ્વેગના સૂર રેલાવવા માંડે એ મોસમમાં તરત જ સાગરના અમુક સંકેતસ્થાને મળવાનું તે ઇજન પાઠવે છે. કેટલાક વિવેચકો આ કાવ્યને 'ધ વાઈફ્સ કમ્પ્લેઈન્ટ' કાવ્યનો પ્રત્યુત્તર ગણે છે. કેટલાક વિદ્વાનો આ કાવ્યનું શીર્ષક 'પ્રેમીનો સંદેશો' (The Lover's Message) આપે છે. નાયકના પ્રેમોદ્ગારો કોઈ પતિના નહિ પરંતુ વિયોગી પ્રેમીના છે એમ તે સૂચવે છે. નાયકનો ઉદ્વેગ અને તેની તીવ્ર પ્રેમઝંખના જોતાં એ મંતવ્ય સ્વીકારવાનું મન થાય.

કાવ્યના આરંભે લાકડાનો ટુકડો પહેલી સત્તર પંક્તિમાં પોતાની આપવીતી વર્ણવે છે તે કેટલાક વિવેચકોને, 'સમસ્યા' riddle તરીકે પંકાએલી અને ઉપર્યુક્ત કાવ્યથી સ્વતંત્ર રચના લાગે છે. આ પ્રકારની રચનાઓમાં નિર્જીવ પદાર્થો વાચાળ બનીને પ્રત્યક્ષ થતા હોય છે. લાકડાના ટુકડાને પ્રેમદૂત તરીકે રજૂ કરવાની આ કલ્પના એક ધાર્મિક કાવ્ય 'ક્રૉસનું સ્વપ્ન' 'The Dream of the Rood'માં પણ જોવા મળે છે.

ઍંગ્લો-સૅક્સન પ્રેમકવિતા જે કંઈ પ્રાપ્ય છે તે આટલી જ. એમાં કોઈ નીતિ કે ધર્મના ઉપદેશનું વળગણ નથી એ હકીકત ખાસ ધ્યાન ખેંચે છે. આવી પ્રેમકવિતા કેટલી રચાઈ હશે, ગુમ થઈ હશે અને કેવા પ્રકારના શ્રોતાઓને એ યુગના કવિએ લક્ષમાં રાખ્યા હશે તે કહેવું અશક્ય છે. વીર કવિતાને એ પ્રજાએ કેવા પ્રેમથી લડાવી એ સુવિદિત છે; ધર્મલક્ષી કવિતાના પ્રભાવની પ્રજામાનસ પરની અસર પ્રબળ થએલી તેની યે ઇતિહાસ સાક્ષી પૂરે છે; પરંતુ પરાક્રમના સ્પર્શ વિનાની, નીતિનાં સૂત્રોથી વિમુક્ત એવી આ અંગત અને ઉન્મત્ત પ્રેમોદ્ગારવાળી કવિતાએ પણ ઍંગ્લો-સૅક્સન કાળના કોઈક પ્રજાસમૂહની રુચિ પર કાંઈક પ્રભાવ તો પાડ્યો જ હશે. એ કેવો એ વિષે ચોક્કસ અનુમાન તારવવાં શક્ય નથી.

સમસ્યાનું પદ્યસાહિત્ય : The Riddles

'ધિ લવર્સ મેસેજ'માં આરંભે મુકાએલી લાકડાના ટુકડાની ઉક્તિ કેટલાક વિદ્વાનોને એક riddle તરીકે સ્વતંત્ર રચના લાગી એ હકીકત ઉપર આવી ગઈ. ઍંગ્લો-સૅક્સન કવિતામાં સમસ્યા રૂપે રજૂ થતો પદ્યસમૂહ પણ ધ્યાનમાં લેવો ઘટે. ઍંગ્લો-સૅક્સન કવિઓને કોઈ પદાર્થને વિશેષ નામે ઓળખાવવાને બદલે તેની ખૂબીઓ દ્વારા વર્ણવવાની પદ્ધતિ ક્યારેક અનુકૂળ લાગતી. પદાર્થની ખૂબીઓ વર્ણવીને તેઓ અચાનક કોઈક વળાંક કે ચોટ દ્વારા રહસ્યસ્ફોટ રજૂ કરતા. આ વલણમાંથી ચબરાકિયાં જેવી સૂત્રાત્મક પદ્ધતિની લઘુ રચનાઓ ઉત્પન્ન થઈ મિજબાનીઓમાં રાજકવિઓ પણ મહેમાનોની વહેવારકુશળતાની પરીક્ષા કરવા સમસ્યાઓ રજૂ કરતા ને પોતાની બુદ્ધિશક્તિનો પરિચય એ રીતે કરાવતા.

આપણા દેશમાં પણ વિનોદ-ચાતુરી માટે પ્રાચીન કાળથી સમસ્યાનો ઉપયોગ થતો રહ્યો છે. ભોજ રાજાની દરબારવાર્તાઓમાં કે અકબર-બીરબલની દંતકથાઓમાં અને મધ્યકાલીન સાહિત્યમાં શામળની વાર્તાઓમાં સમસ્યા મહત્ત્વનું અંગ બની રહે છે. ગણિકાઓ સમસ્યામાં નિપુણ લેખાતી. શામળની વાર્તાઓમાં તો રાજાથી માંડીને ઘાંચી સુધીની વ્યક્તિ પણ સમસ્યામાં વાતચીત કરતી હોય છે, અને સમસ્યાના ઉત્તરો પર કેટલીક વાર કોઈ કુમાર કે કુમારીનું લગ્ન-ભાવિ તોળાતું હોય છે.

ઍંગ્લો-સૅક્સન સાહિત્યમાં સમસ્યાઓ બહુધા સ્વતંત્ર રચના તરીકે જ જોવા મળે છે; અને એ પણ તેમની મૌલિક રચનાઓ નથી. ધર્મગુરુ આલ્ધેમ (Aldhelm)ની રચેલી લૅટિન સમસ્યાઓ પર તે ઘણુંખરું આધારિત છે. આ સમસ્યાઓ વધતીઓછી પંક્તિઓ ધરાવતી; નિર્જીવ પદાર્થને સજીવ કલ્પીને અંતમાં કશીક ચમત્કારકતા સાધે છે, તો કેટલીક વિપુલ પંક્તિસંખ્યા ધરાવનારી રચનાઓ નીરસ અસ્પષ્ટ બની રહે છે. ઍંગ્લો-સૅક્સન સમસ્યાઓમાં પાળેલાં પ્રાણી, દિવ્ય પદાર્થો, ઘટનાઓ, કલાનાં સાધનો, રોજિંદા વહેવારમાં નજરે ચડતા પદાર્થો, હથિયારો—એવી ઘણીબધી વસ્તુઓના વિષય તરીકે સમાવેશ થયો છે અને સમસ્યાનું સાહિત્ય એક પ્રકારનો જ્ઞાનકોશ encyclopaedia બની રહે છે એમ વિવેચક લગ્વી (Legouis)નું મંતવ્ય છે. મોટા ભાગની સમસ્યાઓમાં ખાસ દૈવત નથી; માત્ર ક્યારેક શબ્દરમત ને ચાતુરીને લીધે કે કંઈક હાસ્યને કારણે તે તરફ ધ્યાન ખેંચાય છે. એક સમસ્યા 'જામ' અને રણશીંગુ' બંને તરીકે ખપમાં આવતા બળદના શીંગડા (Bull's horn) વિષેની ચમત્કારક છે. શીંગડું રણશીંગા તરીકે અને મદ્યના પાત્ર તરીકે પણ ખપમાં લેવાય છે એ હકીકતનો ઉપયોગ કરીને યોદ્ધાના મુખે રોમાંચક વાણી ઉચ્ચારાય છે: 'સુંદરીની પ્રેરણા-ફૂંકથી રણમેદાનમાં અશ્વ પર હું શોભાયમાન થઈને વાતાવરણમાં ચમકાર લાવી મૂકું છું; સુંદરી મારા હૃદયજામમાં પ્રેમામદ્ય રેડીને મને પુલકિત કરી મૂકે છે. આમ શ્લેષના સરસ નમૂના અહીં મળે છે.

Warriors
On horseback bear me: then with wind I must
Resplendent, swell from some one's bosom.
(અનુ. બી. ગ્રોપ)

પ્રકૃતિનું પ્રચંડ તોફાન વર્ણવતી, 'ઝંઝાવાત' નામે એક સમસ્યા નાનકડા ઊર્મિકાવ્ય જેવી બની રહી છે. ઍંગ્લો-સૅક્સન કવિતામાં સાવ આધુનિક જેવી લાગતી આ 'રિડલ'ને વિદ્વાનો કવિ શેલીના 'ઓડ ટુ ધી વેસ્ટ વિન્ડ' સાથે સરખાવવાની લાલચ રોકી શક્યા નથી એ એના સામર્થ્યની પ્રતીતિ કરાવે છે. એમાં ઝંઝાવાત, પહેલાં તો ઈશ્વરના આદેશ અનુસાર ધરતી પર કેદીની અવસ્થામાં બંધાએલો સ્થિર છે, એ મુક્ત થતાં જ પ્રચંડ ઉત્સાહથી ઊછળે છે અને સમુદ્રતરંગોને હિલોળે ચડાવે છે. ધરતી પર વેગથી ઘૂમતા વિનાશક વંટોળિયાને એમાં કવિએ ભવ્યતાથી નિરૂપ્યો છે.

આ પ્રકારની ચિત્તમાં ઘૂંટાયા કરે તેવી 'સમસ્યા' તો વિરલ જ.

ધર્મલક્ષી કવિતા

ઍંગ્લો-સૅક્સન કવિતાના વિવિધ પ્રકારોની ચર્ચા કરતાં એક નોંધપાત્ર હકીકત તરફ આપણું ધ્યાન દોરાયું હતું: કેટલાક ખ્રિસ્તી ધર્મગુરુઓએ 'બેઓવુલ્ફ' જેવા વીરકાવ્યમાં તેમજ નાનાંમોટાં ઊર્મિકાવ્યોમાં ધર્મપ્રચારના આશયથી સંસ્કરણો કરેલાં હતાં. એ બધી કવિતામાં ધર્મનું પ્રોક્ષણ ભળ્યું હતું. પરંતુ એ ઉપરાંત પણ ખાસ લોકોને ધર્માભિમુખ કરવા માટે અને ધર્મપ્રચારના પ્રયોજનથી જ અનેક ખ્રિસ્તી પાદરીઓએ તથા અન્ય કવિઓએ વિપુલ સંખ્યામાં ધર્મલક્ષી કવિતાઓ રચી છે, એનો ખ્રિસ્તી સાધુઓએ જતનથી જાળવી રાખેલો માતબર જથ્થો મળ્યો છે. અલબત્ત આ બધી રચનાઓમાં કલાતત્ત્વ ઝાઝું નહિ, ધર્મપ્રચાર એ જ એનો મુખ્ય ઉદ્દેશ.*

ખ્રિસ્તી ધર્મની બે શાખા

ઈસવી સનના સાતમા સૈકાના અંત ભાગમાં અને સમગ્ર આઠમા સૈકામાં ખ્રિસ્તી ધર્મનાં તત્ત્વો—ઈસુ ખ્રિસ્ત, બાઈબલ વગેરે વિષયો—ને લક્ષ કરીને પાદરીઓએ તેમજ અન્ય કવિવૃંદે સારી એવી સંખ્યામાં કવિતા રચી હતી. આ સૈકાઓ દરમિયાન ઍંગ્લો-સૅક્સન લોકોએ મોટી સંખ્યામાં ખ્રિસ્તીધર્મ સ્વીકારી લીધો હતો. રોમમાંથી ઇંગ્લૅન્ડ પહોંચેલા સંત ઑગસ્ટાઇને આ અગાઉ કેટલા યે વર્ષોથી ખ્રિસ્તી ધર્મપ્રચારનું કાર્ય આરંભી દીધું હતું. અને ઑગસ્ટાઈનથી પણ વહેલા કેટલાક કેલ્ટ મિશનરીઓએ ઇંગ્લૅન્ડના ઉત્તર ભાગનાં રાજ્યોમાં ખ્રિસ્તીધર્મ તત્ત્વનો બોધ પ્રજાને આપવો શરૂ કરી દીધો હતો. ખ્રિસ્તી ધર્મની આ બે શાખાઓમાં નીતિરીતિની બાબતમાં કેટલીક ભિન્નતા હતી. પરમ પિતા પરમેશ્વર સાથે માનવઆત્માનો સીધો અંગત સંબંધ, ઈસુની માનવતા, વિશ્વબંધુત્વ, સંતો વચ્ચેનું આત્મૈક્ય—આ બધાં તત્ત્વોનો ઉપદેશ કેલ્ટની ખ્રિસ્તી ધર્મશાખાના ધર્મગુરુઓ પ્રજાને આપતા રહ્યા હોય એમ જણાય છે. રોમન ખ્રિસ્તી ધર્મસંસ્થામાં ક્રિયાકાંડ સરળ નહિ; અને નમ્રતા, આજ્ઞાંકિતતા વગેરે તત્ત્વો બાબતમાં એ સંસ્થા ઊણી ઊતરી હતી. ઇંગ્લૅન્ડના ઉત્તર પ્રદેશમાં આવેલું વ્હિટબી (Whitby) કેલ્ટની ધર્મશાખાનું એક મહત્ત્વનું કેન્દ્ર હતું. ત્યાં ખ્રિસ્તી મઠની અધિષ્ઠાત્રી (હિલ્ડા (Hilda) હતી. ધાર્મિક કવિતાના પિતારૂપ મનાતા કૅડમનનું એ જન્મસ્થળ હતું. આ ધર્મકેન્દ્ર રોમન ધર્મશાખાના કેન્દ્રથી નીતિથી કેટલીક બાબતમાં જુદું પડતું હતું. પરંતુ ઈ. ૬૬૪માં વ્હિટબીને રોમન ચર્ચની હકૂમત હેઠળ મૂકવામાં આવ્યું અને સમગ્ર ઈંગ્લૅન્ડમાં ચર્ચની બાબતમાં એકત્વ સ્થપાઈ ગયું. તેમ છતાં કેલ્ટની ખ્રિસ્તી ધર્મશાખાનો ઍંગ્લો-સૅક્સન કવિતા પરનો પ્રભાવ પ્રગટ થયા વિના રહ્યો નથી. ઉદાહરણ તરીકે 'ધ ડ્રીમ ઑવ ધ રૂડ' (The Dream of the Rood)માં તીવ્ર અંગત ઊર્મિનો સ્પર્શ, 'ધ સીફેરર' (The Seafarer)માં માનવ હૃદયના વિષાદ સાથે કરુણ ગાન કરતા ભૂખરા, શીતળ સમુદ્રતરંગોનો સંવાદ, એ બધી કેલ્ટ પ્રજાની ઍંગ્લો-સૅક્સન કવિતા પર પડેલી અસર દર્શાવે છે. સંત કોલમ્બા (St. Columba)એ આટલાંટિકના કિનારા ઉપર મઠ સ્થાપ્યો હતો અને ત્યાં પ્રકૃતિ પર માનવજીવનનું આલંબન એ રોજિંદી હકીકત હતી. સમુદ્રતરંગોનાં, તોફાનનાં અને પ્રકૃતિની ભીષણતાનાં ચિત્રો એ પ્રજાની કવિતામાં ન આવે તો જ નવાઈ. સાથે સાથે ધર્મનાં કેટલાંક વિશિષ્ટ તત્ત્વોએ પણ કવિઓની ચેતનાને જાગ્રત કરી. ધર્મતત્ત્વ કવિતાનું પ્રેરકબળ બન્યું. ઍંગ્લો-સૅક્સન કવિતામાં ધર્મને કારણે નવો વળાંક આવ્યો. કાવ્યનાયક સુવર્ણમાં અને રાજાઓ તરફથી મળતી ભેટસોગાદોમાં કે ખજાનાઓ પ્રાપ્ત કરવામાં રાચવાને બદલે ઈશ્વરી અનુગ્રહની સંપત્તિને ઝંખનારો બની રહ્યો. ભૌતિકસમૃદ્ધિ નશ્વર, ચચળ છે, ઈશ્વરકૃપા જ અચલ, અવિનશ્વર છે એ તત્ત્વ પર ભાર મુકાયો. સાચું શૌર્ય આધ્યાત્મિકતામાં વસેલું છે અને આત્માને શુદ્ધ, નિષ્કલંક રાખવામાં વીરત્વ સમાએલું છે; કયામતના દિનની કલ્પના કરીને મનુષ્યે દુરાચારથી દૂર રહેવું ઈષ્ટ છે; પ્રેમ પાર્થિવ નહિ, પ્રભુ સાથેનો દિવ્ય પ્રેમ જ હોય;—આવી કેટલીક એ ધર્મલક્ષી કવિતાઓની ભાવના ગણી શકાય.[2]

કૅડમન (Caedmon)

ઍંગ્લો-સૅક્સન સાહિત્યમાં શુદ્ધ ધાર્મિક કવિતાના જનક તરીકે કૅડમન અને સાઇનેવુલ્ફનાં નામ સુપ્રસિદ્ધ છે. કૅડમન કેલ્ટની ખ્રિસ્તી ધર્મસંસ્થામાં ઊછરેલો, એ સિવાય એના વિષે બીજી ઐતિહાસિક માહિતી પ્રાપ્ત નથી. પરંતુ હા, બિડે (Bede) નામના એક લૅટિનભાષી ધર્મગુરુએ એના 'ઍંગલ પ્રજાના ધાર્મિક ઇતિહાસ' (Ecclesiastical History of the Angles)માં કૅડમનના જીવનની એક ચમત્કારક ઘટના વિષે થોડી માહિતી આપી છે:

વ્હિટબીમાં અધિષ્ઠાત્રી હિલ્ડાના નેજા નીચે મઠનું સંચાલન થતું હતું. એ મઠમાં આવતા એક સત્સંગી ભાઈ પર ઈશ્વરી કૃપા ઊતરી હતી. ધર્મ અને આત્માની પવિત્રતાનાં કાવ્યો રચવામાં તેમણે સુયશ પ્રાપ્ત કર્યો હતો. વિદ્વાનો પાસેથી ધર્મશાસ્ત્રોની જે કંઈ વાણી તે સાંભળે તેને મધુર શબ્દોમાં કાવ્ય રૂપે રજૂ કરવાની તેની ખાસ હથોટી હતી. એ જમાનાના ઈંગ્લૅન્ડના બીજા કવિઓ પણ તેની રચનાઓના અનુકરણમાં રાચતા. કાવ્ય-ગીતકળાનું શિક્ષણ તેણે કોઈ પાઠશાળામાં લીધું ન હતું. ઇશ્વરે જ એના ચિત્તમાં સર્જનની પ્રેરણા ફૂંકી હતી. એટલે એના અંતરમાંથી કશી હીન કે નાસ્તિક વાણી ક્યારે ય પ્રગટતી નહિ. એની જીભે ધર્મમાધુરી જ વ્યક્ત થતી. કેટલીક વાર આનંદપ્રમોદની મિજબાનીમાં એ હાજર રહેતો. એ પ્રસંગે વીણા સાથે દરેક હાજર વ્યક્તિએ ગીત ગાવાનો શિરસ્તો હતો. પણ આ ભાઈ—કૅડમન—નો વારો આવે ત્યાં જ એ મૂંઝવણથી, શરમથી ઊભો થઈને મિજબાનીમાંથી છટકી જતો. એક વાર એવી જ કોઈ મહેફિલમાંથી નાસીને એ તબેલામાં સુવા માટે ગયો. એ રાતે ઘોડાઓની રખેવાળીની વ્યવસ્થા તેને શિર હતી. ઊંઘમાં તેને સ્વપ્ન આવ્યું. કોઈક પુરુષ નમ્રતાથી તેને સલામ કરી તેનું અભિવાદન કરી રહ્યો હતો, ને તેનું નામ દઈને તેને કહી રહ્યો હતો: 'કૅડમન! મારા વિષે તું ગીતોની રચના કર—ગીતો ગા.'

કૅડમને જવાબમાં કહ્યું: 'ગીતો ગાવા—બજાવવાનું મારું ગજું નથી. એમાંનું કશું હું જાણતો નથી; તેથી તો મહેફિલ પડતી મેલીને નાસી આવ્યો.' ત્યારે પેલા પુરુષે કહ્યું: 'તું ગાઈ શકીશ.'

'પણ હું શું ગાઉં?' કૅડમને પૂછ્યું.

પેલા પુરુષે કહ્યું: 'સૃષ્ટિના આરંભનાં—ઉત્પત્તિનાં ગીત ગાજે'[3]

આવો આદેશ સાંભળતાં વાર લાગલું જ કૅડમનના અંતરમાંથી ગીત અનાયાસ પ્રગટી નીકળ્યું. સર્જનહારની લીલાની સ્તુતિ અ-પૂર્વ સૂર અને પદાવલિમાં તેના મુખેથી પ્રગટ થઈ: સ્વર્ગના રક્ષણહાર, સૃષ્ટિના સર્જનહાર, અંતર્યામી પરમેશ્વરની લીલાની આપણે ભક્તિ કરીએ. એ સર્જનહારે પૃથ્વીનાં બાળકો માટે પહેલાં તેમના છત્રરૂપે સ્વર્ગ રચ્યું. એ પછી સનાતન, મનુષ્યના પાલનહાર, સર્વશક્તિમાન પ્રભુએ માનવનસવાટ સારુ સૃષ્ટિ નિર્માણ કરી.

---

* આપણા ગુજરાતી મધ્યકાલીન સાહિત્યની વાત કરીએ તો મુસલમાનોના શાસનકાળ દરમિયાન જૈન સૂરિઓએ ગામડાના ઉપાશ્રયોમાં ધાર્મિક ગ્રંથો જતનપૂર્વક જાળવી રાખ્યા હતા. એમણે પણ એ રાસો, ફાગુ ઇત્યાદી કાવ્યપ્રકારો ધર્મપ્રચારાર્થે જ ખેડ્યા હતા.

૨ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પણ ધર્મલક્ષી કવિતામાં આવી જ ભાવનાઓ મુખ્ય છે.—બધી જ ધર્મલક્ષી કવિતામાં આ તત્ત્વો ઉપર જ ઝોક હોય એ સ્વાભાવિક છે.

૩ તુકારામને અભંગ રચવાની પ્રેરણા સ્વપ્નમાં મળેલી. નરસિંહ મહેતાને પણ આમ જ ઈશ્વરી પ્રેરણા મળેલી. આવા બીજા અનેક દાખલા મળે. આ બધી ઘટનાઓમાં ઐતિહાસિકતા કેટલી?

Now let us praise the guardian of Heaven's kingdom,
God's might and his mood-thought,
The work of the glory-father, as he of each wonder,
The eternal Lord; the beginning ordained.
He first made to the childeran of men
Heaven for roof, the holy Creator.
Then the middle-yard, mankind's Keeper,
The eternal Lord, after words created
For men, the earth, the Ruler almighty. (અનુ. મૂર)

કેડમન નિદ્રામાંથી જાગી ગયો. નિદ્રાવસ્થામાં જે સ્તુતિગાન તેણે કર્યું તેનો શબ્દેશબ્દ તેના ચિત્તમાં કોતરાઈ ગયો હતો. આ વિષયનો વિસ્તાર કરીને તે પછી તેણે કાવ્યો ગીતો રચ્યાં.

મઠની મુખ્ય સાધ્વી હિલ્ડા આ વાત જાણી આશ્ચર્યચકિત થઈ. તેણે ધર્મધુરંધરોને બોલાવી આ માણસની શક્તિની કસોટી કરાવી. સર્વ વિદ્વાનોએ એક સૂરે તેની દિવ્ય પ્રતિભાનો સ્વીકાર કર્યો. હિલ્ડાએ કેડમનને દુનિયદારી ત્યજીને મઠવાસી થવાનું નિમંત્રણ આપ્યું. કેડમને ધર્મગુરુનો વ્યવસાય સ્વીકાર્યો. એની ગીતધારા, પદાવલી એવાં મોહક હતાં કે શિક્ષકો પણ આ શિષ્યની ગીતમાધુરીની નોંધ ઉતારી લેતા.

ધર્મગુરુ બેડે(Bede)એ તો કવિતાનો સારો એવો જથ્થો કેડમનને નામે ચડાવ્યો છે. પરંતુ કેડમને જ એ બધી રચનાઓ કરી હોય એમ વિદ્વાનો માનતા નથી.[૪] ઍંગ્લો-સૅક્સનોના એ યુગમાં ભક્તજનોએ ભક્તિભાવથી પ્રેરાઇને ધર્મનાં જે પદો—ગીતો રચ્યાં તે પણ કેડમનને નામે ચડાવ્યાં હોય એવો પૂરો સંભવ વિવેચકોએ માન્યો છે.

કેડમનની મનાતી ત્રણ કૃતિઓ એમાં ઉત્તમ 'જેનેસિસ'

કેડમનની કૃતિઓ તરીકે પંકાએલી ધાર્મિક કવિતામાં 'જેનસિસ (Genesis), એક્ઝોડસ(Exodus) અને ડૅનિયલ (Daniel)નો સમાવેશ છે. આ ત્રણેમાં 'જેનેસિસ' સર્જકતાની દૃષ્ટિએ ઉત્તમ ગણાઈ છે, એમાં 'ઓલ્ડ ટેસ્ટામેન્ટ'ની કેટલીક સામગ્રીનો કાવ્યમય અનુવાદ છે. સર્જનહારની સ્તુતિથી આરંભાએલા આ કાવ્યમાં સેતાન અને તેના સાગરીતોના બળવાની અને વિનિપાતની કથા મુખ્ય વિષય છે. સ્વર્ગમાંથી નરકમાં ગબડેલા સેતાનની, ઈશ્વરના પ્રિય સર્જનરૂપ માનવીનું પતન કરાવીને સૃષ્ટિના સર્જક પર વેર લેવાની યોજનાનું એમાંનું નિરૂપણ ચિત્તાકર્ષક છે. બાકીનો પ્રવાહ બાઈબલની કથાને અનુસરે છે.

'જેનેસિસ'ની હસ્તપ્રત અધૂરી છે અને તેમાં ઘણાં ગાબડાં છે. એમાં છસો પંક્તિનો એક જુદી જ રીતનો પ્રવાહ ભળેલો વિવેચકોએ નોંધ્યો છે. એ નવા પ્રવાહને તેમણે 'જેનેસિસ-બી' તરીકે ઓળખાવ્યો છે. આ નવા આગંતુક પ્રવાહમાં આદમ અને ઈવના પ્રલોભનની અને તેમના વિનિપાતની કથા કવિએ નિરૂપી છે. સેતાનના બળવાની-વિદ્રોહની-કથા મૂળ 'જેનેસિસ'માં સંક્ષેપમાં રજૂ થઈ છે; પણ 'જેનેસિસ-બી'માં સેતાનના મનોરથોનું, તેની યોજનાનું વિગતે રસપ્રદ બયાન છે. કાવ્યત્વ અને નાટ્યતત્ત્વની દૃષ્ટિએ વિદ્વાનોના અભિપ્રાયે 'જેનસિસ-બી' નિઃશંક ચડિયાતી છે. ડેવિડ ડેચીસે તો તેને 'પૅરડાઈઝ લૉસ્ટ'ના ડોળિયા તરીકે ગણાવી છે. બળવાખોર સેતાનની પહેલવહેલી અંગાર વાણી—'શા માટે ગુલામ બનું? મારે કોઈ માલિક જોઇએ નહિ. હું પણ ચમત્કારો સર્જી શકું તેમ છું. એ ઈશ્વરની મહેરબાની મેળવવા હું તરફડિયાં મારું? એનાં ચરણમાં ઝૂકી પડું? અરે હું પણ એના જેવો જ ઈશ્વર છું'—માં આદિ માનવનો ઉત્કટ જુસ્સો વરતાય છે.

સ્વર્ગમાંથી નરકમાં પછડાયા પછી સેતાનના બીજા દીર્ઘ પ્રવચનમાંની તીવ્ર વાણી અસરકારક બની છે અને મિલ્ટનની વાણીનો રણકો તેમાં સંભળાય છે. સેતાનની આકાંક્ષા—યોજનાનું સમર્થ ચિત્ર એમાં ઊપસ્યું છે: 'એક કલાક મને મુક્તિ મળે તો...? પરંતુ લોખંડની બેડીમાં જકડાએલો છું...સ્વર્ગનો દિવ્ય અંબાર હવે આપણા ભાગ્યમાં નથી. સૃષ્ટિના સર્જનહારનો ખોફ આપણે વહોરી લીધો છે અને સ્વર્ગના સુખથી વંચિત થયા છીએ. પરંતુ એ સુખ આપણને ન મળે તો ભલે; આપણે એ ઈશ્વરના પ્યારા સર્જનરૂપે મનુષ્યનો તેનાથી વિચ્છેદ કરાવીશું અને તેમનું સુખ છીનવી લઈશું.'

Ah, had I but the strength of my hands
And could for one hour win out of here,
For one winter hour, then I with this host...!
But around me lie iron bounds,
The fetter's chain rides on me
. I look not to behold that light again
Which he thinks long to enjoy,
That happiness with his host of angels;
We shall never gain
Softening of Almighty God's anger,
Let us take it from the sons of men,
That heavenly kingdom, now that we may not have it
Lead them to forsake his allegiance,
To transgress what he bade them with his word...

મિલ્ટનના સેતાનની વાગ્મિતામાં જે સૌકુમાર્ય છે તે 'જેનેસિસ'ના સેતાનમાં નથી; તેમાંની વાગ્મિતા પ્રાથમિક, અણઘડ છે. છતાં એક પુરાણા પાત્રની પ્રતિભા ઉપસાવવાની શક્તિ તો એના કવિમાં છે જ.

કેડમનની મનાતી બીજી કૃતિ 'એક્ઝોડસ'માં ઇઝરાઈલના લોકો લાલ સમુદ્ર ઓળંગે છે તેનો અને ઇજિપ્તની પ્રજાના નિકંદનનો ચિતાર છે. આ કાવ્યની જો કોઈ લાક્ષણિકતા હોય તો યુદ્ધને લગતાં દૃશ્યોના ચિત્રણમાં છે. પ્રાચીન પૂર્વજોની યુયુત્સાને પ્રગટ કરતાં આ દૃશ્ય ચિત્રણો યુદ્ધની કવિતામાં આલેખાએલાં ચિત્રો કરતાં પણ વિશેષ ચમકવાળાં છે.

'ડૅનિયલ'માં વિવેચકોને કોઈ ખાસ કલાગુણ જણાયો નથી. કવિએ ધર્મપ્રચારની સામગ્રીનો સ્પષ્ટ પ્રયોજનપૂર્વક જ ઉપયોગ કરી એમાં ઈશ્વર પ્રત્યે ભક્તિભાવના તેમજ અન્ય નીતિસૂત્રોનું વર્ણન કર્યું છે.

'ધ ક્રાઈસ્ટ ઍન્ડ ધ સેટન' (The Christ and the Satan)

જે ગુટકામાં કેડમનની ગણાએલી ત્રણ કૃતિ છે તેમાં જ એક શીર્ષક વિનાની, વિવેચકોએ 'ધ ક્રાઈસ્ટ ઍન્ડ ધ સેટન' નામથી ઓળખાવેલી એક ધર્મલક્ષી કૃતિ મળી આવી છે. આ કાવ્યની વિશેષતા એ છે કે કવિએ તેનો કથાવિષય બાઇબલની પ્રત્યક્ષ પ્રેરણા હેઠળ નહિ પણ ખ્રિસ્તી પરંપરાઓની અસર ઝીલીને નિરૂપ્યો છે. 'જેનસિસ બી'ના રાતી આંખે વાણીના અંગારા ઓકતા પરમેશ્વરના પરમ શત્રુ સેતાનને બદલે અહીં હારેલા, હતાશ, પોતાનાં પાપનો વારંવાર પશ્ચાત્તાપ કરી વિલપતા સેતાનનું ચિત્ર મળે છે. સ્વર્ગનાં સુખ-આનંદથી વિખૂટો પડેલો તેનો આત્મા અનહદ તડપે છે અને તેની વિલાપવાણીમાં કરુણાંતિકાની છટા (Elegiac eloquence) છે. સૃષ્ટિની ઉત્પત્તિથી માંડી કયામતના દિન સુધીની કથા વર્ણવતા કવિનો મુખ્ય રસ ઇસુને ત્યજીને સેતાનને અનુસરવામાં કેવી દુર્દશા થાય છે તે અંગે નીતિબોધ ઠસાવવામાં છે. એમાંના સેતાનના મુખે પ્રગટ થતા વિલાપો ઈસુનો મહિમા સ્પષ્ટ સૂચવી દે છે. સેતાન અને તેના સાગરીતોની ત્રાસદાયક યાતનાનું ચિત્ર માનવજાત માટે ચેતવણીરૂપ બને તેવી નાટ્યાત્મક રીતિએ એમાં યોજાયું છે.

આ કાવ્ય કેડમનનું નહિ પણ કેડમન શાખાના કોઈ ધર્મગુરુએ રચેલું હોવાનો કેટલાક વિદ્વાનોનો અભિપ્રાય છે.

(ચાલુ)

---

[૪] ભક્તો પોતે રચનાઓ કરી ભક્તિભાવે ગુરુને અગર સમકાલીન સંતને નામે તે રજૂ કરી દે એ પરંપરા આપણે ત્યાં પણ અજાણી નથી. નરસિંહ, મીરાં, દયારામને નામે આમ કેટલાં યે પદો ચડાવાયાં છે!

અનુસંધાન] **શિવરામ-કિંકર** [પૃ. ૧૨૪થી

એ પત્ર પ્રમદદાસ મિત્ર નામે કોઈ વ્યક્તિનો લખેલો હતો. એમાં લખેલું કે 'મને છેલ્લા ત્રણ દિવસથી ભગવાન શંકર સ્વપ્નમાં દર્શન આપી કહે છે કે તું ત્રણ દિવસથી મને જે ભોગ ધરે છે તે હું આરોગી શકતો નથી, કારણ કે મારો પરમ ભક્ત નામે શિવરામ-કિંકર જે વરાહ-નગરમાં રહે છે તે અનશનમાં છે. એમના ભોજન માટે તત્કાલ પ્રબંધ કર. હું આપને નામથી યે ઓળખતો નથી, પરંતુ સ્વપ્નમાં જ ભગવાન શંકરે મને આપનાં નામઠામ જણાવ્યાં છે. તે વિશ્વાસે રૂપિયા ત્રીસ સેવામાં મોકલું છું તે સ્વીકારશો.'

એ પત્રના અનુસંધાનમાં શિવરામકિંકરે જણાવ્યું કે પોતે નિરાહાર રહેવાની આ વાત નિકટવર્તી મિત્રો કે સ્વજનો પણ જાણતા ન હતા. થોડા દિવસથી તો તેઓ કેવળ બીલીનાં પાન ખાઈને નભતા હતા.

ઈ. સ. ૧૯૦૬માં એમણે કાશીને નિવાસસ્થાન બનાવ્યું. એમને જ્ઞાન-ગંગા ગણીને સંન્યાસીઓ, જિજ્ઞાસુઓ તથા વિદ્વાનો એમને સેવતા. એમની પાસે આવનારાની ભીડ રહેતી. મુંબઈના તે વખતના પ્રસિદ્ધ સૉલિસિટર ભાઈશંકર નાનાભાઈ ઘણા ધર્મિષ્ઠ અને વિદ્વાન હતા. સ્વામીજી સાથે અંગ્રેજીમાં લાંબો વખત વેદાંત વિષયક ચર્ચા કર્યા પછી ભાઈશંકરે તેમના પર ભક્તિભાવથી મુગ્ધ થઈ પોતાના વસિયતનામામાં સ્વામી યોગત્રયાનંદને મોટી રકમ દેવાની ગોઠવણ કરેલી. તે મુજબ એ રકમ સ્વામીજીને મોકલાઈ યે ખરી. તો પણ માથે બહોળું કુટુંબ હોવા છતાં, શિવરામ-કિંકરે તેમાંથી રાતી પાઈ પણ પોતા માટે ન વાપરતાં નિર્ધન અને આર્ત લોકોના ઉપયોગમાં તે વાપરી નાખી.

આમ, એમને ચરણે આપમેળે ધન ધરી જનારા ઘણા નીકળતા, પણ સ્વેચ્છાએ અકિંચન રહેવાનું વ્રત લઈ બેઠેલા શિવરામ-કિંકર ધનનો આદર ન કરતા, પાછું ઠેલતા. કુટુંબ મોટું થયું હતું. એમના ત્રણ પુત્રો–વિભૂતિભૂષણ, ફણીભૂષણ ને ઇન્દુભૂષણ—પણ મોટા થયા હતા. આપ-મેળે આંગણે આવતી લક્ષ્મીનો પિતા અનાદર કરતા હતા એ વાત વચલા દીકરા ફણીભૂષણને ન રુચતી. તેનું વર્તન પણ બદલાતું જતું હતું. પિતા પર ભક્તિ રાખનાર લોકો પાસેથી તે પિતાની જાણ બહાર ઉછીનાં નાણાં અને ઉધાર માલ લાવતો અને અંગત ઉપયોગમાં વાપરતો. આની ગંધ પિતાને આવવા લાગેલી.

હરિ: ૐ આશ્રમ તરફનું
માર્ચ અંક માટેનું રૂ. ૫૦નું
જીવનચરિત્ર પારિતોષિક
'વીર સાવરકર'ના લેખક
પ્રિ. વસંત જોષીને આપવામાં આવ્યું છે

એવામાં, ઈ. સ. ૧૯૨૦ની આખરે એક પ્રસંગ બન્યો. રાજા મોતી-ચંદને સ્વામી યોગત્રયાનંદમાં શ્રદ્ધાભક્તિ હતાં. એમનાં રાણી સ્વામી-જીનાં દર્શનાર્થે આવેલાં. પાછા ફરતી વખતે પ્રણામ કરતાં સ્વામીજીના આસન નીચે એક કવર મૂકી એ ચાલવા લાગ્યાં. સ્વામીજીએ કવર ખોલી જોયું તો તેમાં એક હજાર રૂપિયાની નોટો હતી. સ્વામીજીએ રાણી સાહેબને પાછાં બોલાવી રૂપિયા ધરવાનું કારણ પૂછ્યું: 'હું આપની પુત્રી છું ને બાળકો માટે મૂકી જાઉં છું' એમ ઉત્તર મળ્યો. સ્વામીજીએ કહ્યું: 'તમે એ તમારી પાસે રાખો. બાળકોને જરૂર પડશે ત્યારે આવી જશે.' આમ કહી રકમ પાછી દઈ દીધી. આજ્ઞાંકિત રાણીનો એ લીધા વગર ઉપાય ન હતો. એ વખતે વચલો પુત્ર ફણીભૂષણ હાજર હતો. આ બનાવને પંદરેક દિવસ વીતી ગયા પછી તે રાજા મોતીચંદની કોઠીએ ગયો ને રાણી સાહેબને કહેવડાવ્યું કે 'સ્વામીજીને ત્યાંથી એમનો પુત્ર તમારે દેવા હતા તે હજાર રૂપિયા લેવા આવેલો છે.' રાણીએ તત્કાલ રાજી થઈ એ રકમ તેને આપી દીધી. થોડા દિવસ પછી આ હકીકતની યોગત્રયા-નંદને ખબર પડી. પોતાને કારણે છોકરા આ રીતે વર્તે છે તેની એમના હૃદયમાં એટલી ગ્લાનિ થઈ કે આવું બનવા ન પામે તે માટે તત્કાલ એમણે કાશી છોડી દીધું! જ્યાં અંતિમ દિવસો ગાળવા ભક્તજનો આવી વસે છે તે કાશી ને ગંગાકાંઠો છોડતાં તેમણે વિલંબ ન કર્યો. કાશીથી એ કલકત્તા ગયા. ત્યાં એમના એક ભક્તે એમના રહેવા-ખાવાનો બોજો ઉપાડેલો. પણ વેપારધંધામાં પડેલા ગીચ વસતિવાળા શહેરનું અશાંત વાતાવરણ એમને ન ગોઠ્યું. ત્યાંથી તે ઉત્તરપાડા ગયા ને શેષ જીવન એકાન્તમાં ત્યાં જ વીતાવ્યું. ઈ. સ. ૧૯૨૯માં દેહાવસાન સમયે એમણે આતુર સંન્યાસ લીધેલો. □

ગ્રીષ્મ વ્યાયામવર્ગો અને તાલીમ શિબિર

ગ્રીષ્મ વ્યાયામવર્ગો

દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ તરફથી મધ્યસ્થ ગ્રીષ્મ વ્યાયામવર્ગ તા. ૧૩-૫-'૭૨ થી ૨-૬-'૭૨ સુધી રાજ-પીપલામાં શ્રી છોટુભાઈ પુરાણી વ્યાયામ મહાવિદ્યાલયના પટાંગણમાં યોજાશે, જેમાં ૧૪ વર્ષ કે તેથી મોટી ઉમરના ભાઈઓ તથા બહેનો દાખલ થઈ શકશે. સંરક્ષણ તથા નાગરિક શિસ્ત તાલીમ અને વ્યાયામરમતોનાં પ્રકારોની તાલીમ આપનાર આ વર્ગો ખૂબ ઉપયોગી પુરવાર થયા છે. સમગ્ર અભ્યાસક્રમને પ્રવેશ, વિનીત, વિશારદ અને રત્ન એમ ચાર વર્ષમાં વહેંચવામાં આવ્યો છે. વર્ષને અંતે પરીક્ષા લઈ જે તે વર્ષનું ગુજ-રાત વ્યાયામપ્રચારક મંડળ તરફથી પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે છે. એક વર્ષની સી.પી.એડ. કે ડી.પી.એડ. કોર્સની તાલીમ પૂરી કરી હોય તેઓ સીધા ત્રીજા એટલે કે વિશારદ અભ્યાસક્રમમાં દાખલ થઈ શકે છે. પ્રવેશપત્ર મોકલવાની છેલ્લી તારીખ ૭-૫-'૭૨ છે. પ્રવેશપત્ર તથા માહિતી માટે મંત્રી, ગુજરાત વ્યાયામપ્રચારક મંડળ, રાજપીપલા (વાયા. અંકલેશ્વર, જિ. ભરૂચ)નો સંપર્ક સાધવો.

તાલીમવર્ગ શિબિર

હરિ:ૐ આશ્રમની પ્રેરણાથી સ્ત્રીઓનાં શારીરિક, માનસિક અને નૈતિક વિકાસના હેતુઓથી કાર્ય કરતી સંસ્થા 'મહાજન શક્તિદળ'ના આશ્રયે ગુજરાત વ્યાયામપ્રચારક મંડળના સહકારથી ઉનાળાની રજાઓ-માં તા. ૧૩-૫-'૭૨ થી ૨-૬-'૭૨ સુધી ૨૧ દિવસનો ગ્રીષ્મ તાલીમ શિબિર રાજપીપલામાં શ્રી છો. પુ. વ્યાયામ મહાવિદ્યાલયના પટાંગણ-માં યોજાશે, જેમાં પી.ટી.પરેડ, શૂટિંગ, ઇત્યાદિ સંરક્ષણપ્રવૃત્તિ ઉપરાંત વિવિધ રમતગમતો, આસન, નમસ્કાર જેવાં સ્વાસ્થ્ય-વ્યાયામ-પ્રકારો તથા સ્કાઉટિંગ, હોમનર્સિંગ, સાયકલિંગ, તરવું વગેરેની વ્યવસ્થિત તાલીમ આપવામાં આવશે. સમગ્ર અભ્યાસક્રમને 'શક્તિદળ-સેવિકા' તથા 'સંચાલિકા' એમ બે વર્ષમાં ક્રમિક વહેંચવામાં આવ્યો છે. અગાઉ સેવિકા તાલીમ પૂરી કરી હોય તે બહેનો 'સંચાલિકા' અભ્યાસક્રમમાં જોડાઈ શકશે. ૧૩થી ૩૫ વર્ષની ઉમર સુધીની બહેનો સંસ્થાવાર અથવા વ્યક્તિગત દાખલ થઈ શકશે. પ્રવેશપત્ર મોકલવાની છેલ્લી તા. ૭-૫-'૭૨ છે. માહિતી માટે મંત્રી, શ્રી મહાજન શક્તિદળ, રાજપીપલાને લખવું.

પચ્ચીસ વર્ષ પહેલાં

કુમાર

એપ્રિલ ૧૯૪૬ - સળંગ અંક ૨૮૦

આજથી પચ્ચીસ વર્ષ પહેલાં જે જ્ઞાનવૈવિધ્ય 'કુમાર' આપતું તેની બે વાનગી: ૧) વૃક્ષપરિચય; ૨) શિલ્પપરિચય.



ખાખરાનાં પાન, કળી ફૂલ અને શીંગ

ખાખરો

વસંતઋતુમાં કેસૂડાનાં ફૂલ તો કોણે નહિ જોયાં હોય? દેવમંદિરોના ઉત્સવોમાં તથા હોળીખેલનમાં તેના રંગનો વપરાશ તો જાણીતો છે. એ ફૂલ ખાખરાનાં. પાનખરમાં તેનાં બધાં પાન ખરી પડ્યા બાદ તેના પર કેસરી રંગનાં ફૂલ પૂર બહારમાં ખીલે છે ત્યારે સૂર્યના તેજસ્વી પ્રકાશમાં એનાં ઝૂમખાં એવાં તો ભભૂકી ઊઠે છે કે જંગલમાં ઠેરઠેર લાગેલી અગ્નિજ્વાળા જેવો દેખાવ થાય છે. આથી અંગ્રેજીમાં તેને 'ફ્લેઈમ ઑવ ધ ફૉરેસ્ટ' કહે છે.

સમાજમાં ખાખરો પવિત્ર વૃક્ષ ગણાય છે. હિંદુ ધર્મવિધિઓમાં પણ તેનો ઉપયોગ થાય છે. ખાખરાનાં સૂકાં ડાળાં જ પવિત્ર અગ્નિને પ્રદીપ્ત રાખવામાં વપરાય છે ઉપનયન સંસ્કાર-વેળા બાળકના હાથમાં ખાખરાનો પવિત્ર દંડ મૂકવામાં આવે છે. બ્રાહ્મણ સંન્યસ્ત ધારણ કરે ત્યારે તેને ખાખરાનાં પાનમાં ભોજન લેવું પડે છે.

ઝાડની ઊંચાઈ ૨૦ થી ૪૦ ફીટ સુધી; થડ વાંકું અને તે પર ડાળીઓ અનિયમિત. છાલ રાખોડી રંગની ખરબચડી. પાન સંયુક્ત અને ત્રણ પાંદડાંવાળાં. દરેક પાંદડું ઘટ્ટ અને ઉપરની બાજુએ લીસું તથા નીચેની બાજુએ રૂવાંવાળું. છેડાનું પાંદડું ૪ થી ૮ ઇંચ લાંબું અને તેટલું જ પહોળું, તેમજ સહેજ લંબગોળાકાર. બાજુનાં બે પાંદડાં મુકાબલે વધુ ગોળાકાર.

ફૂલો કેસરી રંગનાં, પણ તેની કળીઓ કાળી. જાન્યુઆરીથી માર્ચ અગર એપ્રિલમાં ફૂલો પૂર બહારમાં ખીલી ઊઠે છે. ફૂલોના ઉદ્‌ગમ વખતે વૃક્ષ સંપૂર્ણરીતે પાન રહિત થઈ જાય છે. એનાં ફૂલો મુખ્યત્વે વૃક્ષની ટોચે થાય છે.

ખાખરો શીંબી અથવા શીંગોવાળા વર્ગની વનસ્પતિ છે. તેનું ફળ સીંગ રૂપે થાય છે તે શરૂમાં આછી લીલી ને પાક્યે બદામી કે ભૂખરી હોય છે અને તેમાં એક બીજ હોય છે.

ખાખરો ઉપયોગી વૃક્ષ છે. તેનાં સુંદર ફૂલ વસંતમાં શણગાર માટે વપરાય છે. તેના થડ-માંથી લાલ ગુંદર નીકળે છે, તે ઔષધ તરીકે તેમજ રંગવા ને ચામડાં કમાવવાના ઉદ્યોગમાં વપરાય છે. ખાખરાના મૂળમાંથી કાઢેલો અર્ક આંખના રોગો માટે ઔષધ તરીકે વપરાય છે. તેના મૂળના રેસામાંથી મજબૂત દોરડાં બનાવાય છે. પાનમાંથી પત્રાવળાં અને દડિયા બને છે. ભેંસો અને હાથીને તે ચારામાં અપાય છે તેમજ ખાતરમાં પણ તેનો ઉપયોગ થાય છે. તેની છાલ અને બીજનો ઉપયોગ સર્પદંશ ઉપર અને ડાંખળાંની રાખનો ઉપયોગ વીંછીના દંશ ઉપર થાય છે. ખાખરાનાં બીજનો ભૂકો મધ સાથે મેળવી કૃમિનાશક ઔષધ તરીકે વપરાય છે અને તે અંગ્રેજી દવા સેન્ટોનાઈનની ગરજ સારે છે.

ખાખરાનાં ફૂલોને ફટકડી સાથે ઉકાળવાથી પીળો રંગ થાય છે અને તેમાં આલ્કલી ઉમેરવાથી ઘેરો કેસરી રંગ બને છે, જે કાપડ રંગવામાં વપરાય છે. ખાખરાનું લાકડું સામાન્ય રીતે દેખાવમાં સાગને મળતું આવે છે અને તે બાંધકામમાં વપરાય છે. (જ. દે. ઓઝા)

શિલ્પમાં અંગભંગ

ગયા અંકમાં જોયું તેમ મૂર્તિરચનામાં અસ્થિવિજ્ઞાન જાણવું ઘણું ઉપયોગી હોવા છતાં દેહના અવયવોના કેવળ વૈજ્ઞાનિક તત્ત્વ પર કંઈ શિલ્પનું રૂપતત્ત્વ આધારિત નથી. શિલ્પનું રસતત્ત્વ તો છે કલ્પનાથી પરિવર્તન થએલું 'રૂપ' જ. તે કંઈ વૈજ્ઞાનિક રસ્તે મેળવી શકાતું નથી; તેની શોધ તો કલ્પનાના રસ્તે જ કરવી પડે છે.

પણ અસ્થિવિદ્યાના જ્ઞાને શિલ્પીને મૂર્તિરચના માટે એક મધુર વસ્તુ આપી છે: ભાવના આવેશમાં દેહના નાના પ્રકારના સુંદર 'ભંગ'ની કલ્પના માણસ જ્યારે સ્થિર થઈને ઊભો રહે છે ત્યારે કોઈ વાર તે બે પગ પર સરખો ભાર રાખીને ઊભો રહે છે, તો કોઈ વાર એક પગ પર બધો ભાર રાખી ઊભો રહે છે. ત્યારે તેનો બીજો પગ ભારમુક્ત થઈને સ્વેચ્છાપૂર્વકનો એક મરોડ રચી રહે છે. અંગમરોડની એવી જુદીજુદી 'ભંગિ'-ઓમાં માનવદેહ જાતજાતનાં સુંદર રૂપમાં પ્રકાશી ઊઠે છે, ને એ રૂપરસનું પાન કરીને શિલ્પી, અવસ્થા અનુસાર અને ભાવની પ્રેરણાથી, પોતાના કલ્પિત રૂપને જુદાજુદા 'મરોડ'માં વિભક્ત કરીને નવાનવા રસની સૃષ્ટિ સર્જે છે.

આપણા માથાની વચમાંથી આખા શરીર સોંસરી નીકળતી એક સૂત્રરેખા (ઓળંભો) નાખવામાં આવે તો તેનાથી આપણું શરીર બે સરખા ભાગમાં વિભક્ત થાય છે. તે એ રીતે વિભક્ત થાય ત્યારે બંને પગ પર સરખો ભાર પડે છે (જુઓ સામે ચિત્ર ૧). આ મરોડ-ભંગ-નું નામ 'સમપાદભંગ'. પણ જ્યારે સૂત્રરેખાની એક બાજુ કરતાં બીજી બાજુના અવયવો વાંકા હોય ત્યારે એક પગ પર જ શરીરનો ભાર પડે છે. એવે વખતે રચાતા મરોડનું નામ 'આભંગ' અથવા 'ઈષત્-ભંગ' (ચિત્ર નં. ૨). જો દેહ ત્રણ જુદા-જુદા 'મરોડ'માં વિભક્ત થાય તો તો તેનું નામ 'ત્રિ-વંક' અથવા 'ત્રિભંગ'. ગ્રીક શિલ્પમાં પણ આ'આભંગ'નાં ઘણાં સુંદર ને સુમધુર નિદર્શનો છે. (ચિત્ર નં. ૩) આ 'દેહભંગ' એ શિલ્પીની પ્રતિમાના પ્રાણસકલ જેવો છે. અંગમરોડને સુંદરરીતે રૂપ આપવાથી જ તે શ્રેષ્ઠ પ્રતિમામાં પરિણત થાય છે.

પૂર્વ પ્રદેશના શિલ્પીઓ પોતાની મૂર્તિકલ્પનાને અસ્થિવિદ્યાના કાયદાકાનૂનો વડે સીમાબદ્ધ કરતા ન હતા. સ્વાભાવિક પરિચિત રૂપમાં જે આકૃતિઓ જોવામાં આવે છે તેને પરિશુદ્ધ કરી, માણસના સ્વાભાવિક અવયવોનું અતિક્રમણ કરી, એક નવા આદર્શની, એક નવી કલ્પનાની રમણીય મૂર્તિ આપણા શિલ્પીઓ ઘડે છે, કે જે, નજરે જોએલી માણસની મૂર્તિનું હૂબહૂ અનુકરણ નથી હોતું. આ કાલ્પનિક માર્ગ લેવામાં આપણા શિલ્પીઓનો હેતુ તો એ જ કે માણસના અવયવોના કે આંખને પીડાદાયક અંશ કાઢી નાખી, એક ઉચ્ચતર આદર્શના કાલ્પનિક રૂપનું સર્જન કરવું. ગ્રીક દેશના દેવતાની કલ્પના વ્યાયામશાળાના બલિષ્ઠ મનુષ્યદેહના ઉપર પ્રતિષ્ઠિત થએલી છે; ભારતના શિલ્પીઓની કલ્પિત દેવદેવીઓની મૂર્તિમાં એક નવા જ પ્રકારની, એક ઉન્નતતર, એક સૂક્ષ્મતર, એક સુંદરતર મૂર્તિકલ્પનાનો આભાસ રહેલો છે.

'અસ્થિવિજ્ઞાન'માં શિલ્પમૂર્તિઓના 'દેહભંગ'ની જે ચર્ચા કરી છે તેને અનુસંધાને આ સાથેનાં ચિત્રો ઘણાં રસદાયક થઈ પડશે. શિલ્પીની પ્રતિમામાં જે સૌથી મધુર તત્ત્વ, તે તેના અંગનો મરોડ. માણસની જીવન પ્રવૃત્તિઓની ગતિશીલતામાં કે અમુક ભાવોના









પ્રકટીકરણ વેળા માનવદેહના જે નાનાવિધ અંગ-મરોડ રચાઈ રહે છે તેમાં જ માનવદેહનાં સૌન્દર્યનું ખરું માધુર્ય પ્રકટી ઊઠે છે. પ્રાચીન શિલ્પગ્રંથોમાં અંગભંગની એ લાવણ્યલીલાનાં શાસ્ત્રીય નામાભિધાન વગેરે આપેલાં છે અને ભારતના શિલ્પીઓએ તો તે પછી છૂટે હાથે-મબલખપણે એ લીલા વિસ્તારી છે. માણસ બે પગ ઉપર સરખો ભાર રાખીને એવી રીતે સ્થિર ઊભો રહે કે તેના શરીર સોંસરી એક સૂત્રરેખા (ઓળંભો) નાખવામાં આવે તો શરીર બે સરખા ભાગમાં વહેંચાઈ જાય. એ સ્થિર દશામાં પણ એક પ્રકારનું સૌન્દર્ય રહેલું છે તેનું ઉદાહરણ મથાળાનું પહેલું ચિત્ર છે, અને તેને 'સમપાદ ભંગ' કહે છે. પણ એક કરતાં બીજા પગ ઉપર વધારે ભાર આવે એ રીતે જરા ઢળતા દેહથી માણસ જ્યારે ઊભો રહે છે ત્યારે તેનો દેહ એક તરફ ઢળીને શરીરનો એક લાવણ્યભર્યો ભંગ રચી રહે છે (મથાળાનું બીજું ચિત્ર). એને 'આભંગ' અથવા 'ઇષત્‌ભંગ' કહે છે. મથાળે ત્રીજા ચિત્રમાં દર્શાવેલી મૂર્તિનું શરીર એથી પણ આગળ જઇને દેહના ત્રણ ભંગ પ્રકટ કરે છે: માથાથી છાતી સુધીનો, છાતીથી પેઢુ સુધીનો અને પેઢુ નીચે પગનો. આ દેહમરોડને 'ત્રિભંગ' કહે છે, અને શિલ્પીએ તે શાસ્ત્રોક્ત પદ્ધતિ અનુસાર રચેલો છે. એ પરથી પછી હિંદી કલાકારોએ ત્રિભંગનાં જે અનેકવિધ સ્વરૂપોની લીલા સર્જી છે તે પૈકીના એક અતિભંગનું ઉદાહરણ ડાબી બાજુના ચોથા આલેખનમાં ઉતાર્યું છે.
(Courtesy: Indian Artistic Anatomy by A. N. Tagore)

સાહિત્યસંપર્ક

શબ્દકથા: છોટો · ઝીણો · બચ્ચો

સામાન્ય નામ તરીકે વપરાતાં લઘુતાવાચક વિશેષણો પછીથી વિશેષ નામ બન્યાનું બીજું એક ઉદાહરણ 'છોટો' શબ્દ પૂરું પાડે છે. 'છોટો' ઉપરાંત 'છોટાલાલ', 'છોટુ', 'છોટિયો', 'છોટમ' નામ તરીકે જાણીતાં છે. તેમના મૂળમાં 'છોટું' (=નાનું) એ વિશેષણ રહેલું છે અને તે આપણે હિન્દી-માંથી અપનાવેલું છે. 'ક્ષુદ્ર', 'ક્ષુલ્લક' જેવામાં તુચ્છતા કે લઘુતાનો વાચક જે 'ક્ષુદ્' ધાતુ છે, તે પરથી 'ક્ષોદ' એવો શબ્દ લોકપ્રચલિત થયો હોય. પ્રાકૃતમાં તેનું સ્વરૂપ 'છોઅ' એવું થાય. તેને લઘુતાવાચક 'ટ' પ્રત્યય લાગીને (જેમ 'ચોરટો', 'જોગટો', 'ભામટો', 'લીટો' વગેરેમાં છે તેમ) 'છોટો' શબ્દ સધાયો છે. 'છોકરો', 'છોરો' જેવામાં પણ આ જ અંશ મૂળમાં છે.

'મોટો'ના વિરોધમાં જેમ 'છોટો', તેમ 'જાડો'ના વિરોધમાં 'ઝીણો'. પાતળાપણું ગુણરૂપ ગણાતું હોવાથી (નાયકને 'પાતળિયો' કહીને વખાણતાં ઘણાં જૂનાં ગીતો છે). 'ઝીણાભાઈ' પ્રશંસાવાચક નામ તરીકે પ્રચલિત થયુ હોય. ઝીણી સમજદારી પણ તે સૂચવે. જાડી બુદ્ધિવાળો નહિ, પણ ઝીણી બુદ્ધિવાળો.

ઝીણું'ના મૂળમાં છે સંસ્કૃત 'ક્ષીણ' (=પાતળું), તેનું પ્રાકૃત 'છીણ'. પછીથી 'બારીક' એવો અર્થ પ્રધાન બન્યો. 'લવજી', 'નાનુ', 'છોટો' અને 'ઝીણો' એમના વિરોધમાં 'બચ્ચુ' શબ્દ મૂળમાં લઘુતાવાચક નથી પણ અપત્યવાચક છે. 'બચ્ચુભાઈ', 'બચ્ચીબેન' વગેરેમાં 'બચ્ચું' એ નામ મૂળમાં છે. 'બચ્ચુ'' મુખ્યત્વે અને મૂળમાં અપત્યવાચક છે: 'તે હજી બચ્ચું છે'—એવા પ્રયોગ-માંનો શિશુત્વનો અર્થ પછીથી વિકસેલો છે. સંસ્કૃત 'અપત્ય' સંતાનવાચક છે. સંસ્કૃત 'અપત્યક' ઉપરથી પ્રાકૃત 'અવચ્ચઅ'; પછી આદ્ય 'અ'કારનો લોપ થયો, 'વ'કારનો 'બ'કાર થયો અને એમ 'બચ્ચુ'' શબ્દ બન્યો. જૂની ગુજરાતીમાં 'બાચડાં' (=બચ્ચાં) એવું રૂપ મળે છે.

લાડ વ્યક્ત કરવા માટે ભારદર્શક રૂપ જ ઉપયોગમાં લેવાયું અને એમ બેવડા ચકારવાળું રૂપ 'બચ્ચુ'' સ્થિર થતું. 'ક્ષત્રિયબચ્ચો' જેવા ભારવાચક પ્રયોગો જાણીતા છે. પછીથી 'બચુભાઈ', 'બચલું', 'બચોળિયું', 'બચપણ', 'બચરવાળ'.

હરિવલ્લભ ભાયાણી

ઠાઠ વગરની કવિતા

માંડ ત્રણ દાયકાના આયુમાં જે થોડાં વર્ષો સ્વ. રાવજીએ કવિતા સાથે કામ પાડયું તેમાં એણે જે નામ કાઢયું તે છે એની 'અંગત' સમૃદ્ધિ અને 'અંગત'-સિદ્ધિ. અહીં સંગૃહીત થએલી નાનીમોટી ૭૪ રચનાઓમાં એનું લગભગ સમગ્ર કવન આવી જાય છે. રાવજીએ અહીં પ્રયોગો નથી કર્યા એમ નહિ, પરંતુ જ્યાં એનું પોતાપણું પ્રગટયું છે ત્યાં જ કવિતા સિદ્ધ થઈ છે; ને આવાં સ્થાનો ઓછાં નથી. એની સમગ્ર કવિતાને જોતાં એના જ શબ્દોમાં એ 'ઠાઠ વગરની'—એના વ્યક્તિત્વ જેવી જ લાગે છે. 'ઠાગાંઠેયા' કાવ્ય (પૃ. ૬૦)માં એ લખે છે:

'આપણે શા ઠાઠ
કવિતાને ઘર શું ને કરવા શા ઘાટ!'

અને આથી જ આગળ વધતાં આ કાવ્યમાં એ એક પંક્તિ મૂકે છે:

'તમારે કહ્યે મારા નિજત્વને ફેંકી દઉં, કેમ?'

રાવજીનું આ નિજત્વ એની ઠાઠ વગરની કવિતામાં અભિવ્યક્ત થયું છે. કોઈ વાદ કે ઘાટ-ની પરવા કર્યા વગર દિલમાં જે કંઈ ઊગ્યું તે તેણે વ્યક્ત કર્યું છે. એક કલ્પન પરથી બીજા કલ્પન પર, એક લયમાંથી બીજા લયમાં, એક ભાવમાંથી બીજા ભાવમાં સરકી જતાં એ વિચાર કરવા થોભતા નથી. ખાસ કરીને એની દીર્ઘ રચનાઓમાં આ જોઈ શકાય છે.

પ્રકૃતિમાં પાંગરીને પોતે નગરસંસ્કૃતિમાં નાંગરેલો, એ એની વિષમતા પણ એને કાવ્ય-સર્જન માટે સંવેદના ને સામગ્રી પૂરાં પાડી રહે છે. આથી જ એ કહે છે:

'ને હું હવે નગરને પથ સંચરુ ત્યાં
આખી ય સીમ મુજને વળગી રહી છે!'

શહેરમાં રહ્યે રહ્યે પણ ગ્રામપ્રકૃતિ જ એને આકર્ષી રહી છે. ઘાસ, તમાકુનું પાન, ડૂંડાં, ચાસ, ખેતર, ખેડ, હળ, બીડ આ બધા માત્ર શબ્દો જ નથી પરંતુ એ પ્રત્યેક સાથેનો એનો સ્વપરિચય અહીં છતો થાય છે અને એમાં જ એનો સ્વ-ભાવ ડોકાઈ રહે છે.

'દગ્ધ કૃષિકવિ પર
વરસી પડે છે ગોકળગાયો!

એકરીતે એની કવિતા આ 'દગ્ધ કૃષિકવિ'ની કવિતા જ છે. પરિણામે એની ઘણીખરી કૃતિ-ઓમાં ગ્રામપ્રકૃતિનો છાક છૉળી રહે છે. આ અનુભૂતિનો આસ્વાદ કરાવવાનું કામ એણે ઇન્દ્રિયવ્યત્યય દ્વારા સુંદર પરિણામો સાધીને કર્યું છે:

'એહનો મહેકતો પાલવ કાનમાં ફરકયા કરે.'

... ...

'કોઈનાં ચરણ–ફૂલ ટહુકી જાય રે
એને જોઈ જોઈને સૂંઘવા લાગું.'

વર્તમાન વિષમ પરિસ્થિતિ સામે શૈશવના સોનેરી દિવસો આનંદ સાથે વેદનાને વાચા આપે છે; તો વળી, સતત ઝળુંબી રહેલા મૃત્યુ-ની સામે તીવ્ર જિજીવિષા પણ સૂક્ષ્મ સંવેદન પ્રગટાવી વેદના જગાડી જાય છે. એની કવિતાનું જો બીજું કોઈ પ્રેરક બળ જોવું હોય તો આ જીવન-મૃત્યુના સંઘર્ષને લેખી શકાય:

'મરવાનું છે કાલે ગીધને પાછું કાઢો...

... ...

'હું આવ્યો છું હવે અંતહીન નિદ્રા ઘડવા'

એની કવિતામાં તીવ્ર કટાક્ષો પણ ધ્યાન ખેંચ્યા વગર રહેતા નથી. મરશિયાના વિવિધ લયમાં લખાએલા 'સ્વ. હુંશીલાલની યાદમાં' તો આખું જ કાવ્ય હળવાશથી કટાક્ષલીલા સર્જી રહે છે. રાવજીના વ્યક્તિત્વને પ્રગટ કરતી સંગ્રહની આ એક નમૂનેદાર કૃતિ છે. આ સિવાય પણ એણે ઠેર ઠેર કટાક્ષયુક્ત પંક્તિઓ રમતી મૂકી છે; કયારેક વર્તમાન સામાજિક–રાજકીય પરિસ્થિતિ પર, કયારેક નગરસંસ્કૃતિ પર, કયારેક ખુદ પર, તો કયારેક અન્ય પર. આ કટાક્ષો વેદનાગર્ભ પણ બન્યા છે. રાવજીએ બોલચાલના લહેકાનો પણ સમ્યક્ ઉપયોગ કર્યો છે:

'ધત્ તેરી આ તો માથા પર પાકેલી
લીંબોળી પડી!' (પૃ. ૮૯)

—તો નામ પરથી ક્રિયાપદો બનાવીને એણે અભિવ્યક્તિમાં લાઘવ અને સચોટતા આણવાનો પણ પ્રયાસ-પ્રયોગ કર્યો છે:

'હું પથારીમાં પડખાઉં.' (પૃ. ૧૫૩)

સમુચિત અને તાજગીભરી એની ઉપમાઓ અભિવ્યક્તિને આકર્ષક બનાવી રહે છે:

'દાદાના–ઘઉંના ખેતર જેવા–ચહેરાને...'

ગઝલ કે હાઈકુમાં કશો વિશેષ ન પ્રગટાવનાર રાવજીએ ક્વચિત્ ગીતમાં, તો મહદંશે છંદોબદ્ધ, પરંપરિત અને ગદ્ય રચનાઓમાં એ પ્રગટાવ્યો છે. 'પ્હેલ રે વ્હેલેરાં કંકુપગલાં ઉંબર પરથી અમને જડયાં!' (પૃ. ૮૦) કે 'મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...' (પૃ. ૮૬) જેવી કૃતિઓ સફળ પરિણામ લાવનારી પ્રયોગ-લક્ષી ગીતરચનાઓ છે. જ્યારે 'ઢોલિયે', 'પરોઢે તાપણી પાસે બેઠેલ વૃદ્ધની સ્વગતોક્તિ', 'તા. ૧૫–૧૧–૬૩', 'સીમનું મન', 'એક મધ્યરાત્રે', 'ખેતર વચ્ચે', 'બિછાનેથી', 'અમી', 'ભર્યો સમંદર', 'ઘરમાં બેઠાં બેઠાં', 'કયારીઓમાં', 'રમ્ય શાંતિ', 'હું તડકો-તમાકુ ને તું' 'ઠાગાઠૈયા', 'સ્વ. હુંશીલાલની યાદમાં', 'સંબંધ' તથા 'ચણોઠી–રક્ત અને ગોકળગાય' જેવી રચનાઓ સગ્રહની રાવજીત્વ પ્રગટ કરતી સફળ રચનાઓ છે. કવિની અંગત અનુભૂતિઓ સર્વસાધારણ બની બિનંગત રૂપે વ્યક્ત થઈ છે ત્યાં ત્યાં કવિતાનાં સુભગ પરિણામો પ્રાપ્ત થયાં છે. અને અંતે પોતાના સર્જનની હવા જામતાં જ

'લે, ચલો, ઊઠો અભાગી એ ચરણ!
ક્યાંક મંઝિલ ધારશે—થાકી ગયાં?'

એમ કહીને અંતરિયાળ ચાલી નીકળનાર રાવજી-ની થોડીઘણી પણ સફળ રચનાઓ લાંબો કાળ ટકી રહેશે. (અંગત : રાવજી પટેલ, પ્રકા. આર. આર. શેઠની કંપની, અમદાવાદ-૧. પાકું પૂઠું, પૃ. ૧૫૫, રૂ. ૭-૫૦). —ધીરુ પરીખ

મૂલ્યવાન નાગરિક-સંહિતા

નગરમાં રહે તે નાગરિક, એમ તો આપણે સહેજે કહી શકીશું; પરંતુ સાચો નાગરિક કોને કહેવાય એ વાતથી ઘણાખરા અજ્ઞાત છે. આજે જ્યારે નાગરિકની ફરજો પ્રત્યે ઉદાસીનતા દર્શાવાય છે ત્યારે આ પુસ્તક એ દિશામાં ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડી શકે તેવું છે. શ્રી ડાહ્યાભાઈ નાગરિકે લગભગ ૨૨ વર્ષ પૂર્વે આફ્રિકામાં રહી રહી હિંદીઓની જે બિનનાગરિક વર્તણૂક જોઈ તેનાથી એઓ એ દિશામાં સક્રિય બન્યા.

આપણી રહેણીકરણીની નાનીનાની બાબતોમાં આપણે કેવા અભાન અને બેજવાબદાર છીએ તે તો આ પુસ્તકનાં પૃષ્ઠો જ કહી આપે છે. જ્યાં ત્યાં થૂકવું, ગ્રાડોપેશાબ કરવા, કચરો નાખવો, ઘોંઘાટ કરવો વગેરે નાનીનાની કુટેવોમાં તો આપણને કુટેવ જેવું જ નથી લાગતું! સામાજિક રીતે પણ આપણે નાગરિકત્વ દાખવવામાં આંખ આડા કાન કરીએ છીએ. રસ્તા ઉપર ઢોરને રઝળતાં રાખવાં, માલમાં ભેળસેળ કરવી, ભીંતો પર કઢંગાં ચિત્રો અને અસભ્ય લખાણો આલેખવાં કે ચલાવી લેવાં : આવી બધી શરમજનક વિગતોની લેખકે આ પુસ્તકમાં સમજપૂર્વક ચર્ચા કરેલી છે.

પુસ્તક બે ખંડમાં છે. પહેલામાં, નાગરિકને સીધા સ્પર્શતા વિષયોને લગતા બાકીના વિષયો બીજામાં મૂક્યા છે. છેલ્લાં દસ વર્ષમાં લેખકે નાગરિકક્ષેત્રે જે કંઈ કામ કર્યું, જોયું-જાણ્યું ને એ અંગે જે કંઈ લખ્યું તે સર્વ અહીં ગ્રંથાકારે રજૂ કર્યું છે. લખાવટની સરળતા પણ પુસ્તકને સુવાચ્ય બનાવે છે. આપણા બિન-નાગરિકપણાના નિરીક્ષણના નિચોડ જેવા આ પુસ્તકમાં લેખક સહાનુભૂતિ અને સૂઝપૂર્વક ખપજોગાં ઉપયોગી સૂચનો પણ કરે છે.

આજે સ્વતંત્ર ભારતનું ઘડતર થઈ રહ્યું છે ત્યારે નાગરિક જીવનનું ઘડતર અતિ મહત્ત્વનું બની રહે છે. એ દૃષ્ટિએ શાળાઓમાં શીખવાતા નાગરિકશાસ્ત્રના વિષયમાં પણ આ પુસ્તક અ-ધિકૃત પાઠ્યપુસ્તક બની શકે એવી એની ક્ષમતા છે. આજના તબક્કે આવા ઉપયોગી પુસ્તકનું પ્રકાશન કરીને લેખકે મનનીય સામગ્રી પૂરી પાડી છે. (નાગરિક ઘડતર : લે. ડાહ્યાભાઈ નાગરિક; પ્રકા. પોતે જ, 'આરામ', હોળી ચકલા, આણંદ; પાકું પૂઠું, પૃ. ૧૯૯ રૂ. ૪.) —ધી. પ.


મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



શ્રી ચંદ્રશેખર ઠક્કુર

જન્મ : ઈ. ૧૯૨૮માં કરાચીમાં. ડી.એ.એસ.એફ. (મુંબઈ), જ્યોતિષાલંકાર, જ્યોતિષાચાર્ય, ડી.એસસી. (આયુ.), આયુર્વેદાચાર્ય. અધ્યક્ષ : સિંધ આયુર્વેદિક ફાર્મસી-મુંબઈ, સુરત, અમદાવાદ. તંત્રી : 'આરોગ્યસિંધુ'. સંપાદક : 'કિસ્મત', આરોગ્યવિભાગ-'મુંબઈ સમાચાર સાપ્તાહિક', આયુર્વેદ અને જ્યોતિષ વિભાગ-'ભારતજ્યોતિ'. પુનર્વસુ આયુર્વેદ મહાવિદ્યાલય-મુંબઈના ભૂતપૂર્વ માધ્યાપક. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીમાં સેનેટર. સદસ્ય : ટેલિફોન સલાહકાર સમિતિ મહારાષ્ટ્ર રાજ્ય. ભૂતપૂર્વ સદસ્ય : 'ઇંડિયન ફિલ્મ સેન્સર બોર્ડ.' આ ઉપરાંત રાજ્ય તથા કેન્દ્રની અનેક સમિતિઓમાં સદસ્ય. આયુર્વેદ અને જ્યોતિષ ઉપર પચાસેકથી વધુ ગ્રન્થો લખ્યા છે.



૧ શું ચડે-પ્રારબ્ધ કે પુરુષાર્થ? જ્યોતિષના ઊંડા અભ્યાસ પછી આપનો અભિપ્રાય શો છે?

ઉ. બંને એકબીજાનાં પૂરક અને પ્રેરક છે. બેયનો સમન્વય સાધી માણસ પ્રગતિ કરી શકે છે.

૨ ગ્રહદશા માનવીને પામર ને પરાધીન બનાવી નથી નાખતી?

ઉ. ના. જ્યોતિષમાં નહિ માનનારા પણ મનોદૈન્યથી પીડાતા જોવા મળે છે. પામરતા કે પરાધીનતા એ વ્યક્તિગત વિકાસની ક્ષતિઓ છે. શાસ્ત્રો કે વિજ્ઞાન સાથે તેને સંબંધ નથી.

૩ આયુર્વેદની વિશેષતા કહેશો?

ઉ. આયુનું વિજ્ઞાન તે આયુર્વેદ. એમાં તંદુરસ્તી જાળવવા પર સૌથી વધુ ભાર મુકાયો છે. દિનચર્યા, રાત્રિચર્યા, ઋતુચર્યા, ખાનપાન અને મનનું આરોગ્ય—એ બધા પર ભાર મૂકતો આયુર્વેદ શાશ્વત, સનાતન અને સરળ છે.

૪ વગર દવાએ તંદુરસ્ત કઈ રીતે રહેવાય?

ઉ. એક સાધુએ કહ્યું છે : 'પૈર કો રાખો ગરમ' (ખૂબ ચાલો), 'પેટ કો રાખો નરમ' ('પેટ સાફ તો રોગ માફ'), 'સિર કો રાખો થંડા,' ઔર ફિર આવે દાક્તર તો ઉસ કો મારો દંડા. તેમ છતાં મળસકે પાણી, ભોજનને અંતે છાશ અને સૂતી વખતે દૂધ એ તંદુરસ્તી જાળવવાનાં પ્રાથમિક સૂત્રો છે.

૫ દીર્ઘ આયુષ્યના ઉપાયો ક્યા?

ઉ. એના પર તો મોટો ગ્રંથ લખાય. ટૂંકમાં શરીરના કુદરતી આવેગોને રોકવા નહિ, તેમ મનના આવેગોને વશ થવું નહિ.

૬ આજનાં સૌન્દર્ય-પ્રસાધનોની આપ તરફેણ કરો છો?

ઉ. ના. પ્રાચીન કાળમાં આપણે ત્યાં પણ સૌન્દર્ય-પ્રસાધનો હતાં જ. ચંદન, આમળાં, મગ તથા ચણાની દાળનો લોટ, લોદર, હળદર વગેરે એવાં જ પ્રસાધનો છે. તેમાં વૈદકીય ગુણો પણ છે. દા. ત. મેંદી, રંગ ઉપરાંત શીતળતા અને સ્ત્રીને શાતા આપે છે. આયુર્વેદમાં સ્ત્રીને અગ્નેય—અગ્નિપ્રધાન માની છે. ચામડીનાં છિદ્રોને પૂરી દે તેવાં પ્રસાધનો વાપરવાથી સ્ત્રીની ગરમી એની આંખ, વાળ વગેરે પર અસર કરે છે. સાબુનો બહુપડતો ઉપયોગ પણ નિરર્થક છે. પશ્ચિમની ઠંડીમાં હોઠ ફાટે નહિ માટે ચરબીયુક્ત લિપસ્ટિક ત્યાંને માટે ઠીક હશે, આપણને એની શી જરૂર છે?

૭ આપનો પ્રિય લેખક? કવિ? સાહિત્યમાં પ્રિય પાત્ર?

ઉ. સંસ્કૃતમાં ભવભૂતિ, ને ગુજરાતીમાં 'સુંદરમ્' પ્રિય કવિ; સંસ્કૃતમાં રાજશેખર અને ગુજરાતીમાં મુનશીજી પ્રિય લેખક; કાક ને મંજરી પ્રિય પાત્ર. અંગ્રેજીમાં કોલિન વિલ્સન પ્રિય.

૮ આપ અનેક મહાનુભાવોને મળ્યા છો. વધુ કોણે આકર્ષ્યા?

ઉ. આચાર્ય વિનોબા ભાવેએ એમની નિખાલસતાથી, પં. નેહરુએ એમના મોહક વ્યક્તિત્વથી અને ડોંગરે મહારાજે એમની ભાવુકતાથી મારું મન જીત્યું છે.

૯ વિદેશપ્રવાસમાં કયું સ્થળ સૌથી વધુ ગમ્યું?

ઉ. પૂરો વિશ્વપ્રવાસ થયો નથી. પણ પારી(સ)નાં ઉપવનો અને લંડનના સવારના ધુમ્મસની ગૂઢતા મને ગમ્યાં છે.

વોરા ઍન્ડ કંપની

ગાંધી ચૅમ્બર્સ, ગાંધી માર્ગ, અમદાવાદ-૧

કહત કબીરા: અર્ધોએક ડઝન જેટલાં ત્રિઅંકી નાટકો આપનાર શ્રી શિવકુમાર જોષીનું આ એક નવું ત્રિઅંકી નાટક છે. ઈબ્સન અને બ્રેખ્ટ તથા સંસ્કૃત રંગભૂમિનો નાટકકારે અહીં પ્રયોગાત્મક વિનિયોગ કર્યો છે. અંગ્રેજી શિષ્ટ ગુજરાતી તેમજ તળપદી ભાષા બોલનાર તથા અન્-એક પ્રકારના અભિનયો કરી બતાવનાર મન્નીરામ સંસ્કૃત રંગભૂમિના સૂત્રધારની સાથેસાથે આધુનિક રંગભૂમિનો પ્રવક્તા પણ બની રહે છે, તો ગ્રીકના કોરસનું પણ ક્યારેક કામ આપે છે. એનાં ટીકા-ટિપ્પણો, સલાહ-સૂચનો અને નર્મ-મર્મ આ નાટકના કેન્દ્રસ્થાને છે. સંત પુરુષ કબીરે લોકોને વર્ષો પહેલાં ઘણી શિખામણો આપી છે, પણ એનો અમલ કોણે કર્યો છે?! સંત કબીરની એ વૃત્તિનો અહીં નાટકકારે અર્વાચીન સમાજજીવનના સંદર્ભમાં કટાક્ષમય ઉપયોગ શીર્ષક દ્વારા કરી લીધો છે. નાટકમાં શ્રી જોષીની તખ્તાસૂઝ પણ અછતી રહેતી નથી. વિષય અને તખ્તાલાયકી ઉભય દૃષ્ટિએ સફળ નાટક; પાકું પૂઠું, પૃ. ૧૨૪, રૂ. ૩-૫૦.

તારીખનું ઘર: જાણીતા કવિ શ્રી સુરેશ દલાલનો 'એકાન્ત'નો અનુગામી આ કાવ્ય-સંગ્રહ છંદોબદ્ધ રચનાઓની સાથે અછાંદસ રચનાઓ પણ રજૂ કરે છે. ગીત, મુક્તક, સૉનેટ, ગઝલ વગેરે કાવ્યપ્રકારોની સાથેસાથે, પ્રકૃતિ, પ્રેમ, પ્રભુ, અર્વાચીન માણસ, તેનું મન, તેના વિવિધ સંદર્ભો વગેરે વિષયવૈવિધ્ય પણ અહીં ઠીકઠીક પ્રમાણમાં છે. છંદ અને લય પર કવિનો હાથ બેઠેલો જ છે એની પ્રતીતિ સાથે '... ને' 'આવતી કાલ', 'અર્થ' વગેરે અછાંદસ રચનાઓમાં પણ કંઈક સફળતાની ખાતરી કરાવી આપી છે. 'પ્રાર્થના', 'કવિ કાન્તને', 'બ. ક. ઠા.-ને', 'કાગળના કિલ્લામાં', 'તમારા પત્રો', 'સાંજ થાય ને', 'નામ તમારું', 'કૃપાથી તારી' જેવી સરસ કૃતિઓ પણ અહીં આસ્વાદ્ય બની રહે છે. કાચું પૂઠું, પૃ. ૧૨૭, રૂ. ૪.

નિશીથ: પ્રથિતયશ કવિ ઉમાશંકર જોશીના ભારતીય જ્ઞાનપીઠથી પુરસ્કૃત કાવ્ય-સંગ્રહની ચોથી આવૃત્તિ, પાકું પૂઠું, પૃ. ૧૭૨, રૂ. પાા.

જયંતી દલાલનાં પ્રતિનિધિ એકાંકીઓ: જયંતી દલાલ એટલે નખશિખ નાટકના જીવ. સંસ્કૃત નાટક, લોકનાટક, પાશ્ચાત્ય નાટક, આ બધાંના એઓ ઊંડા અભ્યાસી. પ્રશિષ્ટ અને પ્રયોગશીલ બન્ને નાટકોના એ મર્મી. પરંતુ સર્જક તરીકે સ્વ. દલાલનું વલણ પ્રયોગશીલતા તરફ જ રહેલું. એકાંકીઓમાં એમની એ પ્રયોગશીલતાએ જે કેટલીક સિદ્ધ કૃતિઓ સર્જી આપી છે તેનો પરિચય કરાવતો આ સંગ્રહ સર્વશ્રી વિનોદ અધ્વર્યુ, બકુલ ત્રિપાઠી અને રઘુવીર ચૌધરીએ સંપાદિત કર્યો છે, 'જવનિકા', 'પ્રવેશ બીજો', 'ત્રીજો પ્રવેશ' અને 'ચોથો પ્રવેશ' એ એમના સંગ્રહોમાંથી કુલ ૧૫ એકાંકીઓને અંતે 'એકાંકી અને નાટક વિષે જયંતીભાઈ'વાળો લેખ તથા સર્વશ્રી બકુલ ત્રિપાઠી અને રઘુવીર ચૌધરીની 'મિતાક્ષરી' પણ આ સંગ્રહમાં ઉપયોગી ઉમેરો કરે છે. પાકું પૂઠું, પૃ. ૨૪૪, રૂ. ૭.

જયંતી દલાલની પ્રતિનિધિ વાર્તાઓ: વાર્તાક્ષેત્રે સ્વ. દલાલનું પ્રદાન આગવું અને એથી નોંધપાત્ર રહ્યું છે. 'જૂજવાં', 'મૂકમ્ કરોતિ', 'આ ઘેર પેલે ઘેર', 'અડખે પડખે', 'યુધિષ્ઠિર' અને 'ઇષત્' એ સંગ્રહોમાંથી એમની નીવડેલી ૧૯ વાર્તાઓનો આ સંગ્રહ એમને વાર્તાકાર તરીકે નાણવા-માણવાનું પૂરતું સાધન છે. વાર્તાઓને અંતે 'ટૂંકી વાર્તા વિષે જયન્તીભાઈ'વાળો લેખ મુકાયો છે તે પણ સ્વ. દલાલના વાર્તા વિષેના ખયાલો અને એ ખયાલોને કાર્યાન્વિત કરતી એમની કૃતિઓને સમજવામાં મદદરૂપ બને તેવો છે: અંતે સંપાદકો—સર્વશ્રી રાધેશ્યામ શર્મા, દિગીશ મહેતા અને અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ—એ મૂકેલી 'મિતાક્ષરી' પણ અભ્યાસીઓને ઉપયોગી થઈ પડશે. પાકું પૂઠું, પૃ. ૨૭૮, રૂ. ૭-૫૦.

અર્વાચીન ભારતના શિલ્પીઓ: ભારતભૂમિને ક્દાપિ જ્યોતિર્ધરોની ખોટ પડી નથી. અર્વાચીન ભારતનું નવનિર્માણ કરવાની પાછળ અનેક ક્ષેત્રના અનેક મહાનુભાવોનો મૂલ્યવાન ફાળો રહેલો છે. આપણી નવી પેઢીને તે તે મહાનુભાવો વિષે વધુ જાણવાની ઉત્કંઠા જગાડવાની સાથેસાથે જીવનમાં આગળ વધવાની અને રાષ્ટ્રના નવનિર્માણમાં ઉપયોગી ફાળો આપવાની પ્રેરણા આપતી આ પુસ્તિકામાં શિક્ષણ, રાજકારણ, સમાજ, અધ્યાત્મ, એમ વિવિધ ક્ષેત્રના ૪૮ પથદર્શકોનો સચિત્ર સંક્ષિપ્ત પરિચય આપવામાં આવ્યો છે. આ પરિચય મૂળ અંગ્રેજીમાં 'ભવન્સ જર્નલ'ના તંત્રી શ્રી સુ. રામકૃષ્ણને કરાવ્યો હતો તેનો આ ગુજરાતી અનુવાદ કર્યો છે ભૂપેન્દ્ર ઉપાધ્યાયે. પાકું પૂઠું, પૃ. ૯૬, રૂ. ૩-૦૦.

અમેરિકા જવું છે? આજે ભારતમાંથી પ્રત્યેક વર્ષે અનેક વિદ્યાર્થીઓ અમેરિકા જાય છે ત્યારે અમેરિકા જવાની મહેચ્છા રાખનારને યોગ્ય માર્ગદર્શન મળી રહે એ આશયથી સર્વશ્રી કાન્તિલાલ કાલાણી અને ચન્દ્રકાન્ત શાહે આ ઉપયોગી પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે. લેખમાળા રૂપે આ લેખો અગાઉ 'જન્મભૂમિ', 'ફૂલછાબ' અને 'પ્રતાપ'માં એકસાથે પ્રગટ થતા હતા ત્યારે પણ અનેક વિદ્યાર્થીઓનું ધ્યાન દોરાએલું હોઈ હવે પુસ્તકાકારે તે સ્થાયી ઉપયોગી થઈ રહેશે. અમેરિકાનો સમાજ, રીતરિવાજો, કેળવણીપ્રથા, કેળવણીની સંસ્થાઓ વગેરેની માહિતીની સાથેસાથે પાસપોર્ટ કેમ મેળવવો, વિસા માટે શું કરવું, શિષ્યવૃત્તિઓની શી શી વ્યવસ્થા છે વગેરેની પણ પૂરતી માહિતી આપવામાં આવી છે. અમેરિકા જવા ઇચ્છનાર પ્રત્યેક વિદ્યાર્થીએ કાળજીપૂર્વક વાંચી જવા જેવું આ પુસ્તક હોઈ એના આમુખકાર ગગનવિહારી મહેતાએ જે 'આવકાર' આપ્યો છે તેમાં અમે પણ સૂર પુરાવીએ છીએ. પાકું પૂઠું, પૃ. ૧૮૧, રૂ. ૫-૦૦.

રશિયન લોકકથાઓ: દરેક દેશને પોતાની લોકવાર્તાઓનો આગવો સંચય હોય છે. પરંતુ દેશદેશની લોકવાર્તાઓને ભિન્ન પાડતું તત્ત્વ તો તેનું વાતાવરણ. આ રીતે જોતાં શ્રી જનક દવેએ અહીં આપેલી રશિયાની કેટલીક લોકવાર્તાઓ કિશોરો ને વાર્તારસિયાઓને વાચનનો આનંદ પૂરો પાડશે. માનવની અને પ્રાણીઓની વિશેષતાઓ દ્વારા કોઈક સત્ય પ્રત્યે સૂચક અંગુલિનિર્દેશ કરતી આ ૧૫ લોકવાર્તાઓ સરસ છે. પાકું પૂઠું, પૃ. ૨૧૬, રૂ. ૫-૫૦.

સ્વાતિ પ્રકાશન

ગાંધી ચેમ્બર્સ, ગાંધી માર્ગ, અમદાવાદ-૧

રંગરંજન: ગુજરાતી રંગભૂમિને શ્રીમતી રંભાબેન ગાંધીનાં (અગાઉ એમણે આપ્યા મુજબનાં) ભજવી શકાય તેવાં બીજાં નવ એકાંકીઓનો આ સંગ્રહ નાટક ભજવનારાઓને ઉપયોગી થઈ પડશે. પાકું પૂઠું, પૃ. ૨૩૫, રૂ. ૬.

અલક ચલાણું: સુરેશ દલાલને બાળબોલીમાં બાળભાવો ને બાળકલ્પનાઓને ચગાવવાની અચ્છી ફાવટ છે, વળી, ગેયતા ને કવિતા પણ એમનાં બાળકાવ્યોમાં સહોપસ્થિતિ ધરાવે છે 'અલકચલાણું' એક એવી ભાવસૃષ્ટિ અને કલ્પનાલોકમાં આપણને લઈ જાય છે કે જે નિર્દોષ આનંદ પૂરો પાડી વડેરાઓને પણ બાળસ્વરૂપ આપી દે છે. નાનાંમોટાં ચોત્રીસ સચિત્ર બાળકાવ્યોનો. કાચું પૂ. પૃ. ૩૦, રૂ. ૩.

ઇટ્ટાકિટ્ટા: શ્રી સુરેશ દલાલનાં સાડત્રીસ સફળ બાળકાવ્યોનો આ સંગ્રહ શ્રેષ્ઠ બાળકાવ્યના સંગ્રહ તરીકે પુરસ્કૃત થવા ઉપરાંત આ એની ત્રીજી આવૃત્તિ પ્રગટ થાય છે તે જ બાળચાહનાની એની સાચી સિદ્ધિ પુરવાર કરી આપે છે. બાળકોને હૈયે વસી જાય તેવાં કાવ્યોનો સંગ્રહ. કાચું પૂઠું, પૃ. ૩૮, રૂ. ૧-૫૦.

ધીંગામસ્તી: શ્રી સુરેશ દલાલનાં સરસ સ્વાભાવિક સુગેય બાળકાવ્યોની બીજી આવૃત્તિ કાચું પૂઠું, પૃ. ૪૦, રૂ. ૧.

ઊર્મિની ઓળખ

નામી ગુજરાતી ગઝલકારોનાં જીવન તેમ જ કવનનો પરિચય

[૪૧] —— કરાવનાર · જલન માતરી



ભગવતીકુમાર હ. શર્મા

ઈ. ૧૯૫૩માં સાહિત્યક્ષેત્રે પ્રવેશ કરી 'આરતી અને અંગારા', 'પ્રેમયાત્રા', 'વીતી જશે આ રાત?', 'મન નહિ માને', 'પડછાયા સંગ પ્રીત' 'ન કિનારો ન મઝધાર', 'રિક્તા', 'વ્યક્ત મધ્ય', 'ભીના સમયવનમાં', 'સમયદ્વીપ' વગેરે નવલકથાઓના સર્જક અને 'દીપ સે દીપ જલે', 'હૃદયદાન', 'રાતરાણી', 'મહેક મળી ગઈ', 'છિન્નભિન્ન', 'તમને ફૂલ દીધાનું યાદ' વગેરે વાર્તાસંગ્રહોના સર્જક ભાઇશ્રી ભગવતીકુમાર હ. શર્મા જેટલા સારા નવલકથાકાર અને વાર્તાકાર છે એટલા જ અચ્છા શાયર તરીકે પણ 'ભગીરથ'ના તખલ્લુસથી ખ્યાતનામ છે.

ચૌદ વરસની વયે કાવ્યલેખનથી શરૂઆત કરી આજ દિવસ સુધી જે સતત સર્જન કરતા આવ્યા છે એમાં ગદ્યલેખન મુખ્ય બનતાં કવિતા કંઈક નેપથ્યમાં પડી ગઈ હતી; પરંતુ છેલ્લા એક વર્ષમાં એમાં જુવાળ અને પ્રગતિ વર્તાય છે. છંદોબદ્ધ અને અછાંદસ કાવ્યો પણ તેઓએ લખ્યાં છે. ઈ. ૧૯૭૦માં 'કવિલોક' દ્વિ-માસિકમાં પ્રગટ થએલાં કાવ્યોમાંથી ઉત્તમ કાવ્ય બદલનું ત્રીજું ઈનામ એમના 'તારા વિજોગે' શીર્ષકના ગીતને મળ્યું હતું. આ ઉપરાંત ઉપર્યુક્ત નવલકથાઓમાંથી ને વાર્તા-સંગ્રહોમાંથી બે નવલકથાઓ અને ત્રણ વાર્તાસંગ્રહોને મુંબાઈ તથા ગુજરાત રાજ્યનાં પારિતોષિક પ્રાપ્ત થયાં છે.

સુરતના સામવેદી શ્રીમાળી બ્રાહ્મણ કુટુંબમાં તા. ૩૧-૫-૧૯૩૪ના રોજ જન્મ. ઈ. ૧૯૫૦માં એસ.એસ.સી.માં ઉત્તીર્ણ થઈ નબળી આંખોના ભયથી પડતો મૂકેલો અભ્યાસ ૧૮ વર્ષે હવે ફરી શરૂ કરીને અંગ્રેજી અને ગુજરાતી વિષયો સાથે હાલ બી.એ.નો અભ્યાસ કરી રહ્યા છે. સૂરતની સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં આગળપડતો રસ લેનારા ભાઈ ભગવતીકુમાર વ્યવસાયે પત્રકાર છે. ઈ. ૧૯૫૫થી સૂરતના પ્રતિષ્ઠિત દૈનિક 'ગુજરાતમિત્ર'ના તંત્રીમંડળમાં સેવા આપી રહ્યા છે.

બળબળતી આંખોની છલના વધી પડે ત્યારે મૃગજળની છાલકોથી ચહેરાને ધોનારા, નિજની હયાતીને માત્ર ભાસ કલ્પીને ધુમ્મસની જેમ વિખેરાઈ જવાનો એકરાર કરતા, રેતીના પટ ઉપર ઊડીને રેતીને નદી કલ્પીને એમાં નિજના પ્રતિબિમ્બને જોનારા આ કલ્પનાશીલ નવજુવાન શાયરના શે'રોનો આસ્વાદ લઈએ.

પંખી બની ઊડું છું હું રેતીના પટ ઉપર,
કલ્પું છું કે નદી છે; પ્રતિબિમ્બ જોઉં છું.
બળબળતી આંખ કેરી જો છલના વધી પડે,
મૃગજળની છાલકોથી હું ચહેરાને ધોઉં છું.
તારા વિરહમાં ફૂલ જે ખીલ્યાં નથી હજી,
સ્વપ્નામાં એની મ્હેકની માળાઓ પ્રોઉં છું.

નિષ્પર્ણ વૃક્ષ નીચે કરું તારો ઇન્તઝાર;
કલ્પું છું: તું વસંત રૂપે આવતી હશે.

ક્ષણોને જ હાથે ધવાતી ક્ષણો;
મળી જિન્દગાનીને રાતી ક્ષણો.
હથેળીમાં દમયંતીનો સ્પર્શ છે;
બની માછલી સરકી જાતી ક્ષણો.

મોજાં શો વેગ જોઈને ચિંતા નહિ કરો;
કાંઠા સુધી જતાંમાં હું વિખરાઈ જાઉં છું.
તારા સુધી પહોંચવું કેવું વિકટ હવે!
મારા સુધી જ પ્હોંચતાં ફંટાઈ જાઉં છું.
ચાલી શક્યો ન કાફલાની સાથ હું છતાં,
પગલાંની લાખ છાપમાં વહેંચાઈ જાઉં છું.

મારા હજાર સૂર્યને અંધાર પી ગયો;
તેજસ્વી તેથી આટલું પહેલું કિરણ થયું.
રોકાયો તો સમયનો અહીં કાફલો કદીક;
સંદર્ભશૂન્યતાનું ભલે આજ રણ થયું.

તારા અધર પે સ્મિત ફરીથી ખીલી ઊઠયું;
એ ગૌણ વાત છે, કે હજી હું ઉદાસ છું.
ધુમ્મસની જેમ પળમાં વિખેરાઈ જૈશ હું;
આમે ય કયાં જીવંત છું? 'હોવા'નો ભાસ છું!

તું મને સ્પર્શી ગઈ કંઈ એ રીતે;
ભ્રમ થયો એવો, અરે, આ તો પવન!
એટલે દીવો કબરનો તેજ છે;
શિર ઝુકાવીને વહી જાતો પવન.
કોઈના છૂટી ગયા છે પ્રાણ શું?
કેમ કંઈ આજે નથી વાતો પવન?

સાંઢણી તો વેગથી ચાલી ગઈ,
રણની રેતીમાં ચરણચિહ્નો ઝૂરે.
ફર્શને તો ડંસનો રોમાંચ છે,
કિન્તુ અટકેલો આ હિંડોળો ઝૂરે.

લ્યો, હજી વર્તાય પાંખોનો હિલોળ!
સાવ ખાલી નીડમાં ટહુકો ઝૂરે.

સાન્નિધ્યમાં પ્રકાશ, મહેક, આર્દ્રતા મળ્યાં;
કોઈ કબર ઉપરનું સુકાએલું ઘાસ છું.

આજ ટહુકાથી મેં કાન વાળી લીધા;
સૂર આવ્યા નિકટ તોય ટાળી લીધા.
કોઈ પરદાની શી છે જરૂરત અહીં?
જોઈ લ્યો, મેં નયન બે ય ઢાળી લીધાં.

બિડાએલા અધર, નયનો ઢળેલાં હોય તેથી શું?
ઝીલ્યા છે સ્પન્દનો કેરા પ્રપાતો ટેરવાંમાંથી.
કળીઓ જૂઈની વિખરાઈ મારાં પોપચાં ઉપર;
મહેકન્તો અનિલ માણ્યો છે વાતો ટેરવાંમાંથી.
કર્યો તેં ચાંદલો ભાલે, રહ્યું અંગુલિ પર કુમકુમ;
ઝરે છે લાગણીનો રંગ રાતો ટેરવાંમાંથી.
તમારા શ્વેત પાલવમાં તમે નિજ આંગળાં ગૂંથ્યાં;
પતંગાની ફૂટી રંગીન ભાતો ટેરવાંમાંથી.
હું મારા લક્ષ્યને સ્પર્શી શકું, પકડી નથી શકતો;
રગતપિતિયા સમી હું ચોટ ખાતો ટેરવાંમાંથી.

પછી ત્યાં શું બન્યું, એની ખબર મુજને નથી કાંઈ-
જનાજો મુજ સદનથી નીકળી તુજ ઘર સુધી પ્હોંચ્યો.
પતન છે કે પરાકાષ્ઠા હૃદયની આસ્થાની એ?
ગયો ઈશ્વરનાં દર્શન કાજ તો પથ્થર સુધી પ્હોંચ્યો!
બીજો તે શો પુરાવો તમને મુજ નિષ્ઠાતણો આપું?
હું તમને શોધવા નીકળ્યો અને ઈશ્વર સુધી પ્હોંચ્યો!

બની અવશેષ શ્યામલ રાત કેરા તંતુઓ રૂપે,
કોઈ નારીના ઘેઘૂર કેશ વચ્ચે ન્હાય અજવાળું.
મળી રહેશે પ્રભાતે લાશ એની પૂર્વમાં રાતી,
ભલે સંધ્યાસમે પશ્ચિમમાં ડૂબી જાય અજવાળું.

ઉઠાવી લ્યો હવે મૃતદેહ પરથી ફૂલનો ઢગલો;
મને તો અશ્રુકેરાં બિન્દુઓનું પણ વજન લાગે.

પડછાયાઓની એક રચાઈ રહી દીવાલ,
એમાં પુરાતો જાય છે માનવ ક્ષણે ક્ષણે.

વ્યાપી ગઈ છે આમ તો સર્વત્ર પાનખર;
બાકી આ લાગણીની નજીવી લીલાશ છે.
સળગી ગયાં છે પાંદડાં આણદીઠ આગમાં,
આ ધૂમ્રસેરમાં તો પરિચિત પીળાશ છે.
મેંદી રચેલા હાથ તેં ઢાંકી દીધા હશે;
ઘેઘૂર નયનમાં તેથી કેફી રતાશ છે.

કદીક બીડાય છે, ઊઘડે છે, કંપે છે, હસી લે છે,
પરિસ્થિતિનો કેવો થાય છે અભ્યાસ હોઠોમાં!
ગુલાબી પાંદડીઓ સાથ ઝગડો મોગરા કેરો,
મળ્યો છે દંતપંક્તિઓને કારાવાસ હોઠોમાં.
પ્રગટ થાવું પડે એવી હદે જ્યારે પ્રણય પ્હોંચ્યો;
હૃદય ને આંખ બંને એ મૂક્યો વિશ્વાસ હોઠોમાં.

નવાં પ્રકાશનો

નવજીવન પ્રકાશન મંદિર

અમદાવાદ-૧૪

ગાંધીજીનો અક્ષરદેહ–૨૨: આ શ્રેણીના અગાઉના ગ્રંથોની જેમ આમાં પણ મહાત્માજીનાં લખાણો, ભાષણો અને પત્રોનો સંચય કરવામાં આવ્યો છે. આ સામગ્રી ૧૫મી ડિસેમ્બર ૧૯૨૧ થી ૩જી માર્ચ ૧૯૨૨ સુધીનો એટલે કે લગભગ સવા વર્ષનો ગાળો આવરી લે છે. પંડિત માલવીયજીએ સરકાર સાથે ગોળમેજી પરિષદ ભરવાની શક્યતાની ચર્ચા કરવા મુંબાઈમાં એક સર્વ-પક્ષ-પરિષદ બોલાવેલી જેમાં ગાંધીજીએ પણ હાજરી આપી હતી. આ પરિષદની સફળતા-નિષ્ફળતા તેમજ તેને પરિણામે બારડોલીમાં સામુહિક સવિનય ભંગ આદરવાનો ગાંધીજીએ જે નિર્ણય કર્યો તેની યોગ્ય ભૂમિકા અહીં મળી રહે છે. વળી આ લડતને પરિણામે ૧૯૨૨ના ફેબ્રુઆરીમાં ગોરખપુર જિલ્લાના ચૌરીચૌરા ગામે ભારતીયોએ ૨૧ ગોરા સિપાઈઓની જે હત્યા કરી તેને ગાંધીજીએ ચેતવણી રૂપ 'ગેબી અવાજ' ગણ્યો અને તેમણે લડત પાછી ખેંચી. પરિણામે કેટલાયને ગાંધીજીના આ પગલામાં એમની રાજદ્વારી નેતાગીરીની સરિયામ વિફલતા જણાવા લાગી. પરંતુ અહીંનાં લખાણો એ વાતનો સચોટ ખુલાસો આપે છે કે આ લડત પાછી ખેંચવાની પાછળ ગાંધીજીની અહિંસા પાછળની એક પ્રકારની ધાર્મિક નિષ્ઠા છતી થતી હતી. એની પાછળ બ્રિટિશ સરકારને નમતું જોખવાનો એમનો ઈરાદો નહોતો, બલકે પ્રજાને લડત માટે યોગ્ય રીતે તૈયાર કરવાનો હતો. આમ ગાંધીજી વિષે તે કાળે ફેલાએલી ગેરસમજૂતીનો પણ આ લખાણોમાં સ્પષ્ટ ખુલાસો મળી રહે છે. સ્વાતંત્ર્યની લડતનો આબેહૂબ શબ્દનકશો આ લખાણોમાંથી ઊપસી રહે છે. વાચકોને આજથી પચાસ વર્ષ પૂર્વેના એ ભારતીય વાતાવરણમાં વહેતા કરી મૂકે છે એટલું આ ગ્રન્થનું માહાત્મ્ય તો વળી જુદું જ. પાકું પૂઠું, પૃ. ૪૯૧, રૂ. ૧૬–૫૦.

ગાંધીજીના વિદ્યાર્થીકાળના સમકાલીનો અને સાથીઓ: ગાંધીજીએ જ્યાં શાળાનું શિક્ષણ મેળવ્યું હતું. તે રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલની શતાબ્દી પ્રસંગે તે જ શાળાના નિવૃત્ત હેડમાસ્તર જ્યેષ્ઠારામ મણિશંકર ઉપાધ્યાયે ખૂબ પરિશ્રમ લઈને છબીઓનો આ કીમતી સંગ્રહ તૈયાર કર્યો છે. ગાંધીજીના અભ્યાસકાળના સાથીઓ અને સમકાલીનોની આ ૪૮ છબીઓ સાથે તે તે દરેક વ્યક્તિનો અલ્પ પરિચય પણ આપવામાં આવ્યો છે. એ દૃષ્ટિએ ગાંધીજીના જીવનમાં રસ લેનારને આ પુસ્તિકા ઉપયોગી અને આનંદદાયક બની રહેલા ઉપરાંત તે કાળનો સાંસ્કૃતિક અને સામાજિક સંદર્ભ પણ તે રચી આપે છે એ એનો બીજો લાભ. જૅકેટવાળું પાકું પૂઠું, પૃ. ૪૪, રૂ. ૧૦–૦૦.

આપણો સાહિત્યવારસો


ઝવેરચંદ મેઘાણીની પંચોતેરમી જન્મ-જયંતી પ્રસંગે મેઘાણી-સાહિત્યમાંથી ચૂંટેલાં કાવ્યો–વારતાઓ–લોકકથાઓના ત્રણ સંગ્રહો પ્રગટ કરવાની સ્મારક-યોજના ને પ્રજાનો જે ઉમંગભર્યો આવકાર મળ્યો, તેમાંથી પ્રેરણા પામીને લોકમિલાપ ટ્રસ્ટે 'આપણો સાહિત્ય-વારસો' નામે નવી પ્રકાશન-યોજનાનો આરંભ (આ 'આંતરરાષ્ટ્રીય પુસ્તક-વર્ષ'માં) કર્યો છે.

દરેક પુસ્તકપ્રેમી પોતાના જીવનમાં અવિસ્મરણીય બનેલી એવી કેટલીક સાહિત્યકૃતિઓનાં નામ યાદ કરી શકશે કે જે ફરી ફરીને વાંચવાની ને બીજાઓને વંચાવવાની હોંશ થાય અને જે આપણે સહુ આપણાં સંતાનોને વારસામાં આપી જતાં ઊંડું સુખ પામીએ. આવા આપણા સાહિત્ય-વારસાને લાખો ગુજરાતી કુટુંબો સુધી પહોંચાડવો તે, એ પુસ્તકોનું લાખ-લાખ રૂપિયાના પુરસ્કાર આપવા કરતાં પણ ચડિયાતું સન્માન છે એવી ભાવનાથી પ્રેરાઈને લોકમિલાપ ટ્રસ્ટે આ યોજના ઉપાડી છે. આ યોજનાની મુખ્ય વિગતો નીચે મુજબ છે: ૧) આપણા સાહિત્ય-વારસાના અંશરૂપ પાંચ પુસ્તકોનો પહેલો સેટ ૧૯૭૩ના પ્રજાસત્તાક-દિને, ૨૬ જાન્યુઆરીએ પ્રગટ થશે. ૨) આવા ઓછામાં ઓછા એક લાખ સેટના આગોતરા ઘરાક ૧૫ ઑગસ્ટ, ૧૯૭૨ સુધીમાં નોંધવાનો સંકલ્પ છે. ૩) કુલ ૭૫૦ પાનાંનાં આવાં પાંચ પુસ્તકોની કીમત આજના બજારભાવે રૂ. ૨૦ જેટલી થાય. પરંતુ એક લાખ કુટુંબોમાં આ સેટની આગોતરી વરધી નોંધાવનારને તે રૂ. ૨૦ ને બદલે સેટ દીઠ રૂ. ૬ની નજીવી કીમતે ઘેરબેઠાં (કશો બીજો રવાનગી–ખરચ આપ્યા વિના જ) મળી શકશે. ૪) દસથી ઓછા સેટ માટે આગોતરી વરધી નોંધવામાં નહિ આવે. પણ પ્રકાશન પછી આ પુસ્તક-સેટ રૂ. ૧૦ની કીમતે છૂટક ખરીદનારાઓને બજારમાં મળી શકશે. ૫) અનેક કુટુંબો આ સેટ પોતાના ઘર માટે તો વસાવશે જ, પણ આવતે વરસે સ્વજનોને વરસગાંઠે, લગ્નમાં કે બીજા શુભ પ્રસંગે ભેટ આપવા કે લાગણી કરવા તે ખરીદી રાખવા ઇચ્છશે. એ રીતે બે કે ત્રણ કુટુંબ મળીને પણ ૧૦ સેટની વરધી સહેજે નોંધાવી શકે.

જેમાં એકાદ વ્યક્તિ પણ વાંચીલખી જાણતી હોય તેવાં આશરે ૩૦ લાખ ગુજરાતી કુટુંબો હશે. તેમાંથી પહેલે વર્ષે ફક્ત એક લાખ સુધી જ પહોંચવાની નમ્ર નેમ રાખીને કુલ ૭૫૦ પાનાંનાં નીચે જણાવેલાં પાંચ પુસ્તકો પ્રથમ યોજનામાં નિરધાર્યાં છે; ૧) જીવનનું પરોઢ લે. પ્રભુદાસ ગાંધી (સંક્ષેપ: ૧૫૦ પાનાં); ૨) ન્હાનાલાલનાં કાવ્યો (૧૦૦ પાનાં); ૩) ધૂમકેતુની વારતાઓ (૧૫૦ પાનાં); ૪) ગિજુભાઈના લેખો (૧૦૦ પાનાં); ૫) માનવીની ભવાઈ લે. પન્નાલાલ પટેલ (સંક્ષેપ: ૨૫૦ પાનાં) આદર્શ ને વહેવારના સુંદર સુમેળ સમી આ યોજનાનો લાભ એક નહિ પણ અનેક લાખ કુટુંબો તથા એકેએક પુસ્તકાલય અને શિક્ષણ સંસ્થા હોંશે હોંશે લે, એવી અમારી આગ્રહભરી ભલામણ છે.

[illegible] (કુમાર અંક ૫૮૦)

ભારતીય પદ્ધતિનો શતરંજનો કોયડો-૧૧



આપણે ગયા અંકમાં (કોયડા નં. ૧૦માં) વજીર અને ઊંટની જૂની રીતની ચાલ જોઈ હતી. આ કોયડામાં પણ ઊંટની ચાલ એ જ રીતે જૂની છે. એટલે કે તે બે જ ખાનાં ચાલી શકે અને મહોરા ઉપરથી કૂદી શકે છે.

જેમ પાંડવોએ દ્રૌપદીને હોડમાં મૂકી હતી તેમ એક બાદશાહે તેની બેગમ દિલારામને હોડમાં મૂકી હતી. જ્યારે આકૃતિમાં આપેલી પરિસ્થિતિ આવી અને બાદશાહ (સફેદ) એક ચાલમાં મહાત થાય એમ છે ને મૂંઝાયા છે એ જોયું ત્યારે દિલારામે બે હાથીનો ભોગ આપીને સામા પક્ષને જ મહાત કરવાનું સૂચન કરીને બાજી પલટાવી હતી. આ વાત સાથે આ કોયડો રજૂ થયો હોવાથી તે 'દિલારામ કોયડા' તરીકે ઘણો જ જાણીતો થયો છે. 1 R–R8ch., K×R; 2 B–B5ch., K–N1; 3 R–R-8ch, K×R; 4 P–N7ch, K–N1; 5 N–R6 mate.

સુરેશ મોદી

પ્રાગૈતિહાસિક પ્રાણીઓ-૪

કૅમ્બ્રિયન કાળ પછી, ૪૨ થી ૫૦ કરોડ વર્ષ પહેલાંનો કાળ 'ઑર્ડોવિસીઅન કાળ' કહેવાય છે. વેલ્સમાં જે વિસ્તારમાં આ સમયનાં ભૂ-સ્તરો શોધાયાં તે પ્રદેશમાં વસતી એક પ્રાચીન કેલ્ટિક જાતિ ઑર્ડોવાઇસિસ પરથી આ સમય-નું નામ અપાયું છે.

આ કાળમાં કેટલાક ભૂભાગ પર સમુદ્રજળ ફરી વળ્યાં તો ક્યાંક જ્વાળામુખીઓ ફાટી તેમાંથી ઢળેલા લાવાના થર રચાયા. કેટલાંક નવાં પર્વતશિખરો ઊપસ્યાં તો કેટલાંક શિ-ખરો વધુ ઊંચકાયાં. ઑર્ડોવિસીઅન ભૂસ્તર-માંથી ક્યાંક ખનિજ તેલ પણ મળ્યું છે.



લગભગ સાડાસાત કરોડ વર્ષ જેટલા લાંબા કાળમાં કૅમ્બ્રિયન કાળના ટ્રાઇલોબાઈટ્સ વધુ વિ-કાસ પામ્યાં. પરવાળાના અમુક પ્રકારો, દડાકાર, ચપટા કે બદામ આકારના સમપ્રમાણ શરીર-વાળાં એકીનૉઈડ્સ, દેખાવે વનસ્પતિ જેવા અને બહુધા છીછરા જળને તળિયે ખોડાઇને રહેનારા ક્રાઈનોઈડ્સ, દેખાવે પરવાળાં જેવાં પણ વધુ વિકસિત આંતરિક શરીરરચનાવાળાં બ્રાયોઝોઅન્સ વગેરે આ કાળમાં નવાં વિકસ્યાં. સંધિયુક્ત શરીરવાળાં જીવોની સંખ્યા અને પ્રકાર પણ આ કાળમાં મોટી સંખ્યામાં વિક-સ્યાં. સેફેલોપૉડ્સ તો તેરતેર ફૂટ જેટલી લં-બાઈએ પહોંચ્યાં. શંખલાનાં જીવ-ગૅસ્ટ્રોપૉડ્-સનો પણ વિકાસ થયો. આમ, આ કાળમાં પૃથ્વી પરનાં જુદાજુદા વિસ્તારમાં અનેકવિધ જીવો પેદા થયા જેમના અશ્મિલ અવશેષો એ કાળના ચૂના ને કાદવના બંધાએલાં ભૂસ્તરમાં ઘણી સારી રીતે જળવાએલા મળી આવ્યા છે.



માધુકરી

ખાળ તારી આંખડીનાં નીરને,
સંકટોમાં આ ન છાજે વીરને;
એને ઠોકર મારીને રસ્તે લગાવ,
ક્યાં સુધી પંપાળશે તકદીરને?

—શેખાદમ આબુવાલા

ગુજરાત રાજ્યના નવા કર્ણધાર · ઘનશ્યામભાઈ ઓઝા

કહેવાય છે ને—'બ્લેસિંગ્ઝ-ઈન-ડિસ્ગાઈઝ'–પ્રચ્છન માંગલ્ય. એવું આપણા રાજ્યનેતૃત્વ બાબતમાં બન્યું. લોકોએ જેમને એકમતે નેતા બનાવ્યા એ ચૂંટાએલા ૧૩૯ સભ્યો પોતે એક-મતે પોતાનો નેતા ચૂંટી ન શકયા! ઉચ્ચ કક્ષાએ ચાલતી સત્તાસ્પર્ધા આપણા જાહેરજીવનને વિચ્છિન્ન કરી રહી છે. એની અસર તળે પ્રત્યેક ક્ષેત્રે સ્થાનની એક કૃત્રિમ મહત્તા ઊભી થાય છે; પછી એ મારેની ઈર્ષ્યા-ખટપટ ચાલે છે. કોઈ સંસ્થા, કોઈ નાનુંમોટું મંડળ, કોઈ ખાતું, આ મહત્ત્વસ્પર્ધાના રોગથી ન પીડાતું હોય એવું છે ખરું? આ મૂલ્યહ્રાસનો આરંભ કહેવાતા 'મોટા માણસ' કે 'નેતા'થી થાય છે એ અત્યંત શોચનીય વાસ્તવિકતા છે. કેન્દ્રીય નેતાગીરીની ખબરદારીથી, અને આ જ ટાણે કેન્દ્રમાં એક વિરલવિશુદ્ધ સજ્જન ઉપલબ્ધ હોવાનું સદ્ભાગ્ય, તે આ અનારોગ્યનું પરિણામ શુભંકર નીવડયું! ભારતનાં વડાંપ્રધાનથી માંડીને ગુજરાતના અદના માનવી સુધીના સૌનો સ્નેહાદર મેળવનાર એક એકસઠ વર્ષના અનુભવસમૃદ્ધ યુવાન મુખ્ય નેતા તરીકે ગુજરાતને મળ્યા.



દસ માસના ગવર્નરરાજ્ય પછી આપણું છઠ્ઠું પ્રધાનમંડળ સત્તરમી માર્ચે અસ્તિત્વમાં આવ્યું. પક્ષનો નિર્ણય સાંભળવા ૧૫મી માર્ચે જ્યારે શ્રી ઘનશ્યામભાઈ પક્ષના કાર્યાલયે પહોંચ્યા, ને લોકોએ ઉમળકાથી ફૂલહાર આપવા માંડયા ત્યારે આ સજ્જને કહ્યું: 'હમણાં ન હોય.' મંત્રીમંડળનાં નામો સાથે દિલ્હીથી આવ્યા, ને અમદાવાદના વિમાનગૃહે સામે લેવા આવેલી ભવ્ય 'લીમોસીન' કાર જોઈ, ત્યારે કહ્યું: 'મારે આવી મોટી ગાડીની જરૂર નથી;' ને નાની ઍમ્બૅસેડરમાં રાજભવન ગયા. સત્તરમી માર્ચે, પદગ્રહણને અવસરે જ, ત્રીજાચોથા વર્ગના કર્મચારીઓનો ખયાલ કરીને કહ્યું: 'એ બધા ગાંધીનગર રહે ને અમે પ્રધાનો ને સચિવો અમદાવાદમાં, એ કેમ બને? મુશ્કેલીઓની વહેંચણીમાં પ્રધાન પહેલો હાથ લંબાવે!' રાત્રે આકાશવાણી પરના પ્રસારણમાં લોકોને જે શાન્ત ક્રાંતિ ચાલી રહી છે તેની વાત સમજાવી ને પોતાને વિષે કહ્યું: 'આજે હું આપની સમક્ષ માત્ર રાજ્યના મુખ્ય મંત્રી તરીકે નહિ, પરંતુ એથી વધુ તો આ પ્રદેશની જનતાના પ્રથમ સેવક તરીકે ઉપસ્થિત થયો છું.' એક પત્રકારે પૂછેલું:' 'કેવું તંત્ર આપશો? તમારા પ્રધાનમંડળને કેવું કહી શકાય?' ત્યારે કહ્યું: 'લોકાભિમુખ તંત્ર હું આપવા માગું છું...અને પ્રધાનમંડળને કેવું કહેવું એ લોકો નક્કી કરે. અમને અમારા કાર્યથી મૂલવજો.' દિલ્હીમાં મળેલા એક પત્રકારને કહે: 'લોકોને શુદ્ધ અને કાર્યક્ષમ સરકાર આપવાનો મારો મુખ્ય આશય છે. જેણે અમને મત આપીને સત્તાસ્થાને બિસાડયા છે તે 'સામાન્ય માણસ'ને બધી જ કક્ષાએ આદર મળે ને સરકાર તરફથી તેને પૂરેપૂરો સંતોષ પ્રાપ્ત થાય એ હું ખાસ જોઈશ.

'સામાન્ય' કહીને જેને આજ સુધી અલગ તારવવામાં આવ્યો છે એને જાણે આપ્તજન મળ્યા જેવું લાગશે. શ્રી ઘનશ્યામભાઈ 'સામાન્ય'ના સાચા પ્રતિનિધિ છે. નહિ તો, ઔદ્યોગિક ખાતું જેના હાથમાં હોય એવો કેન્દ્રનો પ્રધાન દિલ્હીમાં સામાન્ય ઘરમાં રહે? નાની કાર પસંદ કરે? પ્રધાન-

વારતા ૨૧

વૈતાળ પચ્ચાસી

અમર ફળ

વિનોદ ભટ્ટ

—અને ફરી એક વાર રાજા વિક્રમે સિદ્ધવડ પરથી મડાને ઉતારી ખાંધે નાખી ચાલવા માંડયું ત્યારે મડાએ આ વારતા શરૂ કરી:

કોઈ એક નગરમાં કોઈ એક રાજા રાજ્ય કરતો હતો. આ નગરના એક નાગરિકને એની સેવાથી પ્રસન્ન થઈ કોઈ એક બાવાજીએ અમર ફળ ભેટ આપ્યું. આ નાગરિકે અમર ફળ રાજાને ચરણે ધર્યું. રાજાએ અમરત્વ મેળવવા માટેનું આ ફળ પોતે ન ખાતાં પોતાની પ્રિય પટ્ટરાણીને આપ્યું. રાણીએ એ અમર ફળ પોતાના એક પ્રેમીને આપ્યું. પ્રેમીએ પોતાની એક અન્ય પ્રિયતમાને એ ફળ આપ્યું......અને હે વિક્રમ, પ્રિયતમાનો અર્થ તું તો જાણે જ છેને!...પ્રિયની જેને તમા નથી એવી આ પ્રિયતમાએ પોતાના ખાસ પ્રાણ સમા રાજાને આ ફળ આપ્યું...'

વારતાને અહીં જ અટકાવતાં વૈતાળે વિક્રમને પૂછ્યું: 'હે વિક્રમ, અમર બનાવે તેવું એ ફળ પોતે ન ખાતાં દરેકે બીજી વ્યક્તિ માટે તેનો ત્યાગ કેમ કર્યો? આ 'તે ન ત્યકતેન ભુંજીથા' પાછળનું રહસ્ય શું હશે?'

'એ અમર ફળ સડેલું હશે...' રાજા વિક્રમે જવાબ આપ્યો.

—અને મડું ફરી એક વાર સિદ્ધ વડ પર લટકી ગયું. □

મંડળ નાનું, ઘર નાનું, કાર્યાલય—તો કે' નાનું! મુખ્ય પ્રધાનના ભવ્ય ભવનને—તો કે' મોટા રાજ અતિથિઓના ઉતારા તરીકે વાપરશું. અન્ય સાથીઓ રહે એવા મકાનમાં હું રહીશ. અમદાવાદમાં રહેતા લોકોને ગાંધીનગર ધક્કો ખાવો ન પડે માટે રોજ સવારના આઠથી દસ સુધી ત્યાં મળીશ. પ્રધાનો બુધ, ગુરુ, શુક્ર પ્રવાસે નહિ જાય; બપોરે ૧ થી ૩ લોકોને મળી શકશે. પ્રધાનોને બંગલે પહેરાની જરૂર નથી. પ્રધાનને અંગત સલામતીનો ભય શો? જનતા વચ્ચે ફરવામાં પ્રધાનને આનંદ થવો જોઈએ. અંગરક્ષકોની જરૂર અમને નથી. જ્યાં ધનવૈભવનાં અશિષ્ટ પ્રદર્શનો હોય એવા પ્રસંગોથી પ્રધાનો દૂર રહે એ ઇષ્ટ છે...'

'પાટણની પ્રભુતા'ના નાટયપ્રયોગ વખતે એમણે બધે ક્ષેત્રે રાજકારણીઓને મહત્તા આપવાના ચાલની ટીકા કરી સ્વિટ્ઝર્લૅન્ડનો દાખલો આપ્યો: 'મેં ત્યાં એક નાગરિકને પૂછ્યું: તમારા રાષ્ટ્રપતિ કોણ? પેલો માથું ખંજવાળવા લાગ્યો. પછી કહે: અમને રાજકારણમાં એટલો બધો રસ નથી; પણ અમારા સાહિત્યકાર, સંગીતકારનાં નામો પૂછો તો તરત કહું. આપણા સમાજમાં પણ જે લોકો અનેક ક્ષેત્રે ભાવથી સેવા આપે છે તેની લોકો કે સરકાર ઉપેક્ષા કરે તેમાં દેશનું કે સમાજનું કલ્યાણ નથી.'

એમનાં આ વાણીવર્તનમાં એમનું શીલ ફોરે છે. એ શીલની પાછળ માતૃપક્ષ ને પિતૃપક્ષ બંનેનો હિસ્સો છે. આપણા લોકપ્રિય કવિ નાનાલાલનાં ભત્રીજીના આ પુત્ર. ઈ. ૧૯૧૧ની ૨૫મી ઑક્ટોબરે ભાવનગરના ઉમરાળા ગામે જન્મ. મૅટ્રિક બાદ શામળદાસ કૉલેજ અને ગુજરાત કૉલેજમાં ભણી, બી. એ. થઈ, પૂનાની લૉ કૉલેજમાંથી એલ. એલ. બી. થયા. વકાલતની રુચિ વારસામાં. પિતા છોટાલાલભાઈ સૌરાષ્ટ્રના એક જાણીતા વકીલ; પ્રજાતંત્રની લડતના અગ્રણી. ઈ. ૧૯૨૯માં પોલિટિકલ એજન્ટે એમને સુરેન્દ્રનગરમાંથી હદપાર કરેલા. એટલે, પ્રજાસેવા ને એ ખાતર ઘસાવાની તમન્ના પણ વારસામાં. એકત્રીસની ઉમરે લગ્ન થતાં પત્ની રમાલક્ષ્મી પણ એવાં મળ્યાં જેમણે એમના વિકાસને ને પ્રજાસેવાની પ્રવૃત્તિને અનુકૂળતા કરી આપી. બે પુત્ર ને બે પુત્રીઓ, ને એમને ઘેર પણ સંતાનોવાળા આ નેતાનું ગૃહજીવન ને જાહેરજીવન બન્ને પ્રફુલ્લિત છે.

એમના જાહેર જીવનની વિગતો જાણીતી છે. '૪૮થી આજ સુધી, '૬૭થી '૭૦ના વચમાંનાં ચાર વર્ષોને બાદ કરતાં, સંસદીય કામગીરીમાં તેઓ સતત બે દસકાથી જોડાએલા રહ્યા છે. એ દરમિયાન જે કામ હાથ પર લીધું કે આવ્યું, તેમાં ઊંડા ઊતરી તેને પાર પાડવા મથ્યા છે. પરિણામે અનેક ક્ષેત્રનો ઊંડો ને વ્યાપક અભ્યાસ કર્યો છે. સૌરાષ્ટ્રમાં ધારાસભ્ય હતા; '૫૧થી '૫૬ સુધી પ્રધાન હતા. સાડાત્રણસોક રજવાડાંથી ને એની ખટપટોથી ક્ષુબ્ધ જાહેરજીવન હતું ત્યારે ગિરાસદારીનાબૂદી, જમીન-મહેસૂલ અંગેના સુધારા, 'બહારવટિયા'ને નામે લૂટેરાટોળીઓના ને એવા બીજા ત્રાસોનો સામનો કરતાં કરતાં, એમણે કર્યાં તે પ્રજાકીય કામોમાં અંતરનાં રસ ને સૂઝશક્તિને કારણે જ.

માથાભારે તત્ત્વો હજી થાળે નહોતાં પડયાં એ દિવસોમાં ય સૌરાષ્ટ્રના પ્રધાનમંડળનો નેતા પડેલી વંડીવાળા બે ઓરડામાં ગામ વચ્ચે રહેતો; પરોઢે સૌને વિના રોકટોક મળતો (એટલે સુધી કે એક વશરામ ગાંડો ય એનો લાભ ઉઠાવી આવતો!); ૧૫મી ઑગસ્ટ ને ૨૪મી જાન્યુઆરી જેવા રાષ્ટ્રીય તહેવારે પ્રધાનો સામે ચાલી લોકોને પગપાળા મળવા ફરતા; એવી પરંપરામાં પ્રધાનજીવનનો આરંભ કરનાર ઘનશ્યામભાઈને સાઈકલ પર જતા જોવા, પરિચિતને જોઈ રસ્તે ઊભા રહી જતા કે વાતો કરતા જોવા એ સહજ હતું. સ્વભાવની આ સરળતાને લીધે જ ઘનશ્યામભાઈ પ્રધાન હોય કે ન હોય, બધે સર્વકાળે સમાન આદરને પાત્ર રહ્યા છે. અંતે તો લોકચિત્તે સ્થાનની જે ઉચ્ચાવચતા પ્રાપ્ત થાય, તે જ સાચું પદ; અન્ય રીતે માનવમહત્તાને માપવાની પરિપાટી ખોટી છે.

એ કારણે જ લોકચાહના એમને સતત મળતી-ફળતી રહી છે. '૫૭થી '૬૭ એ લોકસભાના સભ્ય હતા. '૭૧ની મધ્યસત્ર ચૂંટણીમાં તો પ્રજાએ સ્વતંત્ર પક્ષના પ્રમુખ શ્રી મીનુ મસાણી સામે ૬૭ હજાર મતની સરસાઈથી ઘનશ્યામભાઈને ચૂંટયા. મે ૧૯૭૧માં કેન્દ્રમાં રાજ્ય કક્ષાના ઔદ્યોગિક વિકાસમંત્રી થયા. સૌરાષ્ટ્ર-ગુજરાતની વિદ્યાપીઠોમાં, ઔદ્યોગિક મંડળોમાં, વિદેશોમાં ભરાતી આંતરરાષ્ટ્રીય પરિષદોમાં—એમ સ્થાનિક, પ્રાદેશિક, રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય વિવિધ સ્તરે વિવિધ ક્ષેત્રે સતત કામ એ કરતા રહ્યા છે. એટલાં બધાં મંડળો, પરિષદો, નિગમો, પંચો, સંસ્થાઓ વગેરેમાં એટલી ભિન્ન ભિન્ન પ્રકારની કામગીરી એમણે કરી છે કે એની વિગતોની ટીપ પણ લાંબી થાય. છતાં હરિજન ને કામદાર પ્રશ્નોમાં, શિક્ષણ ને સામાજિક-સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં એકધારો સક્રિય રસ એમણે લીધા કર્યો છે. બાંગ્લાદેશના પ્રશ્ને આંતરરાષ્ટ્રીય સમાજને વડાં પ્રધાનનું દષ્ટિબિન્દુ રજૂ કરવા, એમના વતી જે પ્રતિનિધિઓ વિદેશ ગએલા એમાં શ્રી ઘનશ્યામભાઈ પણ હતા, તેઓ આફ્રિકા ગએલા, એ વાત જાણીતી છે. વાચન, સંગીત, પ્રવાસ—જીવનને પ્રાણિત કરતાં આવાં તત્ત્વોમાં ય એમને રસ છે. ગુજરાતની સ્વાતંત્ર્યની લડતમાં શિવાનંદજી અને મણિલાલ કોઠારી સાથે રહીને, રાણપુર સત્યાગ્રહમાં બેતાળીસની લડતમાં,—બધે વખતે એ આગળ રહ્યા છે. મૂંગા રહીને. સ્વાતંત્ર્ય બાદ વિકાસના ભગીરથ કાર્યમાં જોડાયા છે.

સદાહરિત બારસલીના વૃક્ષની જેમ, પદફળથી ભારેખમ બન્યા વિના ફોર્યા કરવું, એ જીવનકળા વિરલ છે. આવો એક શીલસમૃદ્ધ નિરાડંબરી સજ્જન ગુજરાત રાજ્યનો કર્ણધાર બને છે. પ્રશ્નો અનેક છે. પ્રજાની આકાંક્ષાઓનો પાર નથી. નેતાઓ ને પ્રજા બન્નેમાં નાશ પામેલાં—ને પામતાં મૂલ્યોની પુન:સ્થાપનાનો ય અકળાવનારો પ્રશ્ન બહુ મોટો છે. પ્રાર્થીએ:

'વાતાનુકૂલ પવનો, શુભપંથ હોજો!'

—ઙ.

ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ

દિલ્હીમાં ચાલતા ગ્રંથ-મેળામાં બ્રિટનના વિશાળ ખંડમાં, ઓ.યુ.પી.ના ટૂંકા નામથી જાણીતી આ જગપ્રસિદ્ધ પુસ્તક-પ્રકાશક સંસ્થા ન્યારી છે. વાસ્તવમાં ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ એ કોઈ વેપારી પેઢી નથી. ઑક્સફર્ડ યુનિવર્સિટીની જ એ એક શાખા છે. તેનાં પુસ્તકોનાં વેચાણમાંથી

જે કાંઈ નફો થાય છે ાં પાણી થોડા મીટર જ ઊ.ર.હોય.ત્રે.ત્માં તેમ જ વિદ્વત્તાપૂર્ણ ગ્રંથોના પ્રકાશનમાં વપરાય છે. આ પુસ્તક-પેઢીનાં મૂળિયાં છેક ૧૪૭૮ની સાલ સુધી ઊંડાં ઊતરેલાં છે. એના એક જ વર્ષ પહેલાં ૧૪૭૭ની સાલમાં લંડનના વેસ્ટમિન્સ્ટર ખાતેના કૅક્સટન પ્રેસમાંથી ઈંગ્લૅન્ડનું પહેલવહેલું પુસ્તક છપાઈને બહાર પડ્યું હતું. ઓ.યુ.પી.ની મુંબાઈ શાખાની શરૂઆત ઈ. ૧૯૧૨માં થઈ. આજે એ શાખાના ઉપક્રમે ભારતની અગ્રગણ્ય ભાષાઓ—આસામી, બંગાળી, ગુજરાતી, હિંદી; કન્નડ, મલ્યાળમ્, મરાઠી, પંજાબી, સંસ્કૃત, તમિળ, તેલુગુ અને ઉર્દૂમાં પણ વિવિધ પુસ્તકો પ્રકાશિત થાય છે. સમગ્રતયા, એ પ્રેસનાં આજ સુધી-માં ૧૮,૦૦૦ ઉપરાંતનાં પ્રકાશનો બહાર પડયાં છે. એના 'કૅટલૉગ'નાં જ આઠસો જેટલાં પાનાં થાય છે! દુનિયાની ચાળીસેક ભાષાઓમાંનાં એક કરોડ, સાઠ લાખ જેટલાં પુસ્તકોની અવરજવર દર વર્ષે ઓ.યુ.-પી.ની વખારમાંથી થતી રહે છે. પેઢીનું છાપખાનું પણ ગંજાવર છે. એના ટાઈપનો કુલ જથ્થો દસ લાખ પાઉન્ડ વજનની ધાતુનો થવાની ગણતરી થોડાં વર્ષ પર કોઈએ કરેલી! તેની વખાર વાયવ્ય લંડનમાં નિસ્ડેન ખાતે આવેલી છે. આટલી પ્રાચીન પેઢી પણ નવા જમાનાને અનુરૂપ સારી એવી સાધન-સામગ્રી ધરાવે છે. વખારમાં મુકાએલા કૉમ્પ્યુટર દ્વારા પુસ્તકો-નો સ્ટૉક વગેરે નોંધાય ને રખાય છે. દુનિયાભરમાંથી પુસ્તકોના ઑર્ડર ત્યાં રોજ આવતા રહે છે. પુસ્તકોનાં બિલ બનાવવામાં યે ઝડપ ને કાર્યક્ષમતા ઓછી નથી હોતી. દર મિનિટે હજારથી વધુ લીટીઓ છાપતું યંત્ર પણ બિલ તૈયાર કરવામાં વપરાય છે. ઑક્સફર્ડ ઇંગ્લિશ ડિક્સનરી તો વિખ્યાત છે. ઈ. ૧૮૫૭ની સાલમાં તેનો વિચાર સ્ફૂરેલો ને ૧૮૮૪થી એનું પ્રકાશન આરંભાએલું ઈ. ૧૯૨૮માં એનું કાર્ય પૂરું થએલું; છતાં આજે પણ એ આગળ ચાલુ જ છે.

(નિરીક્ષક) —પુ. ગ. માવલંકર

શંખોદ્ધાર બેટ

દ્વારકાથી અઠ્ઠાવીસ કિલોમીટર દૂર, ગુજરાતનાં બે મહત્ત્વતાં બંદરો-માંનું એક ઓખા—વાળેલી મુઠ્ઠીમાં અંગૂઠાના સ્થાનની માફક—સૌરાષ્ટ્રના નકશામાં ઉપર આવેલું છે. નાના પણ ઔદ્યોગિક મહત્ત્વ ધરાવતા આ ગામથી ચાર કિલોમીટર દરિયામાં—કચ્છના અખાતમાં એક બેટ છે. આ બેટ તે જ દુર્લભ ગણાતું શંખોદ્ધાર તીર્થ.

કથા એવી છે કે એક અસુર, બ્રહ્માએ સર્જેલા ચારે વેદોને લઈને ભાગ્યો અને આ બેટની વચ્ચે આવેલા તળાવમાં, શંખનો આકાર ધારણ કરી છુપાઈ ગયો! ભગવાન વિષ્ણુએ માછલાનું રૂપ ધારણ કરી તેનો વધ કરી વેદને બચાવ્યા. વિષ્ણુના હાથે મર્યો તેથી શંખના થએલા ઉદ્ધારની યાદમાં આ બેટ 'શંખોદ્ધાર' તરીકે પ્રસિદ્ધ થયો. શંખ એટલે મૂર્ખ. વેદ એટલે જ્ઞાન. મૂર્ખના હાથમાં વિદ્યાશાખા જાય તો તે છોડા-વવી એવો ધર્મબોધ સત્યયુગમાં થએલા મત્સ્યાવતારે આ કાર્યથી આપ્યો. ઊંડા ઊતરીને નિહાળીએ તો સાહિત્યના રક્ષણ અર્થે ભૂતકાળ-ના બનેલા બનાવની સ્મૃતિ આ સ્થાનથી જળવાઈ રહેલી લાગે છે.

ઓખાથી હોડીમાં બેસી દરિયો પાર કરી, આપણે બેટના કિનારે ઊતરી સહેજ ચડાણ ચડી ઉપર જઈએ કે સામે જ દ્વારકાધીશની હવેલી દેખાય. એમાં કુલ વીસ મંદિરો છે. પુરાણો કહે છે કે દ્વારકા શ્રીકૃષ્ણની રાજધાની હતી ત્યારે આ બેટ 'રમણદ્વીપ' તરીકે ઓળખાતું શ્રીકૃષ્ણની રાણીઓનું અંતઃપુર હતું. આ માન્યતાથી અહીંનાં મંદિરો શ્રીકૃષ્ણના ગૃહસ્થાશ્રમની વીતેલી જાહોજલાલીભર્યાં નજર આવે છે. સોળમી સદીમાં પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયના પ્રવર્તક શ્રીમદ્ વલ્લભા-ચાર્યજી અહીં પધારેલા અને આ સ્થાનનો પ્રાચીન મહિમા જાણી તેનો નવેસરથી પુષ્ટિમાર્ગીય પ્રણાલી અનુસાર પૂજાવિધિ ગોઠવ્યો. તે મુજબ આ મંદિરોમાં સમાસમાનાં દર્શન થાય છે.

હાલ આ હવેલી જ મુખ્ય સ્થળ જેવી બની ગઈ છે, જ્યારે વાસ્ત-વમાં મુખ્ય સ્થળ તો છે શંખનારાયણ તળાવ અને મંદિર, જે અહીંથી થોડે દૂર છે. હવેલીથી નીચાણમાં આવેલા ગામની નાનકડી સુંદર બજા-રમાં થઈ આગળ જતાં રણછોડ તળાવ, જે ઘણી જ નવીન કહી શકાય તેવી રીતે વચ્ચે વચ્ચે કોઠા મૂકી બાંધેલું છે તે આવે છે. તેનાથી આગળ રતન તળાવ અને તે પછી ખૂબ જ શાંત એવું શંખ તળાવ આવેલું છે. કંઈક સૂકું અને રુક્ષ લાગતું અહીંનું વાતાવરણ સામાન્ય યાત્રીને ન પણ ગમે; જ્યારે રસિકજનને તો પૂરતું વળતર મળી રહે એવું ઘણું છે. તળા-વમાં જળકૂકડી ને કાજિયા જેવાં પંખી અને કિનારાના તલબાવળિયા-નાં આછાં ઝુંડમાં પતરંગો, ચાષ, બુલબુલ જેવાં રંગીન પંખીઓ આપણા કુતૂહલને પોષે છે. તળાવના કિનારાનું ભૂખરું અને કંઈક નિર્જન વ્યક્તિ-ત્વ, કૃષ્ણ વિનાની રાધાની યાદ આપતું અનુભવાય છે. ચાલ્યા ગએલા રમ્ય ભૂતકાળને વાગોળતાં અહીંનાં મંદિરો પોતાની જર્જરિત દીવાલ પરથી પોપડાને સતત ખેરવી રહ્યાં છે. કલાત્મક મૂર્તિઓ અને જાળીઓ, ભગવાનની સાજસજ્જાનાં આભૂષણો અને પૂજારીઓનાં પીતાંબર આપણા દિલમાં 'કંઈક' ચાલ્યું ગયું હોવાની અનુભૂતિ પેદા કરે છે.

ચારે બાજુથી બાંધેલા શંખ તળાવને કિનારે શંખનારાયણ, આદિ-નારાયણ તથા પચેશ્વર મહાદેવનાં શિખરબંધ મંદિરો આવેલાં છે. શંખનારાયણ મંદિરમાં દશાવતાર શિલ્પવાળી વિષ્ણુમૂર્તિ શંખનારાયણ તરીકે પૂજાય છે. સ્વ. દુર્ગાશંકર શાસ્ત્રીએ આ મંદિરને મત્સ્યાવતારનું કહ્યું છે. વિષ્ણુ અને તેના ચોવીસ અવતારોમાંથી અમુકનો સ્વતંત્ર પૂજાવિધિ ચાલેલો, તેમાંથી મત્સ્યાવતારનો કોઈ સંપ્રદાય અહીં પ્રવર્ત્યો હોય તે સંભવિત છે. મંદિરની બારસાખ પર સોલંકી યુગના એક શિલ્પ સિવાય અન્ય કંઈ પ્રાચીન અહીં જણાતું નથી. બાજુનું આદિનારાયણનું મંદિર એની ઊંચી બાંધણીને કારણે વિચારપ્રેરક લાગે છે. દ્વારકાના એક તપોધન વિદ્વાન શ્રી કલ્યાણરાય ન. જોશી અહીં બૌદ્ધ વિહાર તથા સ્તૂપની સંભાવના કરે છે. તળાવના કાંઠા પરનું પંચેશ્વર મહાદેવનું મંદિર



મમરા જેવડાથી માંડી ફૂટ-દોઢ ફૂટ જેટલા મોટા કદ સુધીમાં વિસ્તૃત શંખની અસંખ્ય જાતોમાંના થોડાશા નમૂના

હમણાંનું બંધાએલું છે—તેમ જ સામેનું ગુપ્તેશ્વર પણ.

હવેલી ને તળાવનાં આ મંદિરોની વચ્ચે પણ રામચંદ્રજી, ભક્ત વત્સલ, શેષ, ગરુડ, તુલસીચોરો, ખાખચોક, વિદુરગોપાલ, મોરલી–મનોહર, આદ્યશક્તિ વગેરે પ્રાચીન-અર્વાચીન સ્થાનો આવેલાં છે, જે ગુજરાતના ધર્મસંપ્રદાયોના અભ્યાસીને મોટી સામગ્રી પૂરી પાડનાર જણાય છે. (લોકજીવન) —નરોત્તમ પલાણ

શંખ

આપણે ત્યાં પ્રાચીન કાળથી યુદ્ધમાં દેવમંદિરોમાં, ઉત્સવોમાં અને પૂજામાં શંખ વપરાતો આવ્યો છે. યુદ્ધમાં સૈનિકોને પાનો ચડાવવા આજે જે સ્થાન બ્યૂગલનું છે તે પ્રાચીન કાળમાં શંખનું હતું. યુદ્ધ ઉપરાંત ઉત્સવોમાં અને દેવ-મંદિરોમાં શંખ વગાડવામાં આવતા, હજી વગાડવામાં આવે છે–જો કોઈ વગાડી શકનાર નીકળે તો। તેનું કારણ એ છે કે શંખ વગાડવાની આવડત, તેમ શ્વસનતંત્ર અને મુખના સ્નાયુઓમાં બળ જોઈએ. શંખે પૂજામાં પણ સ્થાન મેળવ્યું છે; જમણી બાજુ મુખ ધરાવતા શંખની પૂજાથી ધન અને ઐશ્વર્ય મળે છે એવી આપણે ત્યાં માન્યતા છે. તેવા શંખ માટે શ્રદ્ધાળુઓ સેંકડો કે હજારો રૂપિયા આપે છે! બૌદ્ધો પણ તેને પવિત્ર અને શુકનવંતો ગણે છે. શંખે આયુર્વેદમાં પણ સ્થાન મેળવ્યું છે. શંખભસ્મ દીપન ને પાચન છે, અમ્લપિત્ત અને પેટના દુખાવામાં ગુણકારી છે. શંખનું આટલું બધું મહત્ત્વ હોવા છતાં શંખ શું છે અને કેમ ઉત્પન્ન થાય છે તેની થોડાને જ જાણ હોય છે. સમુદ્રમાં અપૃષ્ઠ એટલે હાડકાં વિનાના જીવોનો એક સમુદાય છે. તેમાં સમુદ્રની ગોકળગાય, એકદળ છીપ, દ્વિદળ છીપ, કોડી, શંખ, ટગારા, આઠપગા (ઑક્ટોપસ) વગેરે જીવોને સમાવી લેતા છ વંશમાં એક લાખથી વધુ જાતિના જીવો થાય છે.

બીજા મૃદુકાય જીવોની જેમ શંખ પણ પોતાના શરીરમાંથી રસ ઝારીને તેમાંથી પોતાના કોમળ પોચા શરીરની આસપાસ કઠોર આવરણ બનાવે છે. તે માત્ર તેનું ઘર નથી, માત્ર આવરણ નથી, તે તેનું હાડપિંજર પણ છે. તફાવત એટલો કે સપૃષ્ઠ પ્રાણીઓનું હાડપિંજર તેમના શરીરમાં હોય છે, મૃદુકાય જીવોને શરીરની બહાર હોય છે. શંખ, છીપ કે કોડાના જીવને બહારના આ આવરણથી છૂટો પાડો તો તે મરી જશે. શંખના જીવની અનેક જાતો છે, અને જાત પ્રમાણે શંખના કદ, આકાર અને રંગ હોય છે. કેટલાક શંખ જરા ય આકર્ષક નથી લાગતા, ત્યારે કેટલાક એવા સુંદર રંગો અને લીસી ચકચકતી સપાટી ધરાવે છે કે જોતાં જ આપણે મોહી પડીએ. શંખ બહુ ઊંડા સમુદ્રનો કે કંડા

સમુદ્રનો જીવ નથી. જ્યાં પાણી થોડા મીટર જ ઊંડું હોય છે અને જ્યાં દિવસે પ્રકાશ પણ પહોંચે છે ત્યાં આ જીવો વસે છે. તેમને પગ નથી હોતા. પેટનો ભાગ બહાર કાઢીને પગ બનાવી તેના વડે ગોકળગાયની જેમ હળવે હળવે તેઓ તળિયા પર ગતિ કરે છે.

શંખલાં ઘઉંના દાણા જેવડાં પણ હોય અને શંખ કદમાં ફૂટ કરતાં મોટાં અને વજનમાં કિલોના હિસાબે પણ હોય. દક્ષિણ ભારતમાં રામેશ્વર તથા કન્યાકુમારીના સમુદ્રકાંઠે જાતજાતનાં શંખ, છીપ કોડી વગેરે થાય છે. તેમના આકાર અને પ્રકાર, રંગ અને રૂપ જુઓ તો વિચાર આવે કે કુદરત સમુદ્રના પેટાળમાં જીવો ઉપર કેવી કળા અને કારીગરી કરે છે! કારીગરો શંખને વહેરીને તેમાંથી સુંદર બંગડીઓ બનાવે છે. બંગાળમાં શંખની બંગડીઓ બનાવવાની કળા વધુ ખીલી છે. રામેશ્વરથી શંખ ત્યાં નિકાસ થાય છે. વગાડવા માટે વપરાતા શંખ સૌરાષ્ટ્રના અને રામેશ્વરના સમુદ્રમાં આઠથી દસ વામ (૪થી ૫ મીટર) ઊંડા પાણીમાં રેતાળ તળિયે ટોળામાં રહે છે. તેઓ રેતીમાંથી દરિયાઈ કીડા શોધીને ખાય છે. શંખની અંદર સ્ક્રૂના આંકા જેવા આંકા હોય છે, જેમની ઉપર શંખનો જીવ પોતાના સ્નાયુઓ વડે પકડ રાખે છે. શંખ વગાડતી વખતે હવા ગોળ સીડી જેવા આંકાઓ વચ્ચે અથડાય છે, ઘૂંટાય છે અને અવાજ ઉત્પન્ન કરે છે, જેના પડઘા ઉપર પડઘા શંખની અંદરની દીવાલો પર પડવાથી શંખનાદ થાય છે. ભારત અને લંકા દર વર્ષે છીછરા સમુદ્રમાંથી લાખો શંખ કાઢે છે. શંખનો જીવ ખાવામાં વપરાય છે; શંખ શોભા અને કંકણ માટે. કુદરતની આ કરામત અલંકાર ઉપરાંત ઓજાર અને નાણાકીય ચલણ તરીકે પણ વપરાતી આવી છે. માણસ જંગલી દશામાં હતો ત્યારે પણ તેને આભૂષણોનો શૉખ હતો અને સાગરકાંઠાના જંગલી માણસનાં પહેલાં આભૂષણ શંખલાં-છીપલાં હતાં. આજે પણ ખાસ કરીને ટાપુઓ પર વસતા લોકો તેના દાગીના પહેરે છે. જેમ ટપાલની ટિકિટોનો અને દેશદેશના સિક્કાનો સંગ્રહ કરવાનો શૉખ પ્રચલિત છે તેમ શંખલાં-છીપલાંના સંગ્રહનો પણ શૉખ ઘણાને હોય છે. ગુજરાતમાં દ્વારકા, બેટ, ઓખા અને કચ્છના અખાતમાં શંખ, છીપ અને કોડી મળે છે. લખદીવ ઉપરાંત આંદામાન અને નિકોબારામાં અને સૌથી વધુ તો રામેશ્વરના સમુદ્રમાં (પાકની સામુદ્રધુની અને મનારના અખાતમાં) પુષ્કળ શંખ મળે છે.

(અખંડ આનંદ) —'હિમાચલ'

ગણિતગમ્મત

'૩, ૪, ૫, ૬' અને '૮, ૯, ૧૦, ૧૧' એ બંને પાસેપાસેની ચચ્ચાર સંખ્યાનાં જૂથ છે. એની થોડી ગમ્મતો જોઈએ.

$$(૩\times૪)+(૫\times૬)=૪૨=(૬\times૭)$$

$$(૮\times૯)+(૧૦\times૧૧)=૧૮૨=(૧૩\times૧૪)$$

આમાં બબ્બે પાસેપાસેની સંખ્યાના બે ગુણાકારોનો સરવાળો કરવાથી આવતી સંખ્યા પણ બે પાસેપાસેની સંખ્યાના ગુણાકાર બરાબર થાય છે.

વળી $(૩\times૪\times૫\times૬)+૧=૧૯^{૨}$

$$(૮\times૯\times૧૦\times૧૧)+૧=૮૯^{૨}$$

આ બંને જૂથમાં વચ્ચેની બબ્બે સંખ્યાના ગુણાકારમાં ૧ એક ઉમેરવાથી ક્રમિક સંખ્યાનો સરવાળો આવે છે.

જુઓ : ૩, ૪, ૫, ૬માં ૪ અને ૫ બે વચ્ચેની સંખ્યા છે.

અને $(૪\times૫)+૧=૨૧=૧+૨+૩+૪+૫+૬$

તેવી જ રીતે ૮, ૯, ૧૦, ૧૧માં ૯ અને ૧૦ બે પાસેપાસેની સંખ્યાઓ છે અને $(૯\times૧૦)+૧=૯૧=(૧+૨+૩+૪+......+૧૩)$

વાચકો વિચારે તો બીજાં આવાં અંકરહસ્યો શોધી શકે.

—એમ. એન. ખત્રી

નવાં પત્રમિત્રો

(1) Mr. Richard Overari, P. O. Box 4, Panguna, Kieta. New Guinea,-Age 20. Hunting, Fishing, sports. (2) Mr. Geoffrey Teri, P. O. Box 148, Honiara, Solomon Islands—20. Dancing, Stamps. (3) Mr. Dev Singh, P. O. Box 334, Suva, Fiji Island—20 Stamps, Book, Post-Cards. (4) Mr. Umed Patel, 5, Lambton Road, Raynes Park, London. S. W. 20 U. K.—21. Travel, Pop Songs, Pen Friends. (5) Mr. S. M. Ali, 120, Woodfield Way, London. N. 11. U. K.—25. Indoor Games, Football, Psychology. (6) Mr. Hacan Ericsson, Box 162, 68600, Sunne, Sweden—15. Pen-Friends. (7) Miss Efva Lilja, Sturegatan, 22, 56100 Huskvarna, Sweden—16. Dolls, Animals, Pen-Friends. (8) Miss Elizabeth Burns, 39, Drummore Road, Glasgow, Scotland—14. Stamps, Pen-Friends. (9) Miss Margaret Dolley, 48, Malone Avenue, Belfast, 9. N. Ireland, Great Britain—15. Reading, Chess. (10) Miss Tassana Chaianan, 1087/12, Petburi Road, Bankok 4. Thailand—17. Stamps, Pen-Friends. (11) Miss Carmen Buchter, 7541, Avn bachlkr. Colw, Klingstr 15, Germany—18. Books, Swimming, Beat, Stamps. (12) Miss Ruth Relkzsf, Box 65, Mildmay, Ontario, Canada—23. Female Friends' Reading. પ્રેષક: શ્રીમતી શાન્તા જી. ખોખાણી, ડાયરેક્ટર, પેનફ્રેન્ડઝ ઈન્ટરનેશનલ ક્લબ, પોસ્ટ માધાપુર (ભુજ-કચ્છ'.

(13) H'Rai, 4 st. Paul's Road, Leicester, England, (Boy 17), Stamps, Painting. (14) Jagdish Patel, 30 Ash St., Humberstone Rd., Leicester [LE5OES] England, (Boy 17), Stamps, Viewcards. આ બંને ભાઇઓ ગુજરાતી હિંદી અને અંગ્રેજીમાં પત્રવ્યવહાર કરી શકે છે.

(15) છોટાલાલ ભાણજી ઝિંઝુવાડિયા, જોડિયાબંદર, (સૌરાષ્ટ્ર). સિક્કા, ટપાલટિકિટો અને પુરાતન વસ્તુઓ સંઘરતા મોટી વયના આ ભાઈ માત્ર ગુજરાતીમાં જ પત્રવ્યવહાર કરી શકતા મિત્ર ઇચ્છે છે.

કલારવિ ટ્રસ્ટ તરફની ત્રીજી રંગપૂરણી હરીફાઈનું પરિણામ


આ વખતની રંગપૂરણી સ્પર્ધામાં 'અ' વિભાગમાં ૨૩૫ ચિત્રો મળ્યાં, પણ તે પૈકી સમજપૂર્વક રંગ પૂરેલાં માત્ર બે જ છે. તેમાં પહેલા ઈનામને પાત્ર ગએલું ચિત્ર રંગોનો પૂરો ઉઠાવ આપી શક્યું છે. ચિત્રપ્રસંગના સમયનું અને દશ્ય અંતરનું ભાન સચવાયું છે. બીજા ઈનામને પાત્ર કૃતિમાં આકૃતિ બરાબર પિછાની છે પણ નજરે પડતા રંગોનો ભાર મેળવી શકાયો નથી. પહેલું ઈનામ: વિજયકુમાર નાનજી ગોર–તેરા (તા. અબડાસા કચ્છ). બીજું ઈનામ: ચુડાસમા હરકિશન છગનલાલ–ભાવનગર

વિભાગ 'બ'માં માત્ર ૧૬ જણે રસ દાખવ્યો છે, ને તેમાં યે લગભગ બધાં ચિત્રોમાં બેપરવાહીથી ને વિચાર વિનાની રંગપૂરણી કરી છે. ઈનામને પાત્ર ગણેલાં બંને ચિત્રોમાં એક જ ગુણ છે કે એમાં આકૃતિનાં રૂપ નિરાળાં રાખી શકાયાં છે. નજરે દેખાતા રંગો તેમાં પૂરી શકાયા હોત. બંને ઈનામ એમના વિજેતાને વધુ સારું કામ કરવાની પ્રેરણા આપશે એવી આશા છે. પહેલું ઈનામ: ખેમચંદભાઈ બી. પરમાર–અમદાવાદ. બીજું ઈનામ: પોપટિયા ગણપતરામ મંગળદાસ-ધ્રાંગધ્રા.

ગુજરાત રાજ્યની શાળાઓમાંથી લગભગ ૩૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ ચિત્રપરીક્ષા આપતા હોય છે. તેમને રંગ વિષે કેવી કાચી તાલીમ અને જ્ઞાન અપાય છે તેમજ કુદરતનું નિરીક્ષણ કેટલું અપૂર્ણું રહે છે તેનો અંદાજ આ સ્પર્ધાથી મળી રહે છે. સ્પર્ધામાં ઊતરનારે ચિત્રની રેખા ઉપરથી ચિત્રનું દશ્ય સમજવા પ્રયત્ન કરવો જોઇએ. આકૃતિઓ અલગ દેખાય એમ રંગ સ્વચ્છ રીતે ભરવા જોઇએ. મકાન, ઝૂંપડાં, જમીન, ઝાડ, છોડ, પક્ષીઓ, પહાડો. આકાશ વગેરેના રંગોમાં હવા, કઠણપણું, પ્રવાહીપણું, ગતિ વગેરે કેવી રીતે દેખાય છે તે અવલોકનથી સમજવું જોઇએ. ચિત્રકામ માત્ર ક્રિયા નથી; તેમાં વિચાર, જ્ઞાન અને ભાવના પણ પ્રકટ થાય છે. તેથી જ તે અભ્યાસયોગ્ય વિષય છે. તેનાથી ઇતિહાસ, ભૂગોળ, સાહિત્ય ને વિજ્ઞાનના વિષયો પૂર્ણ રીતે સમજવાની શક્તિ વિકસે છે. –ર. મ. રા.

આ માસ (એપ્રિલ) ઇતિહાસમાં

૬ (૧૮૯૬) લેખિત નોંધ મળે છે એ મુજબ પ્રાચીન ગ્રીક નગર ઑલિમ્પિયામાં દર ચાર વર્ષે ઑલિમ્પિક રમતો રમાતી જેમાં સમસ્ત ગ્રીસના ખેલાડીઓ ભાગ લેતા. પણ ઈ. ૩૯૪થી એ રમતોત્સવ બંધ થયા હતા. ત્યાર બાદ છેક ઈ. ૧૮૯૪ના જાન્યુઆરીમાં કાંઉબર્ટિન બૅરન પીઅર્રે નામના એક ફ્રેન્ચ સજ્જને આ રમતો પુનર્જીવિત કરવા એક પરિપત્ર બહાર પાડ્યો. પરિણામે એક આંતરરાષ્ટ્રીય સમિતિ રચાઈ, જેણે દુનિયાભરના દેશોમાં દર ચાર વર્ષે ઑલિમ્પિક રમતો રમવાની એક યોજના ઘડી કાઢી. તદનુસાર ઈ. ૧૮૯૬ની ૬ઠ્ઠી એપ્રિલે ગ્રીસમાં ઍથેન્સ ખાતે પહેલી ઑલિમ્પિક રમતો રમાઈ. તે પછી ઈ. ૧૯૦૦ અને ૧૯૦૪માં પણ એનું આયોજન થયું પરંતુ તેમાં યોગ્ય પ્રતિનિધિત્વ કે બંધારણ ન હતું. પણ ૧૯૦૮માં લંડનમાં એનું આયોજન થયું ત્યારે તેને પહેલું વાસ્તવિક બંધારણ મળ્યું, આજે એ એક વિશ્વસંસ્થા બની છે.



અમેરિકન આંતરવિગ્રહનો આરંભ...

૧૨ (૧૮૬૧) પોતાના અંગત મામલા સંભાળવાના હક્ક અને ખાસ કરીને તો ગુલામીની પ્રથા જારી રાખવાની પોતાની હિમાયત ટકાવી રાખવા અમેરિકાનાં સંયુક્ત રાજ્યોમાંના દક્ષિણનાં રાજ્યોએ ફૉર્ટ સમ્ટર પર તોપમારો કરી ઉત્તરનાં, પ્રેસિડન્ટ લિંકન તરફી રાજ્યો સામે વિગ્રહ જાહેર કર્યો. ચાર વર્ષ સુધી લંબાએલા અમેરિકાના એ આંતરવિગ્રહ પછી ઈ. ૧૮૬૫માં આ જ માસ એપ્રિલ ૯મી તારીખે વર્જિનીઆમાં ઍપોમૅટૉક્સ કોર્ટ હાઉસમાં દક્ષિણના જનરલ રૉબર્ટ ઈ.લીએ ઉત્તરના જનરલ યુલિસીસ એસ. ગ્રાંટ સમક્ષ શરણાગતિ સ્વીકારતાં એ આંતર વિગ્રહનો અંત આવ્યો. પણ દક્ષિણનું માનસ હજી બદલાયું નહોતું. પાંચ જ દિવસ પછી ૧૪મી એપ્રિલે વિજયના આનંદમાં યોજાએલા એક નાટ્ય સમારંભમાં હાજર રહેલા પ્રેસિ૦ લિંકનનું ખૂન થયું.



...અને અંત

૧૪ (૧૯૬૩) જીવન અને ચિંતન તથા સંશોધનના ક્ષેત્રની અવિરામ રોમાંચક યાત્રાના અપ્રતિહત યાત્રી મહાપંડિત રાહુલ સાંકૃત્યાયનનું



અવસાન. ઈ. ૧૮૯૩માં આ જ માસની ૯મી તારીખે ઉત્તર પ્રદેશનાં પન્દાહાટ ગામે એક બ્રાહ્મણ કુટુંબમાં એમનો જન્મ. બચપણમાં જ લગ્ન થએલાં, પણ જ્ઞાનાર્જનની તીવ્ર ઈચ્છાથી ઘેરથી નાસી જઈ મૂળ નામ કેદારનાથ પાંડેય બદલીને બિહારમાં રામઉદાર દાસ નામે વૈષ્ણવ સાધુ બની હિંદુ ધર્મનો અભ્યાસ કર્યો. સાથે અરબી ભાષા કુર્આન અને ઈસ્લામી રીતરિવાજોનો પણ અભ્યાસ કર્યો. ૧૯૧૬માં આર્ય સમાજી થયા અને અંતે એ પણ છોડી બૌદ્ધ બની રાહુલ સાંકૃત્યાયન નામ ધારણ કર્યું.

બુદ્ધિગમ્ય ન હોય તેની સામે તેમનું સ્વતંત્ર માનસ હમેશાં વિરોધ કરતું. જલિયાંવાલા બાગના હત્યાકાંડ સામેની લડતથી આરંભી, બિહારમાં રાજેન્દ્રપ્રસાદ સાથે કામ કરી, રાજકારણમાં ભાગ લઈ બે વાર જેલ પણ ભોગવી હતી. દરમિયાન જ્ઞાનાર્જનની ઉત્કટ તૃષાએ તેઓ ચિરયાત્રી બનેલા. રાજનીતિ, ધર્મ, તત્ત્વજ્ઞાન, યાત્રા, ઇતિહાસ પુરાતત્ત્વ, સમાજશાસ્ત્ર, જીવનચરિત્રો, નવલકથા, નાટકો ઇત્યાદિ અનેકવિધ ક્ષેત્રોમાં મળી એમણે પોણાબસો જેટલી કૃતિઓ લખી છે. બૌદ્ધ પ્રાચીન ગ્રંથો શોધવા એમણે ૧૯૨૯માં ગુપ્તવેશે તે સમયે અભેદ્ય ગણાતા તિબેટમાં જઈ ત્યાં સવા બે વર્ષ રહીને ત્યાંની ભાષા શીખીને સેંકડો પ્રાચીન બૌદ્ધ ગ્રંથો લઈ પાછા ફરેલા. આમ કુલ ચાર વાર તિબેટમાં જઈ તેમણે ૬૦૦૦ જેટલા અતિ મૂલ્યવાન પ્રાચીન બૌદ્ધ હસ્તલિખિત ગ્રંથો એકઠા કરેલા. સામ્યવાદ તરફ પણ તેઓ ઢળેલા, પણ તેની જડતા એમને જચી નહિ. લેનિનગ્રાદ યુનિવર્સિટીમાં એમણે પ્રાચ્યવિદ્યાનું સંશોધન કરેલું ને ત્યાં લગ્ન પણ કરેલાં.

જાપાન થઈને મૉસ્કો, કોરિયા, ચીન, મૉંગોલિયા, મધ્ય પશ્ચિમ એશિયા, યુરોપ ને ઈરાન માર્ગે એમણે વિસ્તૃત પ્રવાસ કરેલો. લંકામાં સંસ્કૃતના પ્રાધ્યાપક હતા ત્યારે પાલી ભાષાનો અભ્યાસ કરી 'ત્રિપિટકાચાર્ય' પદ મેળવેલું. એશિયા અને સ્લાવ દેશોની કેટલીક જૂની બોલીઓ તેમજ મૃતભાષાઓ સાથે તેઓ ૩૬ ભાષાના જ્ઞાતા હતા. ભારત સરકારે એમને 'પદ્મભૂષણ' બનાવી એમની બહુમુખી પ્રતિભાને બિરદાવી હતી.

૨૧ (ઇ. સ. પૂર્વે ૭૫૩) આજના ચાલુ પંચાંગ કરતાં પ્રાચીન રોમન કૅલેન્ડર ઘણું જુદું હતું, પણ આ દિવસે રોમની સ્થાપના થઈ એમ મનાય છે. અલબત્ત, એ કંઈ એક દિવસમાં જ નહોતું બંધાયું. કથા છે કે એના સ્થાપક રોમ્યુલસ અને એના જોડિયા ભાઈ રેમસને એક માદા વરુએ ટાઈબર નદીમાંથી બચાવીને ઉછેરેલા. (નીચે : તેનું પ્રાચીન શિલ્પ) આગળ જતાં કંઈક મતભેદ થતાં રોમ્યુલસે રેમસને મારી નાખેલ.




શરીર જાજો સાબદું, નાક ન જાજો નખ;
પાવળું પાણી મા જજો, (ભલ) લોહી વહ્યાં જાય લખ.

બનારસ હિંદુ યુનિવર્સિટી માટે હૈદરાબાદના નિઝામ પાસે દાન માગવા ગએલા પંડિત માલવીયજીને નિઝામે સાફ તનૈયો સંભળાવી દેતાં નિરાશ થએલા પંડિતજી બહાર આવ્યા ત્યાં કોઈની સ્મશાનયાત્રા નીકળી, જેમાં મૃતદેહ પર ઓવારીને છૂટથી રસ્તે વરસાવવામાં આવતા પૈસા વીણવા ગરીબગુરબાં પડાપડી કરતાં હતાં. માલવીયજીએ પણ એ ટોળામાં ભળી જઈ ખેસમાં પૈસા એકઠા કરવા માંડતાં આશ્ચર્યચકિત થએલા લોકોને પંડિતજીએ કહ્યું: 'બનારસમાં પાછો જઇને હું એટલું તો કહી શકીશ ને, કે નામદાર નિઝામના રાજમાંથી હું ખાલી હાથે પાછો નથી આવ્યો.' નિઝામને કાને આ વાત જતાં જ એમણે મર્મ સમજીને પંડિતજીને બોલાવી સારી રકમ દાનમાં આપી.

કહેવતોના અર્થ: 'પીળે પાને'-દેશી ઢબના વેપારીઓના ચોપડામાં પૂઠા પછી, અને લખવાનાં સફેદ પાનાં શરૂ થતાં પહેલાં તેના રક્ષણાર્થે જાડા ઘૂંટેલા કાગળનાં, પીળા રંગનાં, રૂપેરી છાંટવાળાં એકાદ બે પાનાં હોય છે; કોઇને હાથઉછીનાં કે ઉપલક થોડાં નાણાં આપ્યાં હોય અને જેનો સમાવેશ રોજમેળમાં ન કરવાનો હોય તે રકમ વેપારી પોતાની યાદી માટે એ પીળા પાના ઉપર ટપકાવી લેતા હોય છે, આવી રકમ પૈકી જે પાછી ન આપે કે ઓળવાઈ જાય તે 'પીળે પાને' ગએલી કહેવાય છે.

અનેકાર્થી શબ્દ: **નીલ** = લીલાશ પડતા આસમાની રંગનું; ગળીના રંગનું; તેવો રંગ; ગળી; ગળિયલ રંગનો વાંદરો; લાંછન કે કલંક; પિંગળનો એક છંદ; મારથી પડેલો સોળ; કુબેરના નવ નિધિ પૈકી આઠમો; નૃત્યનું એક કરણ; મિસર દેશની મુખ્ય નદી નાઈલ; પાણીમાં થતી એક જાતની વનસ્પતિ; પ્રાચીન સ્થાપત્યશાસ્ત્રમાં ઘરનો એક પ્રકાર; કાચલવણ; તાલીસપત્ર, મોરથુથુ એ ઔષધો માટે વપરાતું નામ.



દૃષ્ટિફેરની ગમ્મત: જોડાજોડ કડીઓ ગોઠવીને એક મોટો નળ રચ્યો હોય ને એ નળ પડખાભેર પડ્યો હોય એવા આ ચિત્રમાં નળનું મોં તમને ઘડીભર જમણી તરફ જણાશે, ને ઘડીભર ડાબી તરફ, ઊલટાવી જુઓ.

ગણિતગમ્મત: કોઈ પણ રકમ ધારી, તેને અવળી કરી, ધારેલી રકમ સાથે ગુણો. આવે તેમાંથી ધારેલી રકમ બાદ કરો; અને પછી આવે તેને ધારેલી રકમ વડે ભાગો. ભાગમાં આવે તેમાં એક ઉમેરીને તે રકમને અવળી કરો. આમ કરતાં જે રકમ આવશે તે તમારી ધારેલી રકમ જ હશે! —કાન્તિલાલ મ. જોશી

પાણીમાં ઓગળે અને ખાઈ શકાય એવા પ્રકારની બાટલીની શોધ થઈ છે! ખાલી ડબલાં-બાટલીના નિકાલ કે એ ફરી ઉપયોગમાં લેવાના પ્રશ્નનો આથી એક ઉકેલ મળશે. આ નવા પદાર્થમાં તેલ-આધારિત પ્રવાહી તથા ગોળીઓ જેવા ઘન ખાદ્ય પદાર્થ રાખી શકાશે. દા. ત. ઠારેલાં શાકભાજી વગેરેના આવા પૅકિંગને સીધું ઊકળતા પાણીમાં જ ઓરી દઈ શકાય!



દુનિયાભરની કુલ વસતિમાં ભારતનું સ્થાન દર્શાવતા આ આલેખ પરથી જણાશે કે ભારતની અન્ય પ્રગતિની સરખામણીમાં આ દિશાનો વેગ વિચારણીય જ નહિ ભયપ્રદ છે.


'મારે મૅનેજરને મળવું છે.'

'મૅનેજરસાહેબ તો નથી.' કારકુને કહ્યું: 'કાંઈ કામ હોય તો ફરમાવો.'

'હું કદી ફસકુસિયાઓ જોડે વાત કરતો નથી. મૅનેજર આવશે ત્યાં સુધી હું થોભીશ.' આવનારે રૂઆબથી કહ્યું.

'ભલે સાહેબ, બિરાજો.' કહી કારકુન કામે વળગ્યો. કલાકેક રાહ જોયા પછી અકળાઇને પેલા આવનારે પૂછ્યું: 'મૅનેજરને આવતાં કેટલીક વાર થશે?'

'આશરે અઠવાડિયું, સાહેબ.' શાંતિથી કારકુને કહ્યું: 'હજી આજ સવારે જ તે આબુ હવા ખાવા માટે ગયા.'



ગ્રંથાલયીનું કહેવું છે કે લોકોની જ ભાષામાં મુકાએલાં સૂચનો વધુ અસર કરશે. (આચાર્ય)

જો એક માઈલ લાંબા એક ગર્ડરને ખાડા-ટેકરા વિનાની એકસરખી સપાટ જમીન પર પૃથ્વી પર આડો લંબાવ્યો હોય તો તેના બંને છેડા પૃથ્વીની સપાટીથી ચાર ચાર ઇંચ ઊંચા રહે. એ સાબિત કરે છે કે પૃથ્વી ગોળ છે.

બંદૂકમાં ફોડવાનો દારૂ પહેલવહેલો ચીન દેશમાં ઈસુની છઠ્ઠી સદીમાં શોધાયો હોવાનું કહેવાય છે, પરંતુ ત્યારે ફટાકડામાં જ તેનો ઉપયોગ કરવામાં આવતો. યુદ્ધસાધન તરીકે તેનો પહેલવહેલો ઉપયોગ તો ઇ. ૧૨૩૦માં કુબ્લાખાને કર્યો. યુરોપમાં એ ઇ. ૧૨૪૭માં દાખલ થયો અને ઇ. ૧૬૧૨માં બ્રેસ્ટ મુકામે સામસામા પક્ષોએ ચલાવેલી ગોલંદાઝી એ દારૂ વડે લડાએલું પહેલું નૌકાયુદ્ધ હતું.



કલાકણિકા: હિમાચલ પ્રદેશનું ચાંદીનું એક કંઠાભરણ—'જુંગી'. ડોક અને છાતી ભર્યાંભર્યાં લાગે એવા આભૂષણની લોકકલ્પના.